સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 18
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ વૈશાખ સુદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૪ મે, ૨૦૨૫ (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારતે પાકથી દરેક આયાત પર પ્રતિબંધ મૂક્યો




નવી દિલ્હીઃ ભારતે પાકિસ્તાન ખાતેથી દરેક પ્રકારના માલસામાનની સીધી કે આડકતરી રીતે (એટલે કે બીજા દેશમાં થઇને) થતી આયાત પર તાત્કાલિક પ્રતિબંધ મૂક્યો છે.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાનની સહાયથી ત્રાસવાદીઓએ પર્યટકો સહિત અનેક નિર્દોષ લોકો પર કરેલા હુમલાને પગલે ભારતે આ પગલું લીધું છે.

ભારતે ૨૦૨૪-૨૦૨૫ના એપ્રિલથી જાન્યુઆરીના સમયગાળા દરમિયાન પાકિસ્તાન ખાતે ૪૪૭૬.૫ લાખ ડૉલરની કિંમતના માલસામાનની પાકિસ્તાન ખાતે નિકાસ કરી હતી, જ્યારે માત્ર ૪.૨ લાખ ડૉલરના મૂલ્યની ચીજોની પાકિસ્તાનથી આયાત કરી હતી.

ડિરેક્ટરેટ જનરલ ઑફ ફૉરેન ટ્રેડે બીજી મેના જાહેરનામામાં જણાવ્યું હતું કે પાકિસ્તાનના દરેક માલસામાનની સીધી કે આડકતરી રીતે થતી બધી આયાત બંધ કરવા માટે ફૉરેન ટ્રેડ પૉલિસી (વિદેશ વેપાર નીતિ) ૨૦૨૩માં સંબંધિત જોગવાઇનો સમાવેશ કરાયો છે.

તેણે જણાવ્યું હતું કે દેશની સલામતી અને અન્ય હિતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો હતો. આ પ્રતિબંધમાં જો કોઇ વિકલ્પ હશે, તો તેના માટે ભારત સરકારની મંજૂરી અગાઉથી જ લેવી પડશે.

ભારતે ૨૦૨૪-૨૦૨૫ના એપ્રિલથી જાન્યુઆરીના સમયગાળા દરમિયાન આઠ હજાર ડૉલરની કિંમતના કેટલાક ફળ, સૂકા મેવા, ૨.૬ લાખ ડૉલરના મૂલ્યનાં અમુક બિયારણ અને જડીબુટ્ટી કે તબીબી સારવારમાં વાપરી શકાય એવા છોડ ઉપરાંત કેટલાંક ઑર્ગેનિક કેમિકલ્સની પાકિસ્તાન ખાતેથી આયાત કરી હતી.

અગાઉ, ભારતે પહલગામના ત્રાસવાદી હુમલાને પગલે ૧૯૬૦ના સિંધુ જળ કરાર સ્થગિત કરવાની, અટ્ટારીની સરહદ ખાતેથી અવરજવર બંધ કરવાની, ભારતમાંના પાકિસ્તાનના દૂતાવાસમાંના લશ્કરી સલાહકારને પાછા સ્વદેશ મોકલવાની જાહેરાત કરી હતી.

ભારતના આ પગલાંને લીધે હવે પાકિસ્તાન સાથેનો બધો વેપાર બંધ

(જુઓ પાનું ૨) ▶▶

## ટપાલ, પાર્સલ સેવા પણ બંધ

નવી દિલ્હીઃ ભારતે પાકિસ્તાન ખાતેથી હવાઇ અને જમીન માર્ગે આવતી ટપાલ અને પાર્સલ સેવા બંધ કરવાની શનિવારે જાહેરાત કરી હતી.

જમ્મુ અને કાશ્મીરના પુલવામામાં ત્રાસવાદીઓએ પર્યટકો સહિત નિર્દોષ લોકોની કરેલી હત્યાના વિરોધમાં ભારત દ્વારા પાકિસ્તાનની સામે વિવિધ પગલાં લેવાઇ રહ્યાં છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સંરક્ષણને લગતી ઉચ્ચ સ્તરની તાજેતરમાં મળેલી બેઠકમાં ત્રાસવાદીઓ, તેઓને સહાય કરનારા તેમ જ ટેકો આપનારા લોકો સામે કડક પગલાં લેવા લશ્કરને ‘છૂટો દોર’ આપવાની જાહેરાત કરાઇ હતી. (એજન્સી)■

## ભારત સાથે તણાવપૂર્ણ સંબંધો વચ્ચે પાકિસ્તાને અબ્દાલી મિસાઈલનું પરીક્ષણ કર્યું



ઈસ્લામાબાદ : પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત સાથે વધી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાને શનિવારે જાહેરાત કરી હતી કે તેણે ૪૫૦ કિમીની રેન્જ ધરાવતી જમીનથી જમીન પર પ્રહાર કરતી મિસાઈલ અબ્દાલી વેપન સિસ્ટમનું સફળ તાલીમ પ્રક્ષેપણ કર્યું.

સેનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ‘‘આ પ્રક્ષેપણનો હેતુ સૈનિકોની ઓપરેશનલ તૈયારી સુનિશ્ચિત કરવાનો અને મિસાઈલની અદ્યતન નેવિગેશન સિસ્ટમ અને ઉન્નત મેન્યુવરેબિલિટી સુવિધાઓ સહિત મુખ્ય તકનીકી પરિમાણોને માન્ય કરવાનો હતો.’’

સેનાએ કવાયત વિશે વિગતો આપ્યા વિના કહ્યું કે મિસાઈલ પ્રક્ષેપણ ‘‘એક્સરસાઇઝ ઇન્ડસ’’ નો ભાગ હતો.

તાલીમ પ્રક્ષેપણ કમાન્ડર આર્મી સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ, સ્ટ્રેટેજિક પ્લાન્સ ડિવિઝન, આર્મી સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડના વરિષ્ઠ અધિકારીઓ તેમજ પાકિસ્તાનનાં વ્યૂહાત્મક સંગઠનોના વૈજ્ઞાનિકો અને ઇજનેરો દ્વારા જોવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારી, વડા પ્રધાન શેહબાઝ શરીફ અને સેવાઓના વડાઓએ ભાગ લેનારા સૈનિકો, વૈજ્ઞાનિકો અને ઇજનેરોને અભિનંદન પાઠવ્યા હતા.

તેમણે પાકિસ્તાનનાં વ્યૂહાત્મક દળોની ઓપરેશનલ તૈયારીઓ અને તકનીકી કુશળતામાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો જેથી વિશ્વસનીય લઘુતમ પ્રતિરોધ સુનિશ્ચિત થાય અને કોઈપણ આક્રમણ સામે રાષ્ટ્રીય સુરક્ષાનું રક્ષણ થાય. ■

## ગોવાના મંદિરમાં ધક્કામુક્કીમાં સાતનાં મોત, ૮૦થી વધુ ઘાયલ

પણજીઃ ઉત્તર ગોવાના એક ગામમાં મંદિર ખાતે શુક્રવાર અને શનિવાર વચ્ચેની રાતે આશરે ત્રણ વાગ્યે તહેવારની ઉજવણી દરમિયાન થયેલી ધક્કામુક્કીમાં બે મહિલા સહિત સાત જણ મૃત્યુ પામ્યાં હતાં અને અન્ય ૮૦થી વધારે લોકો ઘાયલ થયા હતા.

મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતે પણજીથી અંદાજે ૪૦ કિલોમીટર દૂર આવેલા શિરગાંવના શ્રી લૈરાઇદેવી મંદિર ખાતે રાતના થયેલી દુર્ઘટનાની તપાસનો આદેશ આપ્યો હતો.

મંદિર ખાતે ઉત્સવની ઉજવણી વખતે ત્યાંના નાના રસ્તામાં હજારો શ્રદ્ધાળુ ભેગા થતાં ધક્કામુક્કી થઇ હતી.

પોલીસ ડિરેક્ટર જનરલ આલોક કુમારે જણાવ્યું હતું કે આ દુર્ઘટનામાં સાત જણ માર્યા ગયાં હતાં અને અનેક લોકો ઘાયલ થયા હતા. ઇજાગ્રસ્તોને વિવિધ હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા.

તેમણે જણાવ્યું હતું કે મંદિર ખાતે ઉત્સવમાં ભાગ લેવા માટે અંદાજે ૩૦,૦૦૦થી ૪૦,૦૦૦ લોકો ભેગા થયા હતા. અમુક લોકો તો મંદિરની નજીકના ઢાળ પર ઊભા હતા અને તેઓ એકબીજા પર પડવા લાગ્યા હતા.

ગોવા, મહારાષ્ટ્ર અને કર્ણાટક ખાતેથી હજારો શ્રદ્ધાળુઓ આ મંદિરના ઉત્સવમાં ભાગ લેવા

(જુઓ પાનું ૨) ▶▶

### ગોવા સરકારે બધા સરકારી સમારોહ રદ કર્યા

પણજી : મંદિરના ઉત્સવ દરમિયાન નાસભાગને લીધે છ શ્રદ્ધાળુ મરણ પામતા અને ૭૦થી વધારે ઘાયલ થવાને પગલે ગોવા સરકારે સરકારી ટેકો ધરાવતા બધા સમારોહો આગામી ત્રણ દિવસ માટે બંધ કર્યા હતા.

સામાન્ય વહીવટીતંત્ર વિભાગના અન્ડર સેક્રેટરી શ્રેયસ ડિસિલ્વાએ એક પરિપત્ર બહાર પાડીને જણાવ્યું હતું કે શિરગાંવના શ્રી દેવી લૈરાઈ જાત્રામાં બનેલા ધક્કામુક્કીના દુઃખદ બનાવને ધ્યાનમાં રાખીને તથા આમાં જે મૃત પામ્યા છે તેમને અંજલિ આપવા ગોવા સરકાર આગામી ત્રણ દિવસના સરકારી ટેકાવાળા બધા સરકારી સમારોહો કે જાહેર ઉજવણી રદ કરવાનો કે મોકૂફ રાખવાનો આદેશ આપે છે.

પરિપત્રમાં કહેવામાં આવ્યું છે કે વિભાગો, સરકારી કોર્પોરેશન અને સ્વાયત્ત સંસ્થાના વડાને આ સાથે એવી સૂચના આપવામાં આવે છે કે આ આદેશનું કડક પાલન થાય.

નાસભાગ પરોઢિયે ઉત્તર ગોવાના શિરગાંવ ગામના મંદિર ઉત્સવ દરમિયાન થઈ હતી. (એજન્સી)■



**ધક્કામુક્કીઃ** ઉત્તર ગોવાના શ્રી લૈરાઈદેવી મંદિર ખાતે શુક્રવાર અને શનિવાર વચ્ચેની રાતે અંદાજે ત્રણ વાગ્યે થયેલી ધક્કામુક્કી બાદ શ્રદ્ધાળુઓની આમતેમ પડેલી ચીજો. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછા સાત જણ માર્યા ગયા હતા અને ૮૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. (પીટીઆઇ)

### દુર્ઘટનાની મેજિસ્ટ્રેટ દ્વારા તપાસ કરાશે

પણજીઃ ગોવાના મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતે શનિવારે જણાવ્યું હતું કે ઉત્તર ગોવાના મંદિરમાં ઉત્સવ દરમિયાન થયેલી ધક્કામુક્કીની તપાસ મેજિસ્ટ્રેટ દ્વારા કરાવાશે.

સાવંતે માપુસામાંની નોર્થ ગોવા ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલની મુલાકાત લઇને ત્યાં સારવાર લઇ રહેલા ઘાયલોના ખબરઅંતર અંગે પૂછપરછ કરી હતી. મુખ્ય પ્રધાને આ પ્રકરણના સંબંધમાં એક ઉચ્ચ સ્તરની બેઠક પણ બોલાવી હતી. તેમણે જણાવ્યું હતું કે મંદિરમાંની ધક્કામુક્કીની દુર્ઘટનાની તપાસ પૂરી કરાયા બાદ તેનો અહેવાલ જાહેર કરાશે. (એજન્સી)■

## દિલ્હીમાં મેમાં મોન્સૂનઃ તોફાન સાથે વરસાદની આગાહી

નવી દિલ્હી : દિલ્હીમાં શનિવાર સાંજથી ગાજવીજ સાથે વરસાદ, વીજળી પડે અને જોરદાર પવન ફૂંકાશે એવી આગાહી હવામાન ખાતાએ કરી હતી. ભારતના હવામાન ખાતાએ યલો એલર્ટ જાહેર કરી છે. હવામાન ખાતાએ દિલ્હીમાં પવન એક કલાકદિઠ ૪૦-૫૦ કિલોમીટરની ઝડપે ફૂંકાશે એવી આગાહી કરી છે. આઈએમડીના કલર કોડ પ્રમાણે દિલ્હીને ‘જાણકારી રાખો’ની ચેતવણી અપાઈ છે.

હવામાન ખાતાએ મધ્યમ તોફાન સાથે હળવા વરસાદ અને વીજળી પડવાની દિલ્હીના જફરપુર, નજફગઢ, દ્વારકા, પાલમ, આઈજીઆઈ હવાઈમથક, વસંત વિહાર, વસંત કુંજ, મેહરાલી, તુઘલકાબાદ, છત્તરપુર, આઈજીએનઓયુ, આયંગર અને દેરામંડી સહિતના વિવિધ વિસ્તારો તેમ જ નેશનલ કેપિટલ રીજનના ગુરુગામ, ફરિદાબાદ, માનેસર અને વલ્લભગઢ માટે આગાહી કરી છે. અગમચેતીનાં પગલાં તરીકે લોકોને ઘરે જ રહેવાની, ઝાડ નીચે આશરો ન લેવાની, વીજળી ઉપકરણોના પ્લગ દૂર કરવા અને જળાશય તથા વીજળીનું વહન કરે એવા વસ્તુથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે. દરમિયાન દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે સરેરાશ તાપમાન કરતાં ચાર ડિગ્રી ઓછું છે, જ્યારે લઘુતમ તાપમાન ૨૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જે સરેરાશ તાપમાનથી અઢી ડિગ્રી ઓછું હતું.

દિવસ દરમિયાન ભેજનું પ્રમાણ ૮૨ ટકા અને ૫૩ ટકાની વચ્ચે રહ્યું હતું.

હવામાન ખાતાએ રવિવાર માટે તોફાન સાથે વરસાદ પડે એવી આગાહી કરી હતી. (એજન્સી)■

## સાઈ સુદર્શનનો અનોખો વિશ્વવિક્રમ

### એક પણ ઝીરો વગર કર્યા ૨,૦૦૦ રન



અમદાવાદઃ ગુજરાત ટાઇટન્સ (જીટી)નો ૨૩ વર્ષીય ઓપનર અને લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન બી. સાઇ સુદર્શન આઇપીએલની ૧૮મી સીઝનમાં સૌથી વધુ ચમકી રહ્યો છે એ જીટી માટે સૌથી મોટો ફાયદો છે, ખુદ સુદર્શન એક પછી એક ધમાકેદાર ઇનિંગ્સ રમવાની સાથે નવા-નવા વિક્રમો પણ પોતાના નામે કરી રહ્યો છે. એમાંનો એક રેકૉર્ડ અનોખો છે જેમાં તે ટી-૨૦ ફૉર્મેટમાં એક પણ વાર ઝીરોમાં આઉટ થયા વિના ૨,૦૦૦ રન પૂરા કરનારો વિશ્વનો પહેલો જ ખેલાડી બન્યો છે.

વર્તમાન આઇપીએલમાં ૫૦૦ રન પૂરા કરનાર પ્રથમ બૅટ્સમૅન બનેલા તામિલનાડુના સુદર્શને ૫૪ ઇનિંગ્સ રમીને આ અપ્રતિમ સિદ્ધિ મેળવી છે. આઇપીએલ સહિતના તમામ ૫૪ દાવમાં તે ક્યારેય શૂન્યમાં આઉટ નથી થયો. તેણે ટી-૨૦ ક્રિકેટમાં કુલ ૨,૦૧૬ રન કર્યા છે જેમાં એકેય ઝીરો નથી.

આઇપીએલમાં તેના બે વખત અને ટી-૨૦ ફૉર્મેટમાં છ વાર તેના સિંગલ ડિજિટમાં રન છે. એ સિવાય તેણે ડબલ ડિજિટમાં જ રન કર્યા છે. એક સેન્ચુરી ફટકારી ચૂક્યો છે એટલે ૧૦૩ રન તેનો હાઇએસ્ટ સ્કોર છે. ૧૩ હાફ સેન્ચુરી પોતાના નામે કરી ચૂકેલા સુદર્શને સાડાત્રણ વર્ષની ટી-૨૦ કારકિર્દીમાં કુલ ૫૧ સિક્સર અને ૧૯૫ ફોર ફટકારી છે.

ટી-૨૦ ક્રિકેટમાં એક પણ શૂન્ય વિના ૨,૦૦૦ રન પૂરા કરવામાં તેણે સાઉથ આફ્રિકાના નિવૃત્ત ખેલાડી માર્ક બાઉચરને પણ પાછળ પાડી દીધો છે.

શુક્રવારે ગુજરાત ટાઇટન્સે સુદર્શનના ૪૮ રન, શુભમન ગિલના ૭૬ રન અને જૉસ બટલરના ૬૪ રનની મદદથી છ વિકેટે ૨૨૪

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકામાં ફ્લૂએ ૨૧૬ બાળકનો ભોગ લીધો

ન્યૂ યોર્ક : પંદર વર્ષ પહેલાં સ્વાઈન ફલુ મહામારી ફેલાઈ ત્યાર બાદ આ મોસમમાં ફ્લૂએ સૌથી વધારે બાળકોનો ભોગ લીધો છે, એવી માહિતી કેન્દ્રીય અહેવાલમાં આપવામાં આવી છે.

સેન્ટર્સ ફોર ડીસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શને તેના અહેવાલમાં કહ્યું હતું કે આ વર્ષે ફ્લૂ મોસમમાં ૨૧૬ બાળકનાં મરણ થયાં છે. આની તુલનામાં ગયા વર્ષે ૨૦૭ બાળકનાં મરણ થયા હતા. ૨૦૦૯-૧૦ની એચવનએનવન ફ્લુ મહામારી પછી આ વખતે સૌથી વધારે બાળકોનો ફ્લૂએ ભોગ લીધો છે. હજી ફ્લૂની મોસમ પતી નથી એ ધ્યાનમાં રાખતાં આ આંકડો ચોંકાવનારો અને મોટો છે. પાનખર પછી મોસમનો અંત આવશે ત્યારે અંતિમ આંકડો જાણવા મળશે.

અમેરિકન એકેડેમી ઑફ પેડિયાટ્રિક્સના ડૉક્ટર સીન ઓલેરીએ કહ્યું હતું કે હાલમાં જે આંકડો આવ્યો છે એ વાસ્તવિક આંકડાથી ઘણો ઉતરતો છે. જ્યારે મોસમ પતશે અને બધી માહિતીનું સંકલન કરવામાં આવશે ત્યારે આ આંકડો નિશ્ચિતપણે ઊંચો જશે.

ઓલેરીએ વધુમાં કહ્યું હતું કે આ મોસમ કેમ કાતિલ બની એના ઘણાં પરિબળો છે. આનું સૌથી મોટું કારણ એ છે કે જૂજ બાળકો ફ્લૂની રસી લે છે.

બાળકોમાં ફ્લૂની રસીનો દર પાંચ વર્ષ પહેલાં ૬૪ ટકાનો હતો જે આ મોસમમાં ઘટીને ૪૯ ટકા થઈ ગયો છે.

ઓલેરીએ જણાવ્યું હતું કે ફ્લૂનું રસીકરણ લોકોમાં લક્ષણ દેખાવાનું ઓછું નથી કરતું, પરંતુ તે દર્દીને હૉસિપ્ટલમાં જતા અને મરતાં રોકવામાં કાર્યક્ષમ છે.

સીડીસીના અધિકારીઓએ કહ્યું હતું કે હાલની મોસમ ફક્ત બાળકો માટે જીવલેણ રહી છે એવું નથી એ બધા માટે કઠોર રહી છે. એક અંદાજ પ્રમાણે આ મોસમ દરમિયાન ૪.૭ કરોડ લોકોને ફ્લૂ થયો હતો. ૬,૧૦,૦૦૦ લોકોને હૉસ્પિટલમાં ભરતી થવું પડ્યું હતું. આ મોસમ દરમિયાન ૨૬,૦૦૦ લોકોનાં મરણ થયાં છે. સીડીસી અધિકારીઓ

(જુઓ પાનું ૨) ▶▶

## આદિ કૈલાસ યાત્રાનો પ્રારંભ

પિથોરાગઢઃ આદિ કૈલાશ યાત્રાનો શુક્રવારથી પ્રારંભ થયો હતો. યાત્રાના પહેલા દિવસે યાત્રાળુઓનો પહેલો જથ્થો શિખરના દર્શન માટે પહોંચ્યો હતો.

શિવ-પાર્વતીને સમર્પિત અને શિખરથી લગભગ બે કિમી દૂર આવેલું મંદિર પણ રંગ સમુદાય દ્વારા કરવામાં આવતી ધાર્મિક વિધિઓ વચ્ચે બપોરે ૧૨ વાગ્યે ભક્તો માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ઉત્તરાખંડના પિથોરાગઢ શહેરના ભક્ત કાર્તિક ભાટિયાએ જણાવ્યું કે મંદિરના દરવાજા ખોલવામાં આવ્યા ત્યારે ૧૫૦ રંગ ગ્રામજનો સહિત ૨૦૦થી વધુ ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ધારચુલા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ(એસડીએમ) મનજીત સિંહે જણાવ્યું કે વ્યાસ ખીણના કુટી ગામના પૂજારી ગોપાલ સિંહ કુટિયાલ અને વીરેન્દ્ર સિંહ કુટિયાલે રંગ જનજાતિના રિવાજો મુજબ મંદિર ખોલ્યું હતું. પૂજારીઓ તેમના પરંપરાગત પોશાકમાં સજ્જ હતા. જ્યારે વ્યાસ

(જુઓ પાનું ૨) ▶▶

## મણિપુરમાં વંશીય હિંસામાં માર્યા ગયેલા લોકોના શોકમાં બંધથી જનજીવનને અસર

ઇમ્ફાલ/ચુરાચંદપુર : મણિપુરમાં વંશીય સંઘર્ષના બે વર્ષ નિમિત્તે શનિવારે વિવિધ જૂથો દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું જેના કારણે મૈતેઈ-નિયંત્રિત ઇમ્ફાલ ખીણ અને કુકી-પ્રભુત્વ ધરાવતા પહાડી જિલ્લાઓ બંનેમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થયું હતું.

મૈતેઇ જૂથ કોઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઇન્ટિગ્રિટીએ ખીણ જિલ્લાઓમાં બંધનું એલાન આપ્યું હતું, જ્યારે ઝોમી સ્ટુડન્ટ્સ ફેડરેશન અને કુકી સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઇઝેશને પહાડી જિલ્લાઓમાં બંધનું એલાન આપ્યું હતું. રાજ્યભરમાં બજારો બંધ રહ્યા હતા, જાહેર વાહનો રસ્તાઓ પર ન આવ્યાં, અને ખાનગી ઓફિસો બંધ રહી. સવારે રસ્તા પર થોડાં ખાનગી વાહનો જોવા મળ્યાં હતાં. શાળાઓ, કોલેજો અને અન્ય સંસ્થાઓ પણ બંધ રહી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, કોઈપણ અનિચ્છનીય પ્રવૃત્તિઓને રોકવા માટે મુખ્ય સ્થળોએ સુરક્ષા

(જુઓ પાનું ૨) ▶▶

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
### તા. ૪-૫-૨૦૨૫ થી તા. ૧૦-૫-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મેષ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કર્ક રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ મીન રાશિમાંથી મેષ રાશિમાં તા. ૭મીએ શીઘ્ર ગતિએ પ્રવેશે છે. માર્ગી ગુરુ વૃષભ રાશિમાં મંદ ગતિએ ભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કર્ક રાશિમાં રહે છે. તા. ૫મીએ સિંહ રાશિમાં, તા. ૮મીએ કન્યા રાશિમાં, તા. ૧૦મીએ તુલા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપાર લાભદાયી થશે. નોકરી માટે તા. ૫, ૮, ૯ શુભ જણાય છે. નોકરીમાં પરિવર્તનો શક્ય છે. કાર્યક્ષેત્રે અકારણ નાણાં વ્યય ટાળવા જરૂરી છે. નાણાં આવકના સાધનો સક્ષમ પુરવાર થશે. મહિલાઓને આ સપ્તાહમાં પ્રવાસ પર્યટન પ્રાસંગિક કાર્યો સફળ થતાં જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયનના નિર્ણયો સફળ બનતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટેની તકો ઝડપી શકશો. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ સંપન્ન થશે. તા. ૪, ૫, ૯ના કામકાજ લાભદાયી જણાશે. સપ્તાહમાં નાણાં વ્યવહાર સફળતાથી પૂર્ણ કરી શકશો. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ થશે. મહિલાઓને કુટુંબના સભ્યો કાર્યક્ષેત્રે ઉપયોગી થશે. વેચાણના કામકાજમાં સફળતા મેળવશો. વિદ્યાર્થીઓએ શિક્ષક સમુદાય સાથે મતભેદોમાં ઊતરવું નહિ.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ, દૈનિક સાપ્તાહિક વેપાર સફળ રહેશે. તા. ૬, ૭, ૧૦ના નિર્ણયો અપેક્ષા મુજબ સફળ બનતા જણાશે. વેપારમાં સરકારી કામકાજ પૂર્ણ થઈ શકશે. કોર્ટ-કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. વ્યક્તિગત પ્રતિભા પ્રાપ્ત કરશો. સમાજમાં નામના પ્રતિષ્ઠા મેળવશો. મહિલાઓને નાણાં વ્યવસ્થા જાળવવા માટે સફળતાઓ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની તક સફળ બનતી જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આત્મવિશ્વાસ અનુભવ, આવડત પૂર્ણપણે ઉપયોગમાં લાવી શકશો. અધિકારીઓમાં માન મરતબો પ્રાપ્ત કરવાથી નોકરીમાં કર્ક જાતકોને સફળતાનો અનુભવ થશે. રાજકારણ તથા સામાજિક પ્રવૃત્તિઓમાં પણ નામના મેળવશો. દઢ નિશ્ચય અને કાર્યદક્ષતાથી મહિલાઓ નોકરીમાં સફળતા હાંસલ કરશે. સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નબળા વિષયમાં જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત કરશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં બેધ્યાનપણું, ખોટા નિર્ણયો કરાવનારું ગોચરફળ હોઈ સાવચેતી રાખવી જરૂરી છે. વાયદાનો વેપાર ટાળવો જરૂરી છે. ભાગીદારીના સંબંધમાં સાવચેતી રાખવી. નાણાંની આવક જળવાશે. અર્થવ્યવસ્થા વધુ સક્ષમ બનાવી શકશો. મહિલાઓને નોકરી ક્ષેત્રે યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં હરીફાઈ યુક્ત, રમતગમત ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર તથા લાંબા સમયના રોકાણના પ્રયત્નો સફળ નીવડશે. નોકરીમાં તા. ૪, ૮, ૯ શુભ પરિણામ દર્શાવે છે. નવા કામકાજનો પ્રારંભ થાય. કામકાજમાં ઉપયોગી મિત્રોનો ઉમેરો થશે. સકારાત્મક વલણ અને આત્મવિશ્વાસ પૂર્વક કામકાજમાં પ્રગતિ સાધી શકશો. રાજકારણના કઠીન કામકાજમાં સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયનના સાધનો પ્રાપ્ત થતાં જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૪, ૬, ૭ શુભ જણાય છે. નવી નોકરીનો પ્રારંભ કરશો. નોકરીના જૂનાં અધૂરા કામ પણ પૂર્ણ કરી શકશો. નવા કામકાજનો પ્રારંભ પણ શક્ય જણાય છે. આવકની વૃદ્ધિ થશે. વારસાગત મિલકતનો પ્રશ્નો હળવા થશે. મહિલાઓને કુટુંબમાં પ્રાસંગિક જવાબદારી પૂર્ણ કરવામાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને હરીફાઈ યુક્ત કામકાજમાં સફળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયના નાણાં રોકાણના પ્રયત્નોમાં સફળતા મેળવશો. નોકરીમાં છુપા હરીફની ઓળખ થાય. તા. ૪, ૬, ૭ નવા કામકાજનો પ્રારંભ દર્શાવે છે. સપ્તાહમાં વૃશ્ચિક જાતકોની નાણાં વ્યવસ્થા જળવાઈ રહેશે. નાણાં આવકના નવા સાધનો મેળવશો. મહિલાઓને નોકરીમાં નવા કામકાજ જવાબદારી મેળવવામાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસ માટેની તક પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આત્મવિશ્વાસ અને કાર્યદક્ષતાપૂર્વક સફળતા પ્રાપ્ત કરશો. નોકરીમાં ઉપરી અધિકારીનો સહયોગ મેળવશો. તા. ૮, ૧૦, ૧૧ના કામકાજ શુભ પુરવાર થશે. સ્થાવર મિલકતના નિર્ણયો સફળતાથી લઈ શકશો. કાર્યક્ષેત્રે અનુકૂળ પરિવર્તનો જણાય છે તથા પરિવર્તનોને અપનાવી પણ શકશો. મહિલાઓને સંતાનની જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં હસ્તગત વાંચન અભ્યાસ પૂર્ણ કરી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના જૂનાં પ્રશ્નોનો ઉકેલ આ સપ્તાહમાં લાવી શકશો. નોકરીમાં સંઘર્ષ છતાંય સફળતા મેળવશો. તા. ૪, ૫, ૯, ૧૦ના નિર્ણયો શુભ પુરવાર થશે. આ સપ્તાહમાં સામાજિક પ્રતિષ્ઠા મેળવશો. પરિવાર માટે મહિલાઓ કિંમતી ચીજો, સાધનો મેળવી શકશે. મહિલાઓને નિજી કારોબારમાં પણ અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું માર્ગદર્શન સમયાનુસાર પ્રાપ્ત થતું જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં કઠીન સમસ્યાઓનો ઉકેલ આવશે. નવા રોકાણની તકો પણ મેળવી શકશો. નોકરી માટે તા. ૫, ૬, ૧૦, ૧૧ શુભ જણાય છે. નોકરીમાં વ્યવહારુપણે જૂના મતભેદોનો ઉકેલ લાવી શકશો. કાર્યક્ષેત્રે આત્મવિશ્વાસ મેળવશો. દઢ સંકલ્પો અને કાર્યદક્ષતાથી કામકાજમાં સફળતા મેળવી શકશો. નાણાં વ્યવસ્થા સુદઢ સક્ષમ બની રહેશે. મહિલાઓને નવી નોકરીના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને નવા અભ્યાસ માટેની સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લે-વેંચનો વેપાર સફળ નીવડશે. લાંબા સમયનું રોકાણ શક્ય છે. નોકરીમાં તા. ૪, ૬, ૮, ૯ સફળતા દર્શાવે છે. કુટુંબમાં યશ મેળવશો. કારોબારના નાણાં વ્યવહાર સફળ થતાં જણાશે. વેપારની નાણાં આવકની વૃદ્ધિ થશે. આત્મવિશ્વાસપૂર્વક મહિલાઓ નોકરીના કામકાજ પૂર્ણ કરી શકશે. પરિવારના પ્રસંગોમાં પણ સફળતા મેળવશો. વિદ્યાર્થીઓને અધ્યયન માટે જરૂરી સાધનો સગવડતાઓ પ્રાપ્ત થતાં જણાશે. ■

## આજનું પંચાંગ
### ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મૠતુ, રવિવાર, તા. ૪-૫-૨૦૨૫, ભાનુ સપ્તમી, ભદ્રા

ભારતીય દિનાંક ૧૪, માહે વૈશાખ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ -૭
જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૭
પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૫મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
મીસરી રોજ ૭મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
નક્ષત્ર પુષ્ય બપોરે ક. ૧૨-૫૨ સુધી, પછી આશ્લેષા
ચંદ્ર કર્કમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૬, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૬, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ સાંજે ક. ૧૭-૩૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૦ (તા. ૫)
ઓટઃ સવારે ક. ૧૦-૪૫, મધ્યરાત્રે ક. ૦૦-૪૩

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, વૈશાખ શુક્લ - સપ્તમી. ભાનુ સપ્તમી, ભદ્રા સવારે ક. ૦૭-૨૦ થી રાત્રે ક. ૧૯-૨૨. પ્લૂટો વક્રી રાત્રે ક. ૨૦-૫૮.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ
મુહૂર્ત વિશેષઃ રવિવાર અને ભાનુ સપ્તમીનો ભગવાન સૂર્યનારાયણની પૂજાનો શ્રેષ્ઠ યોગ, સૂર્ય મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શનિ-ગુરુ દેવતાનું પૂજન, વિશેષરૂપે, પીપળાનું પૂજન, પરદેશનું પસ્તાનું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, વિદ્યારંભ, હજામત, સીમંત સંસ્કાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નવા વસ્રો, વાસણ, યંત્રોના કામકાજ, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન
આચમનઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ કાર્યક્ષેત્રે પરિશ્રમી સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ. પ્લૂટો સ્તંભી થઈ વક્રી થશે.
ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કર્ક, બુધ-મીન, ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લૂટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની
### તા. ૪-૫-૨૦૨૫ થી તા. ૧૦-૫-૨૦૨૫

રવિવાર, વૈશાખ સુદ-૭, વિ. સં. ૨૦૮૧, તા. ૪થી મે, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર પુષ્ય બપોરે ક. ૧૨-૫૨ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. ભાનુ સપ્તમી, ભદ્રા સવારે ક. ૦૭-૧૮ થી રાત્રે ક. ૧૯-૨૦. પ્લુટો વક્રી રાત્રે ક. ૨૦-૫૮. સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ.

સોમવાર, વૈશાખ સુદ-૮, તા. ૫મી, નક્ષત્ર આશ્લેષા બપોરે ક. ૧૪-૦૦ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૪-૦૦ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. દુર્ગાષ્ટમી, સીતાનવમી. લગ્ન, ખાતમુહૂર્ત, ઉપનયન, શુભ દિવસ.

મંગળવાર, વૈશાખ સુદ-૯, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર મઘા ૧૫-૫૧ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. શ્રી હરિજયંતી, ત્રિચૂરપોરમ (કેરાલા), બુધ મેષમાં ૨૮-૦૯. લગ્ન, સામાન્ય દિવસ.

બુધવાર, વૈશાખ સુદ-૧૦, તા. ૭મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની સાંજે ક. ૧૮-૧૬ સુધી, પછી ઉત્તરાફાલ્ગુની. ચંદ્ર સિંહમાં મધ્યરાત્રે ક. ૨૪-૫૭ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ ક. ૨૩-૨૧. લગ્ન, ખાતમુહૂર્ત, ઉપનયન, શુભ દિવસ.

ગુરુવાર, વૈશાખ સુદ-૧૧, તા. ૮મી, નક્ષત્ર ઉત્તરાફાલ્ગુન રાત્રે ક. ૨૧-૦૫ સુધી, પછી હસ્ત

ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. મોહિની એકાદશી (ગૌ દૂધ), લક્ષ્મીનારાયણ એકાદશી (ઓરિસ્સા), પરશુરામ દ્વાદશી, રુક્મિણી દ્વાદશી, મીનાક્ષી કલ્યાણ્કમ્, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૨-૨૯. લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, શુભ દિવસ.

શુક્રવાર, વૈશાખ સુદ-૧૨, તા. ૯મી, નક્ષત્ર હસ્ત મધ્યરાત્રે ક. ૨૪-૦૮ સુધી, પછી ચિત્રા.

ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, કવિવર રવિન્દ્રનાથ ટાગોર જયંતી. લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન. શુભ દિવસ.

શનિવાર, વૈશાખ સુદ-૧૩, તા. ૧૦મી, નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૪ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર કન્યામાં બપોરે ક. ૧૩-૪૧ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. લગ્ન, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ. ■

# અમેરિકાની અગ્રણી લૉ ફર્મ સામેની ટ્રમ્પની કાર્યવાહી રોકતા જજ

વૉશિંગ્ટનઃ અહીંના એક ફેડરલ જજે અમેરિકાની એક અગ્રણી લૉ ફર્મ સામેના વાઇટ હાઉસના એક્ઝિક્યૂટિવ ઓર્ડરનો અમલ રોકવાનો આદેશ આપ્યો હતો.

યુએસ ડિસ્ટ્રિક્ટ જજ બેરિલ હોવેલે જણાવ્યું હતું કે વાઇટ હાઉસનો લૉ ફર્મ ‘પર્કિન્સ કોઇ’ સામેનો સંબંધિત એક્ઝિક્યૂટિવ ઓર્ડર દેશના બંધારણમાંની અનેક જોગવાઇનો ભંગ કરનારો હોવાથી તેને તાત્કાલિક રદબાતલ કરવાનો હુકમ કરીએ છીએ.

ફેડરલ જજના આ ચુકાદાને લીધે વકીલોની કંપનીઓ સામેની અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની કાર્યવાહીને માઠી અસર થશે.

અગાઉ, વાઇટ હાઉસે બહાર પાડેલા એક્ઝિક્યૂટિવ ઓર્ડરમાં લૉ ફર્મ ‘પર્કિન્સ કોઇ’ના વકીલોને સિક્યોરિટી ક્લિઅરન્સમાં અપાતી ખાસ સુવિધા બંધ કરવાની, તેના કર્મચારીઓને સરકારી ઇમારતોમાં પ્રવેશની અપાતી સગવડ પાછી ખેંચવાની અને આ કંપનીએ સરકાર સાથે કરેલા બધા કોન્ટ્રેક્ટ રદ કરવાની જોગવાઇ હતી.

યુએસ ડિસ્ટ્રિક્ટ જજ બેરિલ હોવેલે ૧૦૨ પાનાંના ચુકાદામાં જણાવ્યું હતું કે અમેરિકાના ઇતિહાસમાં અગાઉ કોઇ પણ પ્રમુખે લૉ ફર્મની સામે કાર્યવાહી કરવા એક્ઝિક્યૂટિવ ઓર્ડર નહોતા આપ્યા.

અગાઉ, અમેરિકાની લાઇબ્રેરીઓને ભંડોળ પૂરું પાડતી અને તેઓને પ્રમોટ કરતી એજન્સી સામેની ટ્રમ્પ વહીવટીતંત્રની કાર્યવાહીને કામચલાઉ અટકાવવાનો ફેડરલ જજે ગુરુવારે આદેશ આપ્યો હતો.

યુએસ ડિસ્ટ્રિક્ટ જજ રિચાર્ડ લિયોને જણાવ્યું હતું કે સરકારી વહીવટીતંત્ર ઇન્સ્ટિટ્યૂટ ઑફ મ્યુઝિયમ ઍન્ડ લાઇબ્રેરી સર્વિસીસને મળતી સહાય બંધ કરવાનો એકપક્ષી નિર્ણય લઇ ન શકે. કૉંગ્રેસે કાયદા હેઠળ રહીને રચેલી એજન્સીને સરકાર જાતે જ અચાનક બંધ કરી ન શકે.

અમેરિકન લાઇબ્રેરી એસોસિયેશન અને સરકારી કર્મચારીઓના એક સંગઠને આ પ્રકરણમાં ગયા મહિને કેસ કર્યો હતો અને પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રને આ કિસ્સામાં વધુ પગલાં લેતું રોકવા અટકાવવાની દાદ ચાહી હતી.

ટ્રમ્પે ૧૪ માર્ચે એક્ઝિક્યૂટિવ ઓર્ડર પર સહી કરીને સરકારી સહાય મેળવતી અનેક એજન્સીઓને ‘બિનજરૂરી’ ગણાવી હતી અને તેઓને બંધ કરાવવા માટેના પગલાં લેવાનું શરૂ કર્યું હતું. (એજન્સી) ■

## આસામ પંચાયત ચૂંટણી
# પ્રથમ તબક્કામાં ૭૦ ટકા મતદાન નોંધાયું

ગુવાહાટીઃ આસામમાં પંચાયત ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૭૦.૨ ટકા મતદાન નોંધાયું હતું. આ માહિતી અધિકારીઓએ શનિવારે આપી હતી.

અધિકારીઓએ જણાવ્યું કે શુક્રવારે પ્રથમ તબક્કાનું મતદાન ૧૪ જિલ્લાઓના ૧૨,૯૧૬ મતદાન મથકો પર થયું હતું. જેમાં ૮૯.૫૯ લાખ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. તેમણે જણાવ્યું કે મતદાન સવારે ૭-૩૦ વાગ્યે શરૂ થયું હતું અને સાંજે ૪-૩૦ વાગ્યે પૂર્ણ થયું હતું. પરંતુ જે લોકો આ સમય સુધીમાં મતદાન મથકો પર પહોંચી ગયા હતા તેઓએ મોડી રાત સુધી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે કચર જિલ્લામાં હિંસાના કેટલાક બનાવો નોંધાયા હતા. પરંતુ બાકી જગ્યાઓ પર મતદાન શાંતિપૂર્ણ રહ્યું હતું. મજુલીમાં સૌથી વધુ ૮૦.૦૨ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે સોનિતપુરમાં સૌથી ઓછું ૬૧ ટકા મતદાન થયું હતું. બીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થશે. જ્યારે મતગણતરી ૧૧ મેના રોજ થશે. રાજ્ય ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર કુલ ૩૪૮ જિલ્લા પરિષદ અને આંચલિક પરિષદ બેઠકો પહેલાથી જ બિનહરીફ જાહેર થઇ ગઇ છે. જેમાં શાસક ભાજપની આગેવાની હેઠળની એનડીએએ ૩૨૫ બેઠકો જીતીને લીડ મેળવી છે. પંચાયત ચૂંટણીઓ ૨૮ જિલ્લાઓમાં યોજાઇ રહી છે. બાકીના સાત જિલ્લાઓ બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ આવે છે અને સ્થાનિક સ્તરે સ્વાયત્ત પરિષદો દ્વારા સંચાલિત થાય છે. ■

# જર્મનીમાં કાર ટોળામાં ઘૂસી જતાં એકનું મોત, અનેક ઘાયલ

બર્લિનઃ જર્મનીના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં આવેલા સ્ટુટગાર્ટ શહેરમાં એક વાહન રાહદારીઓના ટોળામાં ઘૂસી જતા ભયંકર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું, જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે આપી હતી. આ મામલે ડ્રાઇવરની ધરપકડ કરવામાં આવી હતી. સ્ટુટગાર્ટ પોલીસે એક્સ પર જણાવ્યું હતું કે હાલમાં કોઇ હુમલો કે ઇરાદાપૂર્વક કરવામાં આવેલા કૃત્યના કોઇ પુરાવા નથી અને અત્યાર સુધીની તમામ માહિતી તે એક દુઃખદ ટ્રાફિક અકસ્માત હોવાનું સૂચવે છે. આ ઘટના સ્ટુટગાર્ટ શહેરના ઉપરના ભૂગર્ભ મેટ્રો સ્ટોપ પર બની હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસે અકસ્માતના કલાકો પછી શુક્રવારે સાંજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અકસ્માતમાં પાંચ લોકોને સામાન્ય ઇજા થઇ હતી, જ્યારે ત્રણ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ગંભીર રીતે ઘાયલ લોકોમાંથી ૪૬ વર્ષીય એક મહિલાનું હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

અકસ્માત બાદ તપાસ ચાલું હતી અને ઇમરજન્સી રિસ્પોન્સ ટીમો, પોલીસ અને ફોરેન્સિક નિષ્ણાતોએ ઘટનાસ્થળની તપાસ કરવા માટે વિસ્તારની ઘેરાબંધી કરી લીધી હતી. સાક્ષીઓની પૂછપરછ કરવામાં આવી રહી હતી. તેમ જ આ વિસ્તારમાંથી પસાર થતી મેટ્રો સેવા સ્થગિત કરવામાં આવી હતી. ઘટનાસ્થળની તસ્વીરોમાં એસયુવી પાસે જમીન પર પ્લાસ્ટિકના મોજા, ધાબળા અને બેગ વિખરાયેલા જોવા મળે છે. ■

# મેંગલૂરુમાં હિન્દુ એક્ટિવિસ્ટની હત્યાના સંબંધમાં આઠની ધરપકડ

મેંગલૂરુ (કર્ણાટક) : હિન્દુ એક્ટિવિસ્ટની હત્યાના સંબંધમાં શનિવારે આઠ જણની ધરપકડ કરવામાં આવી છે અને કાયમ માટે કોમવાદવિરોધી ટાસ્ક ફાર્સની રચના કરાશે, એવી માહિતી કર્ણાટકના ગૃહપ્રધાન જી. પરમેશ્વરે આપી હતી.

પકડાયેલાઓની ઓળખાણ અબ્દુલ સફવાન, નિયાઝ અહમદ, મોહમ્મદ મુઝમિલ, ખલંદર શફી, અદિલ મેહરુઝ મોહમ્મદ રિઝવાન, રણજિત અને નાગરાજ તરીકે આપવામાં આવી છે.

પોલીસના ટોચના અધિકારીને મળ્યા બાદ પત્રકાર પરિષદને સંબોધતાં પરમેશ્વરે કહ્યું હતું કે નક્સલવિરોધી દળની જેમ ઉડુપી અને દક્ષિણ કન્નડા જિલ્લામાં કોમવાદવિરોધી ટાસ્ક ફોર્સની ખાસ રચના કરવામાં આવશે. એની આગેવાની ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ કરશે . આ ફોર્સની રચના કાયમી ધોરણે કરવામાં આવશે. રીઢા અપરાધીનો રેકોર્ડ ધરાવનાર સુહાસ શેટ્ટીની ગુરુવારે મોડેથી મેંગલુરુ શહેરના બાજપે પોલીસ સ્ટેશનની હદમાં વણઓળખાયેલા જૂથે હત્યા કરી હતી. આ હત્યાને પગલે વિશ્વ હિન્દુ પરિષદે શુક્રવારે બંધની હાકલ આપી હતી. અને મેંગલુરુ શહેરમાં દુકાનો બંધ રહી હતી.

પરમેશ્વર અને જિલ્લાના પ્રભારી દિનેશ ગુંડુ શુક્રવારે મેંગલુરુ ધસી આવ્યા હતા અને પોલીસ કમિશનર અનુપમ અગ્રવાલ અને ડેપ્યુટી કમિશનર મુલાલી મુહિલન સાથે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

પ્રધાનોએ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરીને શાંતિની અપીલ કરી હતી. પ્રધાનોએ ચેતવણી આપી હતી કે જે કોઈ હિંસા અને વિક્ષેપ માટે જવાબદાર હશે તેમની સામે કડક પગલાં લેવામાં આવશે. (એજન્સી) ■

# અમેરિકાની એક કૉલેજમાં ગોળીબાર, બે મહિલા ઘાયલ

ઈંગલવૂડઃ અમેરિકાની એક કૉલેજમાં ફરી ગોળીબારના સમાચાર સામે આવ્યા છે. દક્ષિણ કેલિફોર્નિયાની ટેક્નિકલ કૉલેજના કેમ્પસમાં અચાનક અંધાધૂંધ ગોળીબાર થયો હતો. આ ઘટનામાં બે મહિલાને ગોળીઓ વાગી હતી, જેમાંથી એકની હાલત ગંભીર હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

ઈંગલવૂડના મેયર જેમ્સ બટ્સના જણાવ્યા અનુસાર આ ગોળીબારની ઘટના સ્પાર્ટન કૉલેજ ઑફ એરોનોટિક્સ ઍન્ડ ટૅક્નોલૉજી કેમ્પસમાં સાંજે ૪ વાગ્યાની આસપાસ બની હતી. કેએબીસી-ટીવી સાથેની વાતચીતમાં જેમ્સ બટ્સે જણાવ્યું કે શંકાસ્પદ હજુ પણ ફરાર છે. મેયરના જણાવ્યા અનુસાર અધિકારીઓને આરોપી હજુ પણ કૉલેજમાં છુપાયેલો હોય તેવું લાગતું નથી. પોલીસે કૉલેજના તમામ રૂમોની તપાસ કરી હતી. આ ગોળીબાર કૉલેજની ઑફિસમાં થયો હતો. આ કાર્યસ્થળ પર હિંસાની ઘટના છે. બંને ઘાયલ મહિલાઓ કૉલેજની કર્મચારી છે. આ સ્થિતિમાં કોઇ ભૂતપૂર્વ કર્મચારીએ આ ઘટનાને અંજામ આપ્યો હોવાની આશંકા સેવાઇ રહી છે.

લોસ એન્જલ્સના ફાયર વિભાગે ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું કે બંને મહિલાઓને ગોળી વાગવાને કારણે હૉસ્પિટલમાં લઇ જવામાં આવી હતી, જેમાંથી એક મહિલાની હાલત ગંભીર છે. નોંધનીય છે કે સ્પાર્ટન કૉલેજ ઑફ એરોનોટિક્સ ઍન્ડ ટૅક્નોલૉજીની સમગ્ર અમેરિકામાં ઘણી શાખાઓ છે. કૉલેજની ઈંગલવૂડ શાખામાં લગભગ ૫૦૦ બાળકો અભ્યાસ કરે છે. ■

# ટ્રમ્પના જન્મદિવસે સેનાની ૨૫૦મી વર્ષગાંઠની ઉજવણી માટે લશ્કરી પરેડ યોજાશે

વૉશિંગ્ટન : સેનાએ શુક્રવારે પુષ્ટિ કરી હતી કે જૂનમાં પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના જન્મદિવસે એક લશ્કરી પરેડ યોજાશે, જે સર્વિસના ૨૫૦મા જન્મદિવસની આસપાસ ઉજવણીના ભાગ રૂપે હશે.

ગુરુવારે એસોસિએટેડ પ્રેસ દ્વારા સૌપ્રથમ વિગતવાર જણાવવામાં આવ્યું હતું કે પરેડની યોજનાઓમાં લગભગ ૬,૬૦૦ સૈનિકને ૧૫૦ વાહનો અને ૫૦ હેલિકોપ્ટર સાથે આર્લિંગ્ટન, વર્જિનિયાથી નેશનલ મોલ સુધી કૂચ કરવાની હાકલ કરવામાં આવી છે. અત્યાર સુધી, સેનાના જન્મદિવસના તહેવારની ઉજવણીમાં એક વિશાળ પરેડનો સમાવેશ થતો ન હતો, જેના પર અધિકારીઓ કહે છે કે લાખો ડૉલરનો ખર્ચ થશે.

પરંતુ ટ્રમ્પ લાંબા સમયથી લશ્કરી પરેડ ઇચ્છતા હતા, અને પેન્ટાગોન સાથે જન્મદિવસના તહેવાર સાથે એક આયોજન અંગે ચર્ચા બે મહિના કરતાં પણ ઓછા સમય પહેલા શરૂ થઈ હતી.

૧૪ જૂને ટ્રમ્પના ૭૯મા જન્મદિવસ સાથે સેનાનો ૨૫૦મો જન્મદિવસ છે.

શુક્રવારે એક નિવેદનમાં, સેનાના પ્રવક્તા સ્ટીવ વોરેને જણાવ્યું હતું કે સેનાના જન્મદિવસની ઉજવણીમાં ‘‘અદ્‌ભુત આતશબાજી, પરેડ અને નેશનલ મોલ પર એક દિવસનો ઉત્સવ’’ શામેલ હશે. ■

## પહેલા પાનાનું

### ભારતે પાકથી

થઇ ગયો છે. અગાઉ, પુલવામા ખાતે ૨૦૧૯માં થયેલા હુમલા બાદ દ્વિપક્ષી વેપારમાં મોટો ઘટાડો થયો હતો.

ભારત દ્વારા પાકિસ્તાન ખાતે અમુક રસાયણ, દવા, ખાંડ, કેટલાક શાકભાજી, ચા, કૉફી, તેજાના, મસાલા, પેટ્રોલિયમ પ્રૉડક્ટ્સ, ખાતર, પ્લાસ્ટિક્સ, રબર અને વાહનોના ભાગોની મોટા પાયે નિકાસ કરાતી હતી. ભારતે ૧૯૯૬માં પાકિસ્તાનને ‘મોસ્ટ ફેવર્ડ નેશન’નો દરજ્જો આપ્યો હતો, પરંતુ પાકિસ્તાને ભારતને આ દરજ્જો નહોતો આપ્યો. (પીટીઆઇ) ■

### ગોવાના મંદિરમાં

આવ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું અને સ્થાનિક વહીવટીતંત્રને બનતી સહાય કરવાની ઑફર કરી હતી. મુખ્ય પ્રધાન પ્રમોદ સાવંતે દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી અને રાજ્યના બધા મંદિરમાં ઉત્સવ દરમિયાન યોગ્ય વ્યવસ્થા કરવાની સૂચના આપી હતી. રાજ્યના આરોગ્ય પ્રધાન વિશ્વજિત રાણેએ જણાવ્યું હતું કે મંદિર ખાતેની ધક્કામુક્કીમાં ૮૦થી વધારે લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને હૉસ્પિટલ ખાતે પહોંચાડવા પાંચથી વધારે એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે મોકલાઇ હતી. (એજન્સી) ■

### સાઇ સુદર્શનનો

રન કર્યા બાદ હૈદરાબાદ સામે વિજય મેળવ્યો હતો. દરમ્યાન, સુદર્શને ૫૪ ટી-૨૦ ઇનિંગ્સમાં ૨,૦૦૦ રન પૂરા કરીને સચિન તેન્ડુલકરનો ભારતીય વિક્રમ પણ તોડી નાખ્યો છે. સચિને ૫૯ ઇનિંગ્સમાં અને ૠતુરાજ ગાયકવાડે ૬૦ ઇનિંગ્સમાં ૨,૦૦૦ રન કર્યા હતા. ■

### મણિપુરમાં

દળોને પણ તૈનાત કરવામાં આવ્યા છે.

હિંસામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે સાંજે ઇમ્ફાલમાં એક મીણબત્તી માર્ચ પણ યોજાઇ હતી. ચુરાચંદપુર અને કાંગપોકપી જિલ્લાના પહાડી જિલ્લાઓમાં કુકી સમુદાયે અલગ પ્રદેશની માગણી સાથે ‘અલગતા દિવસ’ મનાવ્યો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૨૦૨૩માં આ દિવસે મૈતેઈ અને કુકી વચ્ચે વંશીય અથડામણો ફાટી નીકળી હતી, જેમાં ૨૬૦થી વધુ લોકો માર્યા ગયા હતા, ૧૫૦૦ ઘાયલ થયા હતા અને ૭૦,૦૦૦થી વધુ લોકો વિસ્થાપિત થયા હતા. ■

### અમેરિકામાં ફ્લૂએ

વધુમાં જણાવે છે કે આ મોસમમાં ફ્લૂની બીમારીને લીધે હૉસ્પિટલમાં દાખલ થનારા ૫,૨૦૦ વયસ્ક દર્દીમાંથી ઓછામાં ઓછા ૯૫ ટકા દર્દીને પહેલેથી કોઈ એક બીમારી હતી. બીજી બાજુ હૉસ્પિટલમાં દાખલ કરાયેલા બે હજાર બાળકમાંથી ૫૩ ટકાને પહેલેથી દમ કે સ્થૂળતા જેવી એક બીમારી હતી.

સીડીસી અહેવાલમાં એ નથી કહેવામાં આવ્યું છે કે રસી લેનારા કેટલા બાળકો ફ્લૂથી મરણ પામ્યાં છે. એજન્સીએ ફ્લૂ મોસમની ચર્ચા કરવા કોઈ નિષ્ણાત ઉપલબ્ધ કર્યો નહોતો.

સારા સમાચાર એ છે કે ફેબ્રુઆરીથી ફ્લૂના નિર્દેશો ઓછા થતા જાય છે અને ગયા અઠવાડિયામાં બધા જ ૫૦ રાજ્યોમાં ફ્લૂના કેસ ઓછા કે ન્યૂનતમ થઈ ગયા છે. (એજન્સી) ■

### આદિ કૈલાશ

ખીણના અન્ય રંગ ગામોના લોકોએ શિવ અને પાર્વતીની સ્તુતિમાં લોકગીતો ગાયાં હતાં. એસડીએમએ જણાવ્યું કે આ પ્રસંગે વ્યાસ ખીણનાં તમામ છ ગામોના લોકો સહિત ૧૫૦૦થી વધુ ભક્તો હાજર રહ્યા હતા. ■




## જિયોસ્ટાર મોટો દાવ લગાવશે

# ૩૩,૦૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવાની યોજના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતની સૌથી મોટી મીડિયા કંપની જિયોસ્ટાર તેના ભવિષ્ય માટે એક મોટું પગલું ભરવાની યોજના ધરાવે છે. કંપનીના વાઇસ પ્રેસિડેન્ટ ઉદય શંકરે જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં જિયોસ્ટાર કન્ટેન્ટ પર ૩૩,૦૦૦ કરોડ રૂપિયાનું જંગી રોકાણ કરશે. તેમણે વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વૅવ્ઝ) ખાતે એક ચર્ચાસત્ર દરમિયાન આ જાહેરાત કરી હતી.

તમને જણાવી દઈએ કે જિયોસ્ટાર એ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ કંપની વાયાકોમ૧૮ અને ધ વોલ્ટ ડિઝનીના ભારતીય યુનિટનું સંયુક્ત સાહસ છે. આ કંપનીએ અગાઉ કન્ટેન્ટમાં પણ ભારે રોકાણ કર્યું છે. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૩૦,૦૦૦ કરોડ રૂપિયા અને નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૨૫,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા. ઉદય શંકરે જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષ (૨૦૨૪, ૨૦૨૫ અને ૨૦૨૬)માં કંપનીએ કન્ટેન્ટ પર ૧૦ અબજ ડોલરથી વધુનું રોકાણ કર્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ તમામ રોકાણ ભારતીય પ્રેક્ષકો માટે છે અને તેમની પસંદ અને જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યું છે. વધુમાં, આ રોકાણની વસૂલાત પણ ફક્ત ભારતીય બજારમાંથી જ થશે. શંકર જે બોધી ટ્રી સિસ્ટમ્સના સહ-સ્થાપક પણ છે, તેમણે ભારતીય વાર્તાઓ અને વાર્તા કહેવાની કળાને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમનું માનવું છે કે ભારતીય મીડિયાએ વૈશ્વિક સામગ્રી પર આધાર રાખવાને બદલે પોતાની વાર્તાઓ દુનિયા સમક્ષ પહોંચાડવી જોઈએ. ■




## નેટફ્લિક્સે ભારતમાં ઉત્પાદન દ્વારા બે અબજની આર્થિક અસર ઊભી કરી



**ચર્ચા મંનોરંજનનીઃ** વેવ્ઝ સમિટમાં ગઈ કાલે સૈફ અલી ખાન નેટફલીક્સના સીઈઓ ટેડ સેરેન્ડોસ સાથે. (પીટીઆઈ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નેટફ્લિક્સે તેના ભારતીય નિર્માણથી બે અબજ ડોલરને આર્થિક પ્રભાવ પાડ્યો છે એમ સ્ટ્રીમિંગ પ્લેટફોર્મના સહ-સીઈઓ ટેડ સૅરેન્ડોસે શનિવારે જણાવ્યું હતું.

મુંબઈના જિયો કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત પ્રથમ વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વૅવ્ઝ)માં, સૅરેન્ડોસે જણાવ્યું હતું કે કંપનીએ દેશમાં તેના પ્રોજેક્ટ્સમાંથી ૨૦,૦૦૦ કાસ્ટ અને ક્રૂ નોકરીઓનું સર્જન કર્યું છે.

'૨૦૨૧ થી ૨૦૨૪ સુધીમાં ખાસ કરીને કોવિડ પછી, જ્યારે વસ્તુઓ સામાન્ય થઈ ગઈ ત્યારથી અમે ભારતમાં એવી રીતે રોકાણ કર્યું છે કે જેનાથી અમારા પ્રોડક્શન્સમાંથી બે અબજ ડોલરનો આર્થિક પ્રભાવ પડ્યો છે, ભારતમાં અમારા પ્રોડક્શન્સમાંથી ૨૦,૦૦૦થી વધુ કલાકારો અને ક્રૂ નોકરીઓ મળી છે,' એમ સારાન્ડોસે જણાવ્યું હતું.

તેમણે નોંધ્યું હતું કે ગયા વર્ષે વૈશ્વિક સ્તરે ત્રણ અબજ કલાક ભારતીય સામગ્રી જોવામાં આવી હતી, જેમાં દર અઠવાડિયે ઓછામાં ઓછું એક ભારતીય શીર્ષક વૈશ્વિક ટોચના ૧૦માં સ્થાન મેળવે છે. 'તે પ્રોડક્શન્સમાં, અમારી પાસે ૧૫૦ મૂળ ફિલ્મો અને શ્રેણીઓ છે જે ભારતના ૧૦૦ અલગ અલગ નગરો અને શહેરોમાં ફિલ્માવવામાં આવી છે,' એમ તેમણે ઉમેર્યું હતું. સૅરેન્ડોસ 'સ્ટ્રીમિંગ ધ ન્યૂ ઈન્ડિયાઃ કલ્ચર, કનેક્ટિવિટી એન્ડ ક્રિએટિવ કેપિટલ' સત્રમાં બોલી રહ્યા હતા, જેનું સંચાલન બોલિવૂડ સ્ટાર સૈફ અલી ખાન દ્વારા કરવામાં આવ્યું હતું. ■

## આઈઆઈસીટી સાથે સહયોગ કરવા માટે વૈશ્વિક કંપનીઓમાં ભારે રસઃ વૈષ્ણવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે શનિવારે જણાવ્યું હતું કે, દેશના યુવાનોમાં સર્જનાત્મક ઉર્જાનો ઉપયોગ કરવા માટે વૈશ્વિક કંપનીઓ નવી જાહેર કરાયેલી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેકનોલોજી (આઈઆઈસીટી) સાથે કામ કરવા આતુર છે.

માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાને આ ટિપ્પણીઓ સાત અગ્રણી કંપનીઓ - જિયોસ્ટાર, ગૂગલ, અડોબી, મેટા, એપલ, એનવિડિયા અને માઈક્રોસોફ્ટે અહીં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વૅવ્ઝ) દરમિયાન આઈઆઈસીટી સાથે લેટર ઓફ ઇન્ટેન્ટની આપ-લે કર્યા બાદ કરી હતી.

વૈષ્ણવ અને કેન્દ્રીય માહિતી અને પ્રસારણ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન એલ. મુરુગનની હાજરીમાં ઇરાદા પત્રોની આપ-લે કરવામાં આવી હતી. વૈષ્ણવે જણાવ્યું હતું કે સંસ્થા એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ, કોમિક્સ અને એક્સટેન્ડેડ રિયાલિટી (એવીજીસી-એક્સઆર) ક્ષેત્ર માટે રાષ્ટ્રીય કેન્દ્ર બનવા માટે તૈયાર છે. 'પહેલેથી જ સાત કંપનીઓ - એનવિડિયા, ગૂગલ, એપલ, માઈક્રોસોફ્ટ, મેટા, સ્ટારઈન્ડિયા અને અડોબ-આઈઆઈસીટી સાથે સહયોગ કરી રહી છે. આઈઆઈસીટી આપણા યુવા સર્જકોને ભવિષ્ય માટે તૈયાર બનાવવા માટે ઉદ્યોગ સાથે નજીકથી કામ કરશે,' એમ તેમણે કહ્યું હતું. વૈષ્ણવે પત્રકારોને માહિતી આપી હતી કે આઈઆઈસીટી સાથે સહયોગ માટે વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન (વિપો) સાથે પણ ચર્ચા ચાલી રહી છે.

શુક્રવારે તેમણે વૅવ્ઝની સમાંતર વિપોના ડાયરેક્ટર જનરલ ડેરેન તાંગ સાથે મુલાકાત કરી હતી. આઈઆઈસીટીની સ્થાપના માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા પ્રતિષ્ઠિત આઈઆઈટી અને આઈઆઈએમની જેમ રાષ્ટ્રીય શ્રેષ્ઠતા કેન્દ્ર તરીકે વેપાર સંસ્થા ફિક્કી અને ઉદ્યોગ સંસ્થા સીઆઈઆઈ સાથે વ્યૂહાત્મક સહયોગમાં કરવામાં આવી રહી છે. 'ભારતમાં મીડિયા અને મનોરંજનની દુનિયામાં વૈશ્વિક નેતૃત્વની ભૂમિકા ભજવવાની ક્ષમતા છે. આ સંસ્થા તે દિશામાં પહેલું પગલું છે અને આપણે તેના પર નિર્માણ કરવાનું છે,' એમ વૈષ્ણવે કહ્યું હતું. ■




## મર્સિડીઝની ટક્કર બાદ મોટરસાઇકલ પુલ પરથી નીચે પડતાં ચાલકનું મોત

પુણેઃ પુણેમાં મર્સિડીઝની ટક્કર બાદ મોટરસાઇકલ પુલ પરથી નીચે પડતાં ચાલકનું મોત થયું હતું, જ્યારે અન્ય ત્રણ જણને ઇજા પહોંચી હતી.

પુણેમાં સિંહગઢ રોડ વિસ્તારમાં વડગાંવ પુલ પર શનિવારે મળસકે ૪.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

આ અકસ્માતમાં મોટરસાઇકલસવાર કુણાલ હુશારનું મૃત્યુ થયું હતું, જ્યારે પાછળ બેઠેલા શખસને ઇજા પહોંચી હતી. કુણાલ પિંપરી ચિંચવડનો રહેવાસી હતો.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૩) સંભાજી કદમે જણાવ્યું હતું કે મર્સિડીઝ મળસકે મોટરસાઇકલ સાથે અથડાઇ હતી અને તે પુલ પરથી નીચે સર્વિસ રોડ પર પડી હતી. મોટરસાઇકલસવારને ઇજા પહોંચી હતી અને હોસ્પિટલમાં લઇ જવાયા બાદ તેનું મૃત્યુ થયું હતું. કારમાં હાજર લોકોને પણ ઇજા પહોંચી હતી.

આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતા હેઠળ સદોષ મનુષ્યવધ તથા મોટર વેહિકલ એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરીને બે જણને તાબામાં લેવાયા હતા. ઘટના સમયે કારચાલકે દારૂ પીધો હતો કે નહીં તે જાણવા તેને તબીબી તપાસ માટે મોકલાયો હતો. (પીટીઆઇ)■

## હું રાજ ઠાકરેનો મોટો ચાહક, તેમના જેવી વ્યક્તિએ ઉદ્ધવ ઠાકરે સાથે ન જવું જોઈએઃ શિવસેનાના પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેનાના પ્રધાન યોગેશ કદમે શનિવારે પોતાને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેનો મોટો ચાહક ગણાવતાં જણાવ્યું હતું કે તેમના જેવા વ્યક્તિએ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) સાથે હાથ ન મિલાવવો જોઈએ.

રાજ્યકક્ષાના પ્રધાનની આ ટિપ્પણી રાજકીય રીતે અલગ થયેલા પિતરાઈ ભાઈઓ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે વચ્ચે સંભવિત સંબંધોની અટકળો વચ્ચે આવી છે.

'હું (રાજ) ઠાકરેનો મોટો ચાહક છું અને બાળપણથી જ તેમનાં ભાષણો સાંભળતો આવ્યો છું. હું આજે પણ આવું જ કરુ છું. હું ઈચ્છું છું કે રાજ ઠાકરે જેવી વ્યક્તિ ઉદ્ધવજી સાથે ન જાય, પરંતુ (ઉદ્ધવ સાથે જવાનો) નિર્ણય તેમનો રહેશે,' કદમે પત્રકારો દ્વારા બે ઠાકરે વચ્ચે સંભવિત સમાધાન વિશે પૂછવામાં આવતા કહ્યું હતું.

ઠાકરે પિતરાઈ ભાઈઓએ રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે, નિવેદનો દર્શાવે છે કે તેઓ 'નાના મુદ્દાઓ'ને અવગણી શકે છે અને લગભગ બે દાયકા પછી હાથ મિલાવી શકે છે.

રાજ ઠાકરેએ કહ્યું હતું કે મરાઠી માણસોનાં હિતમાં એક થવું મુશ્કેલ નથી, પરંતુ ઉદ્ધવે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ નાના ઝઘડાઓને બાજુ પર રાખવા તૈયાર છે, જો મહારાષ્ટ્રનાં હિતોની વિરુદ્ધ કામ કરનારાઓને સાથ ન આપવામાં આવે, તો આ વાત મનસેના વડા દ્વારા તાજેતરમાં નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના વડા એકનાથ શિંદેને મળેલી મુલાકાતનો છૂપો ઉલ્લેખ માનવામાં આવે છે. ■

## પુણેના મંદિરમાં મૂર્તિની વિડંબનાઃ પુત્ર તાબામાં, પિતાની ધરપકડ

પુણેઃ પુણેમાં આવેલા મંદિરમાં મૂર્તિની વિડંબના કરવા બદલ પોલીસે ૪૪ વર્ષના શખસની ધરપકડ કરી હતી, જ્યારે તેના પુત્રને તાબામાં લેવાયો હતો. પૌડ ગામમાં શુક્રવારે આ ઘટના બની હતી, જેને કારણે ભાવિકોમાં રોષ ફેલાયો હતો અને તેમણે વિરોધ પ્રદર્શન કર્યું હતું. મંદિરના સીસીટીવી કેમેરાના ફૂટેજમાં ૧૬ વર્ષનો સગીર સ્થાનિક દેવતાની મૂર્તિનું અપમાન કરી રહ્યો હોવાનું જોવા મળ્યું હતું. સ્થાનિકોએ જ્યારે સગીરના પરિવારજનોનો સંપર્ક કર્યો ત્યારે તેમણે બેજવાબદારી દાખવી હતી, એમ પૌડ પોલીસ સ્ટેશનના સિનિયર પીઆઇ સંતોષ ગિરિગોસાવીએ જણાવ્યું હતું.

સગીરના પિતાએ ધમકીભરી ભાષાનો ઉપયોગ કર્યો હતો, જેને પગલે પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર સગીરના પિતા બેકરીમાં કામ કરે છે. અમે સગીર અને તેના પિતા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ પરિવાર બિહારનો વતની છે, જ્યારે સગીરનો જન્મ આ ગામમાં થયો છે અને તે ચોથા ધોરણ સુધી જ અભ્યાસ કર્યો છે. આ ઘટનાને પગલે પૌડ ગામમાં વાતાવરણ તંગ બન્યું હતું. (પીટીઆઇ)■




## પાળેલા પ્રાણીઓનો મળ અને ઈ-ગાર્બેજ ભેગો કરવા સુધરાઈની વિશેષ સેવા

(અમારા પ્રતિનિધિ તરફથી)


મુંબઈઃ ડાયપર, સૅનિટરી પૅડસ, એક્સપાયરી થયેલી દવા જેવા જોખમી કચરાને ભેગો કરવા માટે સુધરાઈએ ચાલુ કરેલી ડોમેસ્ટિક સેનિટરી એન્ડ સ્પેશ્યલ કેર વેસ્ટ કલેકશન (ઘરના સૅનિટરી અને વિશેષ કાળજી યોગ્ય કચરો ભેગો કરવાની સેવા)નો વ્યાપ વધારવા માટે શનિવાર, ત્રણ મે, ૨૦૨૫થી પાલિકાએ પાળેલા પ્રાણીનો મળ અને અન્ય જોખમી કચરાને ભેગો કરવાની સેવા ચાલુ કરી છે. સોમવાર પાંચ મેથી ઈ-કચરો ભેગો કરવા માટે અલાયદી સેવા ચાલુ કરવામાં આવી રહી છે. સુધરાઈ દ્વારા બાવીસ એપ્રિલ, ૨૦૨૫થી ડોમેસ્ટિક સેનિટરી એન્ડ સ્પેશ્યલ કેર વેસ્ટ કલેકશન સેવા ચાલુ કરવામાં આવી છે, જેમાં હવે અન્ય સેવાનો ઉમેરો કરવામાં આવ્યો છે. સુધરાઈના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ) કિરણ દિઘાવકરે જણાવ્યું હતું કે મુંબઈ હાલ દરરોજ સાતથી આઠ મિલ્યન ટન ઘરનો કચરો નીકળે છે. આ કચરાનો યોગ્ય નિકાલ થાય તે માટે ૨૨ એપ્રિલથી ડોમેસ્ટિક સેનિટરી એન્ડ સ્પેશ્યલ કેર વેસ્ટ કલેકશન સેવા ચાલુ કરવામાં આવી છે. જે હેઠળ બે મે, ૨૦૨૫ સુધી આ સેવા માટે કુલ ૩૦૭ લોકોએ સુધરાઈ પાસે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ■

### ઈ-કચરો પણ સુધરાઈ લઈ જશે

મુંબઈમાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોના વધી રહેલા વપરાશને કારણે ઈ-કચરાનું પ્રમાણ પણ વધી રહ્યું છે. આ જોખમી સ્વરૂપનો કચરો વિજ્ઞાની પદ્ધતિએ નિકાલ કરવો આવશ્યક છે અને તેના પર પુનઃપ્રક્રિયા તેમ જ તેનો પુનઃ ઉપયોગ કરવો આવશ્યક છે. તેથી પાલિકા સોમવાર પાંચ મે,થી અલાયદી ઈ-ગાર્બેજ કલેકશન સર્વિસ ચાલુ કરી રહી છે. જે અંતર્ગત મોબાઈલ ફોન, ચાર્જર, બેટરી, કમ્પ્યુટર, રેડિયો અને નાના ઈલેક્ટ્રિક સાધનો વગેરે જમા કરશે. તે માટે લિંક પર રજિસ્ટ્રેશન કરવાનું રહેશે

https://docs.google.com/forms/d/e/1FAIpQLSemTxY-ifCjxU7VWU7sYpr8JOD_Zj4XKnDB7uVpJyXsk6LxA/viewform?usp=header

ઈ-કચરો સામાન્ય રીતે કચરામાં ભેગો થતો હોવાને કારણ તેમાં રહેલા લેડ, પારો, કેડિયમ જેવા ઝેરી ઘટકોને કારણે પર્યાવરણ અને આરોગ્યને નુકસાન થાય છે. તેથી પાર્યવરણના સંવર્ધન માટે ઈ-ગાર્બેજ કલેકશન સેવા ચાલુ કરવામાં આવી છે. ■




## કાકાને ભત્રીજા અજિત પવારને હાથે સન્માન જરીકે પસંદ નથી

### ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનોના બહુમાનના કાર્યક્રમમાં હાજર રહેવાની તેમણે ના પાડી દીધી

પુણેઃ નાયબ મુખ્યપ્રધાન અજિત પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ ગઈ કાલે મહારાષ્ટ્રના તમામ વર્તમાન અને ભૂતપૂર્વ મુખ્યપ્રધાનો માટે સન્માન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જોકે આ કાર્યક્રમમાં શરદ પવાર રહેશે કે નહીં એ સવાલ હતો અને આ વિશે પવારને પુછાતા તેમણે કહ્યું હતું કે, મહાયુતિ સરકારનો આ કાર્યક્રમ છે એટલે ત્યાં જવાનો પ્રશ્ન જ ઊભો નથી થતો.

અજિત પવારને આ અંગે પ્રશ્ન કરાતા તેમણે પોતાનું વલણ રજૂ કર્યું.

''વિવિધ સંગઠનોમાં કામ કરતા સાથીદારો, મહિલાઓ અને બહેનો સહિત તમામ ઉંમરના ઘણા લોકો આજે એનસીપી પાર્ટીમાં જોડાવા બદલ મેં તેમનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું છે.

એકંદરે, દરેક વ્યક્તિ પોતાના પક્ષને વધારવાનો પ્રયાસ કરી રહ્યો છે. અમે સંપૂર્ણતાની રાજનીતિ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. તેમાં કોઈ પણ પ્રકારની સમસ્યા ઊભી ન થાય, તેનું અમે ધ્યાન રાખી રહ્યા છીએ.'' એમ અજિત પવારે કહ્યું હતું. ■



# થાણેમાં યુગલને ધમકાવી રૂપિયા પડાવવા બદલ ત્રણ પોલીસકર્મી સસ્પેન્ડ

થાણેઃ મુંબઈથી થાણે આવેલા યુગલને ધમકાવીને રૂપિયા પડાવવા બદલ ત્રણ પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. સસ્પેન્શનનો આદેશ શુક્રવારે જારી કરવામાં આવ્યો હતો, જેમાં જણાવાયું હતું કે ત્રણેય જણનાં કાર્યો 'પોલીસ દળના શિસ્તને અનુરૂપ નથી' અને 'વિભાગને બદનામ કરે છે.'

અધિકારીના જણાવ્યા મુજબ પોલીસ કોન્સ્ટેબલ જયેશ આંબિકર, રાકેશ કુંટે અને સોનાલી મરાઠેએ ૩૦ એપ્રિલે રાતે થાણેના તળાવપાડી વિસ્તાર નજીક અનધિકૃત 'ઇન્સ્પેકશન' કરવા માટે પોલીસ એસ્કોર્ટ વાહનનો દુરુપયોગ કર્યો હતો. ત્રણેય પોલીસકર્મીએ રાતના યુગલને આંતર્યું હતું, જે મુંબઇથી રાતે ડિનર માટે થાણે આવ્યું હતું. તેમણે યુગલ પર અનૈતિક પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો ખોટો આરોપ કર્યો હતો.

કોન્સ્ટેબલોએ યુગલ પાસે રૂપિયા માગ્યા હતા અને તે ન આપે તો કાનૂની કાર્યવાહી કરવાની ધમકી આપી હતી. પ્રેશર અને ધરપકડના ડરથી યુગલે ઓનલાઇન ટ્રાન્ઝેકશન દ્વારા ૪૦,૫૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. એ સિવાય એટીએમમાંથી ૧૦ હજાર રૂપિયા કાઢવાની પણ તેમને ફરજ પડાઇ હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

# ચારેક દિવસમાં વાતાવરણમાં પલટો આવશે, વરસાદ પણ પડશે

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યના અનેક જિલ્લામાં હાલ ઉનાળાની આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે વાતારણમાં પલટો થઈને આગામી ચાર દિવસ દરમ્યાન કોંકણ સહિત મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડામાં કમોસમી વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે, જેમાં મુંબઈમાં પણ વરસાદના ઝાપટાં પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. આ દરમ્યાન સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન વિદર્ભના અકોલામાં ૪૪.૩ ડિગ્રી નોંધાયું હતું. મુંબઈમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધી જતા બફારો થઈ રહ્યો છે. શનિવારે મુંબઈમાં સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૩ ડિગ્રી તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૦ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યના પણ વિદર્ભ સહિત મરાઠવાડામાં હાલ ભીષણ ગરમી પડી રહી છે. વિદર્ભના મોટાભાગના જિલ્લામાં ૪૦ ડિગ્રીથી ઉપર તાપમાન નોંધાઈ રહ્યું છે ત્યારે વાતાવરણમાં ફેરફાર થઈને કમોસમી વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

## સંસ્થા સમાચાર

### ચાલાકી ચાર દિવસ ચમકે, જ્યારે ઈમાનદારી જિંદગીભર ચમકે : ધીરગુરુદેવ

### ધીરગુરુદેવ તથા પૂ. સ્મિતાજી મ. સ.ની નિશ્રામાં ૧૬ વરસીતપના ઈક્ષુરસ પાન ઉજવણી



ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી. ધીરગુરુદેવની નિશ્રામાં પૂ. જયોતિબાઇ મ. સ., પૂ. સ્મિતાજી મ. સ.ની પ્રેરણાથી ગીતગુર્જરી સંઘમાં પોલાઅઠ્ઠમ, ઉપવાસ, આયંબિલના ૧૬ વરસીતપના ઇક્ષુરસ પાન વિધિ ડૉ. સી. જે. દેસાઇ મહાવીર ભવન હોલમાં ભવ્યતાથી ઉજવાયેલ.

વિશાળ ધર્મસભાને સંબોધતા ગુરુદેવે જણાવેલ કે જીવનમાં ચાલાકી ચાર દિવસ ચમકે જયારે ઇમાનદારી જિંદગીભર ચમકે છે. મૃત્યુ પછી માણસ કોઇને નડતા નથી છતાંય, તેની બધી વિધિ થાય છે, પણ જીવતા માણસ નડે તેની કોઇ વિધિ નથી.

તપથી કર્મોનો નાશ થાય છે. અનેક ભાવિકોએ વર્ષમાં ૪૮ દિવસ રાત્રિભોજન ત્યાગની પ્રતિજ્ઞા કરી અનુમોદના કરેલ.

નર્મદા બાલઘરના પ્રણેતા કિશોરભાઇ મહેતા, ડૉ. અનામિક શાહનું સન્માન પીયૂષ મહેતાએ કરેલ. પૂ. ભારતીબાઇ મ. સ., પૂ. રત્નજયોતજી મ. સ.નું ચાતુર્માસ માટુંગા (વેસ્ટ) અજરામર ઉપાશ્રયે ચીમનભાઇ સાવલા વગેરેની વિનંતીથી નક્કી કરેલ છે. પૂ. ધીરગુરુદેવ તા. ૧૦ના શનિવારે ગોંડલ પધારશે. તા. ૧૨ના પૂ. ડુંગરસિંહજી સ્વામીની ૨૦૫મી પુણ્યતિથી ઉજવાશે.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) ભુવન દેવી | ૫૪ | ૧,૫૦,૦૦૦ |
| ૨) ઈન્દિરા હળદર | ૧૮ | ૬૦,૦૦૦ |
| ૩) મૈતી દેવી | ૫૬ | ૭૦,૦૦૦ |
| ૪) સંતોષ પટેલ | ૪૨ | ૯૦,૦૦૦ |
| ૫) અનિલકુમાર રામખિલાવની પાલ | ૫૪ | ૬૦,૦૦૦ |
| ૬) રૂપા દેવી | ૩૬ | ૫૦,૦૦૦ |
| ૭) રેખા કુમારી | ૩૫ | ૧,૫૦,૦૦૦ |
| ૮) વનિતા દેવી | ૩૭ | ૧,૫૦,૦૦૦ |
| ૯) નીલમ કુમારી | ૪૧ | ૫૦,૦૦૦ |
| ૧૦) સુલાપા ગુરિયા | ૫૧ | ૭૦,૦૦૦ |
| ૧૧) શાહીન ખાતૂન | ૪૪ | ૧,૨૦,૦૦૦ |
| ૧૨) લાલબાબુ સહ | ૪૩ | ૩૫,૦૦૦ |
| ૧૩) અનિતા સિંઘા | ૪૬ | ૧,૫૦,૦૦૦ |
| ૧૪) અશોક કુમાર | ૩૨ | ૬૦,૦૦૦ |
| ૧૫) ગણેશ | ૫૯ | ૬૦,૦૦૦ |
| ૧૬) સુમન મુખરજી | ૪૭ | ૧,૦૦,૦૦૦ |
| ૧૭) જયંતિ દેવી | ૩૭ | ૩૫,૦૦૦ |
| ૧૮) સવિતા દેવી | ૩૧ | ૭૫,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧૯) સિવા હરીશ કાન્હેરી | ૬ | ૨,૫૦,૦૦૦ |
| ૨૦) અશરાફ ઉસ્માન સામોતી | ૧૦ | ૬,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

### વૅબ શો 'હાઉસ અરેસ્ટ'માં અશ્લીલ કન્ટેન્ટ

# અભિનેતા એજાઝ ખાન, નિર્માતા વિરુદ્ધ ગુનો

મુંબઈઃ વૅબ શો 'હાઉસ અરેસ્ટ'માં અશ્લીલ કન્ટેન્ટ બતાવવા બદલ મુંબઈ પોલીસે અભિનેતા એજાઝ ખાન અને નિર્માતા રાજકુમાર પાંડે વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. એજાઝ ખાનના વૅબ શોનું ઉલ્લુ ઍપ પર સ્ટ્રીમિંગ થતું હતું.

અંબોલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે બજરંગ દળના કાર્યકર ગૌતમ રાવરિયાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે એજાઝ ખાન અને વૅબ શોના નિર્માતા રાજકુમાર પાંડે સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર વૅબ શોમાં અશ્લીલ ભાષાનો ઉપયોગ કરાયો હતો અને તેમાં મહિલાઓનું અપમાન થાય તેવાં કૃત્યો આચરવામાં આવ્યાં હતાં. શોમાં અશ્લીલ કન્ટેન્ટ અંગે અનેક ફરિયાદ પ્રાપ્ત થઇ હતી અને ઘણા લોકોએ ફરિયાદ નોંધાવવા માટે મેસેજ મોકલ્યા હતા, એમ ફરિયાદીએ જણાવ્યું હતું.એજાઝ ખાન અને નિર્માતા પાંડે વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ તથા ઇન્ડિસન્ટ રિપ્રેઝન્ટેશન ઓફ વુમન (પ્રોહિબિશન) એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.વૅબ શોની વીડિયો ક્લિપ્સ સોશ્યલ મીડિયા પર વાયરલ થઇ હતી. (પીટીઆઇ)

છેલ્લા પાનાનું ચાલુ

## કાતર ચલાવી ચલાવી

માટે વાળવામાં આવ્યા હતા. આવી રીતે દર મહિને ભંડોળ ફાળવવામાં આવશે એવું માનવામાં આવી રહ્યું છે.

આ દરમિયાન, સરકારે એપ્રિલ મહિના માટે ૧,૫૦૦ રૂપિયાની નાણાકીય સહાય લાડકી બહેન યોજનાના લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવાનું શરૂ કરી દીધું છે. જો કે, મે મહિનાની માસિક સહાય ક્યારે પૂરી પાડવામાં આવશે તે હજુ સુધી જાણવા મળ્યું નથી.

સરકારે શુક્રવારે આ અંગેની સૂચના જારી કરી હતી. સામાજિક ન્યાય ખાતાના પ્રધાન અને શિવસેનાના નેતા સંજય શિરસાટે આ પગલાની આકરી ટીકા કરતા કહ્યું કે જો સામાજિક ન્યાય વિભાગની જરૂર ન હોય, તો તેને બંધ કરી દેવો વધુ સારું છે.

'મને લાડકી બહેન યોજના માટે સામાજિક ન્યાય વિભાગ તરફથી ૪૧૦.૩૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવા અંગે કોઈ ખ્યાલ કે જાણકારી નથી. મને મીડિયા દ્વારા જાણવા મળ્યું છે. જો સામાજિક ન્યાય વિભાગની કોઈ જરૂર ન હોય, તો તેને બંધ કરવું જ યોગ્ય રહેશે,' એમ તેમણે કહ્યું હતું.

### સરકારે નિર્ધારિત ધોરણોનો ભંગ કર્યોઃ દાનવે

રાજ્ય વિધાનપરિષદમાં વિરોધ પક્ષના નેતા અને શિવસેના યુબીટીના નેતા અંબાદાસ દાનવેએ મહાયુતિ સરકાર પર લાડકી બહેન યોજના માટે ભંડોળને 'ડાયવર્ઝન' કરવા બદલ, નિર્ધારિત ધોરણોનો ભંગ કરવાનો આરોપ લગાવ્યો.

'સરકારી તિજોરી ખાલી થઈ રહી છે! સામાજિક ન્યાય અને વિશેષ સહાય વિભાગ માટે મંજૂર કરાયેલા ૩,૯૬૦ કરોડ રૂપિયામાંથી ૪૧૦.૩૦ કરોડ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા છે. જ્યારે આદિજાતિ વિકાસ વિભાગને આપવામાં આવેલી ૩,૪૨૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ-ઇન-એઇડમાંથી લાડકી બહેન યોજના માટે ૩૩૫.૭૦ કરોડ રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા હતા! આ રીતે, સરકારે સામાજિક ન્યાય અને આદિજાતિ વિકાસ વિભાગોના હિસ્સામાંથી કુલ ૭૪૬ કરોડ રૂપિયા ઉપાડી લીધા,' એમ તેમણે કહ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, આયોજન પંચના નિયમો મુજબ બે વિભાગો, આદિજાતિ બાબતો અને સામાજિક ન્યાયને ફાળવવામાં આવેલા ભંડોળ તે સમુદાયની વસ્તીના પ્રમાણમાં નક્કી કરવામાં આવે છે.

'આ ભંડોળ ફક્ત તે લોકો પર જ ખર્ચ કરવા બંધનકારક છે અને તેને અન્ય વિભાગોમાં વાળવામાં આવી શકતા નથી,' એમ તેમણે કહ્યું હતું.

### રાજ્ય જરૂરિયાતમંદોને લાભોથી વંચિત રાખે છેઃ વડેટ્ટીવાર

કોંગ્રેસના વિધાનસભા પક્ષના નેતા વિજય વડેટ્ટીવારે પણ મહાયુતિ સરકાર પર અનુસૂચિત જાતિ અને નવ-બૌદ્ધ વર્ગોની મહિલાઓ માટે ફાળવવામાં આવેલા ભંડોળને 'ડાયવર્ટ' કરવાનો આરોપ લગાવ્યો હતો.

આનો અર્થ એ છે કે રાજ્યના અન્ય જરૂરિયાતમંદ લોકોને તેમના લાભોથી વંચિત રાખવામાં આવશે. ભંડોળ ડાયવર્ટ થયા પછી સામાજિક ન્યાય મંત્રી હવે ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે. પ્રધાન શિરસાટને ખબર પણ નથી કે તેમના વિભાગમાં શું ચાલી રહ્યું છે. શું ભંડોળ વિભાગના સંબંધિત પ્રધાનની સંમતિ વિના ડાયવર્ટ કરવામાં આવ્યું હતું? શું ભંડોળ ડાયવર્ટ થયા પછી સામાજિક ન્યાય ખાતાના પ્રધાનના ગુસ્સાનો કોઈ અર્થ સરે છે? આ સરકારના શાસન પર શંકા છે. આ બધું એક બનાવટી છે, તેઓ નિર્ણય લેશે, અન્ય લોકો ટીકા કરશે અને જનતાને ગેરમાર્ગે દોરશે, એમ તેમણે કહ્યું હતું.

## મુંબઈનો ૯૦ ટકા

કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠાલવે છે.

મુંબઈમાં દરરોજ ભેગો કરવામાં આવતો કાંજુરમાર્ગ અને દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ઠાલવવામાં આવતો હોઈ બંનેની ક્ષમતા લગભગ પૂરી થઈ છે. તેમાં પણ દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડની ૧૨૫ એકર જગ્યા રાજ્ય સરકારે ધારાવીના પુનર્વિકાસ માટે આપી દીધી છે અને હવે કાંજુરમાર્ગની જગ્યા હાઈ કોર્ટે 'સંરક્ષિત વનપ્રદેશ'જાહેર કરી છે અને આ જમીન ત્રણ મહિનામાં ખાલી કરવી પડવાની છે. કાંજુર ડમ્પિંગની જગ્યા 'સંરક્ષિત વનપ્રદેશ' હોવા છતાં તેનો ઉપયોગ ડમ્પિંગ ગ્રાઉન્ડ તરીકે કરવા દેવાના રાજ્ય સરકારના નિર્ણયને ગેરકાયદે જાહેર કરીને ૧૧.૯૧ હેકટર જમીનને 'સંરક્ષિત વનપ્રદેશ' તરીકેને તેનો દરજ્જો કાયમ રાખીને પાલિકાને ત્રણ મહિનામાં સંબંધિત જગ્યાને પૂર્વવત કરવાનો આદેશ આપ્યો હતો. તેથી સુધરાઈ પાસે હવે ડમ્પિંગ ગ્રાઉન્ડ માટે જગ્યા ઉપલબ્ધ રહેવાની ન હોવાથી આગામી દિવસમાં મુંબઈમાં કચરાની સમસ્યા નિર્માણ થવાની છે.

મુંબઈમાં કચરાના નિકાલ માટે દેવનાર, ગોરાઈ, મુંલુંડ અને કાંજુરમાર્ગમાં ડમ્પિંગ ગ્રાઉન્ડ બનાવવામાં આવ્યા હતા. મુલુંડ અને ગોરાઈ બંધ થઈ ગયા છે અને દેવનારની ક્ષમતા પણ લગભગ પૂરી થઈ ગઈ છે. તેથી રોજનો લગભગ ૯૦ ટકા કચરો કાંજુરમાર્ગમાં નાખવામાં આવે છે. હાલ મુંબઈમાં દરરોજ ૬,૫૦૦ મેટ્રિક ટન કચરો નીકળે છે, તેમાંથી ૬૦૦ મેટ્રિક ટન કચરો દેવનાર તો બાકીનો કાંજુરમાર્ગમાં નાખવામાં આવે છે. દેવનારની ૧૨૫ હેકટર જગ્યા ધારાવી રિડેવલપમેન્ટ માટે રાજ્ય સરકારે આપી દેતા પહેલાથી પાલિકાને ચિંતા હતી, તેમાં હવે કાંજુરમાર્ગની જગ્યા 'સંરક્ષિત વનપ્રદેશ' હોવાનું હાઈ કોર્ટે નિર્ણય આપતા હવે પાલિકા માટે મોટું સંકટ નિર્માણ થયું છે.

કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડ ૨૦૧૧થી અસ્તિત્વમાં આવ્યું છે, જેમાં એક કંપની મારફત કચરા પર પ્રક્રિયા કરીને કચરાનો નિકાલ કરવામાં આવે છે. છતાં હજી ૨૦થી ૩૦ ટકા કચરો બાકી છે. હાઈ કોર્ટના આદેશ બાબતે પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે કાયદાકીય સલાહ લેવામાં આવશે. એ સિવાય કચરો નાખીને તેના પર પ્રક્રિયા કરવા માટે બીજો પ્લાન્ટ ઊભો કરી શકાય તે તેનો પણ અભ્યાસ કરશું.

## કોર્ટનો જૈસે થે

માટે વચગાળાનું રક્ષણ પણ આપ્યું હતું, જે ૧૫ એપ્રિલના પાલિકાની કાર્યવાહીના એક દિવસ પહેલા જ પૂરું થયું હતું.

કોર્ટનું સાત દિવસનું સંરક્ષણ પૂરું થવાની સાથે જ પાલિકાએ દેરાસરને તોડી પાડતા જૈન સમુદાયમાં રોષ વ્યાપી ગયો હતો. મુંબઈના સમગ્ર જૈન સમાજના લોકોએ વિલે પાર્લેમાં રેલીમાં જોડાઈને પાલિકાની કાર્યવાહી સામે વિરોધ દર્શાવ્યો હતો, જેમાં ખાનગી હિતોનાં દબાણ હેઠળ પાલિકાએ દેરાસર તોડી પાડ્યું હોવાના આક્ષેપ પણ કરવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્ર લઘુમતી પંચે બાવીસ એપ્રિલના સ્થળનું નિરીક્ષણ કયું હતું અને ઉતાવળમાં દેરાસરને તોડી પાડવા માટે પાલિકાની ટીકા કરી હતી અને ફક્ત મંદિરો સામે જ નહીં પણ આ વિસ્તારમાં આવેલા ગેરકાયદે બાંધકામ સામે પણ કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો.

પાલિકા દ્વારા ૧૬ એપ્રિલના દેરાસરને તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવી હતી, તે જ દિવસે હાઈ કોર્ટમાં તેના પર સુનાવણી થવાની હતી. આ અરજી પણ સુનાવણી થાય તે પહેલા જ જોકે પાલિકા દ્વારા દેરાસરને આશિંક રીતે તોડી પાડવામાં આવ્યું હતું. બુધવારે આ કેસની સુનાવણી કરી રહેલા જસ્ટિસ ગૌરી ગોડસેએ નોંધ્યું હતું કે દેરાસરને તોડી પાડવા પહેલા આપવામાં આવેલી પાલિકાની નોટિસને લઈને અનેક મંઝૂવણ હતી. કોર્ટે નોંધ્યું હતું કે સંબંધિત વકીલ તરફથી યોગ્ય સ્પષ્ટતા કરવામાં આવે નહીં ત્યાં સુધી તેઓ આગળ વધી શકશે નહીં, પણ સુનાવણી દરમ્યાન વકીલ પ્રાથમિક માહિતી આપવામાં અસમર્થ હતા. તેથી આ મામલાની સુનાવણી પાંચ મે સુધી મુલતવી રાખીને વચગાળાનું રક્ષણ આગામી તારીખ સુધી ચાલુ રહેશે અને એવું જસ્ટિસ ગોડસેએ કહ્યું હતું.

## મહાયુતિમાં

કાપતા નથી? વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને છાત્રાલયોની શા માટે જરૂર છે? તેમને (પછાત સમુદાયોને) મુખ્ય પ્રવાહમાં લાવવાની શું જરૂર છે? જો સામાજિક ન્યાય વિભાગ અસ્તિત્વમાં ન હોય તો તે ઠીક રહેશે,' એમ તેમણે કટાક્ષમાં કહ્યું હતું.

### લાડકી બહેન યોજનાને કારણે અન્ય ખાતાઓ પર અસરઃ ભાજપના પ્રધાન

મહારાષ્ટ્રમાં ત્રિપક્ષી સરકારમાં અત્યાર સુધી ફક્ત શિવસેના અને એનસીપી વચ્ચે ભંડોળની ફાળવણીને મુદ્દે તણખા ઊડી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું હતું, પરંતુ હવે ભાજપના પ્રધાને પણ આ વિવાદમાં ઝંપલાવતા આગામી દિવસોમાં આ મુદ્દે વધુ તણખા ઉડવાની શક્યતા જણાઈ રહી છે.

શિવસેનાના નેતા સંજય શિરસાટ દ્વારા નાણાં મંત્રાલયની 'ગેરકાયદે અને મનમાની' પદ્ધતિએ ભંડોળને ડાયવર્ટ કરવા માટે ઝાટકણી કાઢવામાં આવી ત્યારબાદ ભાજપના આરોગ્ય ખાતાના પ્રધાન પ્રકાશ આબિટકરે પણ પોતાની આવી જ લાગણી વ્યક્ત કરી હતી.

પ્રકાશ આબિટકરે કહ્યું હતું કે લાડકી બહેન યોજનાને કારણે બધા જ ખાતાને ભંડોળના મુદ્દે કસરત કરવી પડી રહી છે. બજેટમાં પણ અન્ય વિભાગોને જે રીતે ભંડોળની ફાળવણી થવી જોઈતી હતી, તે પ્રમાણે થઈ નથી. આને કારણે બધા જ પ્રધાનોને તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. પહેલા તબક્કામાં થોડી તકલીફો પડી હતી, પરંતુ બીજા તબક્કામાં સ્થિતિ પાટે ચડે એવી શક્યતા છે. લાડકી બહેન જ નહીં, જે જે યોજના આપી છે તેને માટે આગામી દિવસોમાં ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

## માતા-ત્રણ દીકરીનું

અંદરથી લૉક હતો. દરવાજો ખટખટાવ્યા છતાં અંદરથી કોઇ પ્રતિસાદ ન મળતાં તેને શંકા ગઇ હતી. આથી તેણે બારીમાંથી અંદર ડોકિયું કરતાં તેની પત્ની અને ત્રણેય પુત્રી ગળાફાંસો ખાધેલી હાલતમાં નજરે પડી હતી. આ જોઇને આઘાત પામેલા પુનિતાના પતિએ પડોશીઓને તેની જાણ કરી હતી.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસને ઘરમાંથી પુનિતાએ લખેલી સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં તેમના મૃત્યુ માટે કોઇને પણ જવાબદાર ન ઠેરવવાનું જણાવાયું હતું. પુનિતાએ કૌટુંબિક સમસ્યાઓને કારણે અંતિમ પગલું ભર્યું હોવાનું પોલીસને લાગી રહ્યું છે. પોલીસે આ પ્રકરણે પુનિતાના પતિનું નિવેદન નોંધ્યું હતું, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થા. જૈન**

લાઠી નિવાસી હાલ મુલુંડ, સુરેન્દ્રભાઈ ભાયાણીના ધર્મપત્ની વીલાસબેન (ઉં. વ. ૭૬) તા. ૩-૫-૨૫, શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેન જયંતીલાલ ભાયાણીના પુત્રવધૂ. સમીર, મયુર, પરીમલના માતુશ્રી. પ્રીતી, પુર્વી, રૂપલના સાસુમા. જયેશ, સ્વ. હેમાબેન, હીનાબેન, ભાવનાબેન, સ્વ. પારૂલબેનના ભાભી. નાનાલાલ ઝવેરચંદ મોદીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પાવઠી નિવાસી હાલ દહાણુરોડ, સ્વ. ચીમનલાલ જગજીવનદાસના સુપુત્ર વિજય (ઉં. વ. ૬૪) તા. ૨૯-૪-૨૫ને મંગળવારે અવસાન પામેલ છે. તે નીતાબેનના પતિ. અમી ધવલકુમાર સેઠ અને ચિ. રાહુલના પિતાશ્રી. દિલીપભાઈ, હરેશ, હેમંતના ભાઈ. મોસાળ-ફતેહચંદ છગનલાલ વારૈયા-પાલઘર, મણીલાલ પ્રાગજીભાઈ શાહ (હાલ વિરાર)ના જમાઈ. એ/૬, ''રત્નદીપ'', પટેલપાડા, રેલ્વે સ્ટેશન પાસે, દહાણુરોડ (પૂર્વ). લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વિસા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી હાલ કોઈમ્બતુર, સ્વ. લક્ષ્મીચંદ ભીમજી દોશીના સુપુત્ર કનકરાય દોશી (ઉં. વ. ૭૯) તા.૦૧.૦૫.૨૫ ગુરુવારના અવસાન થયેલ છે. તે સ્વ. ભારતીબેનના પતિ. વખતચંદ હરકચંદ શેઠ (બાટવા)ના જમાઈ. રમેશભાઈ લક્ષ્મીચંદ દોશી, અનસૂયાબેન નવીનચંદ્ર શાહ તથા રશ્મિબેન વિનોદચંદ્ર શેઠના ભાઈ. પારૂલબેન પિયુષભાઇ વસા તથા મીતાબેન કેતનકુમાર શાહના પિતાશ્રી. યશ, પ્રેક્ષા નૈનેશ તન્નાના મોટાપપ્પા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા હાલ અંધેરી, શાહ પુષ્પાબેન મનસુખલાલ બાબુલાલનાં સુપુત્ર પ્રફુલકુમાર (ઉં. વ. ૬૯) તા.૦૩/૦૫/૨૫નાં અરિહંતશરણ પામ્યા છે. તે સરલાબેનનાં પતિ. દર્શન અને અમી વિરલકુમારનાં પિતા. કીર્તિભાઇ, અનિલભાઈ, કોકિલાબેન ચંદ્રકાન્તભાઇ, વાસંતીબેન કીર્તિભાઇનાં ભાઈ. સ્વ.અનોપચંદભાઇ, સ્વ.ઇન્દ્રવદનભાઇ, સ્વ.પ્રવિણભાઇ, કૈલાશભાઇનાં ભત્રીજા. રાજપરાવાળા મહેતા નંદલાલ છગનલાલનાં જમાઈ. સાદડી રવિવાર તા.૪/૫/૨૫નાં ૭ થી ૯. સી/૧૦૧, અંબિકા ટાવર, પંપ હાઉસ, જીજામાતા રોડ, આઘાડીનગર, અંધેરી-ઇસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના આસંબીયાના કેતન કુંવરજી (બાબુ) દેઢિયા (ઉં. વ. ૪૯) તા. ૨-૫ના હાર્ટફેઈલથી અવસાન પામ્યા છે. મા. મંજુલા કુંવરજીના પુત્ર. કલ્પનાના પતિ. નંદિશના પિતા. સ્વ. હિના, નાગલપુર માયા સુભાષ, તલવાણા ધૃતિ ધનસુખ, સમાભાઈના ભાઈ. પુનડી મા. રતનબેન લાલજી વાઘા મામણીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન દેઢિયા, બી-૧૭, ૩૦૧, સુનીધી, સે-૧, શાંતિનગર, મીરા રોડ (ઈ).

મોટી રાયણના શ્રી લક્ષ્મીચંદ પદમશી ગડા (ઉં. વ. ૮૫) તા. ૧-૫-૨૫ના અવસાન પામેલ છે. કુંવરબાઈ પદમશીના પુત્ર. રમીલાના પતિ. ધર્મેન્દ્ર, મુકેશના પિતા. દેવચંદ, મોહન, નિર્મળા, પુષ્પાના ભાઈ. કોડાય જેતબાઈ દેવજી વેલજી બોરીચા (ભટાઈ)ના જમાઈ. પ્રાર્થના : શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સંચાલીત શ્રી કરસન લધુ નીસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦.

ગેલડાના રાઘવજી ગાંગજી વોરા (ઉં. વ. ૮૫) તા. ૧-૫-૨૫ ના દેહ પરિવર્તન કરેલ છે. માતુશ્રી સુંદરબેન ગાંગજી ચના વોરાના સુપુત્ર. લક્ષ્મીબેનના પતિ. હીના, અનિલ, રીના (મીના)ના પિતા. માવજી, પોપટલાલના મોટા ભાઈ. ભુજપુરના માંકબાઇ હંસરાજ રાયશી શેઠીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. નિ. : અનિલ વોરા, બી-૮૦૨, દોસ્તી બેલેઝા, જી.ડી. આંબેકર માર્ગ, પરેલ વિલેજ, મુંબઇ-૧૨.

દેશલપુર (કંઠી)ના દેવજી ધનજી દેઢિયા (ઉં. વ. ૮૭) તા ૧-૫-૨૫ના દેશમાં અવસાન પામેલ છે. વેલબાઈ ધનજીના પુત્ર. સુશીલાના પતિ. હરેશ, ભાવના, પંકજના પિતા. ભાણજી, નાગશી, ચુનીલાલ, ગંગાબાઈના ભાઈ. જેઠીબાઈ ખીમજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. હરેશ દેઢિયા, રૂમ નં ૨, શારદા પ્રસાદ ચાલ, કુરાર વિલેજ, મલાડ (ઇ), મું. ૯૭.

બાયઠના બિપીન અરવિંદ છેડા (ઉં. વ. ૪૧) તા. ૨-૫-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મુલબાઈ ખીમજી ઉમરશીના પૌત્ર. મધુબેન અરવિંદના સુપુત્ર. દર્શનાના ભાઈ. નવાવાસ માતુશ્રી સુંદરબેન શામજી રતનશી (ગજરાજ પરિવાર)ના દોહિત્ર. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સંઘ કરસન લધુ હોલ, ટા. ૪ થી ૫.૩૦ ચક્ષુદાન કરેલ છે.

**ઝાલાવાડ વિશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

વઢવાણ શહેર નિવાસી હાલ સાયન સ્વ. પ્રભાબેન રતિલાલ શાહના પુત્ર નટવરલાલ (નટુભાઇ) (ઉં. વ. ૮૯) તા.૨-૫-૨૫ શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સુશીલાબેનના પતિ. અમિતા હેમંત શાહ, શૈલેષ, નિમિશા નિકુંજ શાહ તથા નિશાના પિતાશ્રી. સ્વ. હસમુખભાઇ, સ્વ. ભોગીલાલ, સ્વ. નિર્મળાબેન કાંતિલાલ શાહ તથા સાધ્વીજી શ્રી વિદ્વત પદ્માશ્રીજીના સંસારી ભાઇ. રિશી-ઇશિતા, ધ્રુવી, પ્રિયનના નાના. ધ્રાંગધ્રા નિવાસી સ્વ. છોટાલાલ કાળીદાસ શાહના જમાઇ. પ્રાર્થના પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## શિવડી દેરાસરમાંથી

તપાસ કરતાં દાગીના તેમ જ દાનપેટીમાંની રોકડ સહિત ૭.૧૫ લાખની મતા ચોરાઇ હોવાનું જાણવા મળ્યું હતું.

દરમિયાન આ પ્રકરણે આરકેએ માર્ગ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળથી આરોપીના આવવા-જવાના માર્ગો પર ૨૯ ઠેકાણે લાગેલા ૭૦થી વધુ સીસીટીવી કૅમેરાના ફૂટેજ તપાસ્યા હતા, જેમાં ત્રણ શકમંદ નજરે પડ્યા હતા. આ ફૂટેજને આધારે શકમંદોની શોધ ચલાવવામાં આવી હતી. ગુનામાં સંડોવાયેલા આરોપીઓ ગુજરાતના બનાસકાંઠાના રહેવાસી હોવાની માહિતી મળ્યા બાદ પોલીસની ટીમ ત્યાં રવાના કરાઇ હતી અને સતત ત્રણ દિવસ નજર રાખ્યા બાદ પોલીસે છટકું ગોઠવીને ત્રણેય આરોપીને ઝડપી પાડ્યા હતા.

## પારસી મરણ

આરમીન સાઇરસ પટેલ તે સાઇરસના ધનીયાની. તે મરહુમો જર સોરાબજી સતારાવાલાના દીકરી. તે રીઝીના ને અનીઝાના માતાજી. તે મોનીશના સાસુજી. તે મરહુમ સામ સોરાબ સતારાવાલાના બહેન. તે રીયનના મમઇજી. (ઉં. વ. ૭૪) રે. ઠે. ૪૪-એ, બાતલીવાલા વીલા, બીજે માળે, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૪-૫-૨૫ના દીને બપોરે ૩.૪૫ વાગે મીઠાઇવાલા અગિયારીમાં છેજી.

## હિન્દુ મરણ

**ભરૂચ મોઢવણિક**

ભરૂચ નિવાસી હાલ મલાડ, સ્વ. મધુકાન્તા મંગળદાસ મોદીના સુપુત્ર રમેશચંદ્ર (ઉં. વ. ૭૩) તે ભારતીબેનના પતિ. વિશાલ, હિરલના પિતાશ્રી. ગીતાબેન, પુષ્પાબેન, નયનાબેન, સ્વ. શંકરભાઈના ભાઈ. સ્વ. લાભુબેન પ્રાણલાલ શાહના જમાઈ. મિનલ અને પાયલના સસરા તા. ૩ મે ૨૫ શનિવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૪-૫-૨૫, રવિવાર, ૫ થી ૭. લોહાણા મહાજન વાડી, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

અમરેલીવાળા હાલ મલાડ, પ્રતાપરાય કરસનદાસ ગોકળદાસ વોરાના ધર્મપત્ની અ.સૌ. શારદાબેન (ઉં. વ. ૮૧) શનિવાર, તા. ૩-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચંદુલાલ હરગોવિંદદાસ ભુવાના દીકરી. ગુણવંતી રસિકલાલ પારેખ, સ્વ. ઈશ્વરલાલ - સ્વ. લતાબેન અને ગુણવંતરાય - સ્વ. કુસુમબેન વોરાના ભાઈના પત્ની. ચારુ-મિનેષ, જલ્પા-સંજય અને પદ્મજા-સંજયકુમાર વસઈવાળાના માતા. સ્વ. અનિલભાઈ ભુવા, સ્વ. ઇન્દિરાબેન ગાંધી, સ્વ. નીલાબેન કાનાણી અને જયેશભાઈ ભુવાના બેન. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૫-૫-૨૫ના ૫.૩૦ થી ૭.૩૦. રીગલ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, ગોરેગાંવ સ્પોર્ટ્સ ક્લબ, ટોયોટા શો રૂમની નજીક, ન્યૂ લિંક રોડ, મલાડ પશ્ચિમ.

**કપોળ**

દેલવાડાવાળા હાલ કાંદિવલી, સ્વ. ચંદ્રીકાબેન કીર્તીભાઈ કલ્યાણદાસ વોરાના પુત્ર સ્વ. હિતેષ (ઉં. વ. ૫૨) તા. ૨-૫-૨૫ને શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે છાયાના પતિ. જીલના પપ્પા. હીના રાજેશ મહેતા, હીરલ કશ્યપ ગોરડીયાના નાના ભાઈ. સ્વ. પ્રાણલાલ કલ્યાણદાસ વોરા, સ્વ. શુષીલભાઈ કલ્યાણદાસ વોરાના ભત્રીજા. સ્વ. વૃજલાલ ત્રંબકભાઈ મહેતાના ભાણેજ. ડેડાણવાળા ગં.સ્વ. મંજુલાબેન પ્રવિણભાઈ મથુરદાસ મહેતાના જમાઈ. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

મૂળગામ સાખપરવાળા હાલ બોરીવલી, સ્વ. સરલાબેન તથા સ્વ. ચીમનભાઈના પુત્ર વિરેન્દ્રભાઈ (મગનભાઈ) (ઉં. વ. ૬૫) ૨૯/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે મીનાબેનના પતિ. સાગર તથા રીનાના પિતા. ભક્તિના સસરા. પ્રાંશુના દાદા. તેમની પ્રાર્થનાસભા ૫/૫/૨૫ના ૪ થી ૬. સોની વાડી, શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ.

**શિહોર સં. ઔ. અ. બ્રાહ્મણ**

ગામ ધાંધળી હાલ બોરીવલી, ગં.સ્વ ચંદ્રકાંતાબેન દલપતરામ પંડ્યા (ઉં. વ. ૮૫) ૩૦/૪/૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે હર્ષદભાઈ, અરુણાબેન, દિનેશભાઇના માતુશ્રી. કવિતા, મનીષાના સાસુ. માયા, ખુશ્બુ, જય, રાજ, ક્રિષ્નાના દાદી. પિયરપક્ષે મહુવાવાળા હિંમતલાલ, ગૌતમલાલ તથા ઘનશ્યામભાઈ, રાજુભાઈના બહેન. લૌકિક વિધિ બંધ રાખેલ છે. દિનેશભાઇ પંડ્યા, મારવાડી ચાલ, રૂમ નં ૧, કસ્તુરબા રોડ નં ૧, દત્તપાડા સબવે પાસે, બસ સ્ટોપની પાછળ, બોરીવલી ઈસ્ટ.

**મોચી**

હાલ બોરીવલી દહિસર, ગં.સ્વ લીલાવતીબેન જનસાલી (ઝાલા) (ઉં. વ. ૭૫) ૧/૫/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. જમનાદાસ મોહનભાઇ જનસાલી (ઝાલા)ના ધર્મપત્ની. અમિત, ધર્મેશ, ચેતન, નિલેશના માતુશ્રી. ભાવના, રિટા, દિપાલી, મીનાક્ષીના સાસુ. પિયરપક્ષે સ્વ. શાંતાબેન તથા સ્વ. મોહનભાઇ માવજીભાઈ સોલંકીના દીકરી. વિનીત, પ્રિયાંશી, પાર્થ, ધૈર્ય, નિષ્ઠા, મેસીકાના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૫/૫/૨૫ના ૫ થી ૭ લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**નવગામ વિશા દીશાવાળ**

બાલીસણા હાલ મલાડ, ગં. સ્વ. હંસાબેન શાહ (ઉં. વ. ૮૩) તા.૨-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વર્ગવાસી નવનીતલાલ જેઠાલાલ શાહના ધર્મપત્ની. કેતન, નિમીષાના માતુશ્રી. હીના, યોગેશ કુમારના સાસુ. રોહન, ખુશી, યશ, ખ્યાતીના બા. પિયરપક્ષ સ્વ. રમણલાલ મગનલાલ શાહ (બાલીસણા)ના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા.૪-૫-૨૫ના ૫ થી ૭. શ્રી લોહાણા મહાજનવાડી હોલ નંબર ૧, પહેલ માળે, એસ.વી.રોડ, શંકરમંદિર પાસે, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

સિહોરવાળા હાલ માટુંગા, સ્વ. અનિલભાઈ વનરાવનદાસ ભુતાના પત્ની ગં. સ્વ. રંજનબેન (ઉં. વ. ૯૧) તા ૨/૫/૨૫ના શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. તે કિલોલભાઈ, સુજાતાબેન અને મમતાબેનના માતુશ્રી. રાજેન્દ્રભાઈ, જૈનેશભાઈ અને નેહાના સાસુ. સ્વ. છોટાલાલભાઈ, સ્વ. નટવરભાઈ, સ્વ.રમણીકભાઇ, સ્વ. ચીમનભાઈ, સ્વ. લિલીબેન રતિલાલ, સ્વ.વિમળાબેન મનુભાઈ, સ્વ.વિજયાબેન મોહનલાલના ભાભી. પિયરપક્ષે મહુવાવાળા સ્વ. શાંતિલાલ નાગરદાસ શેઠના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

ગામ મોટી ખોંભળીવાળા હાલ કલકતા ગં. સ્વ. દેવયાનીબેન પ્રવીણભાઇ આસાની (ઉં. વ. ૭૨) તે પ્રાચી પ્રવીણ બટ્ટા, સિદ્ધિ આદિત્ય જાલનનાં માતુશ્રી. માયરાના નાની. સ્વ. ત્રિવેણીબેન મથુરાદાસ આસાનીના પુત્રવધૂ. સ્વ. પ્રદીપભાઇ, હર્ષદભાઇ તથા મુળરાજભાઇના ભાભી. સ્વ. ગોદાવરીબેન મોનજી કુંવરજી આડાસાણી ગામ અંજાર (ધનબાર)વાળાની પુત્રી. કિશોરભાઇ, રેખાબેન તથા નીતીનભાઇના મોટાબેન તા. ૨૮-૪-૨૫ના કલકતા શ્રીજીશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૪-૫-૨૫ના રવિવારના ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફૂટ રોડ, ઘાટકોપર (ઇ). લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ સુમરી (રોહા) હાલ કોપર ખેરને (નવી મુંબઇ) જયશ્રીબેન તથા રાજેશભાઇ લીલાધર કોઠારીના નાના પુત્ર જીગર કોઠારી (ઉં. વ. ૪૦) તે શ્વેતાના પતિ. આયાન્સ અને ત્રિશાનના પિતા. ભાવનાબેન રમેશભાઇ (રામભાઇ) ગણાત્રા ગામ - માંડવી હાલ જામનગરના જમાઇ. હિમાંશુના નાનાભાઇ. અર્ચનાના દિયર શુક્રવાર તા. ૨-૫-૨૫ના અક્ષરધામ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૪-૫-૨૫ રવિવારના ૫.૩૦થી ૭. ઠે. સારસ્વત વાડી, ગ્રાઉન્ડ ફ્લોર, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર સદંતર બંધ છે, બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક



# જાતિ આધારિત જનગણના

# સામાજિક-આર્થિક ફાયદાના નામે રાજકીય લાભ ખાટવાનો ગૅમ પ્લાન?

**વિપક્ષો તો પહેલેથી જ્ઞાતિ આધારિત વસતિ ગણતરી માટે માંગ કરી રહ્યા હતા, પણ શાસક પક્ષ કોઠું નહોતું આપતો અને હવે અચાનક યુ-ટર્ન મારીને એ વાત સ્વીકારી લીધી છે. આમ વસતિગણતરીની સાથે બધા જ પક્ષો મળીને વિભિન્ન જ્ઞાતિના વિકાસના નામે મતનું પણ રાજકારણ ખેલી રહ્યા છે, પણ આ એક એવી જોખમી રમત છે કે જેમાં જ્ઞાતિ આધારિત ગણતરીથી સામાજિક ભાગલા વધશે.**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની જાહેરાત કરીને રાજકીય ઉત્તેજના પેદા કરી દીધી છે. છેલ્લાં ત્રણેક વરસથી કૉંગ્રેસ સહિતના વિપક્ષો જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની માગ કરી રહ્યા હતા, પણ મોદી સરકાર એમની વાત એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખતી હતી. હવે બિહાર વિધાનસભાની ચૂંટણી આડે ગણીને ૬ મહિના બચ્યા છે ત્યારે જ મોદી સરકારે આ જાહેરાત કરીને સૌને આંચકો આપી દીધો છે.

બિહારમાં તો જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાના મુદ્દે ભાજપ અને જેડીયુ વચ્ચે એવો તગડો ડખો પડેલો કે નીતિશે ભાજપનો સાથે છોડીને તેજસ્વી યાદવનો હાથ પકડી લીધેલો. બિહારમાંથી સર્વપક્ષીય પ્રતિતિનિધિમંડળે જઈને જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની માગ કરેલી, પણ મોદી સરકારે એ વખતે ધ્યાન નહોતું આપ્યું. હવે અચાનક મોદી સરકારે પલટી મારીને જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની જાહેરાત કરી નાખી છે.

ભારતમાં દર ૧૦ વર્ષે કરાતી સામાન્ય વસતિગણતરી પણ હજુ બાકી છે (કોવિડકાળને કારણે છેલ્લી નિર્ધારિત વસતિગણતરી નહોતી થઈ શકી) એટલે તેની હારોહાર જ્ઞાતિ આધારિત વસતિગણતરી પણ કરાવી દેવાશે.

જો કે, ભારતમાં છેલ્લે કરાયેલી વસતિગણતરીને ૧૫ વર્ષ થઈ ગયાં તેથી નવી પેઢીને તો આ ગણતરી શું છે તેની પણ ખબર નથી માટે પહેલાં વસતિગણતરી શું છે એ સમજી લઈએ.

દર ૧૦ વરસે વસતિગણતરી થાય છે અને અત્યાર સુધીમાં ભારતની વસતિગણતરી ૧૫ વખત હાથ ધરવામાં આવી છે. ૧૯૪૨ વાઇસરોય લોર્ડ મેયોના શાસનકાળમાં પહેલી વાર વસતિગણતરી થઈ પછી દર ૧૦ વર્ષે આ

વસતિગણતરી કરવામાં આવી છે. દેશ આઝાદ થયો પછી ૧૯૪૯માં પહેલી વાર ભારતમાં સામાન્ય જન- ગણતરી કરવામાં આવી. ૧૯૪૯માં આ ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળના ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસતિગણતરી કમિશનર દ્વારા હાથ ધરવામાં આવેલી વસતિગણતરી માટે ૧૯૪૮માં ઈન્ડિયા સેન્સસ એક્ટ, ૧૯૪૮ ઘડવામાં આવ્યો હતો.

ભારતનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું એ પહેલાં આ કાયદો બનાવી દેવામાં આવ્યો હતો.

આ વસતિગણતરીના આંકડા ૧૯૫૧માં બહાર પડાયા હતા. એ પછીની બધી વસતિગણતરી ૧૯૪૮ના 'ઈન્ડિયન સેન્સસ એક્ટ' હેઠળ કરવામાં આવી હતી. 'ઈન્ડિયન સેન્સસ એક્ટ'માં કેન્દ્ર સરકારે કોઈ ચોક્કસ તારીખે વસતિગણતરી કરવા અથવા સૂચિત સમયગાળામાં તેનો ડેટા જાહેર કરવો એવું નથી, પણ મોટા ભાગની સરકારોએ દર વર્ષે વસતિગણતરી કરીને એક પરંપરા સ્થાપિત કરી છે.

છેલ્લી વસતિગણતરી ૨૦૧૧માં થઈ હતી. એ પછીની વસતિગણતરી ૨૦૨૧માં થવાની હતી પણ તે પહેલાં ભારતમાં કોવિડ ફાટી નિકળતાં મોકૂફ રખાઈ હતી. એ પછી લોકસભાની ચૂંટણી આવી ગઈ, વગેરે કારણોસર બીજાં ત્રણ વર્ષ જતાં રહ્યાં ને હવે ૨૦૨૫ પણ અડધો થવા આવ્યો છતાં વસતી ગણતરી શરૂ થઈ નથી તેથી વસતિગણતરી પણ કરાવવાની બાકી છે.

કેન્દ્ર સરકારે કરેલી જાહેરાત પ્રમાણે, દર દાયકામાં યોજાતી વસતિગણતરીની સાથે જ જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવી લેવાશે. કેન્દ્ર સરકારે વસતિગણતરીની તારીખ જાહેર કરી નથી પણ ઓક્ટોબરથી શરૂ થશે એવું લાગે છે. વસતી ગણતરી પૂરી થવામાં ઓછામાં ઓછાં ૨ વર્ષ લાગશે તેથી જ્ઞાતિ આધારિત વસતિગણતરીના આંકડા આવતાં આવતાં ૨૦૨૭ આવી જશે.

વસતિગણતરી અને જ્ઞાતિ આધારિત વસતિ બંનેના આંકડા ૨૦૨૮ની શરૂઆતમાં આવશે તેથી ૨૦૨૯ની લોકસભાની ચૂંટણીમાં જ્ઞાતિવાદનું પ્રબળ જોર હશે એ કહેવા-ઉમેરવાની ની જરૂર નથી.

નરેન્દ્ર મોદી સરકારની જાહેરાત પછી એક તરફ આ નિર્ણયનો જશ ખાટવાની હોડ જામી છે તો બીજી તરફ તેના ફાયદા ગણાવવાની સ્પર્ધા પણ શરૂ થઈ છે. કૉંગ્રેસ સહિતના વિપક્ષોનું કહેવું છે કે, અમારા દબાણના કારણે મોદી સરકારે જ્ઞાતિ આધારિત વસતિગણતરીનો નિર્ણય લેવો પડ્યો છે. સામે ભાજપનો દાવો છે કે, કૉંગ્રેસે જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની વાતનો માત્ર પોતાના ફાયદા માટે ઉપયોગ કર્યો છે.

આ આક્ષેપો અને પ્રતિઆક્ષેપોમાં વિપક્ષો સાચા છે કેમ કે જ્ઞાતિ આધારિત વસતિગણતરીનો મુદ્દો વિપક્ષોએ જ ઊભો કરેલો છે. આ માગ લાંબા સમયથી ચાલે છે અને ૨૦૧૧માં દેશમાં વસતિગણતર ીકરાઈ ત્યારે ડો. મનમોહનસિંહ સરકારે એસસી, એસટીની સાથે ઓબીસીની કેટેગરી પણ રાખી હતી. આ ડેટા જાહેર કરાયો નહોતો, પણ કૉંગ્રેસે એ પહેલ કરી હતી. નીતિશ કુમાર લાંબા સમયથી આ માગ કરે છે અને ભાજપ તેના વિરોધમાં હતો એ પણ જગજાહેર છે.

અત્યારે જ્ઞાતિ આધારિત વસતિગણતરીની માગ પણ કૉંગ્રેસે જ રાષ્ટ્રીય સ્તરે ઉઠાવી હતી. કર્ણાટકની ચૂંટણીમાં જીતના પગલં કૉંગ્રેસે સત્તાવાર રીતે જ્ઞાતિ આધારિત વસતિગણતરીનું વાજું વગાડવાનું શરૂ કરી દીધેલું. કૉંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ મોદીને પત્ર લખીને દેશમાં જ્ઞાતિ આધારિત વસતિગણતરી કરાવવાની માગ કરી હતી. ૨૦૧૧ના 'સોશિયો ઈકોનોમિકસ એન્ડ કાસ્ટ સેંસસ'નો રિપોર્ટ જાહેર કરવા કૉંગ્રેસ સહિતના પક્ષોના સાંસદોએ વારંવાર રજૂઆત કરી હોવા છતાં મોદી સરકાર આ રિપોર્ટ જાહેર કરતી નથી એવો આક્ષેપ ખડગેએ પણ કર્યો હતો.

કૉંગ્રેસે તો છેલ્લી લોકસભાની ચૂંટણીમાં પણ જ્ઞાતિ આધારિત વસતિગણતરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધીએ તો 'જિતની આબાદી, ઉતના હક'નો નારો જ વહેતો કરેલો. રાહુલનું કહેવું હતું કે, આપણે વિકાસમાં તમામને ભાગીદાર બનાવવા હોય તો એ તો ખબર હોવી જોઈએ ને કે કોની કેટલી વસતી છે? આપણને એ જ ખબર ના હોય કે, દેશમાં ઓબીસી, દલિત, આદિવાસી અને બીજા સમુદાયોની કેટલી વસતિ છે તો બધાંને વિકાસમાં ભાગીદાર કઈ રીતે બનાવીશું?

રાહુલની વાતની પાછળ તો દેશમાં જ્ઞાતિવાદના આધારે ભાગલા પાડીને કૉંગ્રેસને ફરી બેઠી કરવાની હતી. ભાજપ સામે લોકસભાની છેલ્લી બે ચૂંટણીમાં ખરાબ રીતે હારેલી કૉંગ્રેસને ફરી બેઠા થવા માટે કોઈ મોટો મુદ્દો જોઈતો હતો તેથી તેણે આ મુદ્દો ચગાવેલો.

કૉંગ્રેસ લોકસભામાં ૫૪ બેઠકોથી સીધી ૧૦૦ બેઠકોની આસપાસ પહોંચી ગઈ તેમાં આ મુદ્દાએ પણ ભાગ ભજવેલો.

હવે ભાજપે પણ આ માગ સ્વીકારી છે ત્યારે તેનો ઉદ્દેશ પણ સત્તા માટે જ્ઞાતિવાદના રાજકારણને પ્રોત્સાહન આપવાનો છે એ કહેવાની જરૂર નથી. જ્ઞાતિ આધારિત વસતિગણતરી પાછળ મતબેંકનું રાજકારણ છે અને આ રમતમાં હવે વિપક્ષોની સાથે શાસક પક્ષે પણ ઝુકાવ્યું છે. ઓબીસી અને પછાત જ્ઞાતિઓની મતબેંકને પોતાની તરફ વાળવાનો ખેલ છે. ભારતમાં લોકોને જ્ઞાતિઓના નામે સરળતાથી બેવકૂફ બનાવ શકાય છે અને જ્ઞાતિના નામે લોકોમાં ભાગલા પાડીને સત્તા હાંસલ કરી શકાય છે. આ ખેલ વરસોથી ખેલાય છે અને તેના કારણે ના તો જ્ઞાતિઓનું ભલું થયું છે કે ના દેશનું ભલું થયું છે.

જ્ઞાતિ આધારિત વસતિગણતરીના કારણે ક્યાં રાજ્યમાં કઈ જ્ઞાતિની વસતિ વધારે છે તેના આંકડા મળશે. આ આંકડાના આધારે સરકારી યોજનાઓમાં રકમની ફાળવણીથી માંડીને અનામતનું પ્રમાણ સુધીનું બધું નક્કી થશે. અત્યારે જ ઓબીસી અનામતમાં પેટા અનામતની વાતો ચાલે જ છે. એક વાર જ્ઞાતિ આધારિત આંકડા આવશે તેથી વધારે મતદારો ધરાવતી જ્ઞાતિઓ સરકારનાં કાંડાં આમળવાનું શરૂ કરશે એટલે જ્ઞાતિ આધારિત અનામતની માગ પ્રબળ બનવાની જ છે.

જ્ઞાતિ આધારિત વસતિગણતરીના કારણે રાજકારણીઓને ઓબીસી કે બીજી કેટેગરીમાં કઈ જ્ઞાતિના કેટલા મતદારો છે તેની ખબર પડી જશે તેથી કોને વધારે સારી રીતે સાચવવાના છે તેની ખબર પડી જશે. આ જ્ઞાતિઓને વધારે સાચવીને સત્તા મેળવવાનો ગંદો ખેલ એ પછી શરૂ થશે. તેના કારણ દેશ જ્ઞાતિના વાડામાં વધારે વહેંચાશે ને આ વાત દેશના ફાયદામાં નથી. ■

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# હવે સોશ્યલ મીડિયા કોઈ પણ દેશમાં ગૃહ યુદ્ધ ભડકાવી શકે


અફઘાનિસ્તાન


લિબિયા

પહલગામમાં આતંકી હુમલા પછી દેશભરમાંથી જે પ્રતિક્રિયાઓ આવી, તેમાં પૂરીના ગોવર્ધન મઠના શંકરાચાર્ય સ્વામી નિશ્ચલાનંદ સરસ્વતીએ એક નોંધપાત્ર ટિપ્પણી કરી હતી. એમણે કહ્યું હતું જે રીતે આતંકવાદીઓએ પર્યટકોનો ધર્મ પૂછીને એમની હત્યા કરી હતી તેની પાછળ એમનો સ્પષ્ટ ઈરાદો દેશમાં ગૃહયુદ્ધ ભડકાવવાનો છે.

આ વાત તર્કસંગત છે. દાયકાઓથી કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓની ત્રણ નિશ્ચિત પેટર્ન રહી છે : ત્યાં હંમેશાં પોલીસ, સેના કે અન્ય સરકારી (અને રાજકીય) લોકો નિશાન પર રહ્યા છે. ઍંસીના દાયકામાં વિદેશી પર્યટકોને નિશાન બનાવાયા હતા, જેથી કાશ્મીરનો મામલો આંતરરાષ્ટ્રીય સ્તરે ચગે અને છેલ્લાં થોડાં વર્ષોથી બીજા રાજ્યના મજદૂરોને નિશાન બનાવાયા હતા, જેથી બહારના લોકો ત્યાં કામ કરવા માટે ન આવે.

સામાન્ય પર્યટકો મોટાભાગે આતંકીઓની બંદૂકથી બચતા રહ્યા છે. પહલગામમાં જે થયું તેમાં આ પેટર્ન તૂટી છે. એટલું જ નહીં, તેમાં હિંદુઓને નિશાન બનાવાયા છે. તેની પાછળનો સીધો ઈરાદો દેશમાં હિંદુ-મુસ્લિમ વૈમનસ્ય વધારવાનો છે. એમાં ગણતરી એવી છે કે હિંદુઓ આ હત્યાકાંડનો બદલો લેવા માટે મુસલમાનોને નિશાન બનાવે. તેનાથી ભારતમાં એવું સંકટ પેદા થાય, જેથી ગૃહયુદ્ધ છેડાઈ જાય. હુમલા પછી સોશ્યલ મીડિયા અને ટેલીવિઝન ચેનલો પર જે રીતનું ધ્રુવીકરણ થયું તે તેનો પુરાવો છે.

કાશ્મીરમાં પાકિસ્તાનના સમર્થનથી જન્મેલા આતંકવાદ માટે 'પ્રોક્સી વોર' (છૂપું યુદ્ધ) શબ્દ વપરાય છે. આ એક એવું યુદ્ધ છે જેમાં પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય નિયમો હેઠળ સીધી જવાબદારીમાંથી છટકી જાય છે, પણ આતંકીઓના ખભે બંદૂક રાખીને કાશ્મીરને લોહીલુહાણ હાલતમાં રાખે છે. પાકિસ્તાનની 'એક કોમ એક રાષ્ટ્ર'ની થિયરી એવું કહે છે કે મુસલમાનો એક અલગ કોમ છે અને ભારતીયો કે હિંદુઓ સાથે એમનું કોઈજ સામ્ય નથી. ભારતનો બહુમતી હિંદુ સમુદાય હતાશ થઈને લઘુમતી મુસ્લિમ સમુદાય વિરુદ્ધ થઇ જાય તો 'બે અલગ કોમ'ની થિયરી સાચી પડતી નજર આવે.

વિભાજન પછી ભારતમાં રહેવાનું પસંદ કરનારા ચાર કરોડ મુસલમાનોનો એ નિર્ણય ખોટો હતો એને એ ભારતમાં સલામત નથી તેવું સાબિત કરવાનો પાકિસ્તાનનો પ્રયાસ છે. પાકિસ્તાનને હકીકત પણ કઠે છે કે એમને અલાયદું રાજ્ય મળ્યું હોવા છતાં મુસલમાનોનો એક મોટો સમુદાય બાંગ્લાદેશ સાથે જતો રહ્યો હતો. એ તેમની 'એક કોમ એક રાજ્ય' થિયરીની હાર હતી.

કોઈને એવો પ્રશ્ન થાય કે ભારતમાં સાચે જ એવું થાય? સામાન્ય રીતે જે દેશમાં કાનૂનની, બંધારણની અને સંસદની વ્યવસ્થા હોય અને નાગરિકોમાં સમાનતા તેમજ ન્યાયની ભાવના હોય ત્યાં ગૃહયુદ્ધ ન થાય. ભારત એવા એક વ્યવસ્થા આધારિત દેશમાં આવે છે, પરંતુ એટલું પૂરતું નથી. ગૃહયુદ્ધ દેશની અંદર સામાજિક, રાજકીય, સાંસ્કૃતિક અને આર્થિક કારણોસર પણ થાય છે.

વિશ્વમાં અફઘાનિસ્તાનથી લઈને સીરિયા સુધી, ઈરાકથી લઈને આયર્લેન્ડ સુધી ઘણાં ગૃહયુદ્ધ થયાં છે. ખુદ અમેરિકા એક લોહિયાળ ગૃહયુદ્ધની બુનિયાદ પર બન્યું છે.

ગૃહયુદ્ધ થવાની કોઈ નિશ્ચિત રીત નથી, પરંતુ ઘણીવાર બીજા દેશની દખલ અંદાજીથી એવી પરિસ્થિતિ પેદા થઇ શકે છે. પંજાબ અને કાશ્મીરના દાખલા પરથી એવું સાબિત થાય છે કે પાકિસ્તાન ભારતમાં અરાજકતા ફેલાય તેવું ઈચ્છે છે.

અમેરિકામાં બાર્બરા વોલ્ટર નામની એક પોલિટિકલ સાયન્સની લેખિકાએ વર્ષો સુધી દુનિયાનાં ગૃહ યુદ્ધોનો અભ્યાસ કર્યો છે અને તેના પરથી 'હાઉ સિવિલ વોર સ્ટાર્ટ' (ગૃહયુદ્ધ કેવી રીત શરૂ થાય) તે નામનું એક સરસ પુસ્તક લખ્યું છે. તેમાં એ લખે છે કે ૨૦મી સદીની શરૂઆતમાં ગૃહ યુદ્ધો વર્ગભેદ અને વિચારધારાઓ પર લડાતાં હતાં. ૧૯૧૭માં રશિયામાં અને એક દાયકા પછી ચીનમાં આ રીતે ગૃહ યુદ્ધ થયાં હતાં. બીજા વિશ્વ યુદ્ધ પછી, જૂનાં સંસ્થાનવાદી સામ્રાજ્યો તૂટી ગયાં અને વંશીય તેમજ ધાર્મિક સમુદાયો વચ્ચે ગૃહયુદ્ધ થવા લાગ્યાં. આજે મોટાભાગની દુનિયામાં આવી જ ફોલ્ટ-લાઈનો સક્રિય છે.

બાર્બરા વોલ્ટરના અનુસાર ગૃહયુદ્ધ થવાનાં મુખ્ય સાત કારણ હોય છે:

- સરકાર દ્વારા કોઈ એક વર્ગ, જાતિ, ધર્મ કે જનજાતિને વિકાસના લાભોથી વંચિત રાખવામાં આવે.
- રાજનૈતિક સત્તા ભ્રષ્ટ બની ગઈ હોય
- આર્થિક અને સામાજિક શોષણ ચરમસીમાએ હોય.
- દેશમાં ગરીબી, બેરોજગારી અને મોંઘવારી દૂર થતી ન હોય.
- સત્તા બચાવવા માટે સરકાર ને સમુદાયો વચ્ચે ઝઘડો કરાવે.
- સંસાધનો પર કબ્જા માટે બે જૂથો વચ્ચે સંઘર્ષ ચાલતો હોય.
- દેશમાં દુશ્મન દેશની દખલઅંદાજી હોય.

લેખિકા બાર્બરા વોલ્ટર કહે છે કે દુનિયામાં હિંસાનું સૌથી પ્રચલિત સ્વરૂપ ગૃહયુદ્ધ છે. એટલું જ નહીં, ૧૯૪૬ પછી તેમાં નિયમિત વધારો થયો છે અને ઈતિહાસમાં આજે સૌથી વધુ ગૃહયુદ્ધો ચાલે છે. બાર્બરાએ તો ત્યાં સુધીની ભવિષ્યવાણી કરી છે કે અમેરિકામાં ધીમે ધીમે ગૃહયુદ્ધ થાય તેવી સંભાવનાઓ આકાર લઇ રહી છે.

**ગૃહયુદ્ધ કેવી રીતે અટકાવી શકાય?**

બાર્બરા વોલ્ટર કહે છે કે વર્તમાન સમયમાં સોશિયલ મીડિયા સૌથી જોખમી સાબિત થઇ રહ્યું છે. સોશ્યલ મીડિયા ફેક ન્યૂઝ મારફતે લોકો વચ્ચે નફરત અને ઝેર ફેલાવાનું કામ કરે છે. તે લોકોને જાતિ કે ધર્મના આધારે વિભાજિત કરવાનું કામ કરે છે અને કાયદો-વ્યવસ્થા, માનવાધિકાર, ઉદાર મૂલ્યો અને લોકતંત્રને ખતમ કરવાનું કામ કરે છે. આમ જુવો તો લોકો સૌથી પહેલાં સોશ્યલ મીડિયા પર જ વૈચારિક હિંસા પર ઊતરી આવે છે. તે ગૃહયુદ્ધનું જ સૂક્ષ્મ સ્વરૂપ છે.

બાર્બરા વોલ્ટર ઉમેરે છે કે, 'સરકારો તો તેના પર લગામ કસવાનું કામ કરે ત્યારે ખરી, પણ નાગરિક તરીકે આપણે આપણો અવાજ ઉઠાવવો પડશે અને આપણે લોકશાહીમાં હિસ્સેદારી કરવી પડશે.'

સામાજિક-રાજકીય અસમાનતા સમાપ્ત થાય, લોકોની રાજકીય હિસ્સેદારી વધે, ભેદભાવ સામે લોકો અવાજ ઉઠાવે, સંવાદનું વાતાવરણ મજબૂત થાય, બંધારણ અને કાનૂનનું પાલન થાય અને આંતરરાષ્ટ્રીય સહયોગ વધે તો કોઈ દેશ ગૃહયુદ્ધથી બચી જાય. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# ચીલઝડપઃ નાટક ને જીવન



**નાટકમાં** અને પ્રમુખપણે ફિલ્મોમાં ફ્લેશબેક ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવે છે. ભૂતકાળની કોઈ ઘટના વર્તમાન સંદર્ભમાં રજૂ કરવી જરૂરી હોય ત્યારે આ પદ્ધતિનો ઉપયોગ થયેલો જોવા મળે છે. કાં તો એ જૂની ઘટનાનું અનુસંધાન હાલની ઘટના સાથે કનેક્શન ધરાવી કોઈ નવો અર્થ ધારણ કરે એ માટે દર્શાવાતું હોય છે અથવા પ્રવાહમાં કોઈ વ્યક્તિ કે ઘટનાનો વિસર પડ્યો હોય અને એ દર્શાવવી જરૂરી હોય એ માટે પણ ફ્લેશબેકનો ઉપયોગ કરવામાં આવે છે. મારી આ જીવનકથાના વૃતાંતમાં પણ એવું જ બન્યું છે. મારા જીવનની ઘટનાઓને સમાંતર હું ચેરી અને શાંગ્રિલની વાતો કરી રહી હતી એમાં મારી બીજી દીકરી કલ્યાણીને સાવ ભૂલી ગઈ. કલ્યાણીના જીવનમાં આવેલા એક અણધાર્યા વળાંક વિશે આજે ફ્લેશબેકમાં જઈ વાત કરું છું.

ચેરીનાં લગ્ન તો ૧૯૮૭માં થઈ ગયા હતા. લગ્ન કેવી રીતે થયા અને તેને સાસરે વળાવી એની વિગતવાર વાત મેં અગાઉના હપ્તામાં કરી છે. મારે બીજી દીકરી પણ છે. કલ્યાણી, જે હવે પરણવાની ઉંમરના આંગણે પહોંચી ગઈ હતી. જોકે, એનાં લગ્ન વિશે મેં કશું વિચાર્યું નહોતું. એક દિવસ મને સુરેશ રાજડાનો ફોન આવ્યો. સુરેશભાઈ નાટ્ય જગતમાં જાણીતું નામ. આઈએનટી જેવી માતબર સંસ્થા સાથે સંકળાયેલા અને પ્રવીણ જોશી સાથે કામ કર્યું હોવાથી તેમની નાટ્ય સૂઝ ખૂબ વિકસી હતી. મને એમ કે કોઈ રોલ આપવો હશે એટલે મને મળવા બોલાવવા ફોન કર્યો હશે. જોકે, મેં કલ્પના કરી હતી એનાથી વાત આશ્ચર્ય અને નવાઈ પમાડે એવી સાવ વિપરીત નીકળી. ‘હું એક નાટક બેસાડી રહ્યો છું. એમાં એક રોલમાં તમારી દીકરીને લેવી છે. જો તમારી મંજૂરી હોય તો આપણે મળીને વાતચીત કરી લઈએ,’ સુરેશ ભાઈએ વાત કરી.

બે ઘડી તો શું જવાબ આપવો એ જ મને સૂઝ્યું નહીં. જોકે, હું ક્યારેય મારી દીકરીઓને સ્ટેજ પર નહોતી લઈ ગઈ. રિહર્સલમાં સુધ્ધાં એમને સાથે રાખવાનું મેં ટાળ્યું હતું. હા, મારી મોટી દીકરી માત્ર ૧૫ દિવસની હતી ત્યારે સંજોગવશાત પેટલાદમાં નાટકના શો વખતે એને ગોદડીમાં સુવડાવીને લઈ જવી પડી હતી. જોકે, એ રેગ્યુલર સ્ટેજ નહોતું. મંડપ બાંધવામાં આવ્યો હતો. એ પ્રસંગ બાદ કરતા મેં મારી બંને દીકરીઓને નાટ્ય જગતથી દૂર રાખી હતી. નાટકમાં કામ કરવાની પણ તેમને પરવાનગી નહોતી. દીકરીઓ ભણીગણીને અલગ જ ક્ષેત્રમાં આગળ વધી નામના મેળવે એવી મારી અદમ્ય ઈચ્છા હતી. મારી અનિચ્છા હોવા છતાં સુરેશભાઈ મક્કમ હતા. મારી ચિંતા પણ સમજી ગયા. મને કહેવા લાગ્યા કે ‘મહેશ્વરી બહેન, જરાય ચિંતા ન કરો. અમારું ગ્રુપ બહુ સારું છે.’ એમની સમજાવટ અને આગ્રહ સામે દીકરી નાટકમાં કામ કરે એ માટે મેં હા પાડી દીધી. એમના નાટકનું નામ હતું ‘ચીલઝડપ.’ આ નાટક પરથી થોડા વર્ષ પહેલા એક ગુજરાતી ફિલ્મ પણ બની હતી એવી વાત કોઈએ મને કરી હતી. ‘ચીલઝડપ’ નાટકથી કલ્યાણીની એન્ટ્રી નાટકની દુનિયામાં થઈ. એવું કહેવાય છે ને કે જેનાથી તમે જોજનો દૂર ભાગો એ જ તમારી પાસે દોડતું આવે. લગભગ એવું જ બની રહ્યું હતું મારી સાથે. હું બાળકોને નાટકની દુનિયાથી દૂર રાખવાની કોશિશ કરતી હતી અને નાટક દોડ્યું દોડ્યું એમની પાસે આવી રહ્યું હતું.

કલ્યાણી ‘ચીલઝડપ’ નાટકના રિહર્સલમાં નિયમિત જવા લાગી. નાટકમાં રિમા લાગુ જેવી સિદ્ધહસ્ત અભિનેત્રી હતી અને નીતિન ત્રિવેદી નામનો એક જુવાન અભિનેતા પણ હતો. રિહર્સલ કરતા કરતા કલ્યાણી અને નીતિન વચ્ચે નિકટતા વધી અને બંને એકબીજાના પ્રેમમાં પડ્યા. બંનેએ પરણવાનું નક્કી કર્યું. જોકે, નીતિન મારવાડી પરિવારનો હતો અને એનો પરિવાર કલ્યાણીને પુત્રવધૂ તરીકે સ્વીકારવા તૈયાર નહોતો. એટલે બંને ભાગી ગયા. એને કારણે નીતિનના પરિવારની શું હાલત થઈ એ હું નથી જાણતી, પણ હું ખૂબ ટેન્શનમાં આવી ગઈ. ગુસ્સો પણ બહુ આવ્યો મારી દીકરી પર. એને જરાય વિચાર ન આવ્યો કે હું આમ અચાનક જાણ કર્યા વિના જતી રહીશ તો માને માથે કેવી વીતશે? પણ પ્રેમ આંધળો હોય છે એ અમસ્તું નથી કહેવાતું. બે હૈયા જ્યારે તીવ્રતાથી એકમેકને ઝંખતા હોય ત્યારે આખી દુનિયા તેમને માટે ગૌણ બની જતી હોય છે. જોકે, મુગ્ધતાની આવરદા બહુ ટૂંકી હોય છે. ચાર દિવસમાં જ કલ્યાણી - નીતિન પાછાં આવી ગયાં.

હું તો કશું બોલી શકવાની મનઃસ્થિતિમાં જ નહોતી. દીકરીની માએ હંમેશાં ગળી ખાવાનું હોય છે. સમાજનો એ શિરસ્તો રહ્યો છે. પણ મને ફડક પેઠી કે નીતિનના ઘરવાળા શું કહેશે? કલ્યાણીને અપનાવવા તૈયાર થશે કે જાકારો આપશે? જોકે, ઈશ્વરની કૃપા કે કશું અજુગતું થયું નહીં. નીતિનના મમ્મી - પપ્પા અને પરિવારના સભ્યો મારા ઘરે આવ્યાં અને કલ્યાણીના લગ્ન નક્કી થઈ ગયા. જોકે, એમની એક વાતથી મને બહુ અચરજ થયું. ’તમે જાન લઈ અમારે ત્યાં આવો. આપણે ધામધૂમથી પ્રસંગ પાર પાડીશું,’ નીતિનના પપ્પાએ બધી વાત પાકી થયા પછી મને કહ્યું. એમની ઓફર સાંભળી હું હસી પડી અને કહ્યું કે ‘એમ કેમ થાય? જાન તો દીકરાવાળાને ત્યાંથી નીકળી દીકરીવાળાને ત્યાં આવે એવો રિવાજ છે. મારે એ જ પ્રમાણે લગ્ન લેવા છે. મેં તો મારા ઘરના આંગણામાં જ માંડવો બાંધી કલ્યાણીના હાથ પીળા કરી દીધા. અત્યંત વેગથી ઊડી શકતી સમડી ચીલ નામે પણ ઓળખાય છે. એની અસાધારણ ઝડપ માટે ચીલઝડપ શબ્દ છે. કોઈ કામ ઝપાટાબંધ કે ઝડપભેર કરવામાં આવે ત્યારે ચીલઝડપ દેખાડી એમ કહેવાય છે. ‘ચીલઝડપ’ નાટકમાં કામ કરી કલ્યાણીએ વૈવાહિક જીવનમાં ગોઠવાઈ જવામાં પણ ચીલઝડપ દેખાડી.

બીજી એક વાત મારે કરવી છે એ નાટકના કલાકારની નિષ્ઠાની, એના કમિટમેન્ટની. અમારી લાઈનમાં જબાનની બહુ કિંમત હોય છે. ૧૯૭૦ - ૮૦ના દાયકામાં નિર્માતા - કલાકાર વચ્ચે કોઈ લેખિત કરાર કરવાની કોઈ પદ્ધતિ અસ્તિત્વમાં નહોતી. બધું મૌખિક ધોરણે જ નક્કી થઈ જતું, કારણ કે બોલાયેલા શબ્દ શબ્દનું પાલન થશે એવી ખાતરી બંને પક્ષે રહેતી. ‘પળના પ્રતિબિંબ’ માટે મેં વિનુભાઈને હા પાડી એના પછી શૈલેષ દવે તરફથી ‘ખેલ’ નામના નાટકની મને ઓફર આવી. શૈલેષ ભાઈ એવા નાટ્યકાર જેમની સાથે કામ કરવા દરેક કલાકાર થનગનતો હોય. હું પણ એમાં અપવાદ નહોતી. રોલ સુધ્ધાં દમદાર હતો એટલે આકર્ષણ થવું સ્વાભાવિક હતું. પણ કમિટમેન્ટ સામે લાભ પાણી ભરે. મેં શૈલેષ ભાઈને ના પાડી દીધી. બહેતર રોલ ગુમાવવાનો અફસોસ નહોતો, પણ કમિટમેન્ટને વળગી રહી નિર્માતા સાથે પ્રામાણિક રહેવાનો આનંદ હતો. આજની તારીખમાં એ કમિટમેન્ટ, એ આનંદની બાદબાકી થઈ ગઈ છે એવું સાંભળવા મળે છે. ■

## ‘આગગાડી’થી ગુજરાતી નાટકનો નવો યુગ શરૂ થયો

રંગભૂમિના વિકાસમાં ચંદ્રવદન મહેતા - ચં. ચી. મહેતાનું અનન્ય યોગદાન રહ્યું છે. નવી રંગભૂમિના વિકાસની વાત કરીએ ત્યારે મહેતા સાહેબ અને કનૈયાલાલ મુનશીનાં નાટકોનો મોટો ફાળો રહ્યો છે. ચં. ચી. મહેતાની તો રગેરગમાં નાટક દોડે. નાટકનો જ જીવ. દિવસ - રાત રંગભૂમિ વિશે જ તન્મયતાથી વિચારતા રહેવાની તેમને આદત, બલ્કે એમના જીવનનો ઘટનાક્રમ એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. ૧૯૧૫ની આસપાસ મુંબઈમાં શેક્સપિયરનાં નાટકોના રૂપાંતર ભજવવાની પ્રવૃત્તિએ વેગ પકડ્યો એમ માનવામાં આવે છે. આ સંદર્ભે એક પ્રસંગ ઘણાં વર્ષો પહેલા વાંચ્યો હતો જે કેવળ સ્મૃતિના આધારે રજૂ કરું છું. એક નાટકમાં ચં. ચી. મહેતાએ બટલરનું લીલું પાટલૂન, ચટ્ટાપટાવાળો ડગલો અને હંગેરિયન કેપ પહેરીને પોતે ઉપજાવી કાઢેલું ‘લાલિયા પરાપર’નું દૃશ્ય ભજવ્યું અને પારિતોષિક પણ મેળવ્યું. ધીમે ધીમે નવી રંગભૂમિને આકાર મળી રહ્યો હતો. તેમણે ’અખો’ નાટક ભજવ્યું જેને બહોળો આવકાર મળ્યો. ‘અખો’ પછી ‘પ્રેમનું મોતી’, ‘મૂંગી સ્ત્રી’, ‘આગગાડી’ વગેરે નાટકો તેમણે આપ્યાં. ‘આગગાડી’થી ગુજરાતી નાટક અને રંગભૂમિનો નવો યુગ શરૂ થયો એવું માનવામાં આવે છે. બ્રિટિશ શાસનકાળમાં ભારતમાં કાર્યરત રેલવેની દુનિયાની વાસ્તવિક છબી ઉપસાવવામાં આ નાટક સફળ રહ્યું હતું. નાટક માટે લેખકને પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. નાટકની કથામાં એન્જિનમાં આગ ભરવાની નોકરી કરતો બાદરજી ગોરા ડ્રાઇવરની તુમાખી અને એના ત્રાસનો ભોગ બનીને કમોતે મરે છે તે કરુણ ઘટના પર્યંતની પીડાદાયક ઘટનાઓનો ઉલ્લેખ છે. હું ભૂલતી ન હોઉં તો કાંતિ મડિયાએ આ નાટક દૂરદર્શન માટે કર્યું હતું. ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# સ્કાઈપનું શટડાઉન ડિજિટલ યુગના એક મોટા પ્રકરણનો અંત!

**દુનિયાના કોઈ પણ ખૂણે વસતાં સ્વજનો સુધી પહોંચાડતી વિશ્વની સર્વપ્રથમ વીડિયો કોલ સર્વિસ ‘સ્કાઈપ’ ૨૧ વર્ષ, ૯ મહિના પછી એની સેવા આ પાંચમી મેના આટોપી રહી છે ત્યારે...**




આજની કિશોર પેઢી એટલે કે ‘જનરેશન ઝી’એ સ્કાઈપ -Skypeનું નામ ન પણ સાંભળ્યું હોય એવું બને. અત્યારે આપણે ઘણે અંશે ડિજિટલ દુનિયામાં જ જીવી રહ્યા છીએ. શાકભાજીની ખરીદીથી લઈને કોઈ અજાણ્યા સરનામે પહોંચવા સુધીની દરેક પ્રવૃત્તિમાં ડિજિટલ માધ્યમોનો સહારો લેવામાં આવે છે. ટીવી પણ ડિજિટલ અને ઘરના દરવાજાની બેલ પણ ડિજિટલ.

હવે એ સમયની શરૂઆત થઇ ગઈ છે જેમાં અમુક વર્ષો કે એક-બે દાયકા પહેલાની કોઈ બહુ જ ‘સ્કાઈપ બંધ થાય છે’ એ સમાચાર ત્રીસ વર્ષથી વધુ ઉંમરના લગભગ દરેક માણસ માટે અસર કરે તેવા છે. એનઆરઆઈ લોકોને ખુશીની પળો આપનાર સ્કાઈપ હવે કાયમ માટે બંધ થઈ રહ્યું છે.

થોડા ફ્લેશબેકમાં જઈએ તો સ્કાઈપની શરૂઆત ૨૦૦૩ માં થઈ હતી, જ્યારે સ્વીડનના ઉદ્યોગ સાહસિકો નિકલાસ ઝેનસ્ટ્રોમ અને જેનસ ફ્રીસે આ પ્લેટફોર્મની સ્થાપના કરી. એસ્ટોનિયાના ઇજનેરોએ વોઈસ ઓવર ઇન્ટરનેટ પ્રોટોકોલ (VoIP) ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સ્કાઈપને વિકસાવ્યું. સ્કાઈપ દ્વારા દૂર રહેતા લોકો ઇન્ટરનેટ દ્વારા મફતમાં વોઇસ અને વીડિયો કોલ કરી શકતા હતા. એ સમયે, આ પ્રકારની ટેક્નોલોજી એક ક્રાંતિકારી પગલું ગણાતું, કારણ કે આંતરરાષ્ટ્રીય ટેલિફોન કોલ્સ ખૂબ ખર્ચાળ હતા. ૨૦૦૫ માં,‘ઈબેએ’ સ્કાઈપને ૨.૫ અબજ ડૉલરમાં ખરીદ્યું. તેના થોડાં વર્ષો પછી ૨૦૧૧ માં માઇક્રોસોફ્ટે તેને ૮.૫ અબજ ડૉલરમાં હસ્તગત કર્યું. આ સમયે વિશ્વભરના બે વીસેક કરોડ લોકો સ્કાઈપ વાપરતા. આ આંક તેની પ્રચંડ લોકપ્રિયતાનો પુરાવો હતો.

સ્કાઈપ એ ઑનલાઇન કોમ્યુનિકેશનની દુનિયામાં ક્રાંતિ લાવનારું એક એવું પ્લેટફોર્મ હતું., જેણે વિશ્વના ખૂણે ખૂણે રહેતા લોકોને એકબીજા સાથે જોડ્યા- સાંકળી લીધા. ખાસ કરીને વિદેશમાં રહેતા પરિવારજનો અને મિત્રો સાથે વીડિયો કોલ દ્વારા વાતચીત કરવાનું સ્કાઈપ એ સરળ અને સસ્તું બનાવ્યું. વિદેશ જઈએ પછી ઘર કેવું યાદ આવે. લગભગ બધા હોમસીકનેસની લાગણી અનુભવે, એકલતા સાલે, પણ સ્કાઈપને કારણે કારકિર્દી બનાવવા માટે વિદેશ ગયેલા સંતાન પોતાના વૃદ્ધ માતા-પિતા સાથે નિયમિત વાતચીત કરી શકતા હતા, એમની સંભાળ લઇ શકતા. હોસ્ટેલમાં રહેતી દીકરીને એની મા સ્કાઈપ દ્વારા રસોઈ શીખવાડી શકતી. વ્યવસાયિક રીતે પણ સ્કાઈપ ખૂબ ઉપયોગી હતું.

ઉદાહરણ તરીકે, ફિલિપાઇન્સમાં અંગ્રેજી શિક્ષકો વિયેતનામ અને અન્ય દેશોના વિદ્યાર્થીઓને સ્કાઈપ દ્વારા શિક્ષણ આપતા હતા.

સ્કાઈપની ખાસિયત હતી તેની સરળતા, જેને ટેકનિકલ ભાષામાં યુઝર-ફ્રેન્ડલી સગવડતા કહેવાય. વીડિયો કોલ કરવા માગતા લોકોએ માત્ર એક એકાઉન્ટ બનાવવું પડતું અને પછી

વિશ્વભરમાં કોઈપણ સ્થળે મફત વીડિયો કોલ કરી શકતા. આ ઉપરાંત, સ્કાઈપે લેન્ડલાઇન અને મોબાઇલ નંબર પર પણ સસ્તા દરે કોલ કરવાની સુવિધા આપી, જેનાથી તે ખાસ કરીને આંતરરાષ્ટ્રીય સંદેશાવ્યવહાર માટે લોકપ્રિય બન્યું. ૨૦૧૦ ના દાયકાની શરૂઆતમાં તો એવું હતું કે ફોરેન કોલ કરવો એટલે સ્કાઈપ કરવું!

આમ છતાં, સતત થતાં રહેતાં ટેક્નિકલ બદલાવને લીધે ૨૦૧૦ ના દાયકાના મધ્યથી, સ્કાઈપની લોકપ્રિયતા ઘટવા લાગી. આનાં ઘણાં કારણ હતાં. લોકો ઝૂમ, વોટ્સએપ, ફેસટાઈમ, ગૂગલ મીટ, કોલ ડોટ કોમ વાપરવા લાગ્યાં. એ નવાં પ્લેટફોર્મ્સે વધુ સરળ અને આધુનિક વિકલ્પો રજૂ કર્યા. આવી એપ્લિકેશને વપરાશકર્તાઓને એવી સુવિધાઓ આપી જે સ્કાઈપ કરતાં વધુ અનુકૂળ હતી, જેમ કે કોઈ પણ એપ્લિકેશન ઇન્સ્ટોલ કર્યા વિના વીડિયો કોલ કરવાની સુવિધા. બીજું, માઇક્રોસોફ્ટે સ્કાઈપને તેના વ્યવસાયિક પ્લેટફોર્મ માઈક્રોસોફ્ટ ટીમ્સ સાથે ભેળવી દેવાનો પ્રયાસ કર્યો, જેના કારણે તેની મૂળ ઓળખ ઝાંખી પડી.

આ બધા વચ્ચે ૨૦૨૦ ના કોવિડકાળના રોગચાળા વખતે જ્યારે ઑનલાઇન કોમ્યુનિકેશનની જરૂર ખૂબ વધી ત્યારે ઝૂમ અને માઈક્રોસોફ્ટ ટીમ્સ જ મુખ્ય પ્લેટફોર્મ બની ગયા. એમ કહી શકાય કે કોરોનાએ સ્કાઈપને કાયમ માટે મરણતોલ ફટકો માર્યો. માઈક્રોસોફ્ટ ટીમ્સે પ્રોફેશનલ અને પર્સનલ એમ બંને પ્રકારના વપરાશ માટે ખૂબ સારી સગવડો પૂરી આપી, નવા નવા ફીચર્સ ઉમેરાતા ગયા. જેના કારણે માઈક્રોસોફ્ટને સ્કાઈપની સર્વિસ હવે બંધ કરવાનો નિર્ણય લીધો છે. માઇક્રોસોફ્ટે જાહેરાત કરી છે કે સ્કાઈપ આ ૫ મે, ૨૦૨૫ ના રોજ સંપૂર્ણપણે બંધ થઈ જશે.

આ નિર્ણયનું મુખ્ય કારણ એ છે કે માઇક્રોસોફ્ટ તેના બધા સંચાર પ્લેટફોર્મ્સને એકીકૃત કરવા માગે છે અને ‘ટીમ્સ’ને તેનું મુખ્ય પ્લેટફોર્મ બનાવવા માંગે છે. સ્કાઈપના ચાહકોને માઈક્રોસોફ્ટ ટીમ્સ પર આવી જવા માટે કહેણ મોકલવામાં આવી રહ્યું છે. ટીમ્સમાં બધા યુઝર્સની હિસ્ટરી એટલે કે ચેટ, કોન્ટેક્ટસ અને કોલ હિસ્ટરી આપોઆપ આવી જશે. વપરાશકર્તાઓને એમનો ડેટા એક્સપોર્ટ કરવાનો વિકલ્પ પણ છે, જે એ અન્ય પ્લેટફોર્મ્સ પર એનો ઉપયોગ કરી શકે. જોકે, સ્કાઈપ બંધ કરવાના નિર્ણયથી એના અસંખ્ય ચાહકો નારાજ છે.

સ્કાઈપના બંધ થવાથી ડીજિટલ યુગના એક સુવર્ણ પ્રકરણનો અંત આવ્યો છે. આમ છતાં, સ્કાઈપ ઑનલાઇન કોમ્યુનિકેશનના ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. લોકોને એકબીજા સાથે જોડવામાં અને અંતરને ઘટાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી, પરંતુ નવી ટેકનોલોજીઓના આગમન અને સ્પર્ધાના કારણે તે પાછળ રહી ગયું.

૫ મે, ૨૦૨૫ ના રોજ સ્કાઈપની વિદાય સાથે ઘણા લોકો તેની યાદને હંમેશાં સંભાળીને રાખશે - ખાસ કરીને એ સમય યાદ રાખશે, જ્યારે એ વિદેશમાં રહેતા પ્રિયજનો સાથે વીડિયો કોલ પર ગપસપ કરતા હતા- ખબર-અંતર રાખતા હતા. એમને માટે તો સ્કાઈપ એ સ્વજનોને સાથે સાંકળી રાખતી અગત્યની કડી હતી. સ્કાઈપ ભલે બંધ થઈ ગયું હોય, પરંતુ તેણે આપેલી સેવા અને સ્મરણ હંમેશાં જીવંત રહેશે. ■

ફોક્સ
એન.કે.અરોરા
feedback@bombaysamachar.com

# ક્યાં ગઇ કેનેડીની હત્યાની સાક્ષી રહસ્યમય ‘બાબુશ્કા’ લેડી..?



**દુનિયાને** બેચેન કરનારી પોતાની તમામ જિયો પોલિટિકલ હરકતો વચ્ચે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે એ ૮૦,૦૦૦ દસ્તાવેજોને સાર્વજનિક કરીને ખળભળાટ મચાવી દીધો છે, જેમાં અમેરિકાના ૩૫મા રાષ્ટ્રપતિ જોન એફ. કેનેડીની હત્યાનું રાઝ છુપાયું હતું. ગત ૧૮ અને ૨૦ માર્ચ ૨૦૨૫ના રોજ સાર્વજનિક કરવામાં આવેલા એ દસ્તાવેજોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં થોડો સમય લાગશે, પરંતુ અત્યાર સુધી તેની શરૂઆતમાં એ રહસ્યમયી ‘બાબુશ્કા લેડી’ અંગે કોઇ ચોક્કસ જાણકારી મળી શકી નથી. અનેક દાયકાઓ અગાઉ જેના રહસ્યમય રીતે ગુમ થયા બાદથી સમજવામાં આવી રહ્યું હતું કે સીલબંધ દસ્તાવેજોમાં તેની કરતૂતોની જાણકારી હશે. આ દસ્તાવેજો સાર્વજનિક થયા છતાં પણ એ સવાલ ત્યાં જ છે કે આખરે તે રહસ્યમયી ‘સ્કાર્ફ લેડી’ કોણ હતી. એવું માનવામાં આવે છે કે તેની ઓળખની સાથે કેનેડીની હત્યાનું સત્ય જોડાયેલું છે.

કેનેડી હત્યાકાંડમાં વર્ષોથી શંકાના ઘેરામાં રહેલી ‘બાબુશ્કા લેડી’ અંગે દુનિયા વધુમાં વધુ શું જાણે છે? શું ટ્રમ્પ દ્વારા સાર્વજનિક કરવામાં આવેલા દસ્તાવેજોમાંથી એ થિયરી અંગે વધુ કોઇ જાણકારી મળી શકી છે? વાસ્તવમાં બેવર્લી ઓલિવર તે મહિલા હતી. જેણે ૧૯૭૦માં દાવો કર્યો હતો કે તે ‘બાબુશ્કા લેડી’ છે..તે રહસ્યમયી મહિલા જે ૨૨ નવેમ્બર ૧૯૬૩ના રોજ કેનેડીની હત્યાના સમયમાં ડેલી પ્લાઝામાં પોતાના કેમેરાથી શૂટિંગ કરી રહી હતી. તે સમયે તેણે માથા પર એક સ્કાર્ફ પહેર્યો હતો. વર્ષ ૧૯૪૬ની સંભવિત જન્મ લેનારી બેવર્લી ઓલિવરની ૧૯૬૩માં ઉંમર લગભગ ૧૭ વર્ષની હતી. અને ત્યારે તે ટેક્સાસની ‘ક્લબ કેરસેલ’ નામની નાઇટક્લબમાં સિંગર હતી. આ ક્લબ એ દિવસોમાં કથિત રીતે માફિયા અને સીઆઇ એજન્ટો સાથે જોડાયેલી હતી. વર્ષ ૧૯૭૦માં કેનેડીની હત્યાના એક સ્કોલર રિસર્ચર ગૈરી શો સાથે વાતચીત કરતા ઓલિવરે દાવો કર્યો હતો કે કથિત ‘બાબુશ્કા લેડી’ તે જ હતી અને તેની પાસે ૮ એમએમની એક ફિલ્મ હતી જેમાં કેનેડી પર હુમલો રેકોર્ડ થયો હતો. બાદમાં કેટલાક એફબીઆઇ એજન્ટોએ તેની પાસેથી આ ફિલ્મ એમ કહીને લઇ લીધી હતી કે તેને ૧૦ દિવસ બાદ પરત આપી દેશે પરંતુ તે ૧૦ દિવસ ક્યારેય પૂરા થયા નહીં.

ઓલિવરના મતે તે કેનેડીના કથિત હત્યારા લી હાર્વી ઓસવાલ્ડને વ્યક્તિગત રીતે ઓળખતી હતી. સાથે જ તેણે ઓસવાલ્ડના હત્યારા જૈક રૂબીને પણ જોયો હતો. કારણ કે તેના દાવા હંમેશાં શંકાસ્પદ રહ્યા હતા કારણ કે તેણે જે રીતે કેમેરાથી ‘યાશિકા સુપર ૮’ની ઘટનાને શૂટ કરવાનો દાવો કર્યો હતો તે કેમેરો ત્યાં સુધી નિર્મિત પણ થયો નહોતો. કેનેડીની હત્યા ૧૯૬૩માં થઇ હતી જ્યારે આ કેમેરાનું ઉત્પાદન ૧૯૬૯માં કરવામાં આવ્યું હતું. એટલા માટે ‘બાબુશ્કા લેડી’ની ઓળખ જ નહીં તેના દ્વારા કરવામાં આવેલા સંભવિત ફિલ્મની સચ્ચાઇ રહસ્યમય પડદાની પાછળ છે. ‘બાબુશ્કા લેડી’ની તસવીરો અને ફિલ્મોની તપાસ કરવા પર તેનો ચહેરો મેળ ખાતો નહોતો. એટલું જ નહીં એફબીઆઇ અથવા સીઆઇએના કોઇ પણ દસ્તાવેજમાં તેણે બનાવેલી કોઇ પણ ફિલ્મને જપ્ત કરવાનો કોઇ રેકોર્ડ મળ્યો નથી. આ સ્કાર્ફ લેડીએ વર્ષ ૧૯૯૪માં કોક બ્યૂકાનન સાથે મળીને ‘નાઇટમેર ઈન ડ્લાસરુ બાબુશ્કા લેડી’ નામની પુસ્તક લખ્યું હતું. તેમાં તેણે પોતાની વાર્તાને વધુ વિસ્તારથી જણાવી છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે તેના થોડા દિવસો બાદથી આ રહસ્યમયી મહિલા ગુમ છે અને આજ સુધી તેની કોઇ પણ ભાળ મળી શકી નથી. કહેવામાં આવે છે કે આ પુસ્તક બાદ અમેરિકન એજન્સીઓએ તેને હંમેશાં માટે ગુમ કરી દીધી કારણ કે તેણે પોતાના પુસ્તકમાં દાવો કર્યો હતો કે અમેરિકન સરકાર પોતે કેનેડીની હત્યામાં સામેલ હતી. તેના આ પુસ્તક બાદ કેનેડી હત્યાકાંડ વધુ મોટા ષડયંત્રમાં ફેરવાઇ ગયો હતો. જે આજે પણ છે. સાથે જ ‘બાબુશ્કા લેડી’નું રહસ્ય પણ આખરે તે એવી કેવી રીતે ગાયબ થઇ ગઇ કે ક્યારેય કોઇએ પણ તેને જોઇ નથી.

ન્યાય અને તપાસની ગલીઓમાં આજે પણ એ સવાલ પૂછવામાં આવી રહ્યો છે કે શું બેવર્લી ઓલિવર હજુ જીવિત છે? પરંતુ એ અમેરિકાની જાસૂસી એજન્સીઓ કોઇ જવાબ આપી શકી નથી. જેનો દાવો થાય છે કે તે દરિયામાં પડેલી એક નાની સોયને પણ શોધી શકે છે. જ્યારે આ રહસ્યમયી લેડીને જો સીઆઇએ અને એફબીઆઇએ ઠેકાણે નહી લગાવી હોત તો વર્ષ ૨૦૨૫માં તેની ઉંમર લગભગ ૭૯ વર્ષ થાય છે અને જો આજે પણ તે જીવિત હોય હોઇ શકે છે. પરંતુ વર્તમાનમાં તેના જીવિત હોવાની પુષ્ટી કરનાર કોઇ સાર્વજનિક રેકોર્ડ અથવા વિશ્વસનીય સ્રોત ઉપલબ્ધ નથી. અમેરિકા જ નહીં આખી દુનિયામાં એમ કહેનારાઓની સંખ્યા ઓછી નથી કે અમેરિકન જાસૂસી એજન્સીઓએ જ તે ‘બાબુશ્કા લેડી’ને શોધીને તેની પાસેથી ફિલ્મ છીનવી લીધી અને હંમેશાં માટે ગુમ કરી દીધી હતી. જોકે કોઇ પણ અમેરિકન સરકારે આ અંગે કોઇ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી, જ્યારે એ જરૂરી હતું. આ મામલામાં અમેરિકન સરકારોનું મૌન ખૂબ ખતરનાક રહ્યું છે. કારણ કે જો આ લેડી પોતાની તમામ હરકતોથી ખોટું બોલી રહી હતી તો પછી અસલી ‘બાબુશ્કા લેડી’ કોણ હતી?

અગાઉ આશા હતી કે જ્યારે ૮૦ હજાર ગુપ્ત દસ્તાવેજો સામે આવશે તો અમેરિકાના ઇતિહાસના આ રહસ્ય પરથી પડદો ઉઠી જશે, પરંતુ હવે ટ્રમ્પે તમામ દસ્તાવેજ સાર્વજનિક કરી દીધા છે તો પણ આ રહસ્ય પરથી પડદો ઉઠતો જોવા મળી રહ્યો નથી. હવે તો એ આશંકા પ્રબળ છે કે આ ‘બાબુશ્કા લેડી’ ક્યારેય સામે આવશે નહીં અને તેનું સત્ય હંમેશાં માટે અંધારામાં જ રહેશે. કારણ કે એવું બની શકે છે કે સરકારને આ અંગે તમામ જાણકારી હોય પરંતુ તે આ અંગે ક્યારેય કોઇ ખુલાસો કરવા માગતી ના હોય. કારણ કે કોઇ સત્ય અમેરિકા જેવા દેશમાં પણ જો સામે આવતું નથી તો તે કોઇ મોટા ષડયંત્રનો ભાગ હોય છે. કેનેડી હત્યાના સંબંધમાં અનેક ષડયંત્ર સિદ્ધાંત છે. જેમાં એફબીઆઇ, સીઆઇએ અને અન્ય સરકારી એજન્સીઓની સંડોવણીની વાતો કહેવામાં આવે છે. એવામાં જો વાસ્તવમાં ‘બાબુશ્કા લેડી’ પાસે કોઇ એવો વીડિયો હતો જે સાબિત કરી રહ્યો હતો કે સત્તાવાર રીતે ઓસવાલ્ડ એકલો હત્યારો નહોતો તો તે સત્યને છુપાવવા માટે સરકાર અને એજન્સીઓ કોઇ પણ હદ સુધી જઇ શકે છે. અમેરિકામાં મીડિયાને ફ્રી પ્રેસ જરૂર કહેવામાં આવે છે પરંતુ એક નહીં ઇતિહાસમાં અનેક એવી ઘટનાઓ દરમિયાન સરકારને મીડિયાને પ્રભાવિત કર્યું છે. કેનેડી હત્યા પર તો મીડિયાને શરૂઆતમાં જ એક નેરેટિવ પર ચાલવા માટે મજબૂર કરવામાં આવ્યું હતું. જો મીડિયાને કોઇ સૂચના મળી જાય છે તો સરકારનો પ્રભાવ તેને દબાવી દે છે. ટ્રમ્પ સરકાર અને તે અગાઉ બાઇડન સરકારે કેનેડી હત્યા સાથે જોડાયેલા દસ્તાવેજો જાહેર તો કર્યા, પરંતુ તેમાં જે રીતે ‘બાબુશ્કા લેડી’ના પુરાવા મળતાં તથ્યો મળ્યાં નથી તેવી સ્થિતિ ઘણું બધું કહી જાય છે. જોકે કહેવામાં આવી રહ્યું છે કે કેટલાક રેકોર્ડ હજુ પણ ગુપ્ત રાખવામાં આવ્યા છે જેને ૨૦૩૯ના રોજ પૂરી રીતે સાર્વજનિક કરવાની યોજના છે, પરંતુ જે વાત હજુ સુધી છુપાયેલી છે તે ક્યારેય પણ બહાર આવશે નહીં. કહેવામાં આવે છે કે કોઇ સત્ય જો અમેરિકન સરકારને બેનકાબ કરવાની તાકાત ધરાવે છે તો રાષ્ટ્રીય સુરક્ષા અથવા સત્તાની સ્થિરતાના નામ પર આવા સત્યને અમેરિકા ક્યારેય પણ બહાર આવવા દેશે નહીં. ‘બાબુશ્કા લેડી’ આવું જ એક સત્ય છે. ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@
bombaysamachar.com

# સફળતા ને સુખ એ કંઈ એકમેકના પર્યાય નથી...





થોડા સમય અગાઉ હું સાસણમાં એક મિત્રના ફાર્મહાઉસમાં રોકાયો હતો ત્યારે ત્યાં ફાર્મના છેડે એક રૂમમાં રહેતા ગરીબ કુટુંબના સભ્યોના ચહેરાઓ પર છલકાતી ખુશી જોઈ હતી. એ ફાર્મહાઉસના કેરટેકર માણસની પત્ની એક ચૂલા પર ગરમગરમ રોટલા બનાવી રહી હતી અને બીજા ચૂલા પર એણે શાક બનાવવા મૂક્યું હતું.

એ વખતે અમે મિત્રો નજીકના ખાટલા પર બેઠા હતા. જંગલ વિસ્તારના ફાર્મ હાઉસમાં રહેતી એ ગ્રામ્ય સ્ત્રીએ વાતો કરતાં કરતાં અમને પૂછ્યુંઃ 'શહેરમાં જીવવાની મજા કઈ રીતે આવે?'

અમે કહ્યુંઃ 'અમે તો શહેરી જીવનથી ટેવાઈ ગયા છીએ એટલે અમને શહેરમાં ય મજા આવે અને ગામડામાં જઈએ તો પણ ગમે, પણ તમને ક્યારેય એવો વિચાર ન આવે કે શહેરમાં રહેવા જઈએ? ત્યાં તમારાં સંતાનોને સારું શિક્ષણ મળી શકે.'

એણે મલકતા ચહેરે જવાબ આપ્યો કે 'અમે શા માટે શહેરમાં જઈએ? અમે અહીં સુખ ભોગવીએ છીએ તો શું કામ દુઃખી થવા શહેરમાં જઈએ?અમારે તો બહુ જ સારું છે. અમને દર મહિને જે પૈસા મળે છે એમાંથી અમે બચત કરીએ છીએ. ખાવાપીવા માટે અનાજ તો અહીં જ મળી રહે છે. આ ખેતરમાં જ અનાજ ઊગે છે એમાંથી આ (ફાર્મના માલિક) થોડાક કોથળા અહીં મૂકી રાખે છે. અને બીજી વસ્તુઓય અમને પહોંચાડી દે છે એટલે અમારે ખરીદી કરવી પડતી નથી. બાજુના ગામમાં અમારું પોતાનું ઘરનું ઘર છે. અમારી એક ગાય અને એક ભેંસ છે. એને કારણે અમારે બહારથી દૂધ પણ ખરીદવું પડતું નથી. અમે દિવાળીમાં ખર્ચ કરીએ અને ક્યારેક કોઈ પ્રસંગ હોય ત્યારે થોડો ખર્ચ થાય. બાકી અમારે બીજો કોઈ લાંબો ખર્ચ હોતો નથી. છોકરાઓ અહીંથી નજીકના ગામમાં સરકારી શાળામાં ભણે છે. ત્યાં તમારા ભાઈ (પતિ) મોટરસાઈકલ પર મૂકી આવે. અમારી પોતાની મોટરસાઇકલ છે. દિવાળીના સમયમાં એક વાર નજીકના શહેરમાં જઈને અમારા માટે અને છોકરાઓ માટે કપડાં ખરીદી આવીએ. એ વખતે છોકરાઓને ફટાકડા અપાવીએ અને કયારેક એમને થોડે દૂર નજીકના મંદિરમાં કે તળાવ પાસે ફરવા લઈ જઈએ.'

એ ગ્રામ્ય સ્ત્રીની વાત સાંભળીને મારા માનસપટ પર એવા ઘણા માણસોના ચહેરાઓ ઝબકી ગયા કે જેમની પાસે કરોડો કે અબજો રૂપિયાની સંપત્તિ હોવા છતાં એ સતત રોદણાં રડતા હોય! એની સાથે એક જોક પણ યાદ આવી ગઈ.

એક શિક્ષકે વિદ્યાર્થીઓને ગરીબી વિષે નિબંધ લખી આવવાનું કહ્યું. એમણે કહ્યું કે તમે ગરીબ છો એવું ધારીને નિબંધ લખી આવજો. એ પછી એક અતિ શ્રીમંત કુટુંબનો એક વિદ્યાર્થી નિબંધ લખી આવ્યો. એ નિબંધ વાંચીને શિક્ષક બેહોશ થતાં-થતાં રહી ગયા!

એ છોકરાએ એ નિબંધમાં લખ્યું હતું કે 'અમારી ગરીબીની તો શું વાત કરું? કોઈ અમારા જેટલું ગરીબ નહીં હોય. અમારો બંગલો ગરીબ છે, અમારું ફાર્મહાઉસ ગરીબ છે,અમારો ગાર્ડન ગરીબ છે,અમારો રસોઈયો ગરીબ છે,અમારી બધી કાર ગરીબ છે,અમારા બધા ડ્રાઈવર ગરીબ છે,અમારા બધા નોકરો ગરીબ છે અને અમારા ઘરમાં બધાના મોબાઈલ ફોન પણ ગરીબ છે. ઈવન,અમારા દસેદસ બેડરૂમના, લિવિંગ રૂમના અને અમારા જિમના એરકંડિશનર્સ પણ ગરીબ છે!'

સુખ એ મનની સ્થિતિ છે. કોઈ પર્વતની તળેટીમાં ઝૂંપડામાં રહેતો માણસ સુખી હોઈ શકે છે અને મુંબઈના જુહુ, બાંદ્રા કે નેપિયન સી રોડ જેવા પોશ વિસ્તારના બંગલામાં રહેનારાઓ માનસિક અશાંતિ કે ડિપ્રેશન દૂર કરવા માટે મનોચિકિત્સકોની સારવાર લેતા હોય એવું પણ બની શકે છે.

આપણે સફળતા (અથવા પૈસા)ને અને સુખને એકબીજાના પર્યાય સમાન ગણી લેવાની ભૂલ કરતાં હોઈએ છીએ,પરંતુ વાસ્તવમાં કોઈ માણસ આર્થિક રીતે સફળ હોય એટલે તે સુખી જ હોય એવું જરૂરી નથી હોતું અને દુનિયાની દ્રષ્ટિએ કોઈ માણસ નિષ્ફળ હોય એટલે કે જેને આર્થિક સફળતા ન મળી હોય એવો માણસ સુખી હોઈ શકે છે.જેણે એક સામાન્ય કારકુન કે શિક્ષક કે લાઈબ્રેરિયન તરીકે જિંદગી વિતાવી દીધી હોય એવો માણસ પણ જિંદગી માણતો હોઈ શકે છે.

હું ઘણા એવા માણસોને મળ્યો છું કે જે આખી જિંદગી ખેતી કરીને પણ સુખની અનુભૂતિ સાથે જીવતા હોય. કોઈ એક ગામડામાં જ આખી જિંદગી વિતાવી દેનારો માણસ સુખી હોય એવું શક્ય છે. મુંબઈ જેવા શહેરોમાં તો મોટા ભાગના લોકો હાયવોય અને માનસિક તણાવ સાથે જીવતા હોય છે.ઘણા પાસે લક્ઝુરિયસ કાર હોય,વિશાળ ફ્લેટ હોય કે ભવ્ય બંગલો હોય, કેટલી બધી કંપનીઝ હોય અને વર્ષે કરોડો રૂપિયાનો કે અબજો રૂપિયાનો નફો થતો હોય, પરંતુ એમને સંતોષ નથી હોતો. એમની પાસે ભૌતિક સગવડો તો ઘણી બધી હોય છે, પરંતુ આખી જિંદગી એ સુખી નથી થઈ શકતા. પોતાની પાસે કરોડો કે અબજો રૂપિયા હોવા છતાં પિતાની મિલકતનો ભાગ લેવા માટે અથવા તો પિતાની મિલકત પડાવી લેવા માટે સગા ભાઈ કે સગી બહેનને કોર્ટમાં ઘસડી જતા હોય એવા શ્રીમંત માણસોના કિસ્સાઓનું રિપોર્ટિંગ પણ મેં કર્યું છે.

એનાથી વિપરીત, કોઈ મધ્યમવર્ગી માણસ પોતાનો ભાઈ મુશ્કેલીમાં આવે ત્યારે પોતાની ફિક્સ્ડ ડિપોઝિટ તોડીને કે પત્નીનાં ઘરેણાં વેચીને ભાઈને મદદ કરી હોય એવા કિસ્સા પણ મેં જોયા છે.

સાર એ છે કે કોઈ આર્થિક રીતે સફળ માણસની આપણે ઈર્ષા કરતા હોઈએ કે એ કેટલો સુખી છે કે એનું કુટુંબ કેટલું સુખી છે. એ વખતે આપણે ખોટા હોઈ શકીએ છીએ. એનાથી વિપરીત-કોઈ માણસ આર્થિક રીતે સફળ ન થયો હોય અને આપણે તેની દયા ખાતા હોઈએ ત્યારે પણ આપણે ખોટા હોઈ શકીએ છીએ. સુખ અને સફળતા બંને જુદાં-જુદાં છે. સફળ માણસ સુખી હોઈ શકે છે, પણ દરેક સફળ માણસ સુખી હોય જ એ જરૂરી નથી અને સુખી હોય એ માણસ સફળ જ હોય એવું પણ નથી. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@
bombaysamachar.com

# લાઈફ નામે કોમેડી, ના સમજો તો ટ્રેજેડી!



*ટાઇટલ્સઃ*
*હાસ્ય ને કરુણતા, એક સિક્કાની એક જ બાજુ!*
*(છેલવાણી)*

એક વાર મને ઘણાં ફિલ્મ સ્ટાર્સના ટીચર અને 'પૂના ફિલ્મ ઇંન્સ્ટિટયૂટ' ના શિક્ષક એવા અભિનેતા-કોમેડિયન અસરાનીએ ફિલ્મ 'ક્યુંકિના શૂટિંગ દરમિયાન વિવેકાનંદજીની એક વાત કહેલી : 'ઝિંદગીમેં કુછ ભી હો જાયે. ચૌંકના મત! '

આજે આપણી આસપાસ દેશમાં જે-જે કઇ કઇ ચાલી રહ્યું છે એ બધું ખરેખર જોક છે કે સત્ય?

કશું જ સમજાતું નથી. ન્યૂઝ ચેનલોના સાચા-ખોટા સમાચારો કે વોટ્સએપ, ફેસબૂક, ઇન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પર જાતજાતની વાતો-ચર્ચાઓ આપણને ચૌંકાવી નાખે છે!. રાજકારણ, રમૂજ અને વાસ્તવિકતાની ભેળપુરી બનીને સામે આવે છે તો આખિર આ હાસ્ય ઉર્ફ હ્યુમર અને ટ્રેજેડી છે શું?

ચલો સમજીએ ધારો કે અમેરિકન આર્મીના ટોપના અધિકારી પાસે કોઇ સંદેશો લાવે કે રશિયા, અમેરિકા પર ૧૦ મિનિટમાં અણુબોંબ નાખવા જઇ રહ્યુ છે તો એ વાતમાં ડ્રામા છે કે હવે કઇ રીતે રશિયનોને અટકાવવા? પણ જો કોઇ એવો સંદેશો લાવે બોંબ ઓલરેડી નીકળી ચૂક્યો છે અને પાંચ મિનિટમાં અમેરિકા પર ત્રાટકશે તો એમાં ટ્રેજેડી સાથે સસ્પેંસ છે! માત્ર પાંચ જ મિનિટમાં બધું ખતમ થશે, ધારો કે જો ત્યારે જ અમેરિકન વૈજ્ઞાનિકને ખૂબ ઝાડા થયા હોય, એ ટોઇલેટમાં અટકેલો હોય અને આ બોંબના સમાચાર આવે તો એણે બોંબને નિષ્ક્રિય કરવાનો છે અને જાતને વારેવારે ટોઇલેટ જતાં રોકવાનો છે તો એ કોમેડી છે.

એક જ ઘટનામાં ટ્રેજેડી અને કોમેડી વચ્ચે કેટલો નાનો ફરક છે! હાસ્યમાં કદીક બોધ કે ડંખ પણ હોય છે. એકવાર હિટલરે જયોતિષને પૂછ્યું, 'મારું મોત ક્યારે આવશે?'

જયોતિષે કહ્યુંઃ એક તહેવારને દિવસે.

હિટલરે પૂછ્યુંઃ 'કયો તહેવાર? એ કયારે આવે છે?'

જયોતિષ હસ્યો અને કહ્યું, તમે જે દિવસે પણ મરશો ત્યારે યહૂદીઓ માટે તહેવાર જ હશેને!

હિટલરના પાશવી અત્યાચારથી જેલમાં સબડતા યહૂદીઓ આવા જોક બનાવીને જેલમાં દિવસો ગુજારતા. કરૂણ પરિસ્થિતિ સામે લડવાની તાકાત એમને આવી રમૂજથી મળતી.

જયોર્જ મેરેડીથ આને 'કોમિક સ્પિરિટ' કહે છે. પ્રજાને સૌથી કરૂણ હાલતમાં પણ

હસવાથી સામૂહિક બળ મળે છે તો ફિલોસોફલર-કમ-લેખક એરિસ્ટોટલે કહ્યું છે કેઃ 'રમૂજ, કટાક્ષ કે વ્યંગ, સમાજ પર એક એનર્જીના ઇંજેકશનનું કામ કરે છે!'

*ઇન્ટરવલઃ*
*હંસને કી ચાહને કિતના મુઝે રૂલાયા હૈ?*
*કોઇ હમદર્દ નહીં દર્દ, મેરા સાયા હૈ!*
*(કપિલ કુમાર)*

એકવાર ગીતકાર સાહિર લુધિયાનવીએ સફળ નિર્દેશક યશ ચોપડાને એક ગીત સંભળાવ્યું. ચોપડાજીએ પોતાના દિલ પર હાથ મુકીને ફિલ્મી અંદાઝમાં કહ્યુંઃ 'સોરી, બાત યહાં દિલ પે લગી નહીં!' આ સાંભળીને સાહિર તાડૂક્યા, 'અબે ચોપડે.. દિલ પે લગને કે લિયે પહલે દિમાગ મેં લગની ચાહિયે!'

આમ તો આ યશ ચોપડા પરની આ તીખી મજાક છે, પણ સાહિર જેવા કવિ માટે ટ્રેજિક સિચ્યુએશન છે કે કોને કવિતા સમજાવીએ? એટલે જ તો ચાર્લી ચેપ્લિન કહેતોઃ 'કોમેડી એ લોંગશોટ(દૂરથી)માં થતી ટ્રેજેડી છે.'

દૂરથી કોઇ કેળાની છાલ પરથી લપસતો દેખાય તો એ આપણા માટે કોમેડી છે , પણ લપસી પડનાર માટે ટ્રેજેડી છે! કદાચ એટલે જ જિંદગી પંચ-લાઇન કે આખરી રમૂજ વિનાનો ક્રૂર જોક છે!

કયારેક આપણને કોમેડી કરુણતાના લિબાસમાં મળે છે યા ટ્રેજેડી હાસ્યનો મેકઅપ કરીને છેતરે છે. મહાભારતમાં મયદાનવે બનાવેલા માયાવી મહેલમાં દુર્યોધનને નીચે સ્વચ્છ, સ્ફટિક જેવું પાણી દેખાયું ને એમાં ઝંપલાવ્યું પણ ત્યાં તો જમીન હતી ને એના હાથ-પગ છોલાઇ ગયા ત્યારે દ્રૌપદીએ કહ્યુંઃ 'આંધળાનો પુત્ર આંધળો જ હોયને? ' ને દુર્યોધન સમસમી ગયો કે આનો બદલો એ લેશે. મહાભારત યુદ્ધનાં બીજ એ કટાક્ષથી રોપાઇ ગયા. દ્રૌપદીની રમૂજ, યુદ્ધની ટ્રેજેડી બની ગઇ!

કોઇ મહાન સંગીતકાર સ્ટેજ પર પિયાનો વગાડવા જાય અને સ્ટૂલ પર બેસવા જતાં ચત્તોપાટ પડી જાય તો બધાં હસી પડે , કારણકે આ સિચ્યુએશન એણે કે કોઇએ કલ્પી નહોતી. એજ રીતે સત્તાશાળી માણસ જ્યારે સ્થાન પરથી પડે ત્યારે સૌને હસવું આવતું હોય છે. પાવરફુલ માણસને પણ એ ખબર નથી કે આવું ક્યારે થશે.



વળી શાબ્દિક રમૂજનો અલગ રંગ છે. ઉર્દૂ લેખક મન્ટો કહેતો કે 'પંજાબી આદમી જબ ઉર્દૂ બોલતા હૈ તો લગતા હૈ કિ જૂઠ બોલ રહા હૈ! ' આમાં ભાષા પર ભાષા દ્વારા રમૂજ છે... આમાં મંટો માટે કોમેડી છે, પણ પંજાબી ભાષા અંગે ટ્રેજેડી છે.

અને ટ્રેજેડી? માણસ, માણસ હોવાને લીધે જ અધૂરો હોય છે. આ અધૂરપ એ જ સૌથી મોટી ટ્રેજેડી છે. શેક્સપિયરે જ્યારે ૨૦મે વર્ષે લંડનમાં થિયેટરને સમજવાનું શરૂ કર્યું ત્યારે કૂકડાની મારામારી, રીંછની રેસ અને પ્રાણીઓની લોહિયાળ વગેરે રમતોને,

ખૂની તમાશાઓને પ્રેક્ષકો ખૂબ માણતા! એ વૃત્તિને શેક્સપિયરે સમજી લીધી પછી લોહિયાળ મેલોડ્રામા-ટ્રેજેડીઓ લખી. જીવનની નિઃસહાયતા કે નિષ્ફળતાનો તમાશો જોયા કરવો એ કુદરતની મનગમતી કોમેડી છે. લાઇફ નામે કોમેડી છે જો ના સમજો તો કોમેડી છે. બેરહમ જીવન કે સત્તા સામેનો સંઘર્ષ અણગમતી ટ્રેજેડી છે, પણ ચાલો,

આપણે એનો હસતાં હસતાં કોમેડીથી જ સામનો કરીએ

આમેય બીજું કરી પણ શું શકીએ?

*એન્ડ ટાઇટલ્સઃ*
*આદમઃ કેમ હસે છે?*
*ઇવઃ એ જોઇને કે તું હજી કેટલો ખુશ છે!* ■

કરિયર


કીર્તિશેખર
feedback@
bombaysamachar.com

# નોકરીના મામલે ડિગ્રી પર ભારી પડતા ડિપ્લોમા...

ડિગ્રી અને ડિપ્લોમા વચ્ચે કયું વધુ મહત્ત્વનું છે અને કારકિર્દીની દૃષ્ટિએ કોને પ્રાથમિકતા આપવી જોઈએ? આના પર કોઈ સરળ નિષ્કર્ષ કાઢી શકાય નહીં. પરંતુ એ વાત વ્યવહારિક રીતે સાચી છે કે જો આપણને નાની ઉંમરે કોઈ પણ કારણસર નોકરીની જરૂર હોય અને આપણને કોઈ પ્રવૃત્તિમાં વધુ રસ હોય તો ચોક્કસ ડિગ્રીને બદલે ડિપ્લોમા કરવું વધુ સારું રહેશે. ડિપ્લોમા હંમેશાં એવા લોકો માટે એક મોટો સહારો રહ્યો છે જેઓ કોઈપણ કારણસર વધુ અભ્યાસ કરી શકતા નથી, પછી તે અભ્યાસમાં રસ ન હોવાને કારણે હોય કે ઘરની આર્થિક પરિસ્થિતિને કારણે. આવા લોકો માટે ડિપ્લોમા હંમેશાં સારો સહારો રહ્યો છે અને આજે પણ જો તમે માત્ર બારમા સુધી જ ભણ્યા હોવ તો પણ આ ઉચ્ચ શિક્ષિત યુગમાં એવા સેંકડો ડિપ્લોમા છે જે બારમા સુધી ભણ્યા પછી કરી શકાય છે અને તે આપણને મજબૂત કારકિર્દીની ખાતરી આપે છે.

**ડિપ્લોમાની તાકાત**

જો આપણે ઓછું ભણ્યા હોય, માત્ર બારમા સુધી જ તો નોકરી મેળવવા માટે વિવિધ પ્રકારના ડિપ્લોમા આપણા માટે અસરકારક હથિયાર બની શકે છે. ખાસ કરીને એવા લોકો માટે આ મોટી રાહત છે, જેઓ નાની ઉંમરે રોજગાર મેળવવા માગે છે અને એવા લોકો માટે પણ જેઓ એક ફિલ્ડમાં નિષ્ણાત બનવા માગે છે, કારણ કે ડિપ્લોમા ફક્ત ૬ મહિનાથી ૩ વર્ષ સુધીના સમયગાળા માટે ઉપલબ્ધ છે. તેથી, જો બારમા પછી, ૩ કે ૪ કે તેથી વધુ વર્ષ માટે ડિગ્રી કરવાને બદલે, જો આપણે ઓછામાં ઓછા સમયમાં કોઈ પ્રવૃત્તિમાં એક્સપર્ટ થઈને નોકરી જોઈતી હોય, તો આપણે ફક્ત ડિપ્લોમાને વળગી રહેવું જોઈએ. ડિપ્લોમામાં ઘણા સારા કોર્સ ઓછા ખર્ચે કરી શકાય છે, જેના કારણે આજે પણ નોકરી મળવાની ખાતરી મળે છે. ખાસ કરીને આઈટીઆઈ અથવા પોલિટેકનિકના કોર્સ ખૂબ જ ઓછી ફીમાં ઉપલબ્ધ છે અને આજે પણ તેની મદદથી સરળતાથી નોકરી મેળવી શકાય છે.



**સરકારી નોકરીઓ માટે પણ માન્યતા**

ડિપ્લોમા જોબ-ઓરિએન્ટેડ ટ્રેઇની કોર્સ હોય છે અથવા એમ કહેવાય કે ડિપ્લોમા થિયરી શીખવવાને બદલે ટ્રેનિંગ પર ભાર મૂકવામાં આવે છે, તેથી મોટાભાગની પ્રાઇવેટ કંપનીઓ ડિગ્રી ધારકોને બદલે વર્ક ટ્રેનિંગ લીધેલ ડિપ્લોમા ધારકોની પસંદગીને પ્રાધાન્ય આપે છે. પરંતુ આનો અર્થ એ નથી કે ડિપ્લોમા ધારકોને માત્ર ખાનગી ક્ષેત્રમાં જ નોકરી મળે છે. ડિપ્લોમા ધારકોની સરકારી નોકરીઓ માટે ખાસ પસંદગી કરવામાં આવે છે. ખાસ કરીને રેલવે, એસએસસી, પીએસયુ કંપનીઓ અને આર્મી વગેરેની પોસ્ટમાં ડિપ્લોમા ધારકોની પસંદગીને પ્રાધાન્ય આપવામાં આવે છે. કેટલીક ટેકનિકલ પોસ્ટ જેવી કે, જુનિયર એન્જિનિયર અને ટેકનિશિયન પોસ્ટ પર માત્ર ડિપ્લોમા ધારકોને જ રાખવામાં આવે છે.

**ઉચ્ચ શિક્ષણના દરવાજા બંધ નથી**

જો કોઈ મજબૂરીને કારણે તમે તમારી કારકિર્દીની શરૂઆતમાં ડિગ્રી મેળવી ન શક્યા અને આ રીતે ડિપ્લોમા પૂર્ણ કર્યા પછી નોકરી કરવા લાગ્યા હોય, તો તેનો અર્થ એ નથી કે તમારા માટે ઉચ્ચ શિક્ષણના દરવાજા હંમેશાં બંધ થઈ ગયા છે. ઉચ્ચ શિક્ષણની ડિગ્રી હજુ પણ તમારા માટે ખુલ્લી છે. તમે નોકરીમાંથી બ્રેક લઈને ગમે ત્યારે તમારો ડિગ્રી અભ્યાસ પૂર્ણ કરી શકો છો. અને હા, આ કિસ્સામાં ડિપ્લોમા અડચણરૂપ નહીં બને, મોટાભાગની જગ્યાએ મદદરૂપ થશે. ઉદાહરણ તરીકે, જો તમે પોલિટેકનિક ડિપ્લોમા પછી લેટરલ એન્ટ્રી દ્વારા બી.ટેક. માં એડમિશન લેવા માંગતા હો, તો તમને બીજા વર્ષમાં સીધો પ્રવેશ મળે છે, એટલે કે, તમને પ્રાધાન્ય આપવામાં આવે છે અને એક વર્ષનો ગ્રેસ પણ આપવામાં આવે છે. ડિપ્લોમા પછી, તમે અન્ય વિદ્યાર્થીઓની જેમ ગ્રેજ્યુએશન કરી શકો છો અને બી.ટેક, જેવી ડિગ્રીમાં તમારે અન્ય વિદ્યાર્થીઓ કરતાં એક વર્ષ ઓછો અભ્યાસ કરવો પડે છે.

**કયા ક્ષેત્રોમાં ડિપ્લોમાની માગ છે**

ઘણા ક્ષેત્રોમાં, ડિગ્રી કરતાં ડિપ્લોમા અને સર્ટિફિકેટ કોર્સ કરનારા લોકોની માગ વધુ છે. ઉદાહરણ તરીકે, પેરામેડિકલ સાયન્સના ક્ષેત્રમાં ઘણા ડિપ્લોમા કોર્સ છે જેમ કે રેડિયોલોજી, ડાયાલિસિસ ટેકનિશિયન અને ઓટી ટેકનિશિયન. આ તમામ ડિપ્લોમા સરકારી મેડિકલ કોલેજો અને પ્રાઈવેટ પેરા-મેડિકલ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા શીખવવામાં આવે છે અને અહીં નિયમિત ડિગ્રીની સરખામણીએ દોઢ થી ત્રણ વર્ષ જેટલો ઓછો સમય લાગે છે, ઉપરાંત ડિપ્લોમા મેળવતાની સાથે જ રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૩૦,૦૦૦ ની નવી નોકરીઓ તમારી રાહ જોવે છે. ટેક્નિકલ ડિપ્લોમાની પણ આ જ સ્થિતિ છે. ખાસ કરીને આઇટીઆઇ કોર્સ જેમાં ઇલેક્ટ્રિશિયન, ફિટર, પ્લમ્બર, મિકેનિક, વેલ્ડર વગેરેનો સમાવેશ થાય છે. અહીં પણ ૧૫ થી ૨૫ હજાર રૂપિયા પ્રતિ માસની નોકરી સરળતાથી મળી જાય છે. આઇટીઆઇ ડિપ્લોમા ધારકોને ખાસ કરીને સરકારી સંસ્થાઓમાં પણ પ્રાધાન્ય મળે છે. આ જ ક્રમમાં, ડિજિટલ માર્કેટિંગ અને ગ્રાફિક ડિઝાઇનમાં પણ ઉત્તમ કારકિર્દી ઉપલબ્ધ છે અને તે પણ માત્ર ૬ થી ૧૨ મહિનાનો ડિપ્લોમા પૂર્ણ કર્યા પછી. ડિજિટલ માર્કેટિંગ અને ગ્રાફિક ડિઝાઇનિંગમાં ડિપ્લોમા કર્યા પછી નોકરીની જેટલી તકો છે, તેના કરતાં વધુ સારી તક ફ્રીલાન્સિંગની છે. ઘણી કંપનીઓ એવા લોકોને નોકરી આપવા માંગે છે જેમણે ડિજિટલ માર્કેટિંગ અને ગ્રાફિક ડિઝાઇનિંગના કોર્સ કર્યા છે. અહીં પણ શરૂઆતી પગાર ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ મહિનાથી લઈને ૪૦,૦૦૦ રૂપિયા પ્રતિ મહિના સુધી મળી જાય છે. હોસ્પિટાલિટી અને હોટેલ મેનેજમેન્ટમાં પણ એક થી ત્રણ વર્ષના આવા ઘણા મહત્ત્વના ડિપ્લોમા કોર્સ ઉપલબ્ધ છે, જે કર્યા પછી, ખાસ કરીને હોસ્પિટાલિટી ઇન્ડસ્ટ્રી તમારું ખુલ્લા હાથે સ્વાગત કરશે, કારણ કે આ ક્ષેત્રમાં ડિપ્લોમા ધારકોની માગ માત્ર હાલમાં જ નહીં પરંતુ આવતા એકથી દોઢ દાયકા સુધી યથાવત રહેશે. ઉદાહરણ તરીકે, હોટેલ્સ, ક્રૂઝ, એરલાઇન્સ અને રેસ્ટોરન્ટ્સ, આ એવા ક્ષેત્રો છે જ્યાં હોટેલ મેનેજમેન્ટ અને હોસ્પિટાલિટી તમને એક મહત્ત્વપૂર્ણ અસેટ બનાવે છે. હવે તે તમારા પર નિર્ભર છે કે તમે આ પરિસ્થિતિઓનો કેટલો ફાયદો ઉઠાવી શકો છો. બોટમ લાઇન એ છે કે આજે પણ ઘણા ક્ષેત્રોમાં ડિપ્લોમા ધારકોની માગ ડિગ્રી ધારકો કરતાં ઘણી વધારે છે. તેથી, જો તમને નાની ઉંમરે ડિપ્લોમા કરવાની તક મળે, તો તેને ચૂકશો નહીં, પછીથી કોઈ અન્ય ક્ષેત્રમાં જવાનું ખૂબ જ સરળ રહેશે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




બસ્તા શેઠ અને મોતીના સમાચારે આદિલ ખાનને ચોંકાવી દીધો હતો. એણે રઝાકને ફોન કર્યો.

‘રઝાકભાઈ મૈં યે ક્યા સૂન રહા હું.?’

‘સચ સૂના તુમને. દોનોં કે બીચ ઝઘડા હુઆ. દોનોં ને એક દુસરે પે ગોલી ચલાઇ. દોનોં ખતમ.’ રઝાકે કહ્યું. પછી મનમાં બબડ્યો કે ‘સાલ્લા તૂ યહાં હોતા તો તુઝે ભી ખતમ કર દેતા.’

‘રઝાકભાઈ ઉનકે પાસ રિવોલ્વર આઇ કહાં સે.?’ આદિલ ખાને શંકા બતાવી. આમેય એને સમાચાર મળ્યા પછી કાંઇક ગરબડ હોવાની શંકા હતી જ.

‘તું પુલીસવાલે કી તરહા ઇતની ઇન્ક્વાયરી ક્યું કર રહા હૈ.? તુઝે જાનને કી ઇતની પડી હૈ તો યહાં આ કર છાનબીન શરૂ કર.?’ રઝાકના જવાબથી આદિલ ખાનની શંકા ઓર વધી ગઇ.

‘નહીં રઝાકભાઈ મૈંને એસે હી પૂછ લિયા. દોનોં અપને બંદે થે ઇસલિયે દુઃખ હુઆ.’ ખુદા હાફિઝ કહીને ફોન મૂક્યો. સચ્ચાઇ જાણવાની એની ઇચ્છા મનમાં જ રહી ગઇ. રઝાકની ઉપરવટ જઇને એ ભાઈને ફોન કરવાની હિંમત કરી શકે એમ નહતો.

**************

એસીપી મોરે સાંજે એક્ટર્સ અડ્ડામાં કોફી પીતા બેઠા હતા. એમની નજર સત્યદીપ ચૌબેને શોધતી ચારેબાજુ ફરી રહી હતી. અચાનક બાજુના ટેબલ પરથી અવાજો શરૂ થયા.‘ચૌબેજી આ ગયે....ચૌબેજી આ ગયા.’

એસીપી મોરે ચૌબેને આવકારવા તૈયાર જ હતા. ચૌબેને એમના શિષ્યો ઘેરી વળે તે પહેલા એમણે એમને આંતરી લીધા.

‘નમસ્કાર ચૌબેજી. મૈં એસીપી મોરે. આપસે અભિનય શ્રીવાસ્તવ મર્ડર કેસ કે બારે મેં કૂછ બાત કરની હૈ.’ ચૌબેજીએ સાદા ડ્રેસમાં આવેલા મોરેને નાકની દાંડી પર અટકેલા ચશ્માંમાંથી ધ્યાનથી જોયા.

‘કહીએ ક્યા બાત કરની હૈ.?’ ચૌબેજી મોરેને ખૂણાના એક ટેબલ પર લઇ ગયા.

‘આપને અભિ કી ઇન્ટરવલ તક કી વો ફિલ્મ દેખી હૈ.?’ મોરેએ બેસતાંવેંત આસપાસ નજર કરીને પૂછ્યું.

‘જી દેખી.’ ચૌબેજી મોરેના આગમન અને સવાલો વિશે વિચારી રહ્યા હતા.

‘ઇન્ટરવલ સે પહેલે અભિ કી હત્યા હો જાતી હૈ....શો કે બાદ અભિ ઘર પહોંચા, જહાં ઉસકા મર્ડર હો ગયા ઔર ફિલ્મ અધૂરી રહ ગઇ.’ મોરેએ કહ્યું.

‘દુઃખ ફિલ્મ અધૂરી રહે ગઇ ઉસકા નહીં. દુઃખ ઇસ બાત કા હૈ કી અભિ કા મર્ડર હુઆ.’

‘ચૌબેજી, ક્યા આપકો યે પતા થા કી અભિને ફિલ્મ કી પુરી સ્ક્રિપ્ટ લિખી નહીં થી.?’

‘નહીં...મુઝે પતા નહીં. અગર ઉસને નહીં લિખી તો કિસી સે લિખવાઇ હોગી.’ ચૌબેજીએ કહ્યું.

‘ટંડન, મહિન્દર મોહન ઔર સુખી ગુલાટી’ કિસીને ભી નહીં લિખી.

‘આપ અભિ કે ખૂની કો ઢૂંઢ રહે હો યા સ્ક્રિપ્ટ કો.?’

‘દોનોં કો....ચૌબેજી, મૈં સસ્પેન્સ ફિલ્મેં બહુત દેખતા હું...યે ફિલ્મ દેખ કર મેરી જિજ્ઞાસા બઢ ગઇ હૈ કી ઇન્ટરવલ કે બાદ ક્યા હોતા હોગા. અભિ કી હત્યા કિસને કી હોગી....સ્ક્રિપ્ટ મિલ જાતી તો પતા ચલતા....મજા આ જાતા.’

‘મોરે સાહબ, મેરે લિયે હત્યા કિસને કી હૈ ઇસ સે ભી ઝ્યાદા મહત્ત્વપૂર્ણ બાત....એક અચ્છે કલાકાર કી મૌત હૈ. હમને એક બડે કલાકાર કો ખો દિયા હૈ.’

‘ચૌબેજી, મૈં આપકા દર્દ સમજતા હું. ઇસલિયે મુઝે આપકી મદદ ચાહિયે.’

‘મૈં ક્યા મદદ કર સકતા હું.?’ થોડી ક્ષણો પહેલાંની ચૌબેજીની ભીની આંખોમાં હવે વિસ્મય હતું.

‘આપકો ઇન્ટરવલ કે બાદ કી ફિલ્મ કી સ્ક્રિપ્ટ લિખની હૈ.’

‘મોરે સાહબ, આપ શાયદ યે સોચતે હો કી મેરી સ્ક્રિપ્ટ પર સે ખૂની કો પકડના આસાન હોગા. અભિ કી ફિલ્મ ઓટોબાયોગ્રાફિકલ હૈ, ઇન્ટરવલ કે બાદ કી સ્ક્રિપ્ટ ફિક્શન હો સકતી હૈ.’

‘ચૌબેજી, અભિ કા મર્ડર કોઇ ફિક્શન નહીં હૈ, એક હકીકત હૈ. આપકો અભિ કી ફિલ્મ કી સચ્ચાઇકો....ઉસકી બાયોગ્રાફીકો ધ્યાન મેં લે કર સ્ક્રિપ્ટ લિખની હૈ.’

‘મતલબ આપ આપકી ઇન્ક્વાયરી બંધ કર કે મેરી લિખી હુઇ ફિક્શનલ સ્ક્રિપ્ટ કો ફોલો કરેંગેં.’

‘ચૌબેજી, મુઝે યે જાનના હૈ કી અભિ કી બાયોગ્રાફિકલ ફિલ્મ કા ફિક્શનલ રૂપ કેસા હો સકતા હૈ. આપકી કલ્પના કે હિસાબ સે લોજિકલી કાતિલ કૌન હોગા.’

‘મોરે સાહબ, આપકી સૌચ ઔર ઓફર દોનોં ક્રિયેટીવ હૈ.’ ચૌબેજીએ કહ્યું.

‘ચૌબેજી, મુઝે બાયોગ્રાફી ઔર ફિક્શન દોનોં કો જોડ કર અભિનય શ્રીવાસ્તવ કી સચ્ચી કહાની કા અંત લાના હૈ. ધી એન્ડ.’

‘ફિક્શન ઔર નોન-ફિક્શન કે બીચકી રેખા બહુત પતલી ઔર નાઝુક હોતી હૈ મોરે સાહબ. ફિક્શન કબ નોન-ફિક્શન બન જાયે ઔર નોન-ફિક્શન કબ ફિક્શન હો જાયે કભીકભી ઇસ બાત કા પતા ખુદ લેખક કો નહીં ચલતા. આપ ઉસ તંગ દોર પર ચલને કી કોશિશ કર રહે હો ઇસ બાત કો યાદ રખના.’

**********************

**‘ચૌબેજી, મુઝે યે જાનના હૈ કી અભિ કી બાયોગ્રાફિકલ ફિલ્મ કા ફિક્શનલ રૂપ કેસા હો સકતા હૈ. આપકી કલ્પના કે હિસાબ સે લોજિકલી કાતિલ કૌન હોગા.’**

એસીપી મોરે જ્યારે ચૌબેજી સાથે બેસીને ફિલ્મના શેષ ભાગની ચર્ચા કરતા હતા ત્યારે શિંદે અશોક ટંડનની ઓફિસમાં બચુભાઈની મદદથી ટંડનની હાજરીમાં જ ફિલ્મની ઇન્ટરવલ પછીની ફિલ્મની સ્ક્રીપ્ટ શોધતો હતો.

‘અરે શિંદે સાહબ, મેરી બાત માનિયે કોઇ સ્ક્રિપ્ટ નહીં હૈ.’

‘તૂ તો ફિલમ ડારેક્ટર હૈ....ઇતના તો સમજતા હૈના કી બિના લિખે કભી ફિલ્મ બનતી નહીં.’

‘હાં સબ સમજતા હું લેકિન યે ફિલ્મ ઐસે હી બનાઇ હૈ’ અશોક ટંડન બચાવ કરવા લાગ્યો ને મનોમન પોતાને ગાળો ભાંડવા માંડ્યો કે મારા ભોગ લાગ્યા કે મેં અભિની ફિલ્મનું ડિરેક્શન કર્યું.

બચુભાઇએ બચાવ પક્ષના વકીલની જેમ પોતાનો તર્ક કામે લગાડ્યોઃ ‘સાહબ, એસા સમજો કી યે ફિલ્મ એક્સપેરિમેન્ટલ હૈ.’

‘ઓ મેન્ટલ, તૂ ચૂપ રહે.’ શિંદેએ કહ્યું. બચુભાઇ ચૂપચાપ કબાટમાંથી ફિલ્મી પટકથાઓની ફાઇલો કાઢવા માંડ્યો.

*************

‘સીમાદેવી, આપકે લિયે એક બેડ ન્યૂઝ હૈ. મોતીબાબુ ઔર બસ્તા શેઠ કા મલેશિયા મેં મર્ડર હો ગયા.’ સીમાનું આખું શરીર ઠંડું પડી ગયું. એણે બસ્તા અને ચંદનના ધંધા વિશે મોરેથી છૂપાવ્યું હતું. એણે પોતે બસ્તાને મળીને મોતીને દૂર રાખવાનું કામ સોંપ્યું હતું. મોરેની સામે હવે આખો મામલો ખુલ્લો પડી જશે. એણે મોં પર તંગદિલ રેખાઓ ઊપસવા ન દીધી.

‘ઓહ.....મોતી, બહુત સીધાસાદા ઇન્સાન થા.’

‘બસ્તા શેઠ કે બારે મેં કૂછ નહીં બોલોગી. તુમ્હારા પહેલા પતિ ચંદન ઉસકે લિયે કામ કરતા થા. યે બાત આપને પહેલે ક્યું નહીં બતાઇ.?’

‘સાહબ, મૈં નહીં ચાહતી થી કી ચંદન કે બેકગ્રાઉન્ડ કા મેરે નયે જીવન પર કોઇ અસર પડે.’

‘દોનોં કા મર્ડર કિસને કિયા?’ સીમાએ પૂછ્યું.

‘હબીબભાઈ નામ કે અન્ડરવર્લ્ડ કે આદમી કે મર્ડર મેં ઉન દોનોં કા નામ બહાર આયા થા. પુલીસ સે બચને કે લિયે મલેશિયા ભાગ ગયે. દોનોં કે બીચ કૂછ તો હુઆ....જિસ કો લેકર દોનોં ને એક દૂસરે કો ગોલી માર દી.’

મોરેએ જાણીબુઝીને હબીબભાઇની વાત ઉપજાવી કાઢી હતી. સીમા વિચારવા લાગી કે બંને વચ્ચે કઇ વાતે ઝઘડો થયો હશે જેણે બંનેનો જીવ લીધો.

‘ક્યા અભિ કે મર્ડર કે સાથ દોનોં કે મર્ડર કા કોઇ સંબંધ હૈ.?’ સીમાએ પૂછ્યું.

‘લગતા તો નહીં.....સીમાદેવી, અભિ અપને ખુદ કે જીવન પર ફિલ્મ બના રહા થા ક્યા આપકો પતા થા.?’

‘ફિલ્મ...નહીં, મુઝે બિલકુલ પતા નહીં.’

‘કમાલ હૈ’ મોરેએ આશ્ચર્ય વ્યક્ત કર્યું. ‘ઉસ ફિલ્મ કી સ્ક્રિપ્ટ ઘર મેં કહીં હોગી.’

‘સ્ક્રિપ્ટ.? મુઝે કૂછ પતા નહીં ઇસ કે બારે મેં. અભિને ઇતની બડી બાત મુઝસે છુપાઇ.’ સીમા બહુજ ધીમેથી બોલી.

‘આપકા પતિદેવ ભેદી આદમી થા. કિસસે ક્યા બાત છૂપાની હૈ ઔર કિસસે કહેની હૈ યે અચ્છી તરહા સમઝતા થા. અપને સેક્રેટરી અકબર સે છૂપાઇ, મૈં સમઝ સકતા હું, લેકિન આપ તો પત્ની હો આપસે ભી.?’ મોરે આગળ બોલે તે પહેલાં સીમાએ કહ્યુંઃ ‘નહીં મૈં નહીં માનતી. સાહબ, ફિલ્મ પુરી ફિક્શનલ હો સકતી હૈ.’

‘સીમાદેવી, ફિલ્મ એક સચ્ચી કહાની હૈ.....હરએક કેરેક્ટર, હરએક ઘટના...સબકૂછ...ઉસકે જીવન કા હિસ્સા હૈ.’

‘મુઝે ફિલ્મ દેખની હૈ.’ સીમાએ કહ્યું.

‘નહીં....જબતક ફિલ્મ કી સ્ક્રિપ્ટ નહીં મિલ જાતી તબતક યે ફિલ્મ કોઇ નહીં દેખ સકતા. ફિલ્મ કે રીલ્સ મેરે કબ્જે મેં હૈ.’

‘ઓહ...તો આપ ખૂની કો છોડકર ફિલ્મ કી સ્ક્રિપ્ટ ઢૂંઢને મેં લગે હો.

દેખ લિજિયે.....તલાશ કિજિયે..’ સીમાએ કંટાળીને કહ્યું. એને એસીપી મોરેની આવી બેહૂદી કાર્યપદ્ધતિ પસંદ પડી નહોતી.

********************

અકબર પીઆરે સીમાના કહેવાથી અશોક ટંડનની ઓફિસમાં એક મીટીંગ બોલાવી જેમાં ફિલ્મના શોમાં હાજર રહેલા સુખી ગુલાટી, મહિન્દર મોહન અને ચૌબેજી હતા.

‘અભિ અપને જીવન પર કોઇ ફિલ્મ બના રહા થા યે બાત આપ લોગોને મુઝે ક્યું નહીં બતાઇ.?’ સીમાએ પૂછ્યું.

અકબરે કહ્યુંઃ ‘મુજે લગા અભિને આપકો બતાયા હોગા.’

‘અશોકભાઈ આપ તો ફિલ્મ ડિરેક્ટર થે... આપને ભી નહીં બતાયા...ઇસ ફિલ્મ કી કોઇ સ્ક્રિપ્ટ હૈ?’

‘કોઇ સ્ક્રિપ્ટ લિખી નહીં ગઇ થી,’ ટંડને કહ્યું.

‘સુખીજી,,,,મહિન્દરજી....ચૌબેજી, આપકો પતા હૈ...આપને લિખી હૈ.

‘નહીં હમને લિખી નહીં ઔર પતા ભી નહીં.’ ત્રણેયે કહ્યું.

‘અશોકભાઈ, ક્યા હૈ ઇસ ફિલ્મ મેં?’

‘અભિ કે મર્ડર તક કી પુરી કહાની ઇસ ફિલ્મ મેં હૈ’ અશોક ટંડને કહ્યું.

‘હાં, વો બમ્બઇ મેં આયા.....આપકે ઘર મેં રહા..ચંદન ઔર બસ્તા કા ધંધા...બબલુ કો રૂમ મેં રખના....અભિ કે સાથ આપકે સંબંધ...શાદી...અભિ કે મર્ડર તક...સબકૂછ હૈ.’ અકબરે કહ્યું.

‘મુઝે યે ફિલ્મ દેખની હૈ.’ સીમાએ કહ્યું.

‘એસીપી મોરેને ફિલ્મ કે ડિબ્બે અપને કબ્જે મેં લે લિયે હૈ.’ ટંડને કહ્યું.

‘આપકે પાસ દુસરી પ્રિન્ટ હોગીના?’ સીમાએ પૂછ્યું.

‘નહીં....એક હી પ્રિન્ટ થી.’ ટંડને જવાબ આપ્યો.

‘હમારે પાસ પ્રિન્ટ નહીં ઔર સ્ક્રિપ્ટ ભી નહીં. ઔર આશ્ચર્ય કી બાત તો યે હૈ કી એસીપી મોરે ખૂની કો નહીં સ્ક્રિપ્ટ ઢૂંઢ રહે હૈ.’ સીમાએ કહ્યું.

‘ચૌબેજી, ફિલ્મ દેખને કે બાદ એસીપી મોરે આપકા એડ્રેસ પૂછ રહે થે.

કૂછ બાત હુઇ ક્યા આપસે.?’ અશોક ટંડને પૂછ્યું.

‘સસ્પેન્સ. હમારે બીચ ક્યા બાત હુઇ યે મૈં આપલોગોં કો નહીં બતા સકતા.’ ચૌબેજીએ નાક પરથી ચશ્મા સહેજ ઊંચા કરતાં નાટકીય ઢબે કહ્યું. અકબર, અશોક ટંડન, સુખી ગુલાટી, મહિન્દર મોહન અને સીમા એકબીજાની સામે જોતા રહી ગયા.’ (ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# બ્રેવ ગર્લ



ચેતનભાઈ દોશી તેમના પ્રોફેસર પત્ની મેઘના અને આઠ વર્ષની અનુજા પણ બેઠી હતી. આજે તો વિક્રમકાકા પણ આવ્યા હતા. બધાના મનમાં એક જ વાત હતી કે આ આતંકીઓને તો આકરી સજા જ કરવી જોઈએ.

અરે, આવા આતંકીઓને તો દેખો ત્યાં ઠાર કરવાના, એ લોકોએ આપણા માસૂમ પ્રજાજનોને નિર્મમતાથી માર્યા છે. પ્રવાસીઓને આ અચાનક મોતના તાંડવને જોઈને શું થયું હશે? મેઘનાએ કહ્યું.

સુરક્ષાકર્મીઓની મદદ મળી ખરી પણ ઘણી મોડી. તે પહેલાં લગભગ ૨૮ પ્રવાસીઓએ પોતાના જાન ગુમાવ્યા હતા. વિચાર કરો ત્યાં હાજર હશે તે બધા કેટલા ભયભીત થયા હશે, જીવ બચાવવા કેવા ભાગ્યા હશે ! વિક્રમકાકાની આંખોમાં આક્રોશ અને હાથના હાવભાવ જોઈને નાની દીકરી અનુજા તેની મોમના પડખામાં ભરાઈ ગઈ.

‘મને ખાતરી જ છે મોદી સરકાર આતંકીઓ સામે કડક પગલાં લેશે. પણ, નાગરિકો તરીકે આપણે પણ આવા આતંકીઓનો સામનો કરવા સરકારને મદદ કરવી જોઈએ. ખોટી અફવા ન ફેલાવીએ અને કોઈ આતંકીઓને છુપી રીતે સપોર્ટ પણ ન કરીએ.’ ચેતને કહ્યું.

‘પણ, ચેતન, મીડિયામાં પણ સરકારી સ્ટ્રેટેજી કે કાર્યવાહી અંગે કંઈ પણ બતાવવું ન જોઈએ. તેનાથી આતંકીઓ સતર્ક થઈ જાય અને એ ઓપરેશન સફળ ન થઈ શકે. વળી લોકોમાં દહેશત ફેલાઈ જાય.’ વિક્રમભાઈએ કહ્યું.

‘અરે, આતંકીઓના કબજામાં આવેલા લોકોની ભયાવહ સ્થિતિ સાંભળીને આપણને થાય કે આ નિર્દોષ લોકોનો શો વાંક?’ કહેતા મેઘનાની આંખમાં આંસુ આવી ગયા.

‘મોમ, પ્લીઝ ટેલ મી વોટ હેપન્ડ?’ નાની અનુજા પણ રડવા જેવી થઈ ગઈ.

ત્યાં જ ટી.વી પર આતંકીઓની ભોગ બનેલી મહિલા કોઈ નેતાને કહી રહી હતી-‘મેં મારા હાથે મારા પતિના અગ્નિસંસ્કાર કર્યા છે, અને એની અગ્નિજ્વાળામાં જ મેં પ્રણ લીધો છે કે એ આતંકીઓને હું આકરી સજા કરાવીશ. એને નહીં છોડું. સાહેબ, તમે મને ન્યાય આપાવો. મેં મારા પતિને મારી નજર સામે ગોળીથી વિંધાતા અને છેલ્લો શ્વાસ લેતા જોયો છે. વો નિર્લજ્જ-નિર્મમ આતંકી ગોલીઓસે મારકર નરપિશાચ કૈસા હસ રહા થા!’ આટલું બોલતામાં એનું ગળું રૂંધાઈ ગયું.

‘ક્યા, વહાં સુરક્ષા નહીં મિલી?’ ત્યાં હાજર રહેલા કોઈ એક જણે પૂછ્યું.

‘સુરક્ષાકર્મી આયે થે મગર ઉસકે પહેલે તો મૈં સબકુછ હાર ચૂકી થી. સાત-આઠ આર્મી ઔર તીન બડે સાહબ થે-ઉન્હોંને પૂછતાછ કી, ફોટોગ્રાફરને અપના કામ કિયા.’

‘મોમ, મારી ફ્રેન્ડ તન્વીના ડેડી પણ આર્મીમાં છે, એ કાશ્મીર ગયા છે, એમને કંઈ નહીં થાય ને ?’- અનુજાએ રડમસ ચહેરે પૂછ્યું.

અનુ, તન્વીના ડેડી તો આર્મી ઓફિસર છે. એ તો આ લોકોને પકડીને જેલમાં નાખશે.

‘પણ, પેલા લોકો ગન લઈને આવે તો?’

એમની પાસે પણ ગન હોય અને સાથે બીજા આર્મીમેન હોય-

‘મોમ, આય એમ સ્કેર્ડ. અમારી સ્કૂલમાં એક મિસ કહેતા હતા કે હવે વોર થશે. એ લોકો મશીનગન ચલાવીને શા માટે આવું કરે છે?’ અનુજાએ કહ્યું.

‘આપણે ગયા વર્ષે કાશ્મીર ગયા હતા ને, કેવું બ્યુટીફુલ છે. એમને કાશ્મીર જોઈએ છે. કાશ્મીર એ આપણા ઈંડિયામાં છે, આપણું છે. આપણે શું કામ આપીએ? તે દિવસે આપણે વાઘા બોર્ડર જોવા ગયા હતા ને, ત્યાં આપણા ઈંડિયન આર્મી હતા. એ લોકો આપણા દેશની રક્ષા કરે છે.’ મોમે સમજાવ્યું.

‘મોમ, એ લોકો મુંબઈમાં પણ આવશે? અને ગન ચલાવશે તો? અહીં પણ વોર થશે તો?’

‘અનુજા તું તો મારી બ્રેવ ગર્લ છે. વી વીલ ફાઈટ. ડોન્ટ વરી.’

‘અનુજા, તને ખબર છે આપણા મહારાષ્ટ્રમાં એક વીરાંગના હતી, એનું નામ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, એણે પોતાના રાજ્યનું રક્ષણ કરવા પોતાના આઠ મહિનાના બાળકને પીઠ પર વીંટાળીને, ઘોડા પર બેસીને અંગ્રેજ સિપાહીઓ સામે હિંમતથી લડી હતી. તેણે ગોરા સિપાઈઓને કહી જ દીધું કે મેરી ઝાંસી મૈં નહીં દૂંગી. આપણે પણ આ આતંકવાદીઓથી ગભરાવવાનું નહીં. અને કહી જ દેવાનું કાશ્મીર હમારી જાન હૈ.’ ચેતનભાઈએ દીકરીને હિંમત આપતાં કહ્યું.

હવે ટી.વી પર આતંકીઓના હુમલાના બીજા ન્યૂઝ પ્રસારિત થતા હતા. આતંકવાદીઓના ઓથાર તળે ભરબજારમાં અચાનક હોકારા સંભળાયા- દુકાને બંધ કરો, જાન જોખમ મેં હૈ, અપની જાન બચાઓ.

એક ટોળાને બાનમાં લઈને એક ખૂંખાર આતંકીએ પૂછ્યું- આજાન પઢને કો આતા હૈ? પઢો. નહીં તો ... આગળ બેઠેલા સાત-આઠ પુરૂષોએ જાન બચાવવા આંખ બંધ કરી આજાન પઢવાનો ડોળ કર્યો. જરા દૂર ઊભેલા ટોળામાંની સ્ત્રીઓ ભયથી કાંપી રહી હતી. તેમણે પોતાના કપાળ પરનો ચાંદલો કાઢી નાખ્યો અને એ બધા પણ જોર-જોરથી અલ્લાહુ-અકબર બોલવા લાગ્યા કે જેથી આતંકી બંદૂક ન ચલાવે. પણ એ નિર્દયે બંદૂક તાણી જ અને બે જણાનો ભોગ તો લીધો જ. વિક્રમભાઈએ કાલે જોયેલી વીડિયો સ્ટોરીને આધારે કહ્યું.

ત્યાંજ ચેતનભાઈએ બોલી ઉઠ્યા- કે મોદી સરકાર આનો જડબાતોડ બદલો લેશે. આખરે તો રાષ્ટ્રની સુરક્ષાનો અને આપણી નિર્દોષ પ્રજાનો સવાલ છે.

ત્યાં જ વડા પ્રધાન મોદીનો મનકી બાત કાર્યક્રમ શરૂ થયો. ગંભીર આતંકી હુમલા સામે સિંહગર્જના કરતાં વડા પ્રધાને કહ્યુઃ- ભાઈઓ ઔર બહેનો જરાભી મત ગભરાના. હમ સબ સાથ હૈ. ઈંટ કા જવાબ પથ્થરસે દેંગે.

ઈંડિયા વીલ નેવર બ્રેકડાઉન. ભારત એક અખંડ રાષ્ટ્ર છે. તમામ દેશવાસીઓ અને આખા વિશ્વને કહેવા માગું છું કે ઈંડિયા વીલ આયડેન્ટિફાય એન્ડ પનીશ એવરી ટેરેરીસ્ટ. કોઈ પણ આતંકીને બક્ષવામાં નહીં આવે. અમે ત્વરિત અને નિર્ણયાત્મક ઝડપી પગલાં લઈશું. તમે ખાતરી રાખજો કે પીડાગ્રસ્તોને ન્યાય મળશે. આતંકીઓએ દેશની શાંતિ અને સુરક્ષા સામે પડકાર ફેંક્યો છે.

ભારતની આત્મા પર હુમલાનું દુઃસાહસ કરનાર આ આતંકીઓનો આપણે કારગિલથી કન્યાકુમારીમાં રહેતા દરેક ભારતીયજનો આવા સંકટકાળમાં એકજૂટ થઈને આતંકીઓનો સામનો કરીશું.

આ રાષ્ટ્રજોગું પ્રવચન સાંભળતા અને વડા પ્રધાનના જુસ્સાભરી પ્રેરકવાણી સાંભળીને ચેતનભાઈ બોલ્યાઃ- ‘યસ- ઈંડિયા વીલ નેવર બ્રેકડાઉન- નો વન કેટ બીટ ઈંડિયા. અને નાની અનુજા પણ બોલી ઉઠીઃ- ‘પપ્પા, હું પણ હવે જરા ય નહીં ડરું. મોટી થઈને હું પણ દેશની સુરક્ષા માટે આર્મીમાં જઈશ. નો વન કેન બીટ માય ઈંડિયા.’ ■

વિશેષ પ્લસ

રશ્મિ શુક્લ
feedback@bombaysamachar.com

# મનનો અરીસો છે આપણી આંખ

આપણી આંખો ન માત્ર આપણને વિશ્વ સાથે પરિચય કરાવે છે, પરંતુ તે આપણા દિમાગનો અરીસો પણ છે. આજે તમને જણાવીશું કે આપણી આંખની કીકીની સાઈઝ દર્શાવે છે કે કેટલી યાદોનો ખજાનો છુપાયેલો છે અને આપણે ઊંઘતા હોઈએ ત્યારે પણ એ પ્રક્રિયા ચાલતી રહે છે. એ વિશે તાજેતરમાં જ શોધ થઈ છે. વૈજ્ઞાનિકોએ આંખની કીકીના કદ અને જૂની-નવી યાદોને બ્રેઇન કઈ રીતે બેલેન્સ કરે છે એની શોધ કરી છે.


આંખની કીકી અને મગજ વચ્ચે શું સંબંધ છે?

શું તમે ક્યારે પણ એ વાત નોંધી છે કે વિવિધ લાગણીઓ વ્યક્ત કરતી વખતે આંખની કીકીની સાઈઝમાં પરિવર્તન આવે છે. સામાન્ય સ્થિતિમાં વ્યક્તિ જ્યારે ઊંઘતી હોય ત્યારે કીકીનું કદ બદલાય છે. એ દેખાડે છે કે તમારું દિમાગ યાદોની પ્રક્રિયા કઈ રીતે કરી રહ્યું છે. તમે ઊંઘતા હોવ ત્યારે કીકી નાની અને મોટી થાય છે, જે તમારા દિમાગનું પ્રતિબિંબ તમારા અગાઉના અનુભવ પ્રમાણે થાય છે.

ન્યૂરોસાઇન્ટિસ્ટ મુજબ જૂની યાદોનું સ્થાન નવી યાદો લે છે. તમારું મન ભૂતકાળ અને વર્તમાન વચ્ચે કેવી રીતે સુમેળ સાધે છે એનાં પર કીકી બારીકાઈથી નજર રાખે છે.

શું છે REM- નોન REM?

આપણે જ્યારે ઊંઘતા હોઈએ ત્યારે આપણે બે તબક્કામાંથી પસાર થઈએ છીએ.



એમાં એક છે REM એટલે રેપિડ આઈ મૂવમેન્ટ એટલે ઝડપી આંખની ગતિ. બીજું છે નોન REM એટલે આંખની ગતિ ઝડપી ન હોવી. શારીરિક પુનઃ સ્થાપના અને યાદશક્તિ એકત્રીકરણમાં એ અલગ ભૂમિકા ભજવે છે.

નોન REM સ્લીપ પહેલા તબક્કામાં આવે છે અને એનાં ત્રણ સ્ટેજ હોય છે. એ સ્ટેજમાં શરીરના ટિશ્યૂઝ રિપેર થાય છે, મજબૂતી આપે છે અને ઇમ્યુન સિસ્ટમ સ્ટ્રોન્ગ બનાવે છે. નોન REM સ્લીપનો ધ્યેય હોય છે કે આપણી જૂની યાદોને જાળવી રાખવાનો. નોન REM સ્લીપની શરૂઆત ખરા અર્થમાં ત્યારે થાય છે જ્યારે યાદોનો ખજાનાનું એકત્રીકરણ થાય છે. એ ક્ષણ ખૂબ જ નાની એટલે કે ૧૦૦ મિલિસેકન્ડ જેટલી હોય છે, પરંતુ નવી યાદોને ગોઠવવામાં અને જૂની યાદોને સંગ્રહ કરીને રાખવામાં ખૂબ અગત્યની હોય છે. આ અવસ્થા એ વાતની પણ ખાતરી લે છે કે નવી યાદો ભલે બને એની સાથે નવી યાદોને સંભાળીને રાખવાની કામગીરી પણ એ બખૂબી ભજવે છે.

તો બીજી, તરફ REM સ્લીપ સપનાની દુનિયામાં લઈ જાય છે. એ દરમ્યાન રેપિડ આઈ મૂવમેન્ટ થાય, બ્રેઈનની સક્રિયતા વધે. આ સ્ટેજ ભાવનાત્મક નિયમન અને સર્જનાત્મક સમસ્યાનું નિરાકરણ કરવામાં મદદ કરે છે. સ્લીપ દરમિયાન મગજ માહિતીનું સંશ્લેષણ કરે છે. જૂના અનુભવોને નવી આંતરદૃષ્ટિ સાથે જોડે છે. ૨૦૧૮માં કરવામાં આવેલા એક અભ્યાસ મુજબ, REM સ્લીપ જટિલ કુશળતા શીખવા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે.

હેલ્ધી નિંદર મળે એ માટે આ બન્ને તબક્કા અગત્યના છે. REM સ્લીપ ભાવનાત્મક અને જ્ઞાનાત્મક અનુભવો ઉમેરે છે. તો બીજી તરફ નોન REM સ્લીપ મેમરી સ્ટોરેજ અને પુનઃસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આંખની કીકીની વધ-ઘટ પાછળનું વિજ્ઞાન શું કહે છે?

આ વાતને ઊંડાણપૂર્વક સમજવા માટે રિસર્ચર્સે ઉંદરોના દિમાગની પ્રવૃત્તિને અને તેમની કીકીને સમજવા પર અભ્યાસ કર્યો. ઉંદરોને પોતાના ખોરાક અને પાણીની શોધ કરવાની પ્રવૃત્તિ શીખવાડવામાં આવી હતી. તેમને નવા ટાસ્ક શીખવવામાં આવ્યા. ઊંઘતી વખતે તેમની કીકીની સાઈઝ પ્રતિબિંબ કરે છે કે દિમાગ નવી કે પછી જૂની યાદોને પ્રોસેસ કરી રહ્યું છે.

એ વખતે જ્યારે રિસર્ચર્સે ઉંદરોની ઊંઘને ખલેલ પહોંચાડી તો તેમની કીકી યાદોને ફરીથી યાદ કરવા માંડે છે. એ કીકી અને યાદોના પ્રકારની વચ્ચેનો સંબંધ દેખાડે છે.

સપના અને પ્રતિક્રિયાઓઃ મેમરી વિશે કીકી શું જણાવે છે?

સપનાઓ ભૂતકાળ અને વર્તમાનનું મિશ્રણ છે. તમારું દિમાગ જ્યારે જૂની યાદો વાગોળવા માંડે છે, ત્યારે તમને ભૂતકાળની ઘટનાઓનાં સપનાં આવે છે. ઠીક એ રીતે જ્યારે નવી યાદોને એકત્રિત કરવામાં આવે છે ત્યારે સપનાઓ વર્તમાનની ઘટનાઓને તાજી કરે છે. આવી રીતે કામ કરવાની બ્રેનની રીત હોય છે. એ યાદોને વ્યવસ્થિત ગોઠવે છે, સવારે સ્પષ્ટ દૃષ્ટિકોણ સાથે જગાડે છે કે શું યાદ રાખવા જેવું છે. ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# અનક્લેઈમ્ડ ડિવિડંડ-શેર્સની સમસ્યાનો ઉકેલ તથા સાયબર અટેક સામે રક્ષણ

- આ બે મુદા પર 'સેબી' શું પ્લાન ઘડી રહ્યું છે?
- પોતે કરેલા શેર ઈન્વેસ્ટમેન્ટ પર જાહેર થયેલું ડિવિડંડ જમા કરાવવાનું ભુલાઈ જાય અને શેર્સ પણ ભુલાઈ જાય એવી સમસ્યાના ઉકેલ માટે 'સેબી' અને સરકાર સાથે મળીને એક પ્લાન ઘડી રહ્યા છે. એટલું જ નહીં, બેંકો પર થતાં સાયબર અટેક્સ સામે સુરક્ષિત થવાના અમલ માટે પણ 'સેબી' સક્રિય બન્યું છે.



આપણે બ્લડ કેમ્પ, હેલ્થ કેમ્પના નિયમિત થતા આયોજન વિશે વરસોથી સાંભળતા-જોતા આવ્યા છીએ. આવી શિબિર હેલ્થ મેનેજમેન્ટ તથા વેલ્થ મેનેજમેન્ટ પણ આવશ્યક છે.

બીજા શબ્દોમાં કહીએ તો સંપત્તિના વ્યવસ્થિત વહીવટ માટે યોગ્ય સમજણ અને આયોજન હોવા જરૂરી બને છે. આ માટે પણ આમ તો દેશભરમાં નિયમિત અને સંખ્યાબંધ પરિસંવાદો યોજાતા રહે છે. આમ છતાં હવે 'સેબી' અને 'મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ' પણ સંયુકત રીતે સિનિયર સિટીઝન્સને ધ્યાનમાં રાખી ઈન્વેસ્ટર્સ કેમ્પ પ્લાન કરી રહ્યા છે, જેનું મુખ્ય લક્ષ્ય ડિવિડંડ કે શેર્સ ક્લેમ વિનાના રહી ગયા છે એનો અધિકાર એમના વારસદારોને સરળતાથી મળી રહે એ દિશાનો છે.

## વન સ્ટોપ વિન્ડો

'સેબી' (સિકયોરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા) અને 'મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ' (એમસીએ) એ આ અનોખી પહેલ કરી છે, જેને પગલે દેશભરમાં અનક્લેઈમ્ડ ડિવિડંડ અને શેર્સ માટે શિબિરો યોજાતી રહેશે. આવી શિબિરોમાં રોકાણકારોના અનક્લેમ્ડ ડિવિડંડ અને શેર્સના કિસ્સા હાથ ધરાશે અને તેનો નક્કર ઉપાય કરાશે. રિફંડના વિલંબની સમસ્યા પણ આવરી લેવાશે.

## કોણ-કોણ ભાગ લેશે?

આ કેમ્પમાં કંપનીઓ પાસેનાં સરનામા અને ક્લેમ્સની ડિસ્ક્રિપન્સીનો પણ ઉપાય કરાશે. અગાઉ આ સુવિધા માત્ર ૭૫ની વયના નાગરિકો માટે હતી. એ હવે ૭૦ની વય માટે અને ભવિષ્યમાં ૬૦ની વય સુધી લાવવાનું લક્ષ્ય છે. આવા 'નિવેશક શિબિર'માં કંપનીઓ, સરકારી અધિકારીઓ, રજિસ્ટ્રાર, ટ્રાન્સફર એજન્ટસના અધિકારીઓ સહભાગી બની રોકાણકારોની સમસ્યાના ઉકેલ લાવશે. આ માટે વન સ્ટોપ વિન્ડો કામ કરશે.

## સાયબર અટેક સામે પણ 'સેબી' તૈયાર

આ દરમિયાન સાયબર અપરાધો કે સાયબર હુમલાને ધ્યાનમાં રાખી તેનો સામનો કરવાની, તેને ઊગતા ડામવાની અને સુરક્ષિત રહેવાની તૈયારી ચાલી રહી છે. અહીં ફાઈનાન્સિયલ સેકટર મુખ્ય છે. આમાં બેંકો અને સ્ટોક માર્કેટ ઉપરાંત માર્કેટ મધ્યસ્થીઓ પણ વ્યાપકપણે સમાઈ જશે.

રિઝર્વ બેંક નિયમનકાર તરીકે બેંકોને ચોકકસ સૂચનાઓ તો આપે જ છે, પણ આ સાથે નિયમન સંસ્થા 'સેબી' પણ સાયબર ક્રાઈમ સામે સતત સક્રિય બની છે. 'સેબી'એ બેંકોને તેમની સાયબર સિકયુરિટી, ઈત્યાદિને અપડેટ રાખવાનો આદેશ આપ્યો છે. બેંકો પણ આ મામલે કેટલી સજજ, સમર્થ અને જાગ્રત છે એ પણ 'સેબી' જાણવા-સમજવા માગે છે. ભાવિ સંભાવના, જોખમો અને ખતરાઓને ધ્યાનમાં રાખી 'સેબી'એ બેંકોને ચોકકસ માળખું તૈયાર કરવા કહ્યું છે.

## સાયબર કેપેબિલિટી ઈન્ડેકસ

તમામ પ્રકારના નાણાકીય વ્યવહારો માટે બેંકની સલામતી અતિ મહત્ત્વની ગણાય. આને નજરમાં રાખીને 'સેબી' એ 'સાયબર કેપેબિલીટી ઈન્ડેકસ' પણ તૈયાર કર્યો છે, જે સાયબર સિકયુરિટીની સજજતા સામે રેટિંગ આપશે. લિસ્ટેડ બેંકોના કિસ્સામાં આ માહિતી અને અપડેટ સ્ટોક એકસચેંજને આપવા પણ આવશ્યક બને છે.

'સેબી'ના આદેશ મુજબ બેંકોએ ઓડિટ રિપોટ સબમિટ કરવા ઉપરાંત સાયબર કેપેબિલીટી ઈન્ડેકસનું રેન્કિંગ કરવાનું કે મેળવવાનું જરૂરી છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# પાંચ મણની હાથણીને થઇ ફાંસીની સજા!






માનવી જાણતા-અજાણતા ન જાણે કેટલાં પશુ-પંખીને ભોજન, શોખ, રમત કે મસ્તી ખાતર ક્રૂરતાથી મારી નાખે છે પણ કયારેય કોઇને સજા થયાનું સાંભળ્યું નથી, પરંતુ માનવીના મોત માટે પાંચ ટનના હાથીને ફાંસીએ લટકાવાયાની ઘટના ઇતિહાસમાં દફન છે. અને પછી આ અબોલ પ્રાણીને સજા-એ-મોત કોઇ ત્રીજા વિશ્વના કે પછાત દેશમાં નહીં, અમેરિકામાં થઇ હતી.

'મર્ડર્સ મેરી' તરીકે વગોવાયેલી આ હાથણી ખરેખર ખૂબ મોટી સ્ટાર હતી. એકદમ લોકપ્રિય હતી અને એના માલિકને મબલખ કમાણી ય કરાવતી હતી. વાત કરીએ થોડી માંડીને.

એશિયન હાથણી (જન્મ ૧૮૯૪, મૃત્યુ ૧૩ સપ્ટેમ્બર ૧૯૧૬) મેરીનું વજન અંદાજે પાંચ ટન (ચોક્કસ વજન ૪૫૦૦ કિલો) અને ઊંચાઇ ૧૧ ફૂટ-ને ત્રણ ઇંચ અમેરિકાના ટેનેસીમાં ચાર્લી સ્પાર્ક નામનો માણસ 'સ્પાર્કસ વર્લ્ડ ફેમસ શૉ' નામનું સર્કસ ચલાવતો હતો. આ સર્કસમાં અન્ય પ્રાણીઓ સાથે કદાવર મેરી પણ ખરી. હકીકતમાં તો મેરી સર્કસનું મુખ્ય આકર્ષણ હતી. હાથી, ઘોડા, સિંહ, જોકર અને અજબ-ગજબ કસબથી સર્કસ એકદમ સફળ હતું અને જોરદાર ધંધો કરતું હતું.

સર્કસની જાહેરખબરમાં મેરીને 'ધ લાર્જેસ્ટ લિવિંગ લેન્ડ એનિમલ ઓન અર્થ' તરીકે પ્રચારિત કરી હતી. સાથોસાથ લખાતું હતું કે 'મેરી વજનમાં પાંચ ટન અને જમ્બોથી ત્રણ ઇંચ ઊંચી છે.' આ જમ્બો એટલે હરીફ સર્કસનાં હાથી. મેરીની વિશિષ્ટતા એ હતી કે તે મ્યુઝિકલ હોર્ન્સ પર ૨૫ ટયુન્સ વગાડી શકતી હતી અને એ પણ એકેય ભૂલ વગર. મેરીની આ મ્યુઝિકલ ટેલેન્ટ સૌને મંત્રમુગ્ધ કરી મૂકતી હતી. હકીકતમાં ગ્રામીણ પ્રજા એની સૂરીલી આવડત કરતાં વિશાળ કદથી અચંબિત થઇ જતી હતી. ટૂંકમાં, સર્કસ માટે મેરી સ્ટાર હતી, ખરેખર બિગ સુપર સ્ટાર.

પરંતુ ૧૯૧૬ની ૧૧મી સપ્ટેમ્બરની નિયતિ મેરી માટે કંઇક અણધાર્યું જ લાવવાની હતી. એ દિવસે સેંટ પોલના એક નાનકડા ખાણોના નગરમાં સર્કસનો શો હતો. યોગાનુયોગ એ જ દિવસે સ્થાનિક હોટલના દરવાન વૉલ્ટર એલ્ડ્રીજે હાથીના મહાવત પોલ જેકોબીને સહાયક તરીકે રાખી લેવાની વિનંતી કરી. વૉલ્ટર પાસે કામનો જરાય અનુભવ નહોતો. છતાં પોલે એને નોકરી પર રાખી લીધો. હવે વૉલ્ટર એલ્ડ્રીજને માથે હાથીઓને નવડાવવા, પાણી આપવા અને સર્કસના કરતબ માટે તૈયાર કરવાની જવાબદારી આવી ગઇ.

બે શૉ વચ્ચે વૉલ્ટર એલ્ડ્રીજ હાથીઓને પાણી ભરેલા ખાડા ભણી લઇ જતો હતો. એલ્ડ્રીજે હાથમાં ભેંસને હાકવાની લાકડી રાખી હતી. જેના છેડા પર લોખંડનું હૂક હતું. એલ્ડ્રીજને સાવધ કરાયો હતો કે મેરી સાથે હળવાશ-નજાકત કામ લેવું અને એ ઉશ્કેરાઇ એવું ન જ કરવું, પરંતુ એલ્ડ્રીજે ન જાણે કેવી ભૂલ કરી કે પછી મેરીથી નવા માણસની હાજરી સહન ન થઇ.

મેરીએ અચાનક સૂંઢથી વૉલ્ટર એલ્ડ્રીજને દસ ફૂટ ઊંચક્યો અને પછી ગુસ્સા સાથે જમીન પર પટક્યો. ત્યારબાદ રોષમાં પોતાના દંતશૂળ એના શરીરમાં ઘુસાડી દીધા. ત્યારબાદ છુંદાઇ ગયેલા અને મૃતપાય શરીરને ઊંચકીને ટોળા વચ્ચોવચ ફંગોળી દીધું હતું. અલબત્ત, સત્તાવાર નોંધ મુજબ આમ થયાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

જોકે આ ઘટનાના એકથી વધુ વર્ઝન બહાર આવ્યા હતા. આની વચ્ચે કયાંક સત્ય હશે. ખરેખર!

નાના નગરનાં અખબારો માટે તો આ મોત સનસનાટીના દાબડા જેવું હતું. એમાં જાતજાતની વાર્તા, અફવા ઉમેરાતી ગઇ કે જે સમયાંતરે લોકવાયકામાં ફેરવાઇ ગઇ.

એક અખબારે વર્ણન કર્યું કે કેવી ભયંકર ક્રૂરતાથી મેરીએ એલ્ડ્રીજના શરીરમાં વારંવાર પોતાના દંત-શૂળ ઘુસાડયા હતા, પણ એશિયન હાથણીને તો દંત-શૂળ હોતા જ નથી. શકયતા એ છે કે એલ્ડ્રીજની ક્રૂરતા કે ઉતાવળથી મેરી ઘવાઇ હશે, ઉશ્કેરાઇ હશે અને આત્યંતિક પગલું ભર્યું હશે, પરંતુ વર્ણનમાં આટલો બધો હકીકત-દોષ શા માટે? મેરીને વધુ ને વધુ ક્રૂર ખલનાયિકા ચિતરવા માટે?

એ ઘટના બાદ ચોમેરથી બૂમાબમૂ ઊઠી કે મેરીને મારી નાખો, કાતિલ મેરીને ખતમ કરો. સર્કસના માલિક માટે સ્થાનિક લાગણી-માગણીનો અસ્વીકાર કરવાનું શક્ય ન હોય. એને પોતાના જાનમાલ અને જીવની ફિકર હોય. તેમણે મેરીને સજા આપવાનો જરાય વિરોધ ન કર્યો.

તાત્કાલિક સ્થાનિક લુહાર હેન્ચ કોક્સે પાંચ ગોળી છોડીને મેરીને મારવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. વાત વાયુવેગે ફેલાવા માંડી. આસપાસના ગામમાંથી ય ધમકી આવી કે જો મેરી હશે તો અમારા ગામમાં સર્કસના શૉ કોઇ સંજોગોમાં કરવા નહીં દઇએ. મેરીને ઝેર આપવાનો પ્રયાસ કર્યો પણ તેણે ઘરાર ખાણું ખાવાનો ઇનકાર કરી દીધો.

અંતે સર્કસના માલિક ચાલ સ્પાર્કે પ્રજાના રોષને શાંત પાડવાનો ઉપાય શોધી કાઢ્યોઃ ઘાયલ હાથણીને ફાંસી આપવાનો. બીજા દિવસે એટલે કે ૧૩મી સપ્ટેમ્બરે વરસાદ હતો, ધુમ્મસ છવાયેલું હતું છતાં મેરીને ટેનેસીના યુનિકોઇ પરગણા સુધી ટ્રેનમાં લઇ જવાઇ.

એ દિવસે કિલન્ચ ફિલ્ડ રેલરોડ યાર્ડમાં ગામનાં બાળકો સહિત ૨૫૦૦ માણસોનું ટોળું વિચિત્ર તમાશો જોવા ભેગું થયું હતું. સાંજે ચારથી પાંચ વાગ્યે ભારે વજન ઊંચકવા માટેના ડેરીક નામના યંત્રને રેલવેના ડબા પર મુકાયું. એના પર મેરીને લટકાવાઇ પણ ચેઇન તૂટી પડતા મેરી પાટા પર પટકાઇ. બિચારીની કરોડરજ્જુ ભાંગી ગઇ. આટલું ભારે શરીર અચાનક પછાડાયું એના ભયંકર અવાજથી ડરીને બાળકો તો નાસી ગયા, પરંતુ અસહ્ય પીડા ભોગવતી મેરીની કોઇએ જરાય દયા ન ખાધી. બીજા પ્રયાસમાં મેરીને શાંતિ મળી, કાયમ માટે.

સમયાંતરે આ પરગણું 'હાથીને ફાંસીએ ચડાવનારા નગર' તરીકે બદનામ થઇ ગયુંઃ પછીનાં વર્ષોમાં સ્થાનિક આ કલંકને ધોવા માટે મથામણ કરી રહ્યાં છે. હાથીઓના ઉદ્ધાર માટે તેમણે હજારો ડૉલરનું ભંડોળ પણ એકઠું કર્યું હતું.

આ ભયંકર ક્રૂરતાએ અમેરિકન સમાજનો પીછો ન છોડ્યો. આના પરથી નવલકથાઓ લખાઇ, નાટક ભજવાયા, ગીતો લખાયાં પણ આ બધાથી મેરી તો પાછી ન જ આવે એ સમજી શકાય, પરંતુ શું અમેરિકા કે દુનિયામાં પ્રાણી પ્રત્યે પ્રેમ, સમભાવ કે અનુકંપા વધ્યા? કમનસીબે જવાબ એક જ અક્ષરમાં છેઃ ના. ■

વિશેષ

અંતરા પટેલ
feedback@bombaysamachar.com

# એ વાતો જે... હું મારી દીકરીને ક્યારેય નથી કહેતી...



એક દીકરી જીવનભર દીકરી જ રહે છે, જ્યારે દીકરો લગ્ન ન થાય ત્યાં સુધી જ દીકરો રહે છે. આ વાત મેં એક જૂની અંગ્રેજી કહેવત પરથી લીધી છે. જેના પર કોઈનો કોપીરાઈટ નથી. પરંતુ શું આપણે દીકરીને દીકરી જ રહેવા દઈએ છીએ, પછી ભલેને તે ગમે તેટલી લાડકી હોય કે 'બેટી બચાવો, બેટી પઢાવો'ના કેટલા પણ લલચાવતા રાજકીય નારાઓ હોય? મને લાગે છે કે પિતૃસત્તાક સમાજમાં દીકરીઓ પર જેટલા પ્રતિબંધો છે તેટલા તો જેલના કેદીઓ પર પણ નથી હોતા.

આપણે ગર્વથી કહીએ છીએ કે દીકરીઓ પરિવારનો અમૂલ્ય ભાગ છે. લક્ષ્મી છે, માતા-પિતાની લાડકી છે અને માતા-પિતા તેના પ્રેમ અને ઉછેરમાં કોઈ કસર છોડતા નથી. પણ દિલ પર હાથ મૂકીને કહે, શું આ સાચું છે? દીકરીના જન્મ વખતે ક્યારેય દીકરાના જન્મ જેવી ખુશી જોઇ છે?? દીકરીનો જન્મ થતાં જ આખો પરિવાર હતાશ થઇ જાય છે કે લ્યો લાખોનો દહેજનો ખર્ચો આવી ગયો અને દીકરાની ઇચ્છામાં એક પછી એક દીકરીઓને જન્મ આપતા રહે છે.

અંતિમ પંચલ કુસ્તીમાં મોટું નામ છે, જેને પુરુષોની રમત ગણવામાં આવે છે. તમે વિચારતા હશો કે આ કયા પ્રકારનું નામ છે - અંતિમ? વાસ્તવમાં, તેના માતાપિતાને ચોથી છોકરી પછી બીજી કોઈ છોકરી જોઈતી ન હતી, તેથી તેઓએ તેનું અંતિમ નામ રાખ્યું જેથી ભગવાન તેમને છોકરીઓ આપવાની પ્રક્રિયાને સમાપ્ત કરે. આજે એ જ છોકરી માત્ર પોતાના પરિવારનું જ નહીં પરંતુ દેશનું પણ નામ રોશન કરી રહી છે.

આમ છતાં છોકરીઓ ન તો પોતાની મરજીથી અભ્યાસ કરી શકે છે કે ન તો પોતાની પસંદગીની કારકિર્દી પસંદ કરી શકે છે અને પોતાની મરજીથી લગ્ન કરવા પર પરિવાર અને સમાજથી લઈને સરકાર સુધીની ગીધની નજર છે કે જો તેઓ બળવો કરે તો 'ઑનર કિલિંગ' જેવી ઘટનાઓ પણ અખબારોમાં હેડલાઇન્સ બની જાય છે.

યુવતીઓ અમુક સમય પછી એકલી ઘરની બહાર નીકળી શકતી નથી, ભલે કહેવાતી સલામતી માટેનો રાજકીય સૂત્ર એવો હોય કે છોકરીઓ હવે રાત્રે પણ સોનું ઉછાળીને રસ્તા પર એકલી નીકળી શકશે. મને નાનપણથી વાતો સારી રીતે યાદ છે કે જ્યારે પણ બજારમાંથી કોઈ પણ ખાદ્યપદાર્થ ઘરે આવે, ઉદાહરણ તરીકે કેળાં, ત્યારે મમ્મી મને કહેતી કે સારા કેળા ભાઇ માટે રાખી દે અને ડાઘવાળાને તું કાપીને ખાઇ લે. જાણે કે છોકરીઓનો અધિકાર માત્ર સડેલી વસ્તુઓ પર જ છે.

આ લિંગ ભેદભાવ નથી તો શું છે, જેની શરૂઆત ઘરથી જ થાય છે? આ પૃષ્ઠભૂમિમાં, છોકરીઓનો ઉછેર જે રીતે થવો જોઈએ તે રીતે થતો નથી. વાસ્તવમાં, છોકરીઓને ઘણીવાર ઘરમાં એવી વાતો કહેવામાં આવે છે, જે તેમના આત્મવિશ્વાસને ખરાબ રીતે અસર કરે છે. તે પોતે પણ શંકાસ્પદ બની જાય છે. આવી વસ્તુઓની યાદી લાંબી છે. પરંતુ હું ખાસ ધ્યાન રાખું છું કે હું મારી દીકરીને નીચેની પાંચ વાતો જાણતા-અજાણતા ક્યારેય ન કહું.

આજે છોકરીઓ શું નથી કરી શકતીઃ સુનિતા વિલિયમ્સ સ્પેસમાં જઈ શકે છે અને દ્રૌપદી મુર્મૂ ભારતના રાષ્ટ્રપતિ બની શકે છે. આમ છતાં, અમુક કામ માટે પુરૂષોને વિશિષ્ટ અધિકારો આપવાના પ્રયાસો કરવામાં આવે છે, જાણે કે તે કામ છોકરીઓ ન કરી શકે.

હું આ વિચારનો વિરોધ કરું છું અને મારી પુત્રીને આ ક્યારેય નહીં કહેતી, 'આ કામ તારાથી ન થઈ શકે.' આવું કહેવાથી દીકરીનો આત્મવિશ્વાસ ઘટી શકે છે અને તે પોતાની જાતને નબળી માની શકે છે. તેથી હું મારી દીકરીને અનુભવ કરાવું છું, તેને પ્રેરણા આપું છું કે તે દરેક પડકારને પહોંચી વળવા સક્ષમ છે.

મેં જોયું છે કે પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં માતા-પિતા ઘણી વાર તેમની દીકરીઓને સાંત્વના આપતા હોય છે કે હમણાં સહન કરી લે, લગ્ન પછી બધું બદલાઈ જશે, જાણે કે છોકરીના જીવનનું એકમાત્ર લક્ષ્ય લગ્ન જ હોય. આ યોગ્ય નથી.

લગ્નનો વારંવાર ઉલ્લેખ કરવાથી દીકરીના મનમાં બિનજરૂરી દબાણ ઊભું થઈ શકે છે. હું ઇચ્છું છું કે, તે પહેલાં તેનાં સપનાં અને કારકિર્દી પર ધ્યાન આપે. હું તેની સાથે લગ્ન વિશે ક્યારેય વાત નથી કરતી. જ્યારે તે લગ્ન માટે તૈયાર થશે ત્યારે તે જાતે જ કહેશે. હું એક મિત્રના ઘરે કોફીની મજા માણી રહી હતી ત્યારે અચાનક તેની દીકરી શર્ટ અને પેન્ટ પહેરીને ક્યાંક બહાર જવા લાગી. મારા મિત્રએ તેને અટકાવીને કહ્યું, 'મેં તને કેટલી વાર કહ્યું છે કે છોકરાઓની જેમ વર્તે નહીં.' મને આ ગમ્યું નહીં અને મે મારા મિત્રને કહ્યું, 'દીકરીઓને તેમના કુદરતી વ્યક્તિત્વને સ્વીકારવાની સ્વતંત્રતા આપો. તેમને એવું ન અનુભવો કે છોકરીઓએ માત્ર ચોક્કસ રીતે વર્તન કરવું જોઈએ.'

દુનિયાનો સૌથી મોટો રોગ એ છે કે લોકો શું કહેશે. છોકરીઓ પર માતા-પિતાની મોટાભાગની ટોક ટોક અન્ય લોકો શું વિચારશે તે ડરને કારણે છે. તમારી દીકરી પર બીજાના વિચારોનું દબાણ કરવું યોગ્ય નથી. આ દબાણ હેઠળ, તે સ્વતંત્ર રીતે તેના નિર્ણયો લઈ શકશે નહીં.

હું મારી દીકરીને આત્મનિર્ભર બનાવવા માગુ છું જેથી તે તેના નિર્ણયો પર ગર્વ અનુભવે. ભૂલ કોઈની પણ હોય, દીકરી પર દરેક પરિસ્થિતિમાં સમાધાનનું દબાણ હોય છે. મારી દીકરીને સમાધાનનો પાઠ ભણાવવાને બદલે હું તેને તેના અધિકારો માટે લડવા પ્રોત્સાહિત કરું છું.

હું ઇચ્છું છું કે તે વાસ્તવિકતા જાણે કે ગૌરવ સાથે જીવવામાં અને પોતાની જાતને પ્રાધાન્ય આપવામાં કંઈ ખોટું નથી. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# શાયરનું સ્મારક

મારા હિસાબે લગભગ ૧૯૫૨માં, મારાં પ્રેરણાદાયક મહાશાયર બરકત વિરાણી બેફામ દ્વારા આજની આ નઝમ આ જ શીર્ષક સાથે આવી. ગુરુ દત્તનું અજરામર 'પ્યાસા' આવ્યું ૧૯૫૭માં. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી કોઈ પણ ભાષામાંથી ઉઠાંતરીબાજી માટે નામચીન છે અને એને એનો કોઈ હરખશોક પણ નથી.

એ બધાને નાખીએ ચૂલે અને આજે ગુજરાતીની અલ્પપ્રસિદ્ધતમ અને સિદ્ધતમ કવિતાથી છાકટા થઈએ.

**શાયરનું સ્મારક**

*બહુ દુઃખ થાય છે મારો પરિચય આપતાં પહેલાં*
*કે હું અત્યારના યુગનો અતિ કંગાલ શાયર છું;*
*રહ્યો તો છું સદા મહેમાન થઈને ઝિન્દગાનીનો,*
*છતાં લાગ્યા કર્યું છે - મોતનો જાણે મુસાફર છું.*

*હું આ સંસારમાં સહેતો રહ્યો છું નર્કની પીડા,*
*છતાં સંસારને મેં સ્વર્ગના સંદેશ આપ્યા છે;*
*ભલે મુજથી થયું ના શૂન્યમાંથી સૃષ્ટિનું સર્જન,*
*મગર મેં સૃષ્ટિને અસ્તિત્વના અવશેષ આપ્યા છે.*

*વિચારો મેળવ્યા છે મેં કદી સૂકા જીવનમાંથી,*
*બનાવી છે કદી બળતા હૃદયમાંથી કવિતાઓ;*
*કદી હું રણ ઉપરથી વાદળાઓ લઈને વરસ્યો છું,*
*વહાવી છે કદી જ્વાળામુખીમાંથી સરિતાઓ.*

*રૂપાળી કોઈ આંખો સાથે આખો પણ મિલાવીને,*
*મહોબ્બતના જગતમાં દિલથી દીવાનો બન્યો છું હું;*
*શમાની જેમ જીવન તેજ આપ્યું છે મને જેણે,*
*મરું એને જ માટે એનો પરવાનો બન્યો છું હું.*

*ભ્રમર ન્હોતું થવું ને ફૂલમાં વસવું હતું મારે,*
*ફક્ત એથી જ દિલમાં કંટકોએ દવ લગાવ્યો છે;*
*કમળની જેમ નિર્મળ થઈને હું વર્તો હતો જગમાં,*
*જમાનાએ જીવનમાં એટલે કાદવ લગાવ્યો છે.*

*સમયને હાથે મનના મહેલને ખંડેર બનવા દઈ,*
*મેં યુગને ચીતરી આપ્યો છે નકશો ભવ્ય જીવતરનો;*
*મનુષ્યોએ રુંધ્યા છે જો કે મારા માર્ગ દુનિયાના,*
*મનુષ્યોને છતાં મેં દાખવ્યો છે માર્ગ ઈશ્વરનો.*


બરકત વિરાણી

*જીવનમાં સ્વપ્નનું યે સુખ નથી મેં ભોગવ્યું તોયે,*
*જગતના કંઈક મનના અંધને મેં આંખ આપી છે;*
*સ્થિતિની જાળ ને સંજોગના પિંજરમાં રહીને પણ,*
*પુરાયેલા ઘણા યે પ્રાણને મેં પાંખ આપી છે.*

*વદન મેં અન્યના ધોયાં છે મારા નેન-અશ્રુથી,*
*દરદ ઝીલીને દુનિયાનાં, દિલાસો થઈ રહ્યો છું હું;*
*ભૂખ્યા પેટે રચ્યાં છે કાવ્યો મેં રમણીય ખેતરનાં,*
*ઝરણનાં ગીત ગાયાં ને પ્યાસો, થઈ રહ્યો છું હું.*
*હું જાણું છું કે મારી આ દીપક જેવી કલા ખાતર,*
*ઝળકતી નામના જેવી મને કીર્તિ મળી ગઈ છે;*
*રહી ગઈ છે મગર અંધકારમાં મારી હકીકત આ,*
*કે જગને તેજ દેતાં જિંદગી મારી બળી ગઈ છે.*

*ચૂસી અમૃત જીવનમાં ઝેર રેડ્યું છે જમાનાએ,*
*હૃદયમાં ત્યારથી મેં આરઝૂની લાશ રાખી છે;*
*છતાં મૃત્યુ પછીના સુખ અને સગવડની લાલચમાં,*
*વસિય્યતને રૂપે મેં જીવતી એક આશ રાખી છે.*

*સુણ્યું છે કે કવિઓની પ્રતિષ્ઠા હોય છે સારી,*
*ગમે તે કાળ હો, એની પ્રતિભાની અસર રહે છે;*
*વગર મોતે મરે છે, એ ભલે ભૂખ્યા દુખ્યા રહીને,*
*છતાંયે જિંદગીની બાદ પણ શાયર અમર રહે છે.*

*જગત-વ્યવહારમાં હું તો વિરોધાભાસ ભાળું છું,*
*રહે ના પાત્ર એ વખતે જગત નાટક બનાવે છે;*
*કવિઓના જીવનને સર્વદા સંહારતાં રહીને,*
*કરે છે મૃત્યુનું સર્જન, પછી સ્મારક બનાવે છે.*

*કવિનો પ્રાણ લઈ ધરતીની માટીમાં મિલાવીને,*
*કવિના દેહને પાષાણમાં આકાર આપે છે;*
*કે છે જે ફૂલ સમો, એની પીસી નાખે છે પથ્થરથી,*
*બનાવી એને પથ્થરનો, પછી ફૂલહાર આપે છે.*

*પ્રતિમાના એ પથ્થરને પૂજે છે લોક એ રીતે,*
*કોઈ માને છે હીરો, કોઈ પારસ પણ ગણી લે છે;*
*કવનની સાથ રસ લે છે વીતેલા એના જીવનમાં,*
*કવિ ઉપરાંત એને લોક માણસ પણ ગણી લે છે.*

*કૃપા થાશે, મને પણ એમ જો માણસ ગણી લેશો,*
*ભલે એથી વધારે નોંધ કંઈ લેશો નહીં કોઈ;*
*મગર હરો નહીં જગ-મુક્ત મારા પ્રાણની શાંતિ,*
*મરણને છેતરીને નવજીવન દેશો નહીં કોઈ.*

*કરી પથ્થર હૃદયને દર્દ જીવનનું સહ્યું છે મેં,*
*ફરી પથ્થર બની દુનિયાનું દુઃખ સહેવું નથી મારે;*
*જીવનનું મૌન જો મૃત્યુ પછી પણ રહેતું હો કાયમ,*
*તો આ દુનિયાની મહેફિલમાં અમર રહેવું નથી મારે.*

*છતાંયે જો અમર રાખો તો મારી એક વિનંતી છે,*
*જીવનમાં સાંપડ્યાં ન્હોતાં એ સાધન આપતાં રહેજો;*
*કે મારી જેમ મારું બાવલું વલખે નહીં, એથી-*
*સદા થોડુંક ધન, થોડુંક ભોજન આપતાં રહેજો.*

આજે આટલું જ ■

---

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# જિઓ ટેગિંગઃ ફોટોગ્રાફ સાચવો લૉકેશન સાથે

ગૂગલની ઈમેલ સર્વિસ અને ડ્રાઈવ સર્વિસનો ઉપયોગ હવે સામાન્ય થઈ રહ્યો છે. ખાસ કરીને જ્યારે પીડીએફ ફાઈલ સાથે વધુ પડતું કામ કરવાનું હોય એવા સમયે આ ડ્રાઈવ નાનામાં નાનું ડોક્યુમેન્ટ સાચવવામાં ઉપયોગી પુરવાર થાય છે. ફોટોગ્રાફી કરતા અનેક ફોટોગ્રાફર્સ પાસે પોતાની એક પોર્ટેબલ ડ્રાઈવ હોય છે. જેમાં એ પોતાના ફોટોનું કલેક્શન સાચવતા હોય છે, પણ આપણી પાસે મોબાઈલમાં મર્યાદિત જગ્યા હોય એવા સમયે મેલમાં ફોટો સાચવી શકાય છે.

આની ખાસ વાત એ છે કે, એકવાર મેલમાં ફોટો સેન્ડ કર્યા બાદ મોબાઈલમાંથી કાઢી નાંખીએ તો પણ એની એક સરસ કોપી સચવાયેલી રહે છે. હવે દરેક ફોટાના લોકેશન આપણે યાદ ન રાખવા હોય અને કોઈ ફોટો જે તે સર્વિસમાં અપલોડ કરીને ચોક્કસ જગ્યા વિશે જાણકારી આપવી હોય એવા સમયે કામ આવે છે જિઓ ટેગિંગ ટેકનોલોજી, જેમાં ડ્રાઈવમાં એકવાર ફોટો અપલોડ કર્યા બાદ તે ઓટોમેટિકલી લોકેશન ટ્રેક કરીને સાચવી રાખે છે.

ગૂગલ મેપ્સનો ઉપયોગ કરનારા લોકો વધી રહ્યા છે. એમાં કોઈને મુશ્કેલી ન પડે એ માટે કેટલાય લોકો સારા રેસ્ટોરાં, ઢાબા કે હોટેલ્સ અંગેના પણ ટેગ મૂકે છે. જ્યારે મેપ્સ પર એના વિશે સર્ચ કરવામાં આવે કે એ રૂટ પર આપણે જતા હોઈએ ત્યારે એનું ઈન્ડિકેશન આવે છે એની પાછળ જિઓ ટેગિંગ સિસ્ટમ કામ કરે છે.

આ ટેકનોલોજી ફોટોગ્રાફમાં શું છે એ પહેલા સર્ચ કરીને પોતાની એક શીટ તૈયાર કરે છે. પછી એના રૂટ કે લોકેશનને ટ્રેક કરે છે. જ્યારે કોઈ ડિજિટલ કેમેરાથી ફોટો ક્લિક કરવામાં આવે કે




સ્માર્ટફોનથી એને ક્લિક કરવામાં આવે ત્યારે મેટાડેટાની મદદથી કેટલીક ઝીણવટભરી માહિતી એની સાથે કોડવર્ડમાં ઉમેરાય જાય છે. જે લોકેશનને ટ્રેક કરવામાં મદદરૂપ થાય છે. કોઈ વ્યક્તિ પોતાની રીતે કોઈ માહિતી ફોટો સાથે એડ કરવા માગતી હોય તો એવી પણ સ્પેસ અહીં મળે છે. આ ફોટો ક્લિક થયા બાદ એમાં પાછળથી લોકેશન, જિઓ પોઈન્ટ કે કોર્ડિનેટ ઉમેરાય છે, જેને કહેવાય છે મેટા પેકેજ. જે જગ્યાએ ફોટો ક્લિક કર્યો હોય એના અક્ષાંશ-રેખાંશ અને મોબાઈલનું એક્ઝેટ લોકેશન આ ટેકનોલોજી એની જાતે શોધી લે છે. પછી ફોટો અપલોડ કરતી વખતે આ તમામ વસ્તુ એ મેમરીમાં સ્ટોર થાય છે. આ અક્ષાંશ- રેખાંશને લગતી બાબતને કહેવાય છે જીઓ ટેગ.

ડિજિટલ કેમેરા અને સ્માર્ટફોનમાં જીપીએસ ટેકનોલોજી હોય છે જેના પર ગૂગલ મેપ્સ કામ કરે છે.

જ્યારે મોબાઈલમાં લોકેશન ઓન થાય છે કે મેપ્સ શરૂ થાય છે ત્યારે મોબાઈલ ડિવાઈસના લોકેશનના આધારે આ ટ્રેક સિસ્ટમ કામ કરે છે. પછી જ્યારે એમાં ફોટો ક્લિક કરવામાં આવે છે ત્યારે એ લોકેશનને ફોટો સાથે મેમરીઝમાં સેવ કરી લે છે. પછી જ્યારે સોશિયલ મીડિયા પર એને શેર કરવામાં આવે છે ત્યારે એને લગતા આસપાસના લોકેશન, વીડિયો, ફોટો અને બીજી કેટલીય એ જ જગ્યાની માહિતી આપણા સુધી આવતી રહે છે. એ પાછળ ટેગિંગ મેકેનિઝમ કામ કરે છે, જે ડેટા સાયન્સ ટેકનોલોજીના અલગોરિધમને ફોલો કરે છે. માત્ર ફોટો જ નહીં, વીડિયો, ક્યુઆર કોડ, મેપમાં ચોક્કસ દિશા કે રૂટ, અમુક પ્રકારની ટ્રાવેલ પીડીએફ, ટ્રેન કે બસની ટિકિટ, વેબસાઈટ, લીંક વગેરેમાં જિઓ ટેગનો ઉપયોગ કરી શકાય છે.

કોમ્પ્યુટર કે અપલોડિંગ વિઝન સિસ્ટમના આધારે ફોટોનું લોકેશન પકડાય છે. દાખલા તરીકે, દિલ્હીનું અક્ષરધામ મંદિર અને ગાંધીનગરનું અક્ષરધામ મંદિર. મંદિર એક જ છે પણ દેખાવે મંદિર પણ જુદા જુદા છે. જ્યારે એનો ફોટો કોઈ ક્લિક કરે છે ત્યારે પહેલા એનું લોકેશન ટ્રેક થયા બાદ એ નક્કી થાય છે કે મંદિર દિલ્હીનું છે કે ગાંધીનગરનું. આ ત્યારે ખ્યાલ આવે છે ત્યારે તેને કોઈ રીતે અપલોડ કરવામાં આવે છે. અથવા ડ્રાઈવમાં સેવ કરવામાં આવે છે.

ફોટોગ્રાફની સાથે મેટાડેટા સેવ થયેલા હોય છે એટલે ઈન્ટરનેટની પ્રાપ્યતા અનુસાર એમાં એક્યુરેસી ઉમેરાય છે. અક્ષાંશ- રેખાંશ સેવ થતા તે ફોટોગ્રાફને ચોક્કસ સ્થળ સાથે લિંક મળે છે. ગૂગલ ઈમેજિસની અંદર જ્યારે સ્માર્ટ સર્ચ કરવામાં આવે અને ટાઈમઝોન આપવામાં આવે ત્યારે ઈમેજિસ એના ચોક્કસ લોકેશન સાથે દેખાય છે.

હવે ગૂગલમાં પણ લોકલ સર્ચ જેવી સિસ્ટમ ઊભી થતા એક જ શહેરના જુદા જુદા મોસમના ફોટોગ્રાફ્સ આપણને જોવા મળે છે. એ પણ ચોક્કસ લોકેશન સાથે. આનાથી ફાયદો એ થાય છે કે, પહેલીવાર મુસાફરી કરનારને વધારે પડતી રૂટ કે રસ્તા અંગેની મુશ્કેલીઓ પડતી નથી. ફેસબુક કે ઈન્સ્ટાગ્રામમાં આને જ્યારે ટેગ કરવામાં આવે છે એવા સમયે પણ આ સિસ્ટમ કામ આવે છે. પછી બધી એ લોકેશનની માહિતી આપણા સુધી ઠલવાય છે. આવા ટેગિંગને કારણે મેપ્સ સર્વિસ વધારે ચોક્કસ અને સ્પષ્ટ બની રહી છે. ખાસ કરીને ઓનલાઈન ઓર્ડર વખતે અને રાઈડિંગ વખતે આવા ટેગ આધારિત ફોટો કે માહિતી જે તે વ્યક્તિને ખૂબ ઉપયોગી સાબિત થાય છે. ■

**આઉટ ઓફ બોક્સ**

*૯ ઑક્ટોબર ૨૦૦૬ના રોજ ગૂગલ કંપનીએ યૂટ્યુબ ખરીદી લીધું હતું. જેને આજે બે દાયકા પૂરા થયા છે. જ્યારે આ પ્લેટફોર્મ આવ્યું ત્યારે માત્ર એમાં વીડિયો જોઈ શકાતા. કોઈકાળે ડાઉનલોડ થતા ન હતા.*

---

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

## કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાન


# ભારતના સહુથી ખૂબસૂરત જંગલમાં બારણે વાઘના ટકોરા!

કુદરતને સમર્પિત થઈને કુદરત જે આપે એ જ લઈએ એવી ભાવના કેળવીને વગડો ખૂંદવા નીકળી પડીએ તો મનને સ્પર્શે એવો અખૂટ આનંદ પામી જ શકીએ. કોઈ મોટી આશા, કલ્પના કે ગૂગલમાં દરિયામાં ખોજ કર્યા વિના માત્ર જે જોઈશું એ નવું અને આનંદદાયક જ હશે એવું ધારીને નીકળીએ તો નિસર્ગ કલ્પના બહારનો આનંદ દરેક જનોનાં ખોળામાં ધરી જ દે છે. દુનિયાભરના કુલ વાઘોની સંખ્યામાંના ૮૦% ઉપરની સંખ્યા જેટલા વાઘ ભારત દેશ ધરાવે છે એમાં પણ મધ્ય પ્રદેશને તો વાઘની રાજધાની તરીકે જ ઓળખવામાં આવે છે. મધ્ય પ્રદેશનાં જંગલો જીવનનાં અવનવા પાઠ શીખવે તેટલા સમૃદ્ધ અને જીવંત છે. જંગલ એ એવી બુક છે જે વાંચો તો ગમતા વિષયો મળે જ. જંગલથી સારો મિત્ર, માર્ગદર્શક કે પછી જીવનની રાહ ચીંધનાર ગુરુ બીજો કોઈ હોઈ જ ન શકે. રખડી જુઓ અલગારી માફક જંગલના રસ્તે, નિહાળી જુઓ ગેલ કરતા વાંદરાઓને, તાકી જુઓ પક્ષીઓના સામાજિક જીવનને, અનુભવી જુઓ હરણાંઓની નિર્દોષ મસ્તી અને સાવચેતીને અને પછી તમે જાતે જ અનુભવી શકશો કોઈ જ શાળા ન શીખવે એ બધું જ જંગલ શીખવે છે. હું જંગલમાં જતા પહેલા સાવ અધીરો અને અજ્ઞાની હતો પણ ધીરે ધીરે મને જંગલે અને અહીંના જીવોએ ઘડ્યો અને ગંભીર બનીને પાછો આવ્યો.

મધ્ય પ્રદેશમાં જબલપુરથી આશરે ચારેક કલાકના અંતરે આવેલ કાન્હા રાષ્ટ્રીય ઉદ્યાનને હું ભારતનાં બધાં જ જંગલ કરતા સુંદર જંગલ તરીકે ઓળખું છું. કાન્હા નેશનલ પાર્કનો ઉલ્લેખ અમૃતલાલ વેગડની નવલકથા 'તીરે તીરે નર્મદા', ધ્રુવ ભટ્ટની નવલકથા 'તત્વમસિ' અને એ સિવાય ઘણી બધી ચોપડીઓમાં વાંચ્યો ત્યારથી ઈચ્છા પ્રબળ હતી કે કાન્હા વનને જોવું અને માણવું. એમના શબ્દોમાં આ જંગલ વિષે લખાયું એ કરતા પણ વધુ સમૃદ્ધ જંગલને પામ્યો. કાન્હા વન સાથે પ્રાચીન કથા વાર્તાઓ અને પ્રસંગો પણ જોડાયેલા છે. શ્રવણ અને દશરથ રાજાની વાર્તા પણ આ સ્થળ સાથે જ જોડાયેલી છે. સાતપુડા રેન્જમાં આવેલ આ જંગલ એક અલગ જ ખૂબસૂરતી ધરાવે છે, અહીં આવનાર દરેક મુલાકાતી પોતાની આંખો અને મનને પ્રકૃતિથી તરોતાજા કરીને જાય છે. કાન્હા ઝોનથી શરૂઆત કરીને હું સીધો શ્રવણ તાલ ગયો. શ્રવણ તાલ રામાયણના રાજા દશરથ સતાહૈ જોડાયેલું તળાવ છે. અહીં એક નર વાઘ પોતાનો ઇલાકો સંભાળીને રહે છે. કાન્હાની વિવિધ સફરમાં મારી મુલાકાત છોટા મુન્ના, સંગમ, નૈના, બજરંગ અને જુનિયર બજરંગ સાથે થઇ. આ દરેક વાઘો અહીંના જાણીતા અને મુલાકાતીઓનાં માનીતા વાઘો છે. ગગનચુંબી સાલના વિશાળ જંગલમાં વાઘ સિવાય હું એક સાથે ત્રણ અલગ અલગ રીંછને મળ્યો ત્યારે મને એના મોજીલા સ્વભાવનો ખરો પરિચય થયો. રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી એ કવિતાનાં શબ્દો માનસપટ પર તાજા થઇ ગયા. પાણીના નાના પોઇન્ટ પાસે ભગવા રંગનાં હવામાં કરતબ કરતા દૂધરાજને ખૂબ જ નજીકથી મન ભરીને નિહાળ્યા. વાંદરાઓની તો વાત જ ન પૂછો. આખા જંગલનો ઠેકો જાણે એમણે જ લઇ રાખ્યો હોય એમ જ્યાં જુઓ ત્યાં મળી જ જાય એ પણ અલગ અલગ મુદ્રાઓમાં. અહીંયા જોવા મળતા વાંદરાઓને હનુમાન લંગુર તરીકે ઓળખવામાં આવે છે. મસ્તીખોર સ્વભાવ પણ સાવ સચેત રહીને વાઘ અને દીપડાઓ પર નજર રાખે જેથી હરણને જીવનાં ખતરા વિષે માહિતગાર કરી શકે. જંગલ એકમેકનાં સહકારથી જ જીવંત છે એવું આ પ્રાણીઓનાં રોજિંદા વર્તનને નિહાળીને સ્પષ્ટ પણે સમજી શકાય. જંગલ દરેક મોડ પર અચંબામાં મૂકી દે એવી ઘટનાઓથી ભરેલું હોય છે. અહીં ઝાડ પાર બેઠલ કપિરાજ વાઘ કે દીપડા પર નજર રાખી રહ્યા છે જેથી એ જમીન પાર રહેતા તેમના મિત્રો સાંભર અને ચિત્તલને ચેતવણી આપતી કોલ આપી શકે. તેઓ એકબીજાંને પરસ્પર આ રીતે મદદ કરીને કુદરતમાં જીવન ટકાવી રાખવા માટે સતત સંઘર્ષ કરતા જ રહે છે છતાં તેઓ કિલ્લોલ કરતા રહે છે. સામાન્ય રીતે વાંદરાઓ ઊંચાઈ પરથી દૂરનું જોઈ શકે છે અને સાંભર તથા ચિત્તલ પોતાની ઘ્રાણેન્દ્રિય થકી સૂંઘીને અંદાજ લગાવી શકે છે. તેઓ એકબીજાને ચેતવણી આપીને મિત્રતા નિભાવે છે... છે ને જંગલની વાર્તાઓ રસપ્રદ?

આ જંગલ કાન્હા, કિસલી, સરહી અને મુક્કી એમ ચાર ઝોનમાં વહેંચાયેલ છે. આ જંગલ શિયાળામાં તો એક અલગ જ અનુભૂતિ આપે છે. બધા જંગલમાં વાઘની આશા લઈને લોકો જતા હોય છે પણ અહીં આવ્યા પછી વાઘ ના મળે તો પણ કોઈ નિરાશ થઈને જતું નથી. આ જંગલ જ એક અલગ પ્રકારના તરંગો મનમાં છોડી જાય છે. કાન્હાનું મુખ્ય આકર્ષણ સહુથી મોટી ઉંમરનો વાઘ મુન્ના હતો પણ હવે કમનસીબે ઉંમરનાં કારણે મુન્નાને પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવ્યો હતો અને ત્યાં જ તેણે અંતિમ શ્વાસ લીધા. મુન્નાને કાન્હાના બફર ઝોનમાં એક વખતે નદીના પટમાં જોયો હતો ત્યારે તે ઉંમરના લીધે જંગલ છોડી ચૂક્યો હતો અને ગામના પાલતુ પ્રાણીઓ પર નભતો હતો. એ પછી ઉંમરના કારણે શિકાર નહિ કરી શકવાના કારણે સુરક્ષા ખાતર એને ભોપાલ વનવિહાર પ્રાણી સંગ્રહાલયમાં મુકવામાં આવ્યો હતો. કિસલી ઝોનમાં સંદૂકખોલ નામની વાઘણે મુન્નાનાં બચ્ચાઓને ઉછેરીને જંગલને ઠેર ઠેર ત્રાડથી ગજવી મૂકે એટલા સક્ષમ બનાવ્યાં.


હું એટલું ચોક્કસ કહીશ કે જે લોકો જંગલ નથી જતા એ લોકો ડિઝનીલેન્ડ જઈને પણ જીવનમાં ઘણું ગુમાવે છે. હું જંગલ જાઉં એટલે મને વાઘ તો મળે જ છે એ સિવાય એવી વિરલ ઘટનાઓનો હું સાક્ષી બન્યો છું જે ભાગ્યે જ હું ભવિષ્યમાં પણ જોઈ શકીશ. જંગલથી મોટી કોઈ જ શાળા નથી, પ્રકૃતિથી મોટો કોઈ જ ગુરૂ નથી. જંગલના દરેક સજીવ તત્ત્વોને પ્રથમ વાર જોયા અને જાણ્યા પછી જાણે મને એવું જ લાગ્યું કે કોઈ વૃક્ષ પણ મારી સાથે બેસીને બે ઘડી વાતો કરે છે તો ક્યારેક કોઇક પક્ષી પોતાની કળા મને બતાવે છે. એ અલગ જ વિશ્વના નિઃસ્વાર્થ જીવોની દુનિયામાં ગયા પછી હું હંમેશાં કોલાહલમાં આવીને તેઓનો સાથ ઝંખું. તેઓ ખરેખર અચરજ પમાડે તેવા જ હોય છે. જંગલ આખું જ એક રહસ્ય છે. આવી ચર્ચાઓમાં મને ખૂબ જ રસ પડે અને મને કોઈ કહે કે જંગલની વાર્તા માંડ તો તો હું ઝાલ્યો ન રહું. મને છેલ્લાં ઘણાં વર્ષોથી જંગલમાં અચરજ પમાડે તેવા અનુભવો થયા છે.આપના બાળકોને પ્રકૃતિ સાથે વાતો કરવાની પ્રેરણા આપો. ચોક્કસ એના પર કુદરતનો રહેમ આપોઆપ ઊતરી આવશે અને જીવનનાં શ્રેષ્ઠ પાઠ એ ખૂબ સરળતાથી શીખી શકશે. માત્ર બાળકો જ નહિ પણ ખરા આનંદને ઝંખતા દરેક જનોએ જંગલ છાશવારે જવું જ જોઈએ. કુદરતથી વિશેષ આ સૃષ્ટિમાં કશું જ નથી અને હોઈ જ ન શકે. ■











ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સોની કરે ટૂંકાનું લાંબું, સુથાર કરે લાંબાનું ટૂંકું



સોની અને સુથાર. સોની એટલે ઘરેણાં ઘડનાર કારીગર અને સુથાર એટલે લાકડા ઘડનાર કારીગર. બંનેનો ખપ પડે પણ પ્રસંગે. આ બંને ભાષામાં કહેવતમાં પણ ખાસ્સા વણાઈ ગયા છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ બંને શબ્દના અન્ય એવા અર્થ ઉપલબ્ધ છે જેની કોઈને કલ્પના પણ નહીં હોય. જેમ કે સોનીડો. સોનીને લાડમાં સોનીડો કહેવાતું હશે એવી સમજણ રૂઢ છે પણ શબ્દકોશ જુદું જ જણાવે છે કે **સોનીડો ચટક વર્ગનું એક જાતનું પક્ષી.** એ દયારથિયું પણ કહેવાય છે. સંધ્યાને આવકારે, રાત્રિને રિઝાવે અને ઉષાને અભિનંદીને શાંત થઇ જાય છે. **સોનીહાર એટલે શતાવરીનો છોડ.** એક ધાતુ અને એક વનસ્પતિ. સુથાર એટલે લાકડા વહેરવાનું કામ કરતો કારીગર. ભગવદ્ગોમંડળ અનુસાર સુથારી કામમાં લાકડું ધારેલા માપ પ્રમાણે વહેરવા માટે સૂત્ર એટલે સૂતર ગેરુવાળું કરી એની છાંટ પાડવામાં આવે છે. આ ક્રિયા ઉપરથી સૂતર ધરવાવાળો તે સૂત્રધાર કહેવાયો. **સૂત્રધારનું અપભ્રંશ થઈ સૂતાર - સુતાર શબ્દ અસ્તિત્વમાં આવ્યો છે.**

આ બંને કારીગરના વ્યવસાય સંબંધી કહેવતો જાણવા-સમજવા જેવી છે. **સોની કરે ટૂંકાનું લાંબું, સુથાર કરે લાંબાનું ટૂંકું** કહેવત વિરોધાભાસી લાગે છે. જોકે ગુણમાં એવું નથી. લાકડાની સરખામણીએ સોનું વજનદાર હોય છે અને ઓછી જગ્યા રોકે છે. ઘરેણાં - દાગીના બનાવવા વપરાતું સોનું એના શુદ્ધ સ્વરૂપમાં પહેરવામાં નથી આવતું. તેને ટીપવામાં આવતા એ લાંબું થાય છે અને ત્યારબાદ અન્ય ધાતુ મેળવી દાગીના તૈયાર કરવામાં આવે છે. ૧૦ ગ્રામ સોનાના કકડામાંથી બનાવેલા ઘરેણાંની લંબાઈ કકડા કરતાં વધારે હોય છે. આ પ્રક્રિયા સોની પાર પાડતો હોવાથી કહેવાય છે કે **સોની કરે ટૂંકાનું લાંબું, સુથાર કરે લાંબાનું ટૂંકું.**

હવે સુથારની વાત કરીએ. લાકડાં કાપી જરૂરિયાત અનુસાર એને જોડવાનું કામ સુથાર કરે છે. સુથારે લાવેલું લાકડું અલગ અલગ માપમાં હોય છે.જે વસ્તુ તૈયાર કરવાની હોય (ખુરશી, ટેબલ ઈત્યાદિ) એ માટે નાના મોટા કદના લાકડાં ઘાટ અનુસાર જોડવા પડે છે. ટૂંકમાં સુથાર મોટા લાકડાના કકડા જોડી વસ્તુ તૈયાર કરે છે. ખુરશીનો હાથો કે ટેબલના પાયા કેટલા નાના હોય છે જે મોટા લાકડા કાપી તૈયાર થયા હોય છે. એટલે જ સુથાર કરે લાંબાનું ટૂંકું એમ કહેવાય છે. જોકે, સોનીનું કામ સોનાના કકડામાંથી આકર્ષક ઘરેણાં - દાગીના બનાવવાનું અને સુથારનું કામ લાકડામાંથી આકર્ષક ફર્નિચર તૈયાર કરવાનું છે. એટલે સ્થૂળ અર્થમાં બંનેના ભલે વિરોધાભાસ હોય, ગુણમાં સામ્ય છે, વિરોધાભાસ નથી.

રાષ્ટ્ર ભાષા

## नानी-दादी की कहावतें

વાર્તા રે વાર્તા ભાભો ઢોર ચારતા, ચપટી બોર લાવતા છોકરાવને સમજાવતા.. બાળપણની મોજમજાનું એક આનંદદાયક પ્રકરણ છે જે ક્યારે પણ યાદ કરવું ગમે. શૈશવકાળમાં નાના - નાની કે દાદા - દાદીની સાંભળેલી વાતો ગેલ ગમ્મત કરાવતી, સાથે જ્ઞાનવર્ધક પણ રહેતી. હિન્દીમાં એવી કહેવત યાત્રા આગળ વધારીએ. **'गाडी देख, पग भारी'** ખૂબ માર્મિક કહેવત છે. જૂજ શબ્દોમાં જીવનની ફિલસૂફી સમજાવે છે.

**કોઈ ભી સુવિધા (जो पहले नहीं थी, तब भी काम चल रहा था) जब उपलब्ध होने की सम्भावना होती है तो ऐसा महसूस होन लगता है कि उसके बिना हमारा काम चली ही नहीं सकता। जैसे पैदल चलने वाले को गाडी में बैठने का अवसर मिलते ही उसे अपने पैर पैदल चलने में भारी से महसूस होने लगते हैं।** સાધન સગવડ વિના રહેવાના સમયમાં કોઈ વસ્તુનો અભાવ ખટકતો નહીં. એના વિના કામ ચાલી જતું. જોકે, જેવી સગવડ મળવાનું શરૂ થાય એટલે એના વિના કામ નહીં ચાલે એવી લાગણી થવા લાગે છે. જેમકે, કાયમ પગપાળા મુસાફરી કરવાની આદત ધરાવતી વ્યક્તિને વાહનની સગવડ ઉપલબ્ધ થયા પછી દસ ડગલાં ચાલવું પણ આકરું લાગે છે. પગ થાકી જવા લાગે છે. મુંબઈના જીવનનું ઉદાહરણ આ સંદર્ભમાં આપી શકાય. એક સમય હતો કે સિંગલ રૂમમાં કે વન બીએચકે ફ્લેટમાં સાતથી દસ જણનો પરિવાર ખચકાટ વિના રહેતો. આજે માતા - પિતા અને બે બાળકના પરિવાર માટે બે બેડરૂમનો ફ્લેટ પણ નાનો લાગે છે. 'મને સ્વતંત્ર બેડરૂમ જોઈએ' એવી ફરિયાદ એક બાળક કરે છે. આજની આ વરવી વાસ્તવિકતા છે.

સગ્ગી બહિણ


## આધુનિક મ્હણી

મોડર્નાઈઝેશન - આધુનિકરણનો પવન સાર્વત્રિક ફૂંકાયો છે તો પછી ભાષા એમાંથી કેમ બાકાત રહી જાય? જૂની કહેવતોનો આધુનિક અવતાર બદલાયેલી વિચારસરણીનું પ્રતિબિંબ તો છે જ, સાથે સાથે મોજ પણ કરાવે છે. અસલના વખતમાં આપણા દેશમાં વહુ લાજ કાઢે એવો રિવાજ હતો. લાજ કાઢવી માટે મરાઠી શબ્દ પ્રયોગ છે **तोंडाला पदर.** ઘરના વડીલ સભ્ય કે આગંતુક - મહેમાન એનો ચહેરો ન જોઈ શકતા. જોકે, આ જ વહુને છૂટ મળે એટલે એ 'પંછી બનું ઊડતી ફિરું મસ્ત ગગન મેં, આજ મૈં આઝાદ હું દુનિયા કે ચમન મેં'ની જેમ ઘુમવા લાગે. પાંજરામાં પૂરાયેલું પંખી મુક્ત ગગનમાં ઉડાઉડ કરે એમ. ટૂંકમાં એની આઝાદીના પડઘા સર્વત્ર સંભળાય. એના પરથી કહેવત બની છે કે **तोंडाला पदर गावाला गजर!** ગજર એટલે એલાર્મ - સમયની સૂચના આપતો ધ્વનિ. ઘરમાં લાજ કાઢીને ફરતી સ્ત્રી મુક્ત હવા મળતા જ પોતાની આઝાદીનો ઘંટારવ કરે એની આ વાત છે. **रिकामा माळी ही म्हण अनेकदा वापरली जाते: एखाद्या व्यक्तीला काहीच ज्ञान किंवा कौशल्य नाही. एखाद्या व्यक्तीकडे काहीतरी आहे, पण ते उपयुक्त नाही.** નવરો બેઠો નખ્ખોદ વાળે એ કહેવત તમે જરૂર જાણતા હશો. મરાઠી શબ્દ રિકામાનો અર્થ કામ વગરનો - નવરો થાય છે. રિકામા માળી એટલે જેની પાસે કોઈ પ્રકારનું જ્ઞાન કે કૌશલ નથી અથવા એની પાસે છે એ ઉપયોગી નથી એવો અર્થ થાય છે. આ સંદર્ભમાં **रिकामा माळी ढेकळ फोडी!** એ આધુનિક કહેવતનો અર્થ સમજવો જોઈએ. ઢેકળ એટલે ભીની પોચી માટી. નવરી બજાર ભીની માટી પર બેસી સળ પાડ્યા એવો આડંબર કરે એવી વાત છે. નજીવું કે ક્ષુલ્લક કામ કરી જવાબદારી નિભાવી હોવાનો ડોળ કરવો. ■

ઉડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# તમારી પાસે કોઇ માફિયાનો નંબર છે?



'તમારે બ્રુસલી કે જેકી ચેન સાથે ઓળખાણ ખરી?'

રાજુ મારા ઘરમાં દાખલ થયો. એણે રિમોટથી એર કન્ડિશનર સોળ પર સેટ કરી રૂમ ચિલ કર્યો. મને એસી ફાવતું નથી. રાજુએ સવાલ સાથે એસીને એકદમ કુલમાં સેટ કરી મને અપસેટ કર્યો. રાજુને બ્રુસલી પરમ પિતાને પ્યારો થઇ ગયો એની પણ ખબર હશે કે નહીં એ તો રામ જાણે.

'રાજુ, પચાસ ટકા ઓળખાણ છે.' મેં રાજુને જવાબ આપ્યો.

'તો તો મારું કામ થઇ ગયું.' આટલું બોલી રાજુ મને ભેટી પડ્યો. મારા પાંસળાઓમાં કડાકો બોલી ગયો.

'રાજુ, હું બ્રુસલીને હું પચાસ કે જેકી ચાનને સો ટકા ઓળખું તો તેનાથી તને કોઇ ફાયદો થશે નહીં.' મેં રાજુને ચોંકાવ્યો.

'ગિરધરલાલ, મારે બ્રુસલી પાસે કુંગ ફૂ કરાટે કે તે પ્રકારનું માર્શલ આર્ટ શીખવું છે.' રાજુ રદીએ રહસ્ય પરથી પડદો ઊંચક્યો. સફેદ રંગનો ખુલતો રોબ પહેરીને આવેલા રાજુએ કમરનો પટો ટાઇટ કરી પગ મારા ખભા સુધી ઉછાળ્યા. હાથ બે-ત્રણ વાર ઉપર નીચે પછાડ્યા. મોમાંથી 'હૂંહૂં.. હાહા' જેવા ચિત્ર-વિચિત્ર ઉદગારો કર્યા.

'અરે, આ રાજુભાઇને શું થયું છે? ભૂત-પ્રેત વળગ્યું છે? રોજ નિતનવા નાટક કરે છે.' ચાના કપ સાથે પ્રવેશેલાં રાધારાણીએ મને પૂછ્યું.

'તારો માનીતો દિયર તારી સામે છે. જે પૂછવું હોય તે રાજુને સીધું પૂછી લે.'

'સૉરી, ભાભી થોડું ખાનગી છે તમને કહેવાય તેવું નથી.' રાજુએ આટલું કહી બે હાથ જોડી રાધારાણીની માફી માગી. રાધારાણી મોં મચકોડીને રસોડામાં પરત ફર્યા.

'રાજુ, ગામ આખું આઇપીએલ પાછળ ગાંડું થયું છે. યુરોપ આખું ફૂટબોલ પાછળ ગાંડું થયું છે. અમેરિકા બેઝબોલ પાછળ પાગલ છે. તું કેમ માર્શલ આર્ટની આદું, લસણ, ડુંગળી ખાઇને પાછળ પડ્યો છે?' મેં રાજુના ગાંડપણ પર પ્રહાર કર્યો.

'ગિરધરલાલ, એનું એક રહસ્ય છે. તમે પાનના ગલ્લે ચાલો. તમે મને સિગારેટ અને કાચી પાંત્રીસ, લવલી, કિમામવાળો મસાલો અપાવો એટલે નિરાંતે બધી વાત કરું' આમ કહી રાજુએ સિગારેટ-બીડીની ડિમાન્ડ કરી દીધી. મારા ઘરેથી નીકળતા પહેલાં રાજુ ચાના કપમાં ચોંટેલી તર પર જીભ ફેરવી ચાટી ગયો. ઘરેથી નીકળી અમે પરાગ પ્રપંચીના પાનના ગલ્લે આવ્યા. રાજુને મારા પૈસે પાનબીડી તમ્બાકુની મજા કરવાની શરૂ કરી.

'રાજુ, તને માર્શલ આર્ટનો 'મ' આવડે છે?તું માર્શલ આર્ટ શું છે એ જાણે છે? '

'ના, ગિરધરલાલ.' રાજુએ અજ્ઞાનનો સ્વીકાર કર્યો.

'રાજુ, કોઇ વ્યક્તિના હુમલા સામે માર્શલ આર્ટ એ સ્વબચાવની ટેકનિક છે. પરંપરાગત માર્શલ આર્ટ ટેકવાન્ડો અને આધુનિક માર્શલ આર્ટ બારિસ્તીશુ કહેવાય છે. પરંપરાગત માર્શલ કરાટેની તાલીમમાં કિહોન, કાટા અને કુમિટે એમ ત્રણ પદ્ધતિ છે. ' આમ કહીને મેં માર્શલ આર્ટ- કરાટે વિશે ટૂંકમાં સમજાવ્યું. એ બધું સાંભળતાં રાજુનું મોં ખુલ્લુંને ખુલ્લું રહી ગયું.

'ગિરધરલાલ' આટલું કહીને રાજુએ મારા ડાબા કાન પાસે મોં લાવ્યો. રાજુએ તોપગોળા છોડવા જેવું વાક્ય મારા કાનમાં રેડ્યું' આપણને એમાં કોઇ રસ નથી.'

'રાજુ, કમાલ છો.. માર્શલ આર્ટમાં રસ છે અને માર્શલ આર્ટ વિશે જાણવામાં કોઇ રસ નથી.' મેં આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'તમે જીમ કલાઉડ વૈન ડૈમનું નામ સાંભળ્યું છે?' રાજુએ આંતરરાષ્ટ્રીય સવાલ પૂછ્યો.

'એ ભાઇ કોણ છે? ટેરીફ ટ્રમ્પ સોરી, ડોનલ્ડ ટ્રમ્પની ટીમમાં છે?'

'ગિરધરલાલ , ગામની ફિલ્મ ઉતારો છો, પરંતુ ફિલ્મ બિલ્લમ જુઓ છો ખરા?'

'રાજુ, એમાં ફિલ્મ કયાં વચ્ચે આવી?'

'ગિરધરલાલ, જીમ કલાઉડ બેલ્જિયમના બ્રશેલ્સનો વતની છે. એ માર્શલ આર્ટનો ખેલાડી છે. કરાટેમાં ઘણા મેડલ મેળવ્યા હોવાથી 'મસલ્સ ફ્રોમ બ્રશેલ્સ' તરીકે જાણીતો છે.જીમ ફિલ્મોમાં પણ માર્શલ આર્ટથી ફાઇટિંગ કરીને વાહવાહી મેળવી છે. એનું અંગત અને વ્યાવસાયિક જીવન વિવાદ, મારામારી, હિંસાથી ભરેલું છે. જીમ મેન્ટલ ડિસઓર્ડર અને બાયોપોલર ડિસ ઓર્ડરથી પીડાય છે.' રાજુએ જીમની જીવની રજૂ કરી.

'રાજુ. મારે જીમની સ્ટોરીનું અથાણું કે ક્યુંબર કરવાનું છે?'

'ગિરધરલાલ, આ જીમને કોઇ માફિયા મિત્રે એક- બે નહીં પણ પાંચ ટીપટોપ છોકરી ગિફ્ટ કરી છે. માફિયાઓ પહેલાં ઊંચી કિસ્મના દારૂની બોટલો આપતા હતા. હવે મશીનગન, પિસ્તોલ, ડ્રગ એવું બધું ગિફ્ટ કરે છે.' રાજુએ માફિયાનો લેટેસ્ટ ટ્રેન્ડ જણાવ્યો.

'રાજુ, લાલો લાભ વિના લોટે નહીં સાંભળેલું. હવે પ્રત્યક્ષ અનુભવ્યું પણ ખરું. સીધેસીધું કહેને કે એટલે તું માર્શલ આર્ટની મેથી મારે છે. છોકરી માટે બ્રુસલી થવું તે આનું નામ.'

- તો વાંચક મિત્રો, હવે તમારી જવાબદારી છે કે તમારી ફ્રેનબુક- ફેસબુક કે ઈન્સ્ટામાં કોઈ માફિયા, મવાલી , ચોરચકારના નામ - ફોન નંબર હોય તો રાજુ રદીને XX XXX XXX૪૨૦ પર મોકલી આપો રાજુને પાંચ નહીં તો કમસે કમ એક પણ છોકરી મળી જાય તો આખી જિંદગી દુઃખી થવાનું રૂપાળું બહાનું મળી જશે! ■

એન્ગ્લિશ વિંગ્લિશ

## MEANING CHANGE




ભાષા શીખવાની સાથે એનું વ્યાકરણ પણ શીખવું જરૂરી છે. અંગ્રેજી ભાષા શીખતી વખતે એનું ગ્રામર શીખવાથી ભાષા સમજવામાં સરળતા રહે છે. One should learn Parts of Speech. A part of speech is a category that describes the role a word plays in a sentence. Understanding the different parts of speech can help you analyze how words function in a sentence and improve your writing. અંગ્રેજી ભાષાના વ્યાકરણમાં 'પાર્ટ્સ ઑફ સ્પીચ' વિશે સમજણ હોવી જરૂરી છે. વાક્યના બંધારણમાં શબ્દો કેવું યોગદાન આપે છે એ સમજાય છે. The parts of speech include nouns, pronouns, verbs, adjectives, adverbs, prepositions, conjunctions, and interjections. નામના અર્થમાં વધારો કરે એ વિશેષણ - એડજેક્ટીવ કહેવાય છે. કેટલાક વિશેષણ એવા છે જેના વર્તમાન અર્થ કરતા ભૂતકાળમાં અર્થ એકદમ વિપરીત હતો. For e.g. FANTASTIC. This word means Excellent or Extraordinarily Good. They did a fantastic job or The restaurant is fantastic. ટૂંકમાં અદ્ભુત, ચાર ચાંદ લગાવી દે એવું. This adjective once exclusively referred to things conceived in the imagination. એક સમયે આ વિશેષણનો અર્થ કલ્પનાથી ઉદભવેલા વિચાર વિશેનો હતો. જોકે, હવે ઝમાના બદલ ગયા હૈ.

હવે બીજું વિશેષણ જોઈએ. Awful / Awesome: Both of these words originated from awe, meaning full of fear or terror. આ બંને શબ્દનો એક જ શબ્દમાંથી ઉદભવ્યા છે. એક સમયે એનો અર્થ ભય કે આતંક એવો થતો હતો. કોઈ કારણસર અર્થ એવું પડખું ફરી ગયો છે કે એક શબ્દમાંથી નકારાત્મકતાને તિલાંજલિ મળી ગઈ છે અને એક શબ્દમાં હકારાત્મકતા, પોઝિટિવ અર્થ ધારણ થયો છે. Awful now indicates something bad. આજની તારીખમાં ઓફુલ એટલે ભયાનક, ભયંકર, ભીષણ કે દારુણ એવા અર્થ થાય છે. I had an awful experience working with you. તારી સાથે કામ કરવાનો અનુભવ ભયાનક હતો. Awesome means something or someone is impressive. I liked the movie. It was awesome. ઓસમ એટલે ખૂબ સુંદર, અદ્ભુત કે પ્રભાવી એવા અર્થ છે. મને ફિલ્મ બહુ ગમી, અદ્ભુત છે.

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ૧ મે ૧૯૬૦ ગુજરાત મહારાષ્ટ્ર સાથે કચ્છ પણ અલગ રાજ્ય બની શક્યું હોત!




મોરારજી દેસાઈએ મહાગુજરાત ગુજરાત આંદોલન વખતે પ્રજાના મિજાજને ઓળખવામાં ભૂલ કરી હતી. એમનો તો કચ્છીઓ પ્રત્યેનો નિરુત્સાહ પણ આપણે કદી ભૂલી શકીએ તેમ નથી. આંદોલનમાં ગુજરાતનાં અનેક પ્રભાવી નામો પૈકીનું એક નામ હતું સનત મહેતાનું. કચ્છ સાથે એકથી વધુ રીતે સંકળાયેલા પૂર્વ નાણાપ્રધાન સનતભાઇએ પોતાના લેખમાં વ્યક્ત કરેલ અફસોસ અનુસાર મહાગુજરાત આંદોલન વખતે મોરારજીભાઇએ એવું વિધાન કર્યું હતું કે, 'કચ્છ જે મનીઓર્ડરના અર્થતંત્ર પર નભે છે, એનો ભાર ગુજરાત કેવી રીતે ઉપાડી શકશે? ગુજરાત માટે કચ્છ બોજરૂપ થઇ પડશે એવું મોરારજીભાઇએ જાહેર નિવેદન કર્યું.' મુંબઇ તો બીજું કચ્છ હતું. ત્યાં મોટી સંખ્યામાં કચ્છી સ્થાયી થયા હતા તેમના દ્વારા મનીઓર્ડર દ્વારા મોકલાતાં નાણાં પર કચ્છમાં વસતા લોકો નભતા હોવાથી તેનું અર્થતંત્ર મનીઓર્ડર પર આધારિત છે એવી માન્યતા હતી. હકીકત તો એ છેકે કચ્છમાં વિકાસની મબલખ તકો રહેલી છે. આજે ઔદ્યોગિક અને કૃષિવિકાસની નોંધ લઈએ તો કચ્છ ગુજરાત માટે બોજ નહીં પણ નરેન્દ્રભાઇ મોદીએ કહ્યું તેમ 'ગુજરાતનું તોરણ' છે. સ્વાભાવિક છે પ્રદેશને પાણી મળે તો એ પ્રજા સોળે કળાએ ખીલી ઊઠે!

સ્વાતંત્ર્ય મળતાં જ રાજાશાહીના વિલીનીકરણ સાથે ભાષાવાર અલગ રાજ્યોની માગણી પણ તીવ્ર બનતી ગઈ. તે બાબતે તત્કાલીન સરકારે કમિશનો નીમ્યાં અને ઠરાવો થતાં સ્વીકાર કે અસ્વીકારના જુવાળો ઊભા થયા. ગુજરાતની રચના પણ આને જ આભારી! પણ તેનાં મૂળિયાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિની સાથે નખાઈ ગયા હતાં.

૧૯૨૦ના ભાષાવાર પ્રાંતરચનાના ઠરાવ બાદ ૧૯૪૮માં પ્રથમ વાર ગુજરાતના અલગ રાજ્યની ભલામણ થઈ હતી. ફરી ૧૯૫૩માં કેન્દ્ર સરકાર દ્વારા ફઝલઅલી પુનઃરચના પંચ નીમવામાં આવ્યું તેમાં મહારાષ્ટ્ર અને ગુજરાત બે રાજ્યો રચવાની ભલામણ આવી, પણ આ વિચારના નકાર સાથે 'બૃહદ મુંબઈ રાજ્ય'ની ભલામણ થઈ.

ઑગસ્ટ, ૧૯૫૬ના સંસદમાં મહારાષ્ટ્ર, મુંબઈ, કચ્છ-સૌરાષ્ટ્ર અને ગુજરાત સહિતના દ્વિભાષી રાજ્યનો ઠરાવ સ્વીકારાયો તે જ દિવસે અમદાવાદની લૉ કોલેજમાં વિદ્યાર્થીઓની સભામાં પગલાં સમિતિની રચના કરવામાં આવી; વિદ્યાર્થીઓએ સ્વયંભૂ દેખાવો શરૂ કર્યા; તેના જવાબમાં પોલીસે ૮ ઑગસ્ટ, ૧૯૫૬ના કરેલ ગોળીબારમાં ચાર વિદ્યાર્થીઓ શહીદ થયા અને સો જેટલા લોકો ઘવાયાં હતાં. તેમને વીરાંજલિ આપવા ૧૩મી ઑગસ્ટ અમદાવાદમાં મહાગુજરાતના 'શહીદ દિન' તરીકે મનાવતા આંદોલનની ઉગ્રતા પ્રચાર ભણી આગળ વધતાં અમદાવાદ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છની સભાઓ ભરાવા લાગી.

પરંતુ મહાગુજરાત આંદોલનની તીવ્રતાના પગલે ૧૯૫૯ના અંતમાં રાષ્ટ્રીય કૉંગ્રેસ સમિતિએ વિભાજન માટે સંમતિ આપી ને ગુજરાત તો રચાયું પણ કચ્છીઓ કચ્છને અલગ રાજ્ય બનાવી લેવા ટૂંકા પડ્યા. પ્રાણલાલ શાહ, તરુણાવસ્થાથી તેમણે વિવિધ ચળવળોમાં નેતૃત્વ લીધેલ. તેથી તે જાણીતા બન્યા હતા. તેમનો ઇન્દુચાચા સાથે સંબંધ હતો એટલે જ્યારે ઇન્દુચાચાએ મહાગુજરાત આંદોલનનું સુકાન સંભાળ્યું, ત્યારે સ્વાભાવિક રીતે પ્રાણલાલ શાહ તેમાં ખેંચાયા અને ઝુકાવી જ દીધું અને અમદાવાદમાં સક્રિય રહ્યા. એ સિવાય આંદોલનમાં કચ્છનો ફાળો નહિવત કહેવાય. મહદ્અંશે કચ્છ આ બધી બાબતોમાં શાંત અથવા તો નિષ્ક્રિય રહ્યું છે કહીએ તો ખોટું નથી. આઝાદી વખતે પણ શ્યામજી કૃષ્ણવર્મા, કેપ્ટન સિસ્ટર્સ, યુસુફ મહેરઅલી વગેરે સિવાય કચ્છ શાંતભાવે લડાઈ લડ્યું હતું.

કચ્છ ક વર્ગનું રાજ્ય બન્યું એ પછી તરત જ જયપુરમાં કોંગ્રેસ મહાસમિતિનું અધિવેશન મળ્યું હતું, તેમાં સરદાર પટેલે કચ્છને પૂર્ણ રાજ્યનો દરજ્જો નથી અપાયો એમાં સબળ અને સક્ષમ નેતાગીરીનો અભાવ જવાબદાર હોવાનું જાહેરમાં કહ્યું હતું, પરંતુ રાજકીય વિવાદના પગલે સરદારે એ શબ્દો પાછા ખેંચી લેવાની ફરજ પડી.

અભ્યાસુઓનાં મત તો એવા છે કે, આ ચળવળમાં મુંબઈની મરાઠી ભાષી સૂત્ર 'આમચી મુંબઇ' સામે ગુજરાતી ભાષામાં 'ગુજરાત મોરી રે' સૂત્રોચ્ચારથી વારંવાર હિંસક અથડામણો થયેલ હતી. ચળવળ દરમિયાન જો કચ્છમાં પણ 'એવ વલ્લો મુંજો કચ્છડો' ના સૂત્રોચ્ચાર થયા હોત તો કચ્છને પણ અલગ રાજ્યની રચના માટેના આંદોલનને વેગ મળ્યો હોત અને કદાચ કચ્છ પણ ૧લી મે ના સ્થાપના દિવસ ઉજવતું હોત! ■

## ૪. ધાર્મીક સંબંધી

સમસ્ત જૈન સંઘ અંતર્ગત
**શ્રી શંખેશ્વર મહાતીર્થ મધ્યે**
અમુલ્ય મહાલાભ મેળવવાની
સોનેરી તક
52 જિનાલયમાં પ્રભુજી ભરાવવા- પ્રતિષ્ઠા અને કાયમી ધજાના આદેશો નકરાથી આપવાના છે.
વાત્સલ્યધામ
73834 67711, 73834 67722
73834 67733, 72839 91199
(બી-૧૫૮૮૪)

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

**પ્રિન્સ આર્ટ**
જુની ઝરીની સાડી બોર્ડર હાથના ઘડીયાલ પેન જુના સિક્કા, નોટના બંડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર સીડી, રેકોર્ડ મ્યુઝીક, સીસ્ટમ જૂના રોબોટ, હીમેન, જીઆઈજી જુની એન્ટીક આઈટમ લેનાર કેરબા 9920663443, 9107866786. (૨૬૬)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૮૮૪-બી)

## ૯. લગ્ન સંબંધી

**50થી ઉપરની**
વયની મહિલાઓ જામનગરના વેલસેટ ઉદ્યોગપતિ જોડે જીવનસાથી માટે સંપર્ક. ''બસેરા'' - 8591902845. (દહેજ નહીં). (બી-૧૫૯૧૫)

■ મુંબઈની જૈન કન્યા 1991 Professionally રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૯૨૮)

**પદમાવતી માતા મેરેજ બ્યુરો**
**જૈન-વૈષ્ણવ યુવક- યુવતીઓના સગપણ માટે જેન્યુઈન સંપર્ક આવકાર્ય. 9221448825, 9619077670. (દહેજ નહીં). (૧૫૮૭૯-ડી)**

**JAIN GIRL:**
November 79, Educated, MNC Working, 5.5 Height, Fair, Slim. Gujarati Boys can Contact 9323268284. (No Dowry) (15860/A)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૮૮૪-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**કાર ભાડેથી મળશે**
**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

## ૧૪. નોકરી ખાલી છે

**રે રોડ - ઓફિસ બોય**
**પ્રખ્યાત પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં હોંશિયાર, વિશ્વાસુ, સાયકલ ચલાવનાર ઓફિસ પ્યુનની જરૂર છે. યોગ્ય અને સારો પગાર અનુભવ પ્રમાણે મળશે. email:alloysteel3@gmail.com CALL: 7021734143. (એસડીબી-૨૫૭૯)**

■ મુંબઈ સેન્ટ્રલ રેલવે ઓફિસમાં સાફ સફાઈ માટે માણસો પગાર 12000/- પાસ મફત- સમય 7 થી 4- ભરતી ચાલુ છે. થોડી જગ્યા બાકી છે. મોબાઈલ. 9869781781/ 9224793874. (બી-૧૫૯૪૦)

**ACCOUNTANT REQUIRED**
Experienced Lady Accountant at Vile Parle West. Contact: 9004687006. (15852-C)

**SALESMAN REQUIRED**
Experienced Salesman for Tiles, Fittings & Sanitaryware Showroom at Vile Parle West. Contact: 9004687006. (15852-A)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી (વેસ્ટ)**
**0% સ્ટેમ્પડ્યુટી, ફુલ CC સાથે, આલોક@ દહાણુકરવાડી, નવું ટાવર, 1 બેડરૂમ 1.08 કરોડ +, 2 બેડરૂમ 1.60 કરોડ +, સીલીંગ હાઈટ 10.25 ફૂટ, યોગેશ મહેતા 9322287656. (જેપી-૪૯૯૦-એ)**

**''ફ્રી...''**
**''શ્રીજી'' - 2 બેડ- 724' કાર્પેટ, ફક્ત 3.99 બધું મળીને + 51 ગ્રામ ગોલ્ડ+ રોલેક્સ ઘડિયાળ કપલ માટે. રેડીમાં લેવા : 9322792882. (૧૫૮૬૭-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, ગારોડિયા નગર, 3 બેડરૂમ, હોલ, કિચન - 960' કારપેટ, સેમીફર્નિશ્ડ, 2.95 Cr, 3 બેડરૂમ, હોલ, કિચન - 1060' કારપેટ, 3.30 Cr, 2 બેડરૂમ, હોલ, કિચન - 810' કારપેટ, 2.60 Cr, 4 બેડરૂમ, હોલ, કિચન- 1225' કારપેટ, 3.71 Cr, 1 બેડરૂમ, હોલ, કિચન - 475' કારપેટ, 1.45 Cr, પાર્કિંગ સાથે. Home-Alone Property - જુગ્નું શાહ - 9833352224. (૧૫૮૮૬-એ)**

**અપર જુહુ**
ધ કલ્બની બાજુમાં, 2 બેડરૂમ, હોલ, કિચન (711')ના 3 ફ્લેટ (જોડી ફ્લેટ શક્ય) @2.75 CR, નવું બિલ્ડીંગ (૨ વર્ષ) રૂફટોપ એમેનીટીશઃ ઓનર- 9821025218. (૧૫૮૪૪-સી)

**બોરીવલી (વેસ્ટ)**
**2 બેડરૂમ, 700' + 315' કાર્પેટ, Veena Santoor, પાવનધામની સામે, (કાર પાર્કિંગ). ફર્નિચર સાથે વેચવાનો. 9820066761. (દિલીપ). (૧૫૮૩૪-એ)**

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ, તદ્દન નવું બિલ્ડિંગ, વેચાણથી. ''ઓનર'' - 9820156133. (બી-૧૫૬૨૦)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં. પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૮૮૯)

**પાર્લા વેસ્ટ**
સ્ટેશન દેરાસર 4 બેડ, 1300 કારપેટ અર્જન્ટ સેલ અમિત 7045622403. (બી-૧૫૯૧૨)

**વિલેપાર્લે વેસ્ટમાં**
મોડર્ન એમેનીટીઝ, ૨, ૩ અને ૪ BHK, ૧૫ માળાના ટાવરમાં એસ. વી. રોડ, વિલેપાર્લે (વેસ્ટ), શગુન રેસીડેન્સી. ૯૩૨૦૨૯૩૮૪૦. (બી-૧૫૯૦૯)

■ ગ્રાન્ટ રોડ (ઈસ્ટ) આઉટ રાઈટ સ્પેશિયસ બે બેડરૂમ (ત્રણ થઈ શકે) (ઓનરશીપ) ત્રણ બાજુ ખુલ્લી ૩૯૦ લાખ (નેગોશીએબલ) ૯૩૨૧૦૯૬૮૫૦ દલાલ માફ. (એસડીબી-૨૫૬૧)

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન / દેરાસર નજીક રેડીમાં 4 બેડરૂમ હાયર ફ્લોર 31500/- થી (ઓલ ઇન્કલુઝીવ ભાવે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૫૫)**

**અંધેરી (ઈસ્ટ)**
**ઘટાડેલા ભાવે 3 બેડરૂમના રેડીમાં ફ્લેટો (સ્ટેશનની નજીક) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૫૬)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશન પાસે 2 બેડરૂમ 711' ફૂટ 31,500/-ના ભાવે (ઓલ ઇન્કલુઝીવ) દિવાળીએ પઝેશન. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૫૫૭)**

**બોરીવલી ઈસ્ટઃ દૌલત નગરમાં**
2 BHK, 3 બાથરૂમ, દેરાસર મંદિર નજીક, હવાઉજાસવાળો ફ્લેટ, 1 પાર્કિંગ. વેચાણથી સંપર્ક ઓનરઃ 7977922699. (૧૫૮૫૪-એ)

**"BANGANGA"**
''સી ફેસીંગ 3 બેડરૂમ (8 કરોડમાં)'', ''OC છે'':- 9764198142. (૧૫૮૮૦-બી)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (ઈસ્ટ)**
**વેચાણથી 2 BHK ફર્નિશ્ડ ફ્લેટ, 800' કાર્પેટ સ્ટેશન - દેરાસર નજીક, લીફ્ટ - કાર પાર્કિંગ સાથે. 2.75 Cr ભરત શાહ - 9820280034. (૨૬૭)**

**કાંદીવલી (વેસ્ટ)**
1 બેડરૂમ નવા ટાવરમાં, 1.01 કરોડ મળશે. સંજીવ- 9821925693. (જેપી/૪૯૮૯-જી)

**બોરીવલી (પૂર્વ) ઑબેરૉયની બાજુમાં**
**સ્ટેશન, હાઈવેથી નજીક, 3 બેડરૂમ, 1050' બાલ્કની, પાર્કીંગ, ગેસ્ટ પાર્કીંગ, (સુંદર સોસાયટી સારો પાડોશ) વેંચાણથી આપવાનો. (3 કરોડ નેગોશિયેબલ) 9820177738. (૧૫૮૮૯-એ)**

**(NAPEANSEA ROAD)**
**3 BHK Walkin Flat for Rent Fully Furnished at Dariya Mahal Vegetarians Only Whatsup: 7021831500. (B-15939)**

**South Mumbai**
**1BHK for Sale**
Prathna Samaj,
520c @ 2.50Cr Negotiable.
Furnished, Serious seller.
Spot closure.
Brokers Welcome.
Sat/Sun Open House /
Walk-in at 11 am to 1 pm
**Raj 9820855056/ 9821036552**
(15883-D)

**BYCULLA, LUXURY 3 BED**
**1550 Carpet, Rani Baug Views Genuine Seller, Pool, Club, Gym Beautiful Interiors 7.95 Cr. +91 86559 29524. (B-15911)**

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ (ઈસ્ટ)**
**સાતીવલી, એનએચ 48, ઈન્ડસ્ટ્રીઅલ ગાળા 727' થી 4609' (RC) ગ્રાઉન્ડ, પહેલા, બીજા માળે, 16' હાઈટ, 1.5 ટન લીફ્ટ, OC. 8850050642 / 7304665227. (૧૫૮૪૦-એ)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઓફિસ ભાડેથી ઉપલબ્ધ**
કાલાઘોડા 300 સ્કે. ફીટ નરીમન પોઈન્ટ 1800 સ્કે. ફીટ, ચકાલા અંધેરી પૂર્વ 2000 સ્કે. ફીટ. એસ્ટેટ એજન્ટ મેઘ પ્રકાશ શાહ - 9870032042. (બી-૧૫૮૭૪)

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2567)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીત સંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૫૮૫૮/એ)

## ૨૫. શૈક્ષણીક

**FREE CONSULTATION**
**સ્કૂલ કોલેજના વિદ્યાર્થીઓ માટે પર્સનલ આર્ટ ડિઝાઈન એજ્યુકેશન કન્સલટેશન ONLINE/ OFFLINE: 8080874774. (૧૫૮૭૨-એ)**

## ૩૨. જમીન-મિલ્કત

■ સાપુતારા હટગઢ ખાતે ફાઈનલ NA પ્લોટ ઉપલબ્ધ છે. અલગ 7/12, હમણાં જ ખરીદો. સંપર્કઃ- મગરે સર 9421520090. (બી-૧૫૯૪૦)

**''જુહુમાં''**
''કોર્પોરેટ/ હોમ ઓફિસલાયક કમર્શિયલ 1100 સ્કવેર યાર્ડ (100 કરોડ)'':- 8007342828. (૧૫૮૮૭-સી)

**PLOT FOR SALE**
**Ghatkopar (West) 10 minutes walking distance from Station. 10,400 sq. feet Freehold Plot. Bhatt Wadi, Clear Title. Very good for Ownership Project. Plot Possession in 3 months M- 8591977078 / 8108119801. (B-15851)**

FREEHOLD AGRI LAND available in Prime Locations with Developments around Nr. Nashik as investment. Ph: 9890443322. (B-15885)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)

**''કેસર કૈરી''**
વલસાડની પ્રખ્યાત (વર્લ્ડ ફેમસ) ઘેર બેઠા મંગાવો 9427577771. (૧૫૮૭૪-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૭૮૪)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***વર્લ્ડ ફેમસ એસ્ટ્રોલોજર***
ગૃહકલેશ શત્રુબાધા લગ્નમાં રૂકાવટ લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9594577543/ 9773255055. માલાડ (વેસ્ટ). (બી-૧૫૯૧૮)

**શ્રીનાથજી જ્યોતિષ**
**(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્ની દુઃખ, સૌતન દુઃખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/. 9920991344, 9833390898, 28898500. (૧૫૮૭૭-એ)**

## ૪૨. કોમ્પ્યુટર્સ

**"WE PURCHASE SCRAP COMPUTERS"**
**"Old Household Furniture" A.C. etc. at "Reasonable Rate" "Contact": "Zaheeruddin" : 95947 86957. (SDBG-2584)**

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટર પ્રુફિંગ**
**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, ક્રેક ફિલિંગ, આઉટસાઈડ વૉલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031.** (૧૫૭૯૪-ઈ)

**લીકેજ બંધ**
સ્પેશ્યાલીસ્ટ વોટરપ્રુફીંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેઈન્ટીંગ. 9594599769. (૧૫૩૪૮/એ)

## ૪૭. હેલ્થ અને ફિટનેસ

**વજન ઘટાડો**
ફેન્સી ફૂડથી નહીં! કે નહીં દવાઓથી! ફક્ત ઘરના ભોજનથી જ. 8369042634/ PureSpoon.in (બી-૧૫૮૮૮)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722



**દ્વિપક્ષી સંબંધઃ** નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે શનિવારે યોજાયેલી સંયુક્ત પત્રકાર પરિષદમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સાથે એન્ગોલાના પ્રમુખ જોઆઓ મેન્યુલ ગોન્કેવ્સ લૌરેન્કો. બન્ને નેતાએ દ્વિપક્ષી સંબંધ વધુ દઢ કરવા અને વિવિધ ક્ષેત્રે સહકાર વધારવા મંત્રણા કરી હતી. (પીટીઆઇ)

# ભારતની એન્ગોલાના લશ્કરને ૨૦ કરોડ ડૉલરની સહાય

## ડિજિટલ, અંતરિક્ષ ટૅક્નોલૉજી સહિતના વિવિધ ક્ષેત્રે સહકાર સધાશે

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એન્ગોલાના સશસ્ત્ર દળોને ૨૦ કરોડ ડૉલરની 'ક્રેડિટ લાઇન' (છૂટછાટવાળા ધિરાણ)થી સહાય કરવાની શનિવારે જાહેરાત કરી હતી.

એન્ગોલાના પ્રમુખ જોઆઓ મેન્યુલ ગોન્કેવ્સ લૌરેન્કોએ ત્રાસવાદ સામેની ભારતની લડતને ટેકો જાહેર કર્યો હતો અને પહલગામ ખાતેના ત્રાસવાદી હુમલા અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. બન્ને દેશ ડિજિટલ પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની વિવિધ ક્ષેત્રે દ્વિપક્ષી સહકાર વધારવા સહમત થયા હતા.

મોદીએ નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસ ખાતે શનિવારે યોજાયેલી સંયુક્ત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે જોઆઓ મેન્યુલ ગોન્કેવ્સ લૌરેન્કોની ભારત ખાતેની આ મુલાકાતથી માત્ર એન્ગોલા સાથેની જ નહિ, પરંતુ આખા આફ્રિકા સાથેની ભારતની ભાગીદારી વધુ મજબૂત બનશે.

તેમણે જણાવ્યું હતું કે ભારત અંતરિક્ષ ટૅક્નૉલૉજીમાં પણ આફ્રિકાના આ દેશને બનતી દરેક સહાય કરશે.

અગાઉ, નવી દિલ્હીમાં શનિવારે એન્ગોલાના પ્રમુખ જોઆઓ મેન્યુલ ગોન્કેવ્સ લૌરેન્કોએ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સાથે દ્વિપક્ષી મંત્રણા કરી હતી. બન્ને નેતાએ દ્વિપક્ષી સંબંધ વધુ દઢ કરવા અને વિવિધ ક્ષેત્રે સહકાર વધારવા મંત્રણા કરી હતી. (એજન્સી) ■

# દિલ્હીમાં આયુષ્માન ભારત યોજના હેઠળ એક અઠવાડિયામાં ૨૮,૦૦૦ વૃદ્ધોની નોંધણીઃ સીએમ ગુપ્તા

નવી દિલ્હીઃ દિલ્હીમાં આયુષ્માન ભારત વય વંદના યોજના હેઠળ એક અઠવાડિયામાં ૭૦ વર્ષ કે તેથી વધુ વયના ૨૮,૦૦૦થી વધુ વૃદ્ધોએ નોંધણી કરાવી છે. આ યોજના હેઠળ ૧૦ લાખ રૂપિયાનો આરોગ્ય વીમો આપવામાં આવે છે. આ જાણકારી દિલ્હીનાં મુખ્ય પ્રધાન રેખા ગુપ્તાએ શનિવારે આપી હતી.

આરકે પુરમ વિધાનસભા મતવિસ્તારમાં આરોગ્ય વીમા યોજના હેઠળ નોંધણી માટે મોબાઇલ વાનને લીલી ઝંડી આપતા મુખ્ય પ્રધાને જણાવ્યું કે કેન્દ્ર સરકાર પાંચ લાખ રૂપિયાનું કવર આપે છે અને દિલ્હી સરકાર તેમાં બીજા ૫ લાખ રૂપિયા ઉમેરશે.

મુખ્ય પ્રધાને જણાવ્યું કે ૨૮ એપ્રિલે દિલ્હીમાં આ યોજના શરૂ થઇ ત્યારથી છેલ્લા પાંચ દિવસમાં ૨૮,૦૦૦થી વધુ નોંધણી થઇ છે. લાયક વરિષ્ઠ નાગરિકોની નોંધણી માટે ૭૦ વિધાનસભા મતવિસ્તારોમાંથી દરેકમાં મોબાઇલ વાન કાર્યરત રહેશે. તેમણે કહ્યું કે નોંધણી માટે અરજદારોએ ફક્ત તેમનું આધાર કાર્ડ અને મોબાઇલ ફોન સાથે રાખવાની જરૂર છે.

ગુપ્તાએ જણાવ્યું કે દિલ્હી સરકાર આ યોજના હેઠળ દિલ્હીના દરેક લાયક વૃદ્ધ વ્યક્તિની નોંધણી સુનિશ્ચિત કરશે કારણ કે તેમના આશીર્વાદ અમારા માટે અમૂલ્ય છે. વય વંદના માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં એક અનોખી યોજના છે. મોબાઇલ રજિસ્ટ્રેશન વાન લોન્ચ કરતી વખતે મુખ્ય પ્રધાને તેમના કેબિનેટ સાથી મનજિંદર સિંહ સિરસા અને સ્થાનિક ધારાસભ્ય અનિલ શર્મા સાથે શહેરની નિયુક્ત હોસ્પિટલોમાં કેશલેસ સારવાર માટે કેટલાક વૃદ્ધ લાભાર્થીઓને આયુષ્માન આરોગ્ય કાર્ડનું પણ વિતરણ કર્યું હતું. ■

**કોઝિકોડ મેડિકલ કૉલેજમાં ધુમાડો**

# કૉંગ્રેસની પાંચ મૃત દર્દીના પોસ્ટમોર્ટમની માગ

કોઝિકોડઃ કેરળમાં વિપક્ષ કૉંગ્રેસે શનિવારે આરોગ્ય વિભાગ પાસે કોઝિકોડ મેડિકલ કૉલેજ હૉસ્પિટલમાં એક રૂમમાંથી ગાઢ ધુમાડો નીકળ્યા બાદ મૃત્યુ પામેલા પાંચ દર્દીનું પોસ્ટમોર્ટમ કરાવવાની માગ કરી હતી.

મેડિકલ કૉલેજના સત્તાવાળાઓએ સ્પષ્ટતા કરી છે કે ધુમાડાને કારણે કોઇનું મૃત્યુ થયું નથી, પરંતુ કૉંગ્રેસ નેતૃત્વ ઇચ્છે છે કે મૃતકોના સંબંધીઓની શંકાઓ અને ચિંતાઓનું સમાધાન કરવામાં આવે. નોંધનીય છે કે ઇમરજન્સી વિભાગની ઇમારતની અંદરના યુપીએસ રૂમમાંથી ધુમાડો નીકળતો જોવા મળ્યો હતો. આ ઘટના શુક્રવારે સાંજે ૭ વાગ્યે બાદ બની હતી. કેરળના આરોગ્ય પ્રધાન વીણા જ્યોર્જે પહેલાથી જ તબીબી શિક્ષણ નિયામકને આ ઘટનાની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો, જેના કારણે દર્દીઓ અને રાહદારીઓમાં ગભરાટ ફેલાયો હતો. દરમ્યાન પત્રકારો સાથે વાત કરતાં જિલ્લા કૉંગ્રેસ સમિતિના પ્રમુખ કે પ્રવીણકુમારે જણાવ્યું કે ઇમરજન્સી વિભાગની અંદરના યુપીએસ રૂમમાંથી ધુમાડો નીકળ્યા બાદ હૉસ્પિટલમાં મૃત્યુ પામેલા પાંચ લોકોનાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ થવું જોઇએ.

તેમણે વધુમાં જણાવ્યું કે આરોગ્ય વિભાગ સામાન્ય રીતે મૃત અવસ્થામાં આવેલા લોકોનું પણ પોસ્ટમોર્ટમ કરાવવાનો આગ્રહ રાખે છે. તેથી આ બાબતમાં કોઇ પણ પ્રકારની ઢિલાશ ન રાખવી જોઇએ. ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે સાવચેતીના પગલાં પણ લેવા જોઇએ.

શુક્રવારે રાત્રે વાયનાડ કૉંગ્રેસના ધારાસભ્ય ટી. સિદ્દિકીએ આરોપ લગાવ્યો હતો કે હૉસ્પિટલમાં કેટલાક લોકોના ધુમાડાને કારણે મૃત્યુ થયા છે. જો કે હૉસ્પિટલના સૂત્રોએ જણાવ્યું કે એક વ્યક્તિને મૃત હાલતમાં હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો અને અન્યની હાલત ગંભીર હતી. ધુમાડાને કારણે તેમની હાલત બગડી ન હતી કે ન તો તેમનું મૃત્યુ થયું હતું. ■

# બાંગ્લાદેશીઓને આશ્રય આપવા મામલે ઝડપાયેલા લલ્લા બિહારીના નવમી મે સુધીના રિમાન્ડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા તળાવમાં ગેરકાયદે વીજજોડાણ લઈ બાંગ્લાદેશીઓને રાખવાના પ્રકરણમાં આરોપી મહેમુદ ઉર્ફે લલ્લા પઠાણને સ્પેશિયલ કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરાયો હતો. આરોપી મહેમુદ ઉર્ફે લલ્લા લાલમોહંમદ પઠાણને ક્રાઈમ બ્રાન્ચે પૂછપરછ કરવા કોર્ટ સમક્ષ ૧૪ દિવસના રિમાન્ડની માગણી કરતા ૨૧ જેટલા મુદ્દાઓ પર રજૂઆત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે લલ્લા બિહારીની ક્રાઈમ બ્રાન્ચે રાજસ્થાનથી ધરપકડ કરી હતી.

કોર્ટમાં મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મ ભટ્ટે રિમાન્ડ અરજી અંગે રજૂઆત કરતા જણાવ્યું હતું કે, આરોપી મહેમુદ ઉર્ફે લલ્લા લાલમોહંમદ પઠાણે ચંડોળા તળાવમા બનાવેલ ગેરકાયદે મકાન, દુકાન, ગોડાઉનના ભાડા કરારમા લાઈટ બિલની નકલો પણ મળી આવેલા છે. જે જગ્યાની માલિકી તેમની ન હોવા છતાં ગેરકાયદે રીતે બનાવેલ ફાર્મ હાઉસ સહિત મકાનો, દુકાન, ગોડાઉનમાં ટૉરેન્ટ પાવર કંપનીમાંથી વીજજોડાણ મેળવેલ હોય જે વીજજોડાણ કેવી રીતે મેળવેલ છે અને આ વીજ જોડાણ મેળવવા માટે ટૉરેન્ટ પાવર કંપનીમા કયા દસ્તાવેજ રજૂ કરેલ છે? તે અંગેની જરૂરી તપાસ માટે આરોપીની કસ્ટડી જરૂરી છે.

આ ઉપરાંત વીજજોડાણ લેવા કોની મંજૂરીથી વીજકનેક્શન મેળવ્યા છે? આરોપીના કબ્જા ભોગવટાવાળા ગોડાઉનમાંથી ચંડોળા તળાવમાં ગેરકાયદેસર રીતે બનાવેલા મકાન તથા દુકાનના જુદા જુદા કુલ-૪૩ ભાડા કરાર મળી આવેલા છે. આ ભાડા કરારો જેના નામના ભાડા કરાર બનાવેલા છે તે તમામ ભાડુઆતોની આરોપીની હાજરીમાં પૂછપરછ કરવી જરૂરી છે.

તે ઉપરાંત આરોપીના કારીગરો એહમદ અલ્લારખા શેખ, રહેનાબીબી અફઝલખાન પઠાણ, કુસનુબાનુ મોહમંદ અજમલ શાહ કે જે આ ગુન્હાના સહ આરોપીઓ છે તેઓ ક્યાં છે, આરોપી મૂળ ઉત્તર પ્રદેશનો વતની છે અને આરોપીએ ચંડોળા તળાવમા ગેરકાયદેસ કરેલ બાંધકામનાં ભાડામાંથી તેના વતન ઉત્તર પ્રદેશમાં કોઈ મિલ્લકત વસાવેલા છે? તેમજ તેના કોઈ સગા-સંબંધીઓના નામે કોઈ મિલકત વસાવેલ છે? આરોપી તથા તેના દીકરાએ મિલ્લતનગર, તથા બોમ્બે હોટલ દાણીલીમડા તથા જુહાપુરા ખાતે સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામ કરી વેચાણ આપેલ હોવાની હકીકત જાણવા મળેલ હોય તે દિશામાં તપાસ કરવાની છે, આરોપીના કઈ કઈ બેન્કમા ખાતા છે? તેની માહિતી મેળવી બેન્કમાથી ડિટેઇલ મેળવી તપાસ કરવાની છે. આરોપી સામે અગાઉ પણ ગુના નોંધાયેલ છે તેથી તે તપાસમાં સહકાર આપી રહ્યો નથી, આરોપીનો મોબાઈલ ફોન ગુન્હાના કામે કબ્જે કરવાનો છે. જે મોબાઈલ ફોન આરોપીએ કઈ જગ્યાએ સંતાડીને રાખેલા છે? સહિતના મુદ્દે તપાસ કરવા ૧૪ દિવસના રિમાન્ડની જરૂર છે. બીજી તરફ બચાવ પક્ષના વકીલ તરફથી એવી પણ રજૂઆત કરાઈ હતી કે રિમાન્ડના ગ્રાઉન્ડમાં અમુક મુદ્દાઓ બાદ કરતાં આરોપીની હાજરી જરૂરિયાત નથી. તો વળી બાંગ્લાદેશીઓને પોલીસ કસ્ટડીમાં હતા દરમ્યાન પૂછપરછ સહિત તમામ વિગતો તપાસ એજન્સી મેળવી ચૂકી છે. અને આવક અંગેના હિસાબો તપાસ એજન્સીને મળી આવેલા છે તે બાબતે પૂછપરછ માટે આરોપીની હાજરી જરૂરી નથી. સ્પેશિયલ કોર્ટે બંને પક્ષોની દલીલ ધ્યાને લઈ આરોપી મહેમુદ ઉર્ફે લલ્લા પઠાણને નવ મેં સુધીના રિમાન્ડ પર સોંપવા આદેશ કર્યો હતો. ■

# અમદાવાદના ચંડોળા તળાવમાંથી ૧૯૦ બાંગ્લાદેશી ઘૂસણખોર ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ચંડોળા તળાવમાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓને શોધવા માટે ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. અમદાવાદ પોલીસના કહેવા પ્રમાણે, ચંડોળા તળાવમાંથી ૧૯૦ બાંગ્લાદેશીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા. તેઓને ડિપોર્ટ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ પોલીસ કમિશનર જી એસ મલિકે જણાવ્યું હતું કે, પોલીસે શહેરમાં વિવિધ વિસ્તારમાં બાંગ્લાદેશીઓની શોધખોળ શરૂ કરી હતી. અમદાવાદના ચંડોળા તળાવમાંથી ૧૯૦, સોલામાંથી ૬, ઓઢવમાંથી ૨ મળી કુલ ૧૯૮ બાંગ્લાદેશી ઝડપાયા હતા. માર્ચ મહિનામાં પણ ૧૨ બાંગ્લાદેશી પકડાયા હતા. ચંડોળા તળાવ વિસ્તારમાં ૨૦૦૯માં ૯૫ જેટલા બાંગ્લાદેશીઓ ઝડપાયા હતા. આ ઉપરાંત અહીં બાંગ્લાદેશીઓને આશ્રય આપતાં લલ્લુ બિહારીને પણ રાજસ્થાનથી ઝડપી પાડવામાં આવ્યો હતો.

આ ઉપરાંત તેમણે વધુમાં કહ્યું હતું કે, હાલ ચંડોળા વિસ્તારમાં ફેઝ-૧ની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. બીજા તબક્કાના ડિમોલિશનની ચર્ચા ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ, કોઈ પણ તળાવ પર દબાણ થઈ શકશે નહીં. આઈબી હાલ તપાસ કરી રહી છે, જેનો રિપોર્ટ રાજ્ય અને કેન્દ્ર સરકારને આપશે. ત્યારબાદ જે લોકો ઝડપાયા છે તેને ડિપોર્ટની કાર્યવાહી કરાશે. ■

# અધિવેશન માટે અમદાવાદમાં બુક કરાવેલી હૉટેલોનું ભાડું ન ચૂકવવામાં કૉંગ્રેસના ગલ્લાંતલ્લાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં એપ્રિલ ૨૦૨૫માં કૉંગ્રેસનું અધિવેશન યોજાયું હતું. બે દિવસના અધિવેશન માટે શહેરની ઘણી હોટલો બુક કરવામાં આવી હતી. જોકે હજુ સુધી અધિવેશનમાં બુક કરવામાં આવેલી હોટલોનું બિલ ચૂકવવામાં આવ્યું નથી. જેને પગલે હોટલ માલિકોએ ઉઘરાણી શરૂ કરી છે.

અમદાવાદમાં યોજાયેલા કૉંગ્રેસના અધિવેશનમાં ૩૦૦૦ મહેમાનો માટે ૩૯ હોટલમાં ૧૬૦૦થી વધુ રૂમ બુક કરવામાં આવ્યા હતા. આ રૂમ હયાત, નર્મદા આઈટીસી જેવી ફાઈવ સ્ટાર હોટલોમાં રાખવામાં આવ્યા હતા. આ પૈકી ઘણી હોટલમાં બે થી ત્રણ દિવસ માટે રૂમ બુક કરવામાં આવ્યા હતા. શુક્રવારે કેટલાક હોટલવાળા પ્રદેશ કૉંગ્રેસ કાર્યાલય પર બિલની ઉઘરાણી કરવા આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તેઓ કૉંગ્રેસના ટોચના નેતાઓને મળીને નીકળી ગયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અધિવેશનમાં કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, રાહુલ ગાંધી સહિત પક્ષના અનેક દિગ્ગજ નેતાઓએ હાજરી આપી હતી.

૬૪ વર્ષ પછી ગુજરાતમાં કૉંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન મળ્યું હતું, જેમાં ૨૦૦૦થી વધુ કૉંગ્રેસ નેતાઓ સામેલ થયા હતા. ૮-૯ એપ્રિલે યોજાયેલા બે દિવસીય અધિવેશનમાં અનેક રાજકીય બાબતો અને ભવિષ્યમાં પક્ષને મજબૂત કરવા માટેની વિચારણા કરવામાં આવી હતી. ગુજરાતમાં કૉંગ્રેસે આ પહેલા ૧૯૬૧માં ભાવનગરમાં અધિવેશનનું આયોજન કર્યું હતું. ■

# યાત્રાધામ સોમનાથની ₹ ૨૮૨ કરોડના ખર્ચે કાયાપલટ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ સોમનાથની કાયાપલટ થશે. આ માટે ૨૮૨ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. યાત્રાધામ સોમનાથની કાયાપલટનું કામ પીએમ મોદીના માર્ગદર્શનમાં થશે. સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સીધા માર્ગદર્શન હેઠળ સરકાર પ્રથમ જ્યોતિર્લિંગની કાયાપલટ કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. કાશી વિશ્વનાથ અને ઉજ્જૈનની જેમ જ અહીં ડેવલપમેન્ટ કરવામાં આવશે. ગુજરાત સરકારે સોમનાથ મંદિરના વિકાસ અને યોજનાને આગળ વધારવા માટે સોમનાથ શહેરી વિકાસ સત્તામંડળ (સુડા)ની સ્થાપના કરી છે. શહેરી વિકાસ વિભાગ આ સપ્તાહની શરૂઆતમાં એક જાહેરનામું બહાર પાડ્યું હતું.

પ્રોજેક્ટની તૈયારી માટે અધિકારીઓએ મંદિરની નજીકની ૧૦૨ એકરથી વધુ સરકારી જમીન સાફ કરી હતી. આ માટે ગેરકાયદે દબાણ દૂર કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટની અંદાજિત કિંમત ૨૮૨ કરોડ રૂપિયા છે. માસ્ટર પ્લાન મંદિર પરિસર અને આસપાસના વિસ્તારો બંનેને આવરી લેશે. નવી રચાયેલી સત્તા વેરાવળ-પાટણ નગરપાલિકા અને આસપાસના ૧૨ ગામોમાં પ્રવાસન-આધારિત નગર આયોજન લાગુ કરશે. સુડા હવે વિસર્જન પામેલા વેરાવળ-પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળનું સ્થાન લેશે. પાટણ-વેરાવળ અને સુત્રાપાડા બંને તાલુકા હવે સુડાના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે.

માસ્ટર પ્લાનમાં અહિલ્યાબાઈ મંદિર અને માતા પાર્વતી મંદિર બંનેનું નવીનીકરણ કરવાનો સમાવેશ થાય છે. ૧.૪૮ કિમીનો પ્રોમેનેડ દરિયા કિનારે ફેલાયેલો હશે. તેમાં લેન્ડસ્કેપિંગ, બાળકોના રમતના વિસ્તારો, પ્રાચીન ધાર્મિક ચિત્રો અને સુશોભન લાઇટિંગનો સમાવેશ થશે. ઘણા નવા પ્રોજેક્ટ્સ પર કામ ચાલી રહ્યું છે. આમાં શોપિંગ કોમ્પ્લેક્સ, હેરિટેજ વોક અને મ્યુઝિયમનો સમાવેશ થાય છે. યોજનાઓમાં ગીતા મંદિર, ત્રિવેણી સંગમ ખાતે રિવરફ્રન્ટ અને ઇકો-વિલેજ હાટનો પણ સમાવેશ થાય છે. આ હાટનો હેતુ સ્થાનિક કલા, હસ્તકલા અને ભોજનનું પ્રદર્શન કરવાનો છે.

મુખ્ય આકર્ષણ સોમનાથના ઐતિહાસિક મહિમા અને સુંદરતાને પ્રકાશિત કરતી એક પ્રદર્શન ગેલેરી/મ્યુઝિયમ હશે. સંગ્રહાલય જૂના સોમનાથ મંદિરોના તોડી પાડવામાં આવેલા ભાગો પ્રદર્શિત કરશે. તેમાં નાગર શૈલીના મંદિર સ્થાપત્યનું પ્રદર્શન કરતી શિલ્પો પણ દર્શાવવામાં આવશે.

સુડા સોમનાથ-વેરાવળ-પાટણ વિસ્તાર માટે ખાસ નગર આયોજન યોજનાઓ તૈયાર કરશે અને ઝડપથી અમલમાં મૂકશે. આ યોજનાઓમાં મંદિર પરિસર, દરિયાકાંઠાનાં સ્થળો, સાસણમાં સિંહ સફારી અને વન પર્યટનનો સમાવેશ થાય છે. દીવ, દ્વારકા અને પોરબંદર જેવા નજીકના સ્થળોનો પણ સમાવેશ થાય છે. યાત્રાળુઓ માટે રહેઠાણ, મનોરંજન સુવિધાઓ અને પ્રવાસન સ્થળો વચ્ચે સરળ મુસાફરી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ■

# ગુજરાતમાં વેકેશન દરમિયાન એસ.ટી. નિગમ ૧૪૦૦ એક્સ્ટ્રા બસ દોડાવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના નાગરિકો ઉનાળાના વેકેશનમાં ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં પ્રવાસ કરી શકે તે માટે એસ.ટી નિગમ દ્વારા મુસાફરોની માગણીનુસાર રાજ્યના જુદા જુદા અને મોટાં શહેરોને જોડતી દૈનિક ૧૪૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે.

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના જણાવ્યા અનુસાર, નિગમના દરેક વિભાગો ખાતે વેકેશન સમયે મુસાફરોને સલામત અને સમયબદ્ધ મુસાફરીની પૂરતી સુવિધા મળી રહે તે માટે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. ઉનાળા વેકેશન સમયગાળા દરમિયાન એસ.ટી નિગમ દ્વારા સુરતથી સૌરાષ્ટ્ર- તરફ અંદાજે ૫૦૦ ટ્રીપો, સૌરાષ્ટ્રથી ઉત્તર ગુજરાત તરફ અંદાજે ૨૧૦, દક્ષિણ ગુજરાતથી ઉત્તર ગુજરાત તરફ અંદાજિત ૩૦૦ અને સૌરાષ્ટ્ર તરફ ૩૦૦ ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત એસ.ટી નિગમ દ્વારા ગુજરાતમાંથી પાડોશી રાજ્ય મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પણ આંતરરાજ્ય સેવાઓ સંચાલિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજ્યના નાગરિકો ઉનાળા વેકેશન દરમિયાન વિવિધ પ્રવાસન સ્થળોની સાથે સાથે ધાર્મિક સ્થળોના દર્શને પણ જઈ શકે તે માટે નવી ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદથી અંબાજી, સોમનાથ, દ્વારકા માટે રોજની ૧૦ ટ્રીપ અને ડાકોર, પાવાગઢ, ગીરનાર માટે રોજની ૫ ટ્રીપ તથા પ્રવાસન સ્થળો જેવા કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, સાસણગીર, સાપુતારા માટે અમદાવાદથી રોજની ૫ ટ્રીપ તેમજ દીવ અને કચ્છનાં પ્રવાસ માટે અમદાવાદથી રોજની ૧૦ બસોની ટ્રીપોનો આયોજન એસ.ટી.નિગમ દ્વારા કરવામાં આવે છે.

આ ઉપરાંત આંતરરાજ્ય પ્રવાસ માટે રાજસ્થાનના માઉન્ટ આબુ અને સુધામાતા જવા માટે અમદાવાદથી રોજની બે ટ્રીપ તેમ જ મહારાષ્ટ્રના શિરડી, નાશિક, ધુલીયા જેવાં આંતરરાજ્ય સ્થળોએ મુસાફરી માટે અમદાવાદના ગીતા મંદિરેથી રોજની બે ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. ■

# વડોદરામાં એક્સપ્રેસ ટ્રેનમાંથી ૧,૨૮૩ કિલો ગૌમાંસ જપ્ત; બે સામે ગુનો નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં અમૃતસરથી બોમ્બે સેન્ટ્રલ તરફ જતી ગોલ્ડન ટેમ્પલ એક્સપ્રેસ ટ્રેનમાંથી ૧૨૮૩ કિલો ગૌમાંસ જપ્ત કરવામા આવ્યું હતું. ગુજરાત પોલીસે વડોદરા રેલવે સ્ટેશન પર મુંબઈ જતી એક્સપ્રેસ ટ્રેનની પાર્સલ વાનમાંથી આ ગૌમાંસ જપ્ત કર્યું હતું. પોલીસ દ્વારા ૧૬ જેટલા પાર્સલ ટ્રેનમાંથી જપ્ત કરવામાં આવ્યા હતા જેમાં ૧૨૮૩ કિલો માંસ છુપાવેલું હતું. ફોરેન્સિક લેબોરેટરીએ તે ગૌમાંસ હોવાની પુષ્ટિ કર્યા પછી શુક્રવારે સાંજે બે વ્યક્તિઓ સામે એફઆઈઆર નોંધવામાં આવી હતી.

પોલીસે અત્યારે પાર્સલ મોકલનાર અને પ્રાપ્ત કરનાર વિજય સિંહ અને જાફર શબીર વિરુદ્ધ પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમની સંબંધિત કલમો અને ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ કેસ નોંધીને કાર્યવાહી શરૂ કરી હતી. ટ્રેનમાં ૧૨૮૩ કિલો ગૌમાંસ હોવાની પોલીસને બાતમી મળી હતી જેથી વડોદરા રેલવે પોલીસે ટ્રેનમાં તપાસ કરી હતી અને પ્રતિબંધિત ગૌમાંસ જપ્ત કર્યું હતું. પહેલા ગૌમાંસના નમૂનાઓ સુરત ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા હતા, જેમાં પુષ્ટિ થઈ હતી કે તે ગૌમાંસ છે. જેથી બે લોકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. ■

# રાજકોટમાં ગેરકાયદે રહેતા ત્રણ પાકિસ્તાની નાગરિકની અટકાયત કરવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત સરકાર દ્વારા પાકિસ્તાની નાગરિકોને ૩૦મી એપ્રિલ સુધીમાં ભારત છોડવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જો કે, હજી પણ અનેક પાકિસ્તાનીઓ ભારત છોડીને ગયા નથી. જેથી તેમની શોધખોળ કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લામાંથી પોલીસે ૩ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરી હતી. રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે લોધિકા તાલુકામાં રહેતા રાજકોટના લોધિકા તાલુકામાંથી રિઝવાનાબેન મુનાફભાઇ ટાટારીયા (ઉં.વ.૫૦), ઝીશાન મુનાફભાઇ ટાટારીયા (ઉં.વ.૨૯) અને તેનો સગીર વયના પુત્રને પકડી પૂછપરછ હાથ ધરી હતી. આ લોકો વર્ષો પહેલા પાકિસ્તાનથી રાજકોટ આવ્યાં હતાં, પરંતુ પછી પાછા પાકિસ્તાન ગયા જ નહોતા.

રાજકોટ પોલીસે વધારે તપાસ ધરી ત્યારે એવું પ્રકાશમાં આવ્યું કે, આ પાકિસ્તાની નાગરિકો આશરે ૨ દાયકાથી રાજકોટમાં ગેરકાયદે રહેતા હતા. આ લોકો પાસે ભારતીય ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ સહિતના પુરાવાઓ ના હોવાથી પોલીસને વધારે શંકાઓ થઈ હતી. પોલીસે જ્યારે કડક પૂછપરછ કરી તો આ લોકો પાકિસ્તાની હોવાનું સામે આવ્યું હતું. રાજકોટ પોલીસે આ ત્રણેય ઘૂસણખોર અંગે વધુ તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

# ગોધરાકાંડ વખતે ફરજમાં બેદરકારી દાખવનારા જીઆરપીના નવ જવાનનું સસ્પેન્શન યોગ્યઃ હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઈ કોર્ટે વર્ષ ૨૦૦૨માં થયેલા ગોધરા કાંડ સાથે જોડાયેલા કેસમાં મોટો ચુકાદો આપ્યો હતો. કોર્ટે ૯ રેલવે પોલીસકર્મી (જીઆરપી)ને સસ્પેન્ડ કરવાનો નિર્ણય યથાવત રાખ્યો હતો. તેમને ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ સાબરમતી એક્સપ્રેસની સુરક્ષા ડ્યૂટી પર તૈનાત કરવામાં આવ્યા હતા. પરંતુ ટ્રેન મોડી પડવાના કારણે તેઓ ફરજ પર પહોંચી શક્યા નહોતા અને બીજી ટ્રેન દ્વારા વિલંબથી પહોંચ્યા હતા.

રિપોર્ટ પ્રમાણે, ન્યાયાધીશ વૈભવી નાણાવટીએ ૨૪ એપ્રિલે આપેલા ચુકાદામાં કહ્યું કે, જો આ પોલીસકર્મી સાબરમતી એક્સપ્રેસમાં સવાર હોત તો ગોધરાકાંડ બન્યો ન હોત. આ ઘટનામાં ૫૯ મુસાફરોનાં મૃત્યુ થયાં હતાં. કોર્ટે કહ્યું, પોલીસ કર્મીઓ દ્વારા રજિસ્ટરમાં ખોટી એન્ટ્રી કરવામાં આવી હતી અને શાંતિ એક્સપ્રેસથી પરત ફર્યા હતા. જો તેઓ સાબરમતી એક્સપ્રેસથી જ રવાના થયા હોત તો ગોધરા કાંડ પણ ન થયો હોત. આ ગંભીર બેદરકારી છે. જો પોલીસકર્મીઓને ફરજ પર મૂકવામાં આવ્યા હતા. તેમણે દાહોદ સ્ટેશનથી સાબરમતી એક્સપ્રેસમાં સવાર થઈને અમદાવાદ સુધી પેટ્રોલિંગ કરવાનું હતું પરંતુ જ્યારે તેમણે ટ્રેન મોડી હોવાનું સાંભળ્યું ત્યારે શાંતિ એક્સપ્રેસથી પરત ફર્યા હતા.

ગુજરાત સરકારે ઘટનાની તપાસ બાદ ૨૦૦૫માં ૯ જીઆરપી કર્મચારીઓને સેવામાંથી સસ્પેન્ડ કર્યા હતા. જેમાં ત્રણ હથિયારધારી અને છ સામાન્ય પોલીસકર્મી હતા. તેમણે ચુકાદાને હાઈ કોર્ટમાં પડકાર્યો હતો પરંતુ કોર્ટે સરકારના નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો.

સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે, આ પોલીસકર્મીઓએ માત્ર ડ્યૂટીથી બચવા માટે જ બીજી ટ્રેન પકડી હતી. તેમણે દાહોદ સ્ટેશન પર ખોટી એન્ટ્રી પણ કરી હતી. જેનાથી કંટ્રોલ રૂમમાં ટ્રેનમાં પૂરતી સુરક્ષા હોવાનો ખોટો મેસેજ ગયો હતો. સાબરમતી એક્સપ્રેસમાં ચેન પુલિંગ, ઝઘડા તથા અન્ય ગુના થતા હોવાથી સુરક્ષા જરૂરી હતી અને તેને એ કેટેગરીમાં રાખવામાં આવી હતી.

ન્યાયાધીશ નાણાવટીએ કહ્યું હતું કે, અરજીકર્તાએ તેમની જવાબદારીને ગંભીરતાથી લીધી નથી. આટલી મહત્ત્વપૂર્ણ ફરજને હળવાશથી લીધી હતી. કોર્ટે માન્યું કે આ મામલે કોઈ હસ્તક્ષેપ યોગ્ય નથી અને કલમ ૨૨૬ હેઠળ કોર્ટે અરજી નકારી હતી. આ નિર્ણય માત્ર ફરજમાં બેદરકારી જ નથી દર્શાવતો, પરંતુ સુરક્ષામાં નાની ભૂલ મોટી ઘટનામાં બદલાઈ શકે તેમ દર્શાવે છે. ■

# ઉત્તર ગુજરાતમાં આવ્યો ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ, બનાસકાંઠાના વાવ નજીક કેન્દ્રબિંદુ નોંધાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચના જણાવ્યા પ્રમાણે ઉત્તર ગુજરાતમાં ૩.૪ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. ભૂકંપ મામલે જિલ્લા અધિકારીએ જણાવ્યું હતું કે, ભૂકંપના કારણે કોઈ જાનહાનિ કે મિલકતને નુકસાન થયાના અહેવાલ મળ્યાં નથી. આઈએસઆર જણાવ્યા પ્રમાણે ઉત્તર ગુજરાતમાં આવેલા આ ભૂકંપનું કેન્દ્ર બનાસકાંઠા જિલ્લાના વાવ નજીક નોંધાયું હતું. વાવથી લગભગ ૨૭ કિમી પૂર્વ-ઉત્તર-પૂર્વમાં ૪.૯ કિમીની ઊંડાઈએ ભૂકંપ નોંધાયો હતો.

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળે આપેલી વિગતો પ્રમાણે ગુજરાત ભૂકંપનું જોખમ ધરાવતું ઉચ્ચ ક્ષેત્ર છે. ગુજરાત છેલ્લા ૨૦૦ વર્ષમાં નવ મોટા ભૂકંપનો ભોગ બન્યું છે. જીએસડીએમએના આંકડા પ્રમાણે ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ ના રોજ કચ્છમાં આવેલો ભૂકંપ, છેલ્લા બે સદીઓમાં ભારતમાં ત્રીજો સૌથી મોટો અને બીજા ક્રમનો સૌથી વિનાશક ભૂકંપ હતો. જેમાં લગભગ ૧૩,૮૦૦ લોકો માર્યા ગયા હતા અને ૧.૬૭ લાખ લોકો ઘાયલ થયા હતા. ■

# ખેડબ્રહ્મા-અંબાજી હાઈવે પર ગોઝારો ટ્રિપલ અકસ્માતઃ બાળકી સહિત છનાં કમકમાટીભર્યા મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા-અંબાજી રોડ પર હિંગટીયા ગામ નજીક શનિવારે બપોરે એક ગમખ્વાર ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. એસ.ટી. બસ, રિક્ષા અને બાઈક વચ્ચે ગમખ્વાર ટ્રિપલ અકસ્માતની ઘટનામાં બાળકી સહિત ૬ લોકોનાં કરુણ મોત નિપજ્યાં હતાં, જ્યારે અન્ય ૮ લોકોને ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે મૃત્યુઆંક વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા-અંબાજી રોડ પર હિંગટીયા પાસે શનિવારે બપોરે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. અંબાજી-વડોદરા રૂટની એસટી બસ, એક જીપ અને બાઈક વચ્ચે થયેલા આ અકસ્માતમાં એક બાળકી સહિત ચાર વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા. મૃતકોમાં પોપટભાઈ સકાભાઈ તરાલ (ઉં.વ.પુખ્ત, રહે. બુબડિયાના છાપરા, તા.ખેડબ્રહ્મા), સાયબાભાઈ ગલબભાઈ બેગડીયા (ઉં.વ.પુખ્ત,રહે. ચાંગોદ, તા.ખેડબ્રહ્મા), મંજુલાબેન બચુભાઈ બેગડીયા (ઉં.વ. આશરે ૧, રહે. ચાંગોદ, તા.ખેડબ્રહ્મા), અજયભાઈ નવાભાઈ ગમાર (ઉં.વ.પુખ્ત, રહે.નાડા, તા-પોશીના)નો સમાવેશ થાય છે. જ્યારે ૮ જેટલા લોકોને ગંભીર ઇજાઓ પહોંચતા તેઓને તાત્કાલિક સારવાર માટે ખેડબ્રહ્મા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતની ઘટનાની જાણ થતાં ખેડબ્રહ્મા પોલીસનો કાફલો હોસ્પિટલ પહોંચી ગયો હતો. અકસ્માતની ઘટના અંગે ખેરોજ પોલીસને પણ માહિતી મળ્યા બાદ પોલીસ સ્ટાફ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે માર્ગ પરનો અવરોધાયેલો ટ્રાફિક પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરી હતી, તેમજ અકસ્માત અંગેની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માત અંગે ખેરોજ પીઆઇએ જણાવ્યું હતું કે, જીપમાં અને બાઇક પર સવાર લોકોનાં મોત થયાં છે, જ્યારે અન્ય કેટલાક લોકોને ઇજા થઇ છે, જેમને હિંમતનગર સિવિલ હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ દરમિયાન ખેડબ્રહ્માથી હિંમતનગર સારવાર માટે લાવતા સમયે રસ્તામાં વધુ એક પુરુષનું મોત નિપજ્યું છે. જેમનો મૃતદેહ વડાલી આરોગ્ય કેન્દ્રમાં મૂકવામાં આવ્યો છે, આમ અકસ્માતમાં મૃત્યુઆંક વધીને ૬ થયો છે. જ્યારે ગંભીર રીતે ઇજાગ્રસ્ત બાળકીને તાત્કાલિક સારવાર અર્થે મટોડા ખસેડાઇ છે. મળતી માહિતી મુજબ, સાત ઘાયલો પૈકી બે લોકોને અમદાવાદ રીફર કરવામાં આવ્યા છે. ■

# નારાયણ સાંઈની અરજી હાઈ કોર્ટે નકારીઃ ફર્લો ન આપવાના આઈજીના નિર્ણયને હાઈ કોર્ટમાં પડકાર્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતની સેશન્સ કોર્ટે ૨૦૧૯માં દુષ્કર્મના કેસમાં નારાયણ સાંઈને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી હતી. અરજદારે ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સંબંધિત ઓથોરિટી સમક્ષ ફર્લો રજા માગતી અરજી દાખલ કરી જેને જેલ આઈજીએ નકારી કાઢી હતી. જે નિર્ણયને અરજદારે હાઇ કોર્ટમાં પડકાર્યો હતો. છેલ્લે નારાયણ સાંઇને ૨૦૨૧માં મુક્ત કરવામાં આવ્યો હતો, તે ૧૨ વર્ષથી જેલમાં છે.

નારાયણ સાઈ તરફથી અરજીમાં દાવો કર્યો હતો કે છેલ્લા ૧૨ વર્ષથી તેણે તેના પિતાને જોયા નથી. તેના પિતા આશારામ દુષ્કર્મ કેસમાં જોધપુર જેલમાં બંધ છે. વર્ષ ૨૦૨૧માં અરજદારની માતાની તબિયત ખરાબ થતા તેને ૦૪ દિવસ માટે જેલ મુક્તિ આપવામાં આવી હતી. ત્યારબાદ તેને કોઈ રાહત આપવામાં આવી નથી. જેથી કોર્ટ શરતોને આધીન તેને ફર્લો આપવા નિર્દેશ આપે.

સરકારી વકીલે આ અરજી સામે દલીલ કરી હતી કે ઓથોરિટીએ તમામ પાસા જોઈને અરજદારની ફર્લો અરજી નકારી નાખી છે. અગાઉ તેને જેલ મુક્ત કરાયો જ છે. ઓથોરિટીના નિર્ણયમાં અત્યારે હાઇ કોર્ટના હસ્તક્ષેપની જરૂર જણાતી નથી. હાઇ કોર્ટે નોંધ્યું હતું કે અરજદારના મોટા પાયે ફોલોઅર્સ છે.

અગાઉ તે સાહેદોને ધમકી આપી ચૂક્યો છે, તેમજ સાહેદો ઉપર હુમલો કરાવી ચૂક્યો છે. તેને સરકારી અધિકારીઓને પણ લાંચ આપવાનો પ્રયાસ કર્યો હતો.

અરજદારની જેલમાં વર્તણૂક પણ યોગ્ય નથી. જેથી તેને જેલના નિયમો મુજબ અયોગ્ય વર્તણૂક બદલ જેલમાં અપાતી સજા પણ કરવામાં આવી છે. તેને જેલ મુક્ત કરવાથી અયોગ્ય ઘટના ઘટવાની શક્યતાઓ રહેલી છે. તેને જેલ મુક્ત કરવો યોગ્ય જણાતું નથી. તમામ પક્ષોની દલીલો સાંભળ્યા બાદ હાઇકોર્ટે અરજદારની અરજી ફગાવી નાખી હતી. ■

# સુરત-તાપી જિલ્લાના પશુપાલકોને સુમુલ ડેરીએ આપી ભેટ, કિલો ફેટે ૨૦નો વધારો કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત અને તાપી જિલ્લાના આશરે ૨.૫ લાખ પશુપાલકોને સુમુલ ડેરીએ ખૂબ જ સારી ભેટ આપી છે. સુમુલ ડેરીએ દૂધના ભાવમાં પ્રતિ કિલોફેટે ૨૦ રૂપિયાનો વધારો જાહેર કર્યો હતો. જેનાથી પશુપાલકોને આર્થિક રીતે મોટો લાભ થવાનો છે. આ પહેલા ભેંસના દૂધમાં કિલોફેટે ૮૫૦ રૂપિયા મળતા હતા, જ્યારે હવે પશુપાલકોને કિલોફેટે ૮૭૦ રૂપિયા મળશે. ગાયના દૂધની વાત કરવામાં આવે તો, કિલોફેટે ૮૧૦ રૂપિયા મળતા હતા જ્યારે હવે કિલોફેટે ૮૩૦ રૂપિયા મળશે. સુમુલ ડેરીના ચેરમેન માનસિંગ પટેલે આ જાહેરાત કરીને પશુપાલકોને ખૂબ મોટા સમાચાર આપ્યા હતાં. પશુપાલકનો થતા ફાયદાની વાત કરવામાં આવે તો, ફેટના ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો થતા અંદાજે વર્ષે ૭૦ કરોડ રૂપિયાનો ફાયદો પશુપાલકોને થવાનો છે. મહત્ત્વની વાત છે કે, અત્યારે પશુઓને ખવરાવવામાં આવતા આહારના ભાવ વધ્યાં છે, જેના કારણે સુમુલ ડેરી દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સુમુલ ડેરી દ્વારા ૧૧ મહિના પહેલા પણ રૂપિયા ૨૦નો વધારો કરવામાં આવ્યો હતો. દર વર્ષે આવો દૂધની ખરીદ કિંમતમાં વધારો કરવામાં આવે તો, પશુપાલકોને આર્થિક રીતે ઘણો લાભ થઈ શકે છે. ■




# ચેન્નઈએ હાથમાં આવેલી બાજી ગુમાવીઃ આયુષના ૯૪, જાડેજાના ૭૭ રન પાણીમાં

## બેંગલૂરુ બે રનથી જીતીને નંબર-વન થયુંઃ શેફર્ડની ૧૪ બૉલમાં મૅચ-વિનિંગ સેકન્ડ-ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરી



શેફર્ડની ફટકાબાજી સાથે બેંગલૂરુએ ૧૯-૨૦મી ઓવરમાં વિક્રમજનક ૫૪ રન કર્યા હતા. (બીસીસીઆઈ)

બેંગલૂરુઃ અહીં શનિવારે રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (૨૧૩/૫) સામેના અનેક ઉતાર-ચઢાવવાળા રોમાંચક મુકાબલામાં જીતવાની અણીએ પહોંચ્યા પછી ચેન્નઈ સુપર કિંગ્સ (૨૧૧/૫)એ માત્ર બે રનથી પરાજય જોવો પડ્યો હતો. બેંગલૂરુના યશ દયાલની ૨૦મી ઓવરમાં ૧૫ને બદલે ૧૨ રન થઈ શક્યા હતા. બેંગલૂરુની ટીમ નંબર-વન થઈ ગઈ છે. મૂળ મુંબઈના ૧૭ વર્ષના આયુષ મ્હાત્રે (૯૪ રન, ૪૮ બૉલ, પાંચ સિક્સર, નવ ફોર) અને રવીન્દ્ર જાડેજા (૭૭ અણનમ, ૪૫ બૉલ, બે સિક્સર, આઠ ફોર) વચ્ચેની ૧૧૪ રનની ભાગીદારી એળે ગઈ હતી. શિવમ દુબે એક છગ્ગાની મદદથી બનેલા ૮ રને અણનમ રહ્યો હતો.

૧૭ વર્ષનો આયુષ આઇપીએલનો થર્ડ યંગેસ્ટ હાફ સેન્ચુરિયન બન્યો હતો. આયુષે બેંગલૂરુના ભુવનેશ્વર કુમારની એક ઓવરમાં કુલ ૨૬ રન (૪, ૪, ૪, ૬, ૪, ૪) ખડકી દીધા હતા. બેંગલૂરુના ઍન્ગિડીએ સૌથી વધુ ત્રણ તથા કૃણાલ અને યશ દયાલે એક-એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, બેંગલૂરુ વતી રમતા કૅરિબિયન હાર્ડ-હિટર રોમારિયો શેફર્ડે (૫૩ અણનમ, ૧૪ બૉલ, છ સિક્સર, ચાર ફોર) પાંચ ટાઇટલ જીતી ચૂકેલી ચેન્નઈની ટીમની બોલિંગને ચીંથરેહાલ કરી નાખી હતી. તેણે ૧૪ બૉલમાં ૫૦ રન પૂરા કરીને આઇપીએલના ઇતિહાસમાં સેકન્ડ-ફાસ્ટેસ્ટ હાફ સેન્ચુરી નોંધાવી હતી. યશસ્વી જયસ્વાલની ૧૩ બૉલની હાફ સેન્ચુરીનો વિક્રમ છે.

બેંગલૂરુએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૨૧૩ રન કર્યા હતા. બેંગલૂરુની ટીમ પાસે ફક્ત ૧૪ બૉલ બાકી હતા ત્યારે શેફર્ડે એ ૧૪ બૉલમાં જ અભૂતપૂર્વ ફટકાબાજી કરી હતી. તેણે ૧૪ બૉલની ટૂંકી ઇનિંગ્સમાં છ સિક્સર અને ચાર ફોર ફટકારી હતી. શેફર્ડે ચેન્નઈના બે પેસ બોલર ખલીલ અહમદ (૩-૦-૬૫-૦) અને મથીશા પથિરાના (૪-૦-૩૬-૩)ની બોલિંગ ઍનેલિસિસ બગાડી નાખી હતી. શેફર્ડ જે ૧૪ બૉલ રમ્યો એમાં તેણે આ મુજબ રન બનાવ્યા હતાઃ ડૉટ બૉલ, ૧, ૬, ૬, ૪, ૬, ૬, ડૉટ બૉલ, ૪, ૪, ડૉટ બૉલ, ૪, ૬ અને ૬. ખલીલ અહમદની પહેલી બે ઓવરમાં ૩૨ રન બન્યા હતા, પણ તેની ત્રીજી ઓવરમાં ૩૩ રન થયા હતા જે આ વખતે નવો વિક્રમ છે. ખલીલની ત્રણ ઓવરમાં કુલ ૬૫ રન બન્યા હતા. તેણે ચેન્નઈના તમામ બોલર્સની રેકૉર્ડ-બુકમાં ઍન્ગિડી (૪-૦-૬૨-૦)નો ખરાબ વિક્રમ તોડ્યો હતો. પથિરાનાની ત્રણ ઓવરમાં ૧૫ રન થયા હતા, પણ તેની ચોથી ઓવરમાં ૨૧ રન થતાં તેની પણ બોલિંગ ઍનેલિસિસ શેફર્ડે બગાડી હતી. બેંગલૂરુના ૨૧૩ રનમાં કોહલી (૬૨ રન, ૩૩ બૉલ, પાંચ સિક્સર, પાંચ ફોર) અને સાથી ઓપનર જેકબ બેથેલ (પંચાવન રન, ૩૩ બૉલ, બે સિક્સર, આઠ ફોર)ના મોટા યોગદાન હતા. ■

| રવિવારે કઈ બે મૅચ? | કોલકાતા વિરુદ્ધ રાજસ્થાન ઈડન, બપોરે ૩.૩૦ | પંજાબ વિરુદ્ધ લખનઊ ધરમશાલા, સાંજે ૭.૩૦ |
|---|---|---|

# કોલકાતા નાઈટ રાઈડર્સ માટે આજથી ‘કરો યા મરો’

## ▸ પ્લે-ઑફની રેસની બહાર થયેલું રાજસ્થાન રહાણે-ઈલેવનની બાજી બગાડી શકે ▸ સૂર્યવંશી સફળ થશે કે રઘુવંશી? ▸ બપોરે ૩.૩૦ વાગ્યાથી ટક્કર

કોલકાતાઃ અહીં ઈડન ગાર્ડન્સમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) માટે હવે ખરા અર્થમાં ‘કરો યા મરો’નો સમય શરૂ થઈ ગયો છે. આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) અજિંક્ય રહાણેના સુકાનવાળી કોલકાતાની ટીમનો મુકાબલો એવી ટીમ સામે છે જે પ્લે-ઑફની રેસમાંથી બહાર થઈ ગઈ છે એટલે આજે કોલકાતા સામે એ હરીફ ટીમના ખેલાડીઓ કોઈ પણ પ્રકારના માનસિક બોજ વગર રમશે તો કોલકાતાને ભારે પડી શકે. રાજસ્થાન રૉયલ્સ (આરઆર) આ વખતની આઇપીએલમાંથી વહેલી બહાર થઈ જનારી ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે) પછીની બીજી ટીમ છે અને આજે કોલકાતાનો મુકાબલો રાજસ્થાન સામે છે.

૧૦માંથી દરેક ટીમે ૧૪ લીગ મૅચ રમવાની હોય છે. ૧૧માંથી માત્ર ત્રણ મૅચ જીતનાર રાજસ્થાનની ટીમ રવિવારના મુકાબલા સહિત બાકીની ત્રણેય મૅચ જીતીને માનભેર આ સીઝનમાંથી વિદાય લેવા કોઈ કસર બાકી નહીં રાખે. કોલકાતાનો બુધવારે ઈડન ગાર્ડન્સમાં જ ચેન્નઈ સામે મુકાબલો છે અને ચેન્નઈની ટીમ પણ સ્પર્ધાની બહાર થઈ ચૂકી હોવાથી એ પણ કોલકાતા સામે માનસિક ભાર વિના રમશે એટલે રહાણે ઍન્ડ કંપનીએ ખાસ સાવચેત રહેવું પડશે.

ટૂંકમાં, કોલકાતા માટે ઈડનના હોમ-ગ્રાઉન્ડ પર બૅક-ટુ-બૅક અત્યંત મહત્ત્વના બે મુકાબલા છે જે એણે જીતીને ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકેની પોતાની છાપ ઉજળી રાખવી પડશે.



૨૬મી માર્ચે ગુવાહાટીમાં ડિકૉક જ કોલકાતાને રાજસ્થાન સામે જિતાડ્યું હતું. ડિકૉકે એમાં ૬૧ બૉલમાં છ સિક્સર અને આઠ ફોરની મદદથી અણનમ ૯૭ રન કરીને કોલકાતાને રોમાંચક વિજય અપાવ્યો હતો. (બીસીસીઆઈ)



### સૂર્યવંશી વિરુદ્ધ રઘુવંશી

રાજસ્થાનના ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશીએ મૅચમાં પોતાના પ્રથમ બૉલ પર સિક્સર ફટકારવાની આદત ક્રિકેટજગત સમક્ષ રજૂ કરી અને જયપુરમાં ગુજરાત ટાઇટન્સ સામે ૧૧ સિક્સર તથા ૭ ફોરની મદદથી ૧૦૧ રન કરીને ટી-૨૦ ક્રિકેટનો યંગેસ્ટ સેન્ચુરિયન બન્યો ત્યારથી રાજસ્થાનની સામે રમનાર દરેક ટીમે સૂર્યવંશીથી ખાસ ચેતવાનું વલણ અપનાવ્યું છે અને રવિવારે કોલકાતાએ પણ મુંબઈની જેમ તેને વહેલો આઉટ કરી દેવાની યોજના વિચારી હશે. મુંબઈ સામેની મૅચમાં સૂર્યવંશી માત્ર બીજા જ બૉલ પર આઉટ થઈ ગયો હતો. જોકે કોલકાતા પાસે ૨૦ વર્ષનો યુવા બૅટ્સમૅન અંગક્રિશ રઘુવંશી છે જેને અંકુશ રાખવા રાજસ્થાન કોઈ કસર બાકી નહીં રાખે. આજે સૂર્યવંશી સફળ થશે કે રઘુવંશી એ જોવું રહ્યું.

### કોલકાતા ચારેય મૅચ જીતે તો સલામત

કોલકાતાની ટીમ ૧૦માંથી ચાર મૅચ જીતી છે અને પાંચ હારી છે. એની એક મૅચ અનિર્ણિત રહી હતી. કોલકાતાના ખાતે નવ પૉઇન્ટ છે. હવે બાકીની ચારેય લીગ મૅચ જીતીને એના ૧૭ પૉઇન્ટ થઈ શકે. જો રહાણેની ટીમ આ ચારેય મૅચ જીતશે તો (અન્ય ટીમોના પરિણામો પર નિર્ભર રહ્યા વગર) પ્લે-ઑફમાં પોતાનું સ્થાન સલામત કરી શકશે. જોકે આ કહેવું સહેલું છે, સફળતાથી પર્ફોર્મ કરવું અઘરું છે. કોલકાતાની રાજસ્થાન અને ચેન્નઈ સામેની ઈડનની મૅચ બાદ બાકીની બન્ને મૅચ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે હૈદરાબાદમાં અને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ સામે બેંગલૂરુમાં રમાશે.

### ૨૩.૭૫ કરોડનો વેન્કટેશ હવે ચમકશે?

કોલકાતાના ફ્રૅન્ચાઇઝીએ વેન્કટેશ ઐયરને ૨૩.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે, પણ તે ૧૦ મૅચમાં માત્ર ૧૪૨ રન કરી શક્યો છે અને એમાં પણ છેલ્લી ત્રણ મૅચમાં કુલ ફક્ત ૨૮ રન કરી શક્યો છે. ૨૦૨૪માં તેણે ૧૫૮.૦૦ના સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૩૭૦ રન કર્યા હતા જેની તુલનામાં આ વખતે તેનો પર્ફોર્મન્સ નિરાશાજનક છે.

ક્વિન્ટન ડિકૉકનું ખરાબ ફૉર્મ પણ કોલકાતા માટે મોટી ચિંતા છે. છેલ્લી પાંચ મૅચમાં તે ક્યારેય પચીસ રન પણ નથી કરી શક્યો. જોકે ૨૬મી માર્ચે ગુવાહાટીમાં ડિકૉક જ કોલકાતાને રાજસ્થાન સામે જિતાડ્યું હતું. ડિકૉકે એમાં ૬૧ બૉલમાં છ સિક્સર અને આઠ ફોરની મદદથી અણનમ ૯૭ રન કરીને (સેન્ચુરીનું બલિદાન આપીને) કોલકાતાને રોમાંચક વિજય અપાવ્યો હતો. ■

# સાઇ સુદર્શનઃ એક પણ ઝીરો વગરનો ગુજરાત ટાઇટન્સનો હીરો

## ▸ તામિલનાડુના આ યુવાન બૅટ્સમૅને એકેય શૂન્ય વિના ૨,૦૦૦ રન પૂરા કર્યાઃ ▸ સચિન, બાઉચર અને શૉન માર્શનો પણ રેકૉર્ડ તોડ્યો

અમદાવાદઃ ગુજરાત ટાઇટન્સ (જીટી)નો યુવાન ઓપનર અને લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન બી. સાઇ સુદર્શન આઇપીએલની ૧૮મી સીઝનમાં ૫૦૦ રનનો આંકડો પાર કરનાર પ્રથમ ખેલાડી બન્યો એ સાથે તેણે બીજી કેટલીક મહત્ત્વની સિદ્ધિઓ પણ મેળવી છે જેમાં ખાસ કરીને તેણે એક અનોખો વર્લ્ડ રેકૉર્ડ કર્યો છે જેમાં તે ટી-૨૦ ક્રિકેટમાં વિશ્વનો એવો પ્રથમ બૅટ્સમૅન બન્યો છે જેણે એક પણ વાર ઝીરોમાં આઉટ થયા વગર ૨,૦૦૦ રન પૂરા કર્યા છે.

સુદર્શન ટી-૨૦ ક્રિકેટની ૫૪ ઇનિંગ્સમાં ક્યારેય શૂન્યમાં આઉટ નથી થયો.

તામિલનાડુનો ૨૩ વર્ષીય ભારદ્વાજ સાઇ સુદર્શન કોવિડ પછીના યુગમાં ભારતીય ક્રિકેટમાં ઊભર્યો અને જોત જોતામાં આઇપીએલ મારફત ક્રિકેટજગતમાં લોકપ્રિય થઈ ગયો. આઇપીએલની કરીઅરમાં પણ તે ઝીરોમાં ક્યારેય આઉટ નથી થયો. આઇપીએલની કરીઅરમાં બે વખત તથા સમગ્ર ટી-૨૦માં છ વાર તેણે સિંગલ-ડિજિટમાં રન કર્યા છે.

આઇપીએલ સહિતના ટી-૨૦ ફૉર્મેટમાં સુદર્શને કુલ ૨,૦૧૬ રન કર્યા છે. ટી-૨૦ ક્રિકેટમાં એક પણ શૂન્ય વિના ૨,૦૦૦ રન પૂરા કરવામાં તેણે સાઉથ આફ્રિકાના નિવૃત્ત ખેલાડી માર્ક બાઉચરને પણ પાછળ પાડી દીધો છે.

ટી-૨૦ ક્રિકેટમાં એક પણ વાર શૂન્યમાં વિકેટ ગુમાવ્યા વગર સૌથી વધુ રન કરનારા ટોચના ત્રણ ખેલાડીઓની યાદી આ મુજબ છેઃ (૧) સાઇ સુદર્શનઃ ૨,૦૧૬ રન (૨) કૅડોવાકી ફ્લેમિંગઃ ૧,૪૨૦ રન (૩) માર્ક બાઉચરઃ ૧,૩૭૮ રન.

ભારતીય ખેલાડીઓમાં સુદર્શન પછી એકમાત્ર રિન્કુ સિંહ એવો ખેલાડી છે જેણે એક પણ વાર શૂન્યમાં વિકેટ ગુમાવ્યા વગર ૧,૦૦૦ રન પૂરા કર્યા છે. શુક્રવારે ગુજરાત ટાઇટન્સે સુદર્શનના ૪૮ રન, શુભમન ગિલના ૭૬ રન અને જૉસ બટલરના ૬૪ રનની મદદથી છ વિકેટે ૨૨૪ રન કર્યા બાદ હૈદરાબાદની ટીમ અભિષેક શર્માના આક્રમક ૭૬ રન છતાં છ વિકેટે ૧૮૬ રન કરી શકી હતી અને ગુજરાતનો ૩૮ રનથી વિજય થયો હતો.

સુદર્શન ભારત વતી ત્રણ વન-ડે ઉપરાંત ફક્ત એક ટી-૨૦ રમ્યો છે અને એ ટી-૨૦ મૅચમાં તેની બૅટિંગ નહોતી આવી. જુલાઈ, ૨૦૨૪ની ઝિમ્બાબ્વે સામેની એ મૅચમાં અભિષેક શર્માએ કારકિર્દીની બીજી જ મૅચમાં આઠ સિક્સર અને સાત ફોરની મદદથી ૧૦૦ રન કર્યા હતા.



ગુજરાતનો સાઈ સુદર્શન. (બીસીસીઆઈ)

દરમ્યાન, સુદર્શને ૫૪ ટી-૨૦ ઇનિંગ્સમાં ૨,૦૦૦ રન પૂરા કરીને સચિન તેન્ડુલકરનો ભારતીય વિક્રમ તોડી નાખ્યો છે. સચિને ૫૯ ઇનિંગ્સમાં અને ઋતુરાજ ગાયકવાડે ૬૦ ઇનિંગ્સમાં ૨,૦૦૦ રન કર્યા હતા. વિશ્વસ્તરે સુદર્શન ટી-૨૦ ક્રિકેટના ઇતિહાસમાં સૌથી ઝડપે ૨,૦૦૦ રન કરનારો શૉન માર્શ પછીનો બીજો પ્લેયર છે. સુદર્શને ૫૪ ઇનિંગ્સમાં ૨,૦૦૦ રન કર્યા છે, જ્યારે માર્શે એટલા જ રન ૫૩ દાવમાં કર્યા હતા.


જોકે ટી-૨૦ ક્રિકેટમાં સૌથી ઝડપે ૧,૫૦૦ રન પૂરા કરનારા વિશ્વભરના ખેલાડીઓમાં સુદર્શન મોખરે છે. તેણે ૩૫મી ઇનિંગ્સમાં ૧,૫૦૦મો રન કર્યો હતો. તેના પછીના ક્રમે આવનાર ખેલાડીઓની યાદી આ મુજબ છેઃ શૉન માર્શ (૩૬ ઇનિંગ્સમાં ૧,૫૦૦ રન), ક્રિસ ગેઇલ (૩૭), માઇક હસી (૪૦) અને સચિન/ગાયકવાડ (૪૪). ■

# શું બાબર આઝમે પહલગામ હુમલાના મુદ્દે પાકિસ્તાન આર્મીને વખોડી છે? પોસ્ટ વાઈરલ થઈ છે...

નવી દિલ્હીઃ પાકિસ્તાનના ભૂતપૂર્વ કૅપ્ટન બાબર આઝમે કાશ્મીરના પહલગામ હત્યાકાંડના મુદ્દે પાકિસ્તાન લશ્કરને ખૂબ વખોડી હોવાની કથિત પોસ્ટ સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ છે. આ બાબતમાં હકીકત શું છે એની આપણે પછીથી ચર્ચા કરીશું, પરંતુ એ પહેલાં થોડું બૅકગ્રાઉન્ડ જાણી લઈએ.

પહલગામમાં મિની સ્વિટ્ઝરલૅન્ડ તરીકે ઓળખાતા વિશ્વવિખ્યાત પર્યટન સ્થળે બાવીસમી એપ્રિલે પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદીઓએ હિન્દુ સહેલાણીઓને લક્ષ્યાંક બનાવવાના હેતુથી જે હુમલો કર્યો અને ૨૮ લોકોની હત્યા કરી એ બનાવ વિશે બૅટ્સમૅન બાબર આઝમે ઇન્સ્ટાગ્રામ પરની પોસ્ટમાં પાકિસ્તાન આર્મીની ખૂબ ટીકા કરી હોવાનું મનાય છે. ભારતમાં બાબર આઝમ, મોહમ્મદ રિઝવાન, શાહીન શાહ આફ્રિદી, શોએબ અખ્તર સહિત પાકિસ્તાની ક્રિકેટરોના ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ બ્લૉક કરી નાખવામાં આવ્યા એના એક દિવસ બાદ બાબરની આ પોસ્ટ વિશેની વાત બહાર આવી છે.

બાબરની પોસ્ટમાં આ મુજબ લખાયું છેઃ ‘ક્રિકેટર તરીકે મને ભારતમાં રમવાનું હંમેશાં ગમ્યું છે અને હું ભારતને સેકન્ડ-હોમ ગણું છું. જોકે ભારતમાં મારું ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ બ્લૉક કરાયું એને હું કમનસીબી ગણું છું. હું સ્પષ્ટ કરી દેવા માગું છું કે પહલગામના હુમલામાં ક્રિકેટરોની કોઈ પણ રીતે ભૂમિકા નથી. જે કંઈ બન્યું છે એ પાકિસ્તાન લશ્કરની મેલી રમતનું પરિણામ છે. હું કોઈના નામ નહીં લઉં, પણ દરેક જણ સારી રીતે જાણે છે કે પાકિસ્તાનમાં ખરેખર સત્તા કોના હાથમાં છે અને આતંકવાદને કોણ રક્ષણ આપી રહ્યું છે અને સપોર્ટ કરી રહ્યું છે. પાકિસ્તાની લશ્કરને કહી દઉં છું કે તમે જે કંઈ કરો છો એનું પરિણામ નિર્દોષ પાકિસ્તાનીઓએ ભોગવવું પડી રહ્યું છે. આતંકવાદને પોષવાનું બંધ કરો. પાકિસ્તાન ઝિંદાબાદ.’



ભારતના બાબર આઝમનું મીડિયા અકાઉન્ટ બ્લૉક કરવામાં આવ્યું છે

### શું બાબરે ખરેખર પોસ્ટમાં આવું લખ્યું?

ભારત પરના હુમલાની વાત હોય અને એના વિશે કોઈ પાકિસ્તાની ખેલાડીની ટિપ્પણી હોય તો પછી કહેવું જ શું! ભારત-પાકિસ્તાન સરહદ પર ભારેલો અગ્નિ છે અને એવામાં બાબર આઝમ ખુદ પોતાના દેશના જ લશ્કરને વખોડી એ તો મોટી નવાઈ જ કહેવાય. બાબર આઝમની પોસ્ટ જંગલમાં આગ ફેલાય એમ જોત જોતામાં વાઇરલ થઈ ગઈ છે. જોકે ભારતમાં બાબરનું ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ બ્લૉક થઈ ગયું હોવાથી ખુદ બાબરે આ પોસ્ટ મોકલી છે કે કેમ એની સચોટતા જાણી નથી શકાઈ. જોકે કેટલાક યુઝર્સે સમર્થન આપતા જણાવ્યું છે કે આ પોસ્ટ બનાવટી છે.

આ પોસ્ટની વિગતોમાં બાબર ખુલ્લેઆમ પાકિસ્તાની લશ્કરને વખોડે છે એ વાત ગળે ઊતરે એવી નથી. કારણ એ છે કે જો બાબર પોતાના જ દેશના લશ્કરને આ રીતે વખોડે તો તે મોટી મુશ્કેલીમાં આવી શકે.

### ક્રિકેટ સંબંધો વધુ બગડ્યા, ગાંગુલીની ટકોરાબંધ ટિપ્પણી

ભારત-પાકિસ્તાન વચ્ચે ૨૦૦૮ના મુંબઈ ટેરર-અટૅકને પગલે દ્વિપક્ષી ક્રિકેટ સંબંધો બગડી જ ગયા હતા ત્યાં હવે પહલગામ હુમલાને પગલે ભારતે વધુ સખત વલણ અપનાવ્યું છે અને આઇસીસીને કહી દીધું છે કે કોઈ પણ આઇસીસી ઇવેન્ટના લીગ રાઉન્ડમાં ભારત-પાકિસ્તાન સામસામે આવે એવી કોઈ પણ મૅચ નહીં રાખતા. એશિયા કપ અને આઇસીસી ઇવેન્ટના નૉકઆઉટ રાઉન્ડમાં જો હવે પછી ભારત-પાકિસ્તાનની ટીમ સામસામે આવશે ત્યારે કેવો અભિગમ હશે એ જોવું રહ્યું. જોકે સૌરવ ગાંગુલી સહિત અનેક ક્રિકેટરોએ પાકિસ્તાન સાથેના તમામ પ્રકારના સંબંધો તોડી નાખવાની સરકારને હિમાયત કરી છે. ગાંગુલીએ કોલકાતામાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે ‘પાકિસ્તાન સાથેના તમામ પ્રકારના સંબંધો તોડી જ નાખવા જોઈએ. હું આ બાબત સાથે ૧૦૦ ટકા સહમત છું. કડકમાં કડક પગલું જરૂરી છે. આ કોઈ મજાકની વાત નથી. આવી ઘટના દર વર્ષે બનતી રહે છે. આતંકવાદ જરાય સાંખી ન લેવાય.’ ■

# એશિયન વૉલીબૉલમાં ભારત રમ્યા વગર પાકિસ્તાન સામે ‘જીતી ગયું’: જાણો કેવી રીતે...

કરાચીઃ કાશ્મીરના પહલગામમાં બાવીસમી એપ્રિલે હિન્દુ પર્યટકો પરના આતંકવાદી હુમલાને કારણે ભારતનો દુશ્મનદેશ પાકિસ્તાન આખી દુનિયામાં બદનામ થયો છે અને એનું એક પરિણામ એક વૉલીબૉલ ટૂર્નામેન્ટ સંબંધમાં આવેલા વળાંકમાં જોવા મળી રહ્યું છે.

પહલગામની હૃદયદ્રાવક ઘટનાને પગલે ભારતે રાજકીય તેમ જ ખેલકૂદ અને મનોરંજનના સ્તરે પાકિસ્તાન સામે આકરાં પગલાં ભરવાના શરૂ કરી દીધા છે. આગામી સેન્ટ્રલ એશિયન વૉલીબૉલ ટૂર્નામેન્ટ પાકિસ્તાનમાં યોજાવાની હોવાથી ભારતે એમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. આ ટૂર્નામેન્ટના મુદ્દે હવે મહત્ત્વનો ટર્ન આવ્યો છે. આ ટૂર્નામેન્ટનું આયોજન ઇસ્લામાબાદ પાસેથી આંચકીને ઉઝબેકિસ્તાનના તાશ્કંદ શહેરને સોંપવામાં આવ્યું છે. પાકિસ્તાન પાસેથી આ યજમાનપદ છીનવી લેવામાં આવ્યું એ ભારત માટે એક રીતે મોટી જીત જ કહેવાય.

પાકિસ્તાનના જ વૉલીબૉલ ફેડરેશનના એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું કે ‘સેન્ટ્રલ એશિયા વૉલીબૉલ ઍસોસિયેશને આ નિર્ણય લીધો છે. ભારતે ભલે અમારે ત્યાં યોજાનારી સ્પર્ધામાંથી નામ પાછું ખેંચી લીધું હતું, પરંતુ અમારા હાથમાંથી યજમાનપદ લઈ લેવામાં આવ્યું એ અમારા માટે મોટી નિરાશા છે. જોકે આ નિર્ણય લેવા પાછળના ઍસોસિયેશનના હેતુનું અમે સન્માન કરીએ છીએ.’

ઉઝબેકિસ્તાનમાં યોજાનારી આ સ્પર્ધામાં પાકિસ્તાન, ઈરાન, તુર્કમેનિસ્તાન, કીર્ગિઝસ્તાન, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાનના ખેલાડીઓ ભાગ લેશે. ભારતીય વૉલીબૉલ ફેડરેશનના અધિકારીઓએ ઍસોસિયેશનની પ્રાદેશિક કમિટીને વાકેફ કરતા જણાવ્યું છે કે ‘ પહલગામના હુમલા બાદ ભારત સરકારે ભારતીય ખેલાડીઓ માટેનું આ સ્પર્ધાને લગતું એનઓસી (નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ) પાછું ખેંચી લીધું છે.’ ■

# રબાડાએ ચોંકાવી દીધા

જોહનિસબર્ગઃ સાઉથ આફ્રિકાના કૅગિસો રબાડાએ આઇપીએલમાંથી અચાનક વિદાય કેમ લીધી એનું ચોંકાવનારું કારણ જાહેર કર્યું છે. તેણે આ વર્ષના સાઉથ આફ્રિકાની ટી-૨૦ ટૂર્નામેન્ટ દરમ્યાન (એમઆઇ કેપ ટાઉન વતી રમતી વખતે) તેણે પ્રતિબંધિત રીક્રિએશનલ ડ્રગ (કૅફીદ્રવ્ય) લીધું હોવાથી તેનો કામચલાઉ સસ્પેન્શનનો સમયગાળો શરૂ થયો હતો. તેના પર ત્રણ મહિનાથી ચાર વર્ષ સુધીનો પ્રતિબંધ લાગુ થઈ શકે. ■



### મહારાષ્ટ્ર સ્ટેટ રૅન્કિંગ કેરમ ટૂર્નામેન્ટ યોજાઈ

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશન (એમસીએફ) દ્વારા આયોજિત મહારાષ્ટ્ર સ્ટેટ રૅન્કિંગ કેરમ ટૂર્નામેન્ટ પુરુષોમાં મહંમદ ગુફરાન અને મહિલાઓમાં પ્રાજક્તા નારાયણકારે જીતી હતી. બીજા ક્રમે પંકજ પવાર અને અંબિકા હરીથ, જ્યારે ત્રીજા ક્રમે સાગર વાઘમારે અને મિતાલી પાઠક રહ્યા હતા.

## મુંબઈ સમાચાર ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે

૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# ટ્રેડ વૉરનો તણાવ હળવો થવાથી સોનામાં સલામતી માટેની માગ ઓસરી

## સોનાના ભાવમાં ઘટાડો અને અક્ષય તૃતીયાની માગના આશાવાદે પાંચ મહિના પછી પહેલી વખત વૈશ્વિક ભાવની સરખામણીમાં સ્થાનિક ભાવ પ્રીમિયમમાં

**કોમોડિટી**

**રમેશ ગોહિલ**

અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ વૉર હળવું થવાથી વૈશ્વિક સ્તરે પણ વેપાર અંગેના તણાવ હળવા થવાના આશાવાદ સાથે ગત સપ્તાહે વૈશ્વિક બજારમાં સોનામાં સલામતી માટેની માગ ઓસરી હતી. વધુમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલીને ટેકે ગત સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયામાં પણ અંદાજે ૮૪ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરોમાં પણ ઘટાડો થવાથી સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ઘટાડો આવ્યો હતો. આમ એક તરફ સોનાના ભાવમાં ઘટાડો તેમ જ સપ્તાહ દરમિયાન સોનાની ખરીદી માટે શુકનવંતો ગણાતો અખાત્રીજ અથવા તો અક્ષય તૃતીયાનો તહેવાર હોવાથી જ્વેલરોમાં રિટેલ સ્તરની તેમ જ રોકાણલક્ષી માગ ખૂલવાનો આશાવાદ પ્રબળ બનતાં ડીલરો અગાઉ જે સપ્તાહના આરંભે સોનાના ભાવ જે વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૨૪ ડૉલર આસપાસ ડિસ્કાઉન્ટમાં ઓફર કરી રહ્યા હતા તેની સામે સપ્તાહના અંતે ઔંસદીઠ ત્રણ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ઑફર કરી રહ્યા હતા. આ પૂર્વેના સપ્તાહે ડીલરો ઔંસદીઠ ૮૦ ડૉલર ડિસ્કાઉન્ટ ઓફર કરતાં હતા. નોંધનીય બાબત એ છે કે પાંચ મહિનાના લાંબા સમયગાળા પછી પહેલી વખત ડીલરો ભાવ પ્રીમિયમમાં ઓફર કરી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના સ્થાનિક વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૫મી અપ્રિલના ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૫,૬૩૧ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫,૪૨૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૯૩,૩૯૩ અને ઉપરમાં રૂ. ૯૬,૨૮૬ની રેન્જમાં અથડાઈને અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૧૬૭૭ના ઘટાડા સાથે રૂ. ૯૩,૯૫૪ના મથાળે રહ્યા હતા. એકંદરે ભાવઘટાડા સાથે ગત અખાત્રીજનાં તહેવારની માગનો ટેકો મળ્યો હોવાનું મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું. તે જ પ્રમાણે ચેન્નાઈ સ્થિત એક બુલિયન ડીલરે જણાવ્યું હતું કે તાજેતરનાં ભાવઘટાડાના માહોલમાં ઘણાં રિટેલ ખરીદદારોએ વધુ ભાવઘટાડાના આશાવાદે તાત્પૂરતી ખરીદી મોકૂફ રાખી છે અને શક્યતઃ આગામી સપ્તાહમાં જો ભાવ ઘટ્યા મથાળેથી સ્થિર રહે તો વધુ માગ ખૂલે તેવી શક્યતા નકારી ન શકાય. નોંધનીય બાબત એ છે કે ગત ૨૨મી એપ્રિલનાં રોજ ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ વધીને રૂ. ૯૯,૧૦૦ની વિક્રમ સપાટીએ પહોંચ્યા હતા.

અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર હળવું થવાના આશાવાદ સાથે ગત સપ્તાહે સતત બીજા સપ્તાહમાં વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ધોરણે ભાવ ૨.૨૫ ટકાના ઘટી આવ્યા હતા અને ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ કૉમેક્સ વિભાગ પર ભાવ આગલા બંધ સામે ૦.૦૪ ટકા ઘટીને ઔંસદીઠ ૩૨૪૦.૦૮ ડૉલર આસપાસના મથાળે રહ્યા હતા. ગત સપ્તાહે ચીનના વાણિજ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે અમેરિકા સતત ટૅરિફ અંગે વાટાઘાટો કરવાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યું છે અને તેને માટે અમારા દરવાજા ખુલ્લા જ હોવાનું અમે જણાવીએ છીએ. તાજેતરમાં ટ્રેડ વૉરનું તણાવ હળવુ થયું છે પરંતુ જેમ જેમ અમેરિકાની વેપાર કરાર માટેની વાટાઘાટો અને ટ્રેડ ડીલ થશે તેમ તેમ જોખમી પરિબળો દૃષ્ટિગોચર થતાં સલામતી માટેની માગને ટેકે સોનામાં પુનઃ ઔંસદીઠ ૩૫૦૦ ડૉલર તરફની આગેકૂચ જોવા મળી શકે છે, એમ આરજેઓ ફ્યુચર્સનાં માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ ડેનિયલ પેવેલિયને જણાવ્યું હતું.

ગત સપ્તાહના અંતે અમેરિકાનાં જાહેર થયેલા ગયા મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટામાં રોજગારોની સંખ્યામાં અપેક્ષિત ૧,૩૦,૦૦૦ના વધારા સાથે ૧,૭૭,૦૦૦નો ઉમેરો થયો હોવાના અહેવાલને કારણે સોનાના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હતા.

જોકે, અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની ટૅરિફની નીતિ હજુ અસ્પષ્ટ હોવાથી રોજગારો ક્ષેત્રે જોવા મળી રહેલો સુધારો જળવાઈ રહેવા સામે મોટો પ્રશ્નાર્થ છે. તેમ છતાં ટ્રેડરો આશા રાખી રહ્યા છે કે જૂન મહિનાના રોજગારીનાં ડેટાની જાહેરાત પશ્ચાત્ વ્યાજદરમાં કાપ મૂકશે. વધુમાં ગત સપ્તાહે અમેરિકી ટ્રેઝરી બૉન્ડની યિલ્ડમાં વધારો થવાને કારણે પણ રોકાણકારોનું સોનામાં આકર્ષણ ઘટ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, સિટી ઈન્ડેક્સનાં વિશ્લેષક ફવાદ રઝાકઝાદાના મતાનુસાર હાલ વૈશ્વિક સોનાના ભાવ માટે ઔંસદીઠ ૩૨૦૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી પુરવાર થશે.

અમેરિકા-ચીન વચ્ચે ટૅરિફના મુદ્દે વેપાર વાટાઘાટો થવાના અને ટ્રેડ વૉર હળવું થવાના આશાવાદ ઉપરાંત અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચીન સહિત ભારત અને દક્ષિણ કોરિયા સાથે ટ્રેડ ડીલ થઈ જવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. તેમ જ તેમણે ઑટોમોબાઈલ અને ઑટો પાર્ટસ પરની ટૅરિફના દર હળવા કરવા માટેના આદેશ પર સહીસિક્કા કર્યા હોવાથી વૈશ્વિક સોનાના ભાવ બે સપ્તાહની નીચી સપાટી સુધી ઘટ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે ગત સપ્તાહે અમેરિકાના આર્થિક ડેટાઓ મિશ્ર આવ્યા હતા.

જેમાં ખાસ કરીને પહેલા ત્રિમાસિકગાળાના આર્થિક વૃદ્ધિદરમાં ઘટાડો જોવા મળ્યો હતો, માર્ચ મહિનાના ફુગાવામાં સ્થિર વલણ રહ્યું હતું, બેરોજગારી ભથ્થાં માટેના અરજદારોની સંખ્યામાં વૃદ્ધિ થઈ હતી અને નોન ફાર્મ પે રૉલ ડેટા પ્રોત્સાહક આવ્યા હતા.

વધુમાં તેમણે આગામી સપ્તાહ દરમિયાન વૈશ્વિક સોનામાં ઔંસદીઠ ૩૧૯૦ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી અને ૩૩૨૦ ડૉલરની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થવાની તેમ જ સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૯,૯૦૦ની સપાટી મહત્ત્વની ટેકાની અને રૂ. ૯૪,૦૦૦ની સપાટી મહત્ત્વની પ્રતિકારક સપાટી પુરવાર થવાની શક્યતા વ્યક્ત કરી હતી. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૧.૯૮ અબજ ડૉલરની વૃદ્ધિ

મુંબઈઃ ગત ૨૫મી એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૧.૯૮૩ અબજ ડૉલર વધીને ૬૮૮.૧૨૯ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં આઠ સપ્તાહથી વિદેશી હૂંડિયામણની અનામતમાં વધારો થઈ રહ્યો છે. તેમ જ આ પૂર્વેના સપ્તાહે અનામતમાં ૮.૩૧ અબજ ડૉલરનો નોંધપાત્ર ઉછાળો આવ્યો હતો અને અનામત ૬૮૬.૧૪૫ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. જોકે, અગાઉ સપ્ટેમ્બર, ૨૦૨૪માં દેશની અનામત ૭૦૪.૮૮૫ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ રહી હતી, પરંતુ ત્યાર બાદ વૈશ્વિક પરિબળોને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થઈ રહેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા હાજર બજારમાં ડૉલરમાં વેચવાલીનું દબાણ રહેતું હોવાથી અનામતમાં ઘટાડો થતો રહ્યો હતો. દેશની કુલ અનામતોમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્કયામતો ૨.૧૬૮ અબજ ડૉલર વધીને ૫૮૦.૬૬૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

વધુમાં સપ્તાહ દરમિયાન ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૨.૧ કરોડ ડૉલર વધીને ૧૮.૫૮૯ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૨૦ લાખ ડૉલર વધીને ૪.૫૧૨ અબજ ડૉલરના સ્તરે રહી હતી. જોકે, એકમાત્ર સોનાની અનામત ૨૦.૭ કરોડ ડૉલરના ઘટાડા સાથે ૮૪.૩૬૫ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# સરકારને ખાંડના લઘુતમ વેચાણ ભાવ અને ઈથેનોલના ભાવમાં સુધારો કરવા આઈસ્ટાનો અનુરોધ

નવી દિલ્હીઃ ખાંડ અને ઈથેનોલનાં વધેલા ઉત્પાદન ખર્ચ અને આર્થિક દબાણને ધ્યાનમાં લેતાં ખાંડ ઉદ્યોગનાં વેપારીઓના સંગઠન ઑલ ઈન્ડિયા સુગર ટ્રેડ એસોસિયેશને સરકારને ખાંડનાં લઘુતમ વેચાણ ભાવ અને ઈથેનોલના ભાવમાં સુધારો કરવા માટે અનુરોધ કર્યો છે.

એસોસિયેશનના જણાવ્યાનુસાર ફેબ્રુઆરી, ૨૦૧૯થી ખાંડનાં લઘુતમ વેચાણ ભાવ કિલોદીઠ રૂ. ૩૧ની સપાટીએ યથાવત્ છે તેમ જ વર્ષ ૨૦૨૩-૨૪થી એક્સ મિલ ધોરણે શેરડીના રસ અને બી-હેવી મોલાસીસમાંથી ઉત્પાદન થતાં ઈથેનોલના ભાવ પણ અનુક્રમે લિટરદીઠ રૂ. ૬૫.૬૦ અને રૂ. ૬૦.૭૦ના મથાળે યથાવત્ રહ્યા છે. જોકે, તેની સામે શેરડીનાં ટેકાના ભાવ અથવા તો સામાન્ય વળતરદાયી (ફેર રેમ્યુનરેટિવ પ્રાઈસ-એફઆરપી)ભાવમાં પ્રત્યેક વર્ષે વધારો કરવામાં આવે છે. તેમ જ ગત ઑક્ટોબરથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની મોસમ માટે શેરડીનાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૫ વધારીને રૂ. ૩૫૫ નિર્ધારિત કરવામાં આવ્યા છે.

આથી ખાંડનાં લઘુતમ વેચાણ ભાવ અને ઈથેનોલના ભાવ વધારીને ઉત્પાદન ખર્ચની સાથે તાર્કિકતાની સાથે જોડવામાં આવે તો તે ખેડૂતો, ગ્રાહકો, ઈથેનોલનાં કાર્યક્રમ અને ખાંડ ઉદ્યોગમાં રોકાણ કરનાર નાણાકીય સંસ્થાઓનાં પણ હિતમાં રહેશે, એમ એસોસિયેશનનાં ચેરમેન પ્રફુલ્લભાઈ વિઠ્ઠલાણીએ એક યાદીમાં જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં એફઆરપી શેરડીનાં ઉત્પાદન ખર્ચના ૧૦૫.૨ ટકાના સ્તરે છે. એફઆરપીમાં વધારો થતો રહ્યો હોવાથી શેરડીનો વળતરદાયી પાકનો દરજ્જો જળવાઈ રહ્યો છે. જોકે, સાથે સાથે પ્રોસેસિંગ ઉદ્યોગ પણ એટલુ જ મહત્ત્વ ધરાવે છે. ટકાઉ કાર્યકારી પરિબળોનાં અભાવને કારણે ઘણાં ખાંડના એકમો નાણાકીય ભીસમાં આવ્યા છે તો અમુક એકમો માંદા અને તેની માઠી અસર ખેડૂતોને શેરડીની ખરીદી પેટેની કરવી પડતી ચુકવણી પર પણ પડતી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આઈસ્ટાના મતાનુસાર વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં શેરડીની એફઆરપીમાં ૨૯ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. તેમ જ ઉત્તર પ્રદેશ જેવા રાજ્યો સ્ટેટ એડવાઈસ પ્રાઈસ (રાજ્ય દ્વારા નિર્ધારિત) જાહેર કરે છે જે શેરડીના ઉત્પાદન ખર્ચ કરતાં ઘણાં ઊંચા હોય છે. વધુમાં ખાંડ મિલોને છેલ્લાં છ વર્ષમાં શેરડીના ભાવમાં થતો વધારો ઉપરાંત મજૂરી, રસાયણો, પરિવહન, પેકિંગ મટિરિયલ જેવાં ખર્ચમાં થતો વધારો પણ સહન કરવાનો આવ્યો હોવાથી હાલનાં ખર્ચના માળખા અનુસાર ખાંડના લઘુતમ વેચાણ ભાવમાં વધારો કરવો પણ મહત્ત્વનો છે. જો ખાંડના ભાવમાં વધારો કરવામાં નહી આવે તો મિલો કાર્યાન્વિત રાખવી મુશ્કેલ બનશે અને ઉદ્યોગની સ્થિત કથળતાં તેની માઠી અસર ખેડૂતો, ગ્રાહકો અને અર્થતંત્ર પર પડશે. આ ઉપરાંત ઈથેનોલ બાબતે એસોસિયેશને ભારપૂર્વક જણાવ્યું હતું કે બિનવળતરદાયી ઈથેનોલના ભાવની માઠી અસર દેશનાં ઈથેનોલ બ્લેન્ડિંગનાં કાર્યક્રમ પર પડવાની સાથે ખાંડ મિલો જેણે ડિસ્ટિલેશનની ક્ષમતા વધારવા માટે નોંધપાત્ર રોકાણ કર્યું છે તેવી મિલોની નાણાં સ્થિતિ પર પણ પ્રતિકૂળ અસર થશે. તેમ જ આ બોજો મિલોની વણ વેચાયેલી ખાંડના સ્ટોક પર પડશે. ખાસ કરીને જ્યારે આ વર્ષે ઉત્પાદન લગભગ સ્થિર રહેવાની શક્યતા છે, એમ યાદીમાં ઉમેર્યું હતું.

# મથકો પાછળ સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦નો સુધારો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૮૧૦થી ૩૮૫૦માં થયા હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટો, રિટેલ સ્તરની અને દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહેતા સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની જળવાઈ રહેલી આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની અને દેશાવરોની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલ અને માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૪૨થી રૂ. ૪૦૦૨ના મથાળે રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૪૦૩૨થી ૪૦૮૨ના મથાળે ટકેલા રહ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં ઔદ્યોગિક વપરાશકારોની અને સ્થાનિક ડીલરોની માગ ખપપૂરતી રહેતાં ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૮૬૦થી ૩૯૧૦ના મથાળે રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૯૪૦થી ૩૯૮૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**ગુડઝ શેડ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૦૬ વર્ષ ૨૦૨૫-૨૬ તા.૦૨-૦૫-૨૦૨૫. (૧) ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૫-૨૬-ઈ-૧૩ કામનું નામઃ** રાજકોટ ડિવિઝન : મોટીખાવડી-ગુડઝ શેડ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન. **NITની અંદાજીત પડતરઃ** ₹ ૪,૬૯,૨૮,૦૧૫.૪૫ **અર્નેસ્ટ મની:** ₹ ૩,૮૪,૭૦૦.૦૦, (૨) **ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૫-૨૬-ઈ-૧૪ કામનું નામઃ** રાજકોટ ડિવિઝન : વિન્ડમિલ - ગુડઝશેડ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન. **NITની અંદાજીત પડતરઃ** ₹ ૯,૭૩,૯૫,૪૦૬.૪૩ **અર્નેસ્ટ મની:** ₹ ૬,૩૭,૦૦૦.૦૦ **બંને ટેન્ડરો માટેઃ- ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.૨૬-૦૫-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાકે. **ઓફીસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.) પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. વેબસાઈટ: www.ireps.gov.in RJT-018

અમને ફોલો કરો: X x.com/WesternRly


# ઘઉંની પ્રાપ્તિ પૂર્ણ થતાં સરકાર જાહેર વિતરણ યંત્રણામાં ફાળવણી પુનઃ સ્થાપિત કરવા સમીક્ષા કરશે

નવી દિલ્હીઃ તાજેતરમાં ચાલી રહેલી ઘઉંની પ્રાપ્તિ પ્રક્રિયા પૂરી થયા બાદ કેન્દ્ર સરકાર જાહેર વિતરણ યંત્રણા હેઠળ ઘઉંની પૂર્ણપણે ફાળવણી પુનઃ સ્થાપિત કરવા માટેની સમીક્ષા કરશે, એમ અનાજ મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું છે.

કૃષિ મંત્રાલયે વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫નાં પાક વર્ષ (જુલાઈ-જૂન) માટેનાં ઘઉંનાં ઉત્પાદનનો અંદાજ ૧૧.૫ કરોડ ટનનો મૂક્યો છે અને અનાજ મંત્રાલયે ૩.૧૨ કરોડ ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક રાખ્યો છે.

સરકાર ક્યારથી જાહેર વિતરણ યંત્રણામાં ઘઉંનો સંપૂર્ણ પુરવઠો પુનઃ સ્થાપિત કરશે ? એવા પ્રશ્નના ઉત્તરમાં ખાદ્ય સચિવ સંજીવ ચોપ્રાએ જણાવ્યું હતું કે આ સંદર્ભે અમે પ્રાપ્તિ પ્રક્રિયા પૂરી થાય ત્યાં સુધી રાહ જોઈશું. જોકે, અત્યાર સુધીમાં ૨૫૬ લાખ ટન ઘઉંની પ્રાપ્તિ થઈ છે અને પ્રાપ્તિ પ્રક્રિયા પૂરી થયા બાદ જ ચિત્ર સ્પષ્ટ થશે,એમ તેમણે ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે વર્ષ ૨૦૨૨માં સરકારે ઘઉંની પ્રાપ્તિમાં નોંધપાત્ર ઘટાડો થવાથી જાહેર વિતરણ યંત્રણામાં ઘઉંની ફાળવણીમાં ઘટાડો કર્યો હતો અને ઘટ ચોખાથી સરભર કરવામાં આવી હતી. જોકે, આ ઘટાડો સમગ્ર વર્ષ ૨૦૨૩ સુધી જળવાઈ રહ્યો હતો અને વર્ષ ૨૦૨૪ના ઑક્ટોબર મહિનાથી માર્ચ, ૨૦૨૫ સુધી અતિરિક્ત ૩૫ લાખ ટનની આંશિક ધોરણે ફાળવણી પુનઃ સ્થાપિત કરી હતી.

ખાદ્ય સચિવે જણાવ્યું હતું કે સરકારે ગત ૩૦ એપ્રિલ સુધી ૨૫૬.૩૧ લાખ ટન ઘઉંની પ્રાપ્તિ કરી છે, જ્યારે ગત સાલના સમાનગાળામાં ૨૦૫.૪૧ લાખ ટનની પ્રાપ્તિ થઈ હતી. જોકે, સરકારે વર્તમાન વર્ષ ૨૦૨૫-૨૬ની માર્કેટિંગ મોસમ માટે ૩૧૨ લાખ ટન ઘઉંની પ્રાપ્તિનો લક્ષ્યાંક રાખ્યો છે. હાલમાં પ્રાપ્તિ પ્રક્રિયા સરળતાપૂર્વક થઈ રહી છે અને લક્ષ્યાંકિત પ્રાપ્તિ થઈ જવાનો અમને આશાવાદ છે.

વધુમાં ઘઉંની નિકાસ પરનો પ્રતિબંધ ક્યારે દૂર કરવામાં આવશે, એવું પૂછતાં તેમણે જણાવ્યું હતું ઘઉંની નિકાસ મંજૂરી માટે અત્યારે વાત કરવી વહેલાસરની ગણાશે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે રાષ્ટ્રીય અન્ન સલામતી ધારા (નેશનલ ફૂડ સિક્યોરિટી ઍક્ટ) હેઠળ ૮૦ કરોડ લોકોને સમાવવામાં આવ્યા છે અને પ્રત્યેક લાભકર્તાને માસિક ધોરણે પાંચ કિલો અનાજ આપવામાં આવે છે. તેમ જ ઘઉં અને ચોખાની ફાળવણીની સરાસરી સરકારી સ્ટોકના આધારે નક્કી કરવામાં આવે છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ૩૦મી એપ્રિલ સુધી થયેલી ઘઉંની પ્રાપ્તિમાં સૌથી વધુ ૧૦૩.૮૯ લાખ ટનની પ્રાપ્તિ પંજાબમાંથી થઈ છે. ત્યાર બાદ અનુક્રમે મધ્ય પ્રદેશમાંથી ૬૭.૬૭ લાખ ટન, હરિયાણામાંથી ૬૫.૬૭ લાખ ટન, રાજસ્થાનમાંથી ૧૧.૪૪ લાખ ટન અને ઉત્તર પ્રદેશમાંથી ૭.૫૦ લાખ ટનની પ્રાપ્તિ થઈ છે. આ પ્રાપ્તિ પ્રક્રિયાનો લાભ ૨૧.૦૩ લાખ ખેડૂતોએ લીધો છે અને લઘુતમ ટેકાના ભાવથી રૂ. ૬૨,૧૫૫.૯૬ કરોડની ચુકવણી કરવામાં આવી છે. વધુમાં સરકારે સેન્ટ્રલ વૅરહાઉસિંગ કોર્પોરેશન અને ફૂડ કોર્પોરેશન ઑફ ઈન્ડિયાનાં ડેપોને સ્માર્ટ વૅરહાઉસમાં રૂપાંતરીત-અપગ્રેડ કરવાના પગલાં લીધા હોવાનો પણ નિર્દેશ આપ્યો હતો. ■


**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે મારા અસિલોની સૂચનાઓ હેઠળ, હું અહીં નીચે લખેલ **પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ તેણીની ઓનરશીપ પ્રિમાઈસિસ (**"સદર પ્રિમાઈસિસ"**)ની બાબતમાં વીર ભવન, ૨૨, B. G. ખેર રોડ, મલબાર હિલ, મુંબઈ-૬ ખાતે સરનામું ધરાવનાર અને ૮૦ W. વેસ્ટમિનિસ્ટર રોડ, લેક ફોરેસ્ટ, Illinois ૬૦૦૪૫-૩૧૨૩, USA ખાતે રહેતા બિન નિવાસી ભારતીય **પ્રોચી હેમાંગ મહેતાનું** ટાઈટલ તપાસ કરી રહી છું. (**"માલિકણ"**).

માલિકણે જણાવ્યું છે કે તેણીએ સદર પ્રિમાઈસીસની બાબતમાં ક્રીષ્ણાજય ડેવલપર્સ પ્રા.લી., ધ પાલી હીલ નવરોઝ પ્રીમાઈસીસ કો-ઓપ. સો.લી. (સદર સોસાયટી) અને તેણીની પોતે વચ્ચે અ.નં. BDR-4-5502-2014 હેઠળ જોઈન્ટ સબ-રજીસ્ટ્રાર અંધેરી નં. ૨ ની ઓફિસ જોડે નોંધાયેલ તા. ૪-૮-૨૦૧૪ના અસલ કાયમી વૈકલ્પીક કરાર તેણીના કબજા/કસ્ટડીમાં નથી અને સદર ગૂમ થયેલ કે ગેરવલ્લે થયેલ છે અને ખૂબ જ શોધખોળ કરવા છતાં મળતા નથી (**"ગૂમ થયેલ ટાઈટલ ડીડ"**) અને સદર ગૂમ થયેલ ટાઈટલ ડીડ, તેની કોલેટરલ સેક્યુરીટી સામે સદર પ્રીમાઈસીસની બાબતમાં કોઈપણ ચાર્જ નિર્માણ કરવા માટે કોઈપણ વ્યક્તિ, બૅન્ક, નાણાંકીય સંસ્થા કે કોઈપણ અન્ય ત્રીજી પાર્ટી જોડે જમા કરાવેલ નથી.

માલિકણે જણાવ્યું છે કે તેણીની સદર પ્રિમાઈસિસની બાબતમાં નીચેના અસલ દસ્તાવેજોનો જ કબજો ધરાવે છે

૧. સદર સોસાયટીના નં. ૧૩૬ થી ૧૪૦ ધરાવતા દરેક રૂ. ૫૦/-ના ૫ ફૂલ્લી પેઈડ અપ શેર્સની બાબતમાં તારીખ ૧૬મી ફેબ્રુઆરી ૧૯૮૧ના ઓરિજનલ શેર સર્ટિફિકેટ નં. ૨૮ જે સદર શેર સર્ટિફિકેટની રીવર્સ પર માલિકણનું નામ ધરાવે છે.
૨. માલિકણના નામમાં નં. ૧૮૬ થી ૧૯૦ ધરાવતા દરેક રૂ. ૫૦/-ના વધારાના શેર્સ ૫ ફૂલ્લી પેઈડ અપ શેર્સની બાબતમાં સદર સોસાયટીના તારીખ ૭મી ઓક્ટોબર ૨૦૨૧ના ઓરિજનલ શેર સર્ટિફિકેટ નં. ૦૪૭.
૩. માલિકણના ક્રીષ્ણાજય ડેવલપર્સ પ્રા.લી. દ્વારા ઍડ્રેસ કરાયેલ તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૧નો પઝેશન ઓફર લેટર.

કોઈપણ બેંક કે નાણાકીય સંસ્થાઓ સહિત તમામ શખ્સો જે સદર પ્રિમાઈસિસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, એસાઈન્મેન્ટ, ગીરો, ચાર્જ, ભેટ, ટ્રસ્ટ, જાળવણી, વારસો, કુટુંબ વ્યવસ્થા, કબજો, લીઝ, લીવ એન્ડ લાયસન્સ, લીઅન, કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડિક્રિ, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રિબ્યુનલ અથવા બીજી કોઈ રીતે અથવા કોઈપણ પ્રકારે કોઈપણ હિસ્સા, હક્ક, ટાઈટલ કે હિત ધરાવતા હોય તો અને તમામ શખ્સો જે ગૂમ થયેલ ટાઈટલ ડીડ તેમની કસ્ટડી કે કબજામાં હોય અથવા તેની જાણ ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહિ કરનારને દર્શાવેલ સરનામે આ છપાયાની તારીખથી ૧૦ દિવસની મુદતમાં કરે, જેનાં નિષ્ફળ જવા પર દાવાઓ અને/અથવા વાંધાઓ, જો કોઈ હોય તો, તમામ ઉદ્દેશ્યો અને હેતુઓ માટે ત્યજી દિધેલ અને/અથવા છોડી દિધેલ હોવાનું માનવામાં આવશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટ**

**(સદર પ્રિમાઈસિસ)**

મુંબઈ પરાંના નોંધણી જિલ્લામાં ગામ દાંડા રેવેન્યૂ તાલુકા અંધેરીના CTS નં. ૧૩૪૪ ધરાવતા બાંદ્રા એરિયાનો ફાઈનલ પ્લોટ નં. HW2129(1)21 ધરાવતી જમીન પર આવેલ તેના સંલગ્ન તમામ બેનીફિટસ અને ફાયદાઓ સાથે સદર બિલ્ડીંગના બેઝમેન્ટમાં બે કવર્ડ કાર પાર્કિંગ જગ્યાઓ અને ૬૬, પાલી હિલ, બાંદ્રા (૫), મુંબઈ-૫૦ ખાતે આવેલ નવરોઝ તરીકે જાણીતી નવી બિલ્ડીંગના ૩જા માળ પર અંદાજે ભરતમાં ૧૧૭૫ ચો.ફૂટ (કાર્પેટ એરિયા) અને ૩૨૫ ચો.ફૂટ ટેરેસ એરિયા, કુલ મળી ૧૫૦૦ ચો.ફૂટ (કાર્પેટ એરિયા)ના રહેણાંક ફ્લેટ નં. 3B સાથે પાલી હિલ નવરોઝ પ્રિમાઈસિસ કો-ઓપરેટિવ સો.લી.ના તા. ૭મી ઓક્ટોબર ૨૦૨૧ શેર સર્ટિફિકેટ નં. ૦૪૭ હેઠળ નં. ૧૮૬ થી ૧૯૦ શેર્સ ધરાવતા દરેક રૂ. ૫૦/-ના વધારાના શેર્સ ૫ ફૂલ્લી પેઈડ અપ શેર્સ અને પાલી હિલ નવરોઝ પ્રિમાઈસિસ કો-ઓપરેટિવ સો.લિ.ના તા. ૧૬મી ફેબ્રુઆરી ૧૯૮૧ શેર સર્ટિફિકેટ નં. ૨૮ હેઠળ નં. ૧૩૬ થી ૧૪૦ ધરાવતા દરેક રૂ. ૫૦/-ના ૫ ફૂલ્લી પેઈડ અપ શેર્સ.

આજ તારીખ ૦૪થી મે ૨૦૨૫

તોરલ શાહ
એડવોકેટ અને સોલિસિટર
૬૨૩/૬૨૪, અરુણ ચેમ્બર્સ, તારદેવ મેઈન રોડ, મુંબઈ - ૪૦૦૦૩૪
ઈમેલઃ toralshahsolicitor@gmail.com


# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુઓમાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરીમાં ખાસ કરીને ટીન નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની નવેસરથી લેવાલી નીકળવાની સાથે સાર્વત્રિક સ્તરેથી માગ જળવાઈ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫, રૂ. ૧૦ અને રૂ. સાતનો સુધારો આવ્યો હતો. તેમ જ ટીન અને નિકલની આગેવાની હેઠળ માત્ર ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓના ભાવમાં કિલોદીઠ એકથી ત્રણ સુધીનો સુધારો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન, નિકલ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૨૭૦૫, રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૩૦ અને રૂ. સાત વધીને રૂ. ૮૬૩ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૩૨ અને રૂ. ૧૯૮, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૨૧, રૂ. ૭૪૪ અને રૂ. ૫૪૫ અને કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૮૧૧, રૂ. ૫૮૩ અને રૂ. ૨૩૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં પાંખાં કામકાજે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૪૭ અને રૂ. ૧૮૩ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પાંખાં કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

## એપ્રિલમાં પામતેલની આયાત ૨૪ ટકા ઘટી હોવાનો ડીલરોનો અંદાજ

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે સપ્તાહના અંતે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યાં હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. જોકે, ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૨૮ સેન્ટનો ઘટાડો આવ્યો હોવા છતાં બજાર પર તેની કોઈ અસર નહોતી જોવા મળી.

દરમિયાન ગત એપ્રિલ મહિનામાં ભારતની પામતેલની આયાત માસાનુમાસ ધોરણે ૨૪ ટકા ઘટીને ૩,૨૨,૦૦૦ ટન આસપાસની સપાટીએ રહી હોવાનું ડીલરોએ જણાવ્યું હતું. એકંદરે ભાવ પામતેલનો વૈશ્વિક અગ્રણી ખરીદદાર દેશ છે અને દેશમાં સરેરાશ માસિક ૭.૫૦ લાખ ટનની આયાતની સરખામણીમાં ઘણી ઓછી થઈ હોવાથી પામતેલના વાયદામાં ભાવ વધુ દબાણ હેઠળ આવે અને શિકાગો સોયાતેલના વાયદાને વધુ ટેકો મળે તેવી શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યાં છે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૫, ઈમામીના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦, અલાના તથા ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦ અને રિલાયન્સ રિટેલના રૂ. ૧૨૨૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નિરસ રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૮૦, સિંગતેલના રૂ. ૧૩૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫ અને સરસવના રૂ. ૧૩૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦૭૦માં અને લૂઝમાં રૂ. ૧૨૯૦માં થયા હતા. ■

## લાડકી બહેન માટેના ભંડોળ મુદ્દે

# મહાયુતિમાં મહાભારત

**સામાજિક ન્યાય વિભાગના ૭,૦૦૦ કરોડ રૂપિયા અન્યત્રે વાળવામાં આવ્યા હોવાનો આક્ષેપ કરીને આ ખાતાના શિવસેનાના પ્રધાન સંજય શિરસાટે કહ્યું કે અજિત પવારનું નાણાં ખાતું મનમાની કરે છે અને મારું મંત્રાલયને હવે તાળું જ મારી દો**

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના સામાજિક ન્યાય ખાતાના પ્રધાન અને શિવસેનાના નેતા સંજય શિરસાટે શનિવારે અજિત પવારના નેતૃત્વ હેઠળના નાણાં વિભાગ પર તેમની જાણ વગર તેમના વિભાગમાંથી ભંડોળના 'ગેરકાયદે' ડાયવર્ઝન પર 'મનમાની' કરવાનો આરોપ લગાવ્યો હતો.

પ્રધાને કહ્યું હતું કે રાજ્ય સરકારે ફાળવેલા ભંડોળનું સમયાંતરે ડાયવર્ઝન કરવાને બદલે સામાજિક ન્યાય વિભાગને બંધ કરી દેવો જોઈએ.

ગુસ્સે ભરાયેલા આ પ્રકોપથી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના અને ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારમાં અજિત પવારના નેતૃત્વ હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી વચ્ચેના તણાવમાં વધારો થઈ શકે છે.

'તેઓએ મને અંધારામાં રાખીને મારા વિભાગમાંથી અગાઉ (બજેટ દરમિયાન) ૭,૦૦૦ કરોડ રૂપિયા ડાયવર્ટ કર્યા હતા. જો સરકાર સામાજિક ન્યાય વિભાગને કાર્યરત રાખવા માગતી નથી અથવા તેઓ પૈસા ખર્ચવા માગતા નથી, તો તેમણે આ વિભાગ જ બંધ કરી દેવો જોઈએ. તેને અન્યાય કહો કે કંઈપણ. મને તે (ભંડોળ ડાયવર્ટ)ની પાછળનું કારણ ખબર નથી,' એમ શિરસાટે છત્રપતિ સંભાજીનગરમાં પત્રકારોને જણાવ્યું હતું.

સામાજિક ન્યાય વિભાગની ફાળવણીમાંથી ૪૧૩.૩૦ કરોડ રૂપિયા ડાયવર્ટ થયાના અહેવાલ પર શિરસાટ ગુસ્સે હતા. શિવસેનાના વિધાનસભ્યે કહ્યું હતું કે તેઓ આ મુદ્દો મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સમક્ષ ઉઠાવશે.

'ભંડોળનું આ પ્રકારનું ડાયવર્ઝન કાયદેસર નથી. નાણા વિભાગની આ મનમાની ખોટી છે. તેમની કાર્યવાહી ખોટી છે. હું તેનો વિરોધ કરું છું,' એમ તેમણે જણાવ્યું હતું. નાણા વિભાગ પર સ્પષ્ટ પ્રહાર કરતાં શિરસાટે કહ્યું હતું કે સહનશીલતાની એક મર્યાદા છે. 'તેઓ બધું ભંડોળ એક જ વારમાં કેમ (જુઓ પાનું ૪) ▸▸

**અન્ય મંત્રાલયોનાં ભંડોળ પર કાતર ચલાવી-ચલાવી લાડકી બહેનોને હપ્તા ચૂકવાય છે**

### સરકારે સામાજિક ન્યાય વિભાગમાંથી ૪૧૦.૩૦ કરોડ રૂપિયા અને આદિજાતિ વિકાસ વિભાગમાંથી ૩૩૫.૭૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાણાકીય કટોકટી વચ્ચે મહારાષ્ટ્ર સરકાર લાડકી બહેન યોજનાની પાત્ર મહિલા લાભાર્થીઓને માસિક ૧,૫૦૦ રૂપિયાની સહાય પૂરી પાડવા માટે જરૂરી ભંડોળની ફાળવણી કરવામાં સંઘર્ષ કરી રહી હોવાનું જોવા મળી રહ્યું છે.

સરકારે મુખ્યમંત્રી માઝી લાડકી બહીણ યોજનાની પાત્ર મહિલા લાભાર્થીઓને માસિક હપ્તો ચૂકવવા માટે સામાજિક ન્યાય વિભાગમાંથી ૪૧૦.૩૦ કરોડ રૂપિયા અને આદિજાતિ વિકાસ વિભાગમાંથી ૩૩૫.૭૦ કરોડ રૂપિયા ટ્રાન્સફર કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

શુક્રવારે મહિલા અને બાળ કલ્યાણ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા આદેશમાં આ નાણાં ડાઈવર્ટ કરવાની સૂચના હતી.

૨૦૨૫-૨૬ના બજેટમાં રાજ્ય સરકારે અનુસૂચિત જાતિ માટે ૨૨,૬૫૮ કરોડ રૂપિયા અને અનુસૂચિત જનજાતિઓ માટે ૨૧,૪૯૫ કરોડ રૂપિયા ફાળવ્યા હતા. આમાંથી સામાજિક ન્યાય ખાતાને ૩,૯૬૦ રૂપિયા સ્પેશ્યલ ગ્રાન્ટ તરીકે મળ્યા હતા. જેમાંથી ૪૧૦.૩૦ કરોડ અને આદિ જાતિ વિકાસ ખાતાને ફાળવાયેલા ૩,૪૨૦ કરોડ રૂપિયામાંથી ૩૩૫.૭૦ કરોડ રૂપિયા લાડકી બહેન યોજના (જુઓ પાનું ૪) ▸▸

# બીકેસી બુલેટ ટ્રેન સ્ટેશનના ખોદકામનું ૭૬ ટકા કામ પૂરું



**સ્ટેશનના નિર્માણનું કાર્ય ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું હોવાનું રેલવે પ્રધાન વૈષ્ણવે કહ્યું**

**તૈયારી પૂરજોરમાંઃ** બીકેસીમાં બની રહેલા બુલેટ ટ્રેનના સ્ટેશનના નિર્માણકાર્યની પ્રગતિની ચકાસણી રેલવે પ્રધાન અશ્ચિની વૈષ્ણવે ગઈ કાલે કરી હતી. (પીટીઆઈ)

મુંબઈઃ રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે ગઈ કાલે જણાવ્યું હતું કે મુંબઈમાં બીકેસી ખાતે બુલેટ ટ્રેનના મૂળ સ્ટેશનના નિર્માણનું કામ ઝડપથી ચાલી રહ્યું છે.

વૈષ્ણવે બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ ખાતે નિર્માણાધીન ભૂગર્ભ સ્ટેશનની મુલાકાત લીધી અને તેમની સાથે નેશનલ હાઇ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના અધિકારીઓ ઉપરાંત મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેના પ્રતિનિધિઓ પણ હતા.

તેમણે કહ્યું હતું કે સૌથી નીચું બી૩ બેઝમેન્ટ લેવલ અને સ્ટેશનની દિવાલોને મજબૂત બનાવવાનું કામ પૂર્ણ થઈ ગયું છે. તેમ જ ટનલનું કામ ખૂબ જ ઝડપથી ચાલી રહ્યું છે.

ઓપરેશનલ એરિયા બી૧ થી બી૩ લેવલ પર સ્થિત હશે. બી૩ ટ્રેન પાર્કિંગ એરિયા તરીકે સેવા આપશે, બી-ટુ માં ઓપરેશનલ કાર્યો થશે, અને બી૧ ગ્રાઉન્ડ લેવલ સાથે મુસાફરોને સેવા આપશે. આ વિશ્વ કક્ષાનું સ્ટેશન બનાવવા માટે કામ ચાલી રહ્યું છે, તેમણે ઉમેર્યું.

નેશનલ હાઇ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડના અધિકારીઓએ જણાવ્યું હતું કે બીકેસી બુલેટ ટ્રેન સ્ટેશન પર ખોદકામનું આશરે ૭૬ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગયા અઠવાડિયે કહ્યું હતું કે મહત્વાકાંક્ષી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ૨૦૨૮ સુધીમાં કાર્યરત થઈ જશે.

રેલવે પ્રધાન બીકેસીથી પુણે જવા રવાના થયા હતા અને તેમણે રસ્તામાં પનવેલ રેલવે સ્ટેશનની મુલાકાત લીધા પછી પત્રકારોને જણાવ્યું હતું કે, વડા પ્રધાને અમને ૫૦ વર્ષનું વિઝન સામે રાખીને કામ કરવા કહ્યું છે અને એના અનુસંધાનમાં અમે પનવેલમાં મેજર કૉચિંગ ટર્મિનલ બનાવી રહ્યા છે, જયાંથી ઘણી ટ્રેન શરૂ થશે. ■

# મધ્ય રેલવેના મોટરમેનનું આંદોલન આજથી

**સોમવારે ટ્રેનોના ધાંધિયા થવાના**

મુંબઈઃ મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝનના મોટરમેન ફરી એકવાર આજથી મૌન વિરોધ પ્રદર્શન કરવાની યોજના બનાવી રહ્યા છે, કારણ કે મોટરમેન કેબમાં તાજેતરમાં એડવાન્સ્ડ ડ્રાઈવર આસિસ્ટન્સ સિસ્ટમ (એડીએએસ) હેઠળ કેમેરા લગાવવાને કારણે કામના દબાણમાં વધારો થયો છે. જોકે, મધ્ય રેલવેનું હજીય આશા છે કે યુનિયન સાથે વાતચીત ચાલી રહી હોવાથી મુદ્દો સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલાઈ જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રવિવારે સેવાઓની સંખ્યા પ્રમાણમાં ઓછી હશે, તેથી આંદોલનની મોટી અસર થવાની અપેક્ષા નથી. પરંતુ જો તે સોમવારે પણ ચાલુ રહેશે, તો તેની ઉપનગરીય સેવાઓ પર અસર થવાની સંભાવના છે.

ઉશ્કેરાયેલા કર્મચારીઓ દ્વારા મોટરમેનના લોબીમાં લખાયેલા સંદેશમાં કહેવામાં આવ્યું છેઃ ''એક મોટરમેન, એક ફરજ ૪ મેથી,'' આ દર્શાવે છે કે તેઓ નિયમ મુજબ જ કામ કરશે અને કોઈપણ વધારાની ફરજો કે ઓવરટાઇમ કરશે નહીં. આને કારણે સ્ટાફની અછત વિલંબ અને સંભવિત રદ થવાની અપેક્ષા છે. મોટરમેનોને હડતાળ નહીં હોય છતાં ટ્રેનોનાં ધાંધિયા થવાની પૂરેપૂરી સંભાવના છે. સેન્ટ્રલ રેલ્વે મજદૂર સંઘે માગ કરી છે કે વહીવટીતંત્ર જોખમી કાર્યકારી પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે તાત્કાલિક પગલાં લે અથવા જવાબદારીઓ વહેંચવા અને સલામતી વધારવા માટે મોટરમેનની કેબિનમાં સહાયક લોકો પાઇલટને તહેનાત કરવાનું વિચારે.યુનિયને મોટરમેનને હાથના ઈશારાનો ઉપયોગ કરીને સિગ્નલ નંબરો બોલાવવા માટે જરૂરી સૂચનાનો પણ સખત વિરોધ વ્યક્ત કર્યો હતો. મોટરમેન કેબમાં એકલા કામ કરે છે, તેથી આ સિગ્નલોને સ્વીકારવા માટે કોઈ હાજર નથી, જેના કારણે પ્રક્રિયા બિનઅસરકારક અને વિચલિત થઈ જાય છે. ■

## વિલે પાર્લેના જૈન દેરાસરનો મામલો

# કોર્ટનો જૈસે થે સ્થિતિ જાળવી રાખવા આદેશ, સોમવારે આગામી સુનાવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા તોડી પાડવામાં આવેલા વિલે પાર્લે (પૂર્વ)ના જૈન મંદિર મામલે જૈસે થે સ્થિતિ રાખવાના આદેશને કોર્ટ દ્વારા લંબાવવામાં આવ્યો છે. તેથી હાલ પાલિકા આ દેરાસર સામે કોઈ કાર્યવાહી કરી શકશે નહીં. કોર્ટમાં આગામી સુનાવણી પાંચમી મેએ થયાબાદ ઓર્ડર નહીં આવે ત્યાં સુધી દેરાસર અગાઉની સ્થિતિમાં જ રહેશે.

પાલિકાએ દેરાસરને અનધિકૃત હોવાનું કહીને તેને તોડી પાડવાના વિવાદ વચ્ચે હાઈ કોર્ટ તેનું સંરક્ષણ ચાલુ રાખ્યું હતું. વિલે પાર્લેમાં ૧૯૬૨ની સાલમાં બાંધવામાં આવેલા શ્રી ૧૦૦૮ દિગંબર જૈન મંદિર ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ દેરાસરને અનધિકૃત જાહેર કરીને પાલિકાએ ૧૫ એપ્રિલના તેને આંશિક રીતે તોડી પાડતા તેની સામે મુંબઈ સહિત દેશભરના જૈનોમાં આક્રોશ જાગ્યો હતો. પાલિકાના દાવા મુજબ ૨,૨૦૦ ચોરસ ફૂટનું આ બાંધકામ શહેરના ડેવલપમેન્ટ પ્લાનમાં મનોરંજન સ્થળ તરીકે આરક્ષિત હતું.

દેરાસરના ટ્રસ્ટીઓના દાવા મુજબ બોમ્બે સિટી સિવિલ કોર્ટે આપેલી સ્ટે ઓર્ડરની મુદત પૂરી થવાના થોડા કલાકમાં જ પાલિકા દ્વારા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સાત એપ્રિલના નીચલી કોર્ટે ડિમોલિશન સામેની અરજી ફગાવી દીધી હતી. પરંતુ ટ્રસ્ટને હાઈ કોર્ટમાં અપીલ કરવાનો સમય આપવાની સાથે જ સાત દિવસ (જુઓ પાનું ૪) ▸▸

# શિર્ડીના સાંઈબાબા મંદિરને બૉમ્બથી ઉડાડી દેવાની ધમકી

મુંબઈઃ શિર્ડીમાં સાંઈ બાબાના મંદિરને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. સાંઈ સંસ્થાનને આ ધમકી ઇ-મેલ દ્વારા મોકલવામાં આવી છે. આ ધમકીભર્યો ઈમૅલ મળ્યા બાદ સુરક્ષા વ્યવસ્થાને ઍલર્ટ કરી દેવામાં આવી છે અને શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે ખાસ કાળજી લેવામાં આવી રહી છે. સાંઈ મંદિર પ્રશાસને પણ સાંઈભક્તોને કોઈપણ ભય વગર દર્શન માટે આવવા અપીલ કરી છે.

દરરોજ હજારો ભક્તો આ મંદિરમાં સાંઈબાબાના આશીર્વાદ મેળવવા માટે આવે છે. શુક્રવારે સવારે સાંઈ સંસ્થાનના ઈમેલ આઈડી પર એક અજાણ્યા વ્યક્તિએ ધમકીભર્યો ઈમૅલ મોકલ્યો હતો. ઈમેલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે અમે સાંઈ બાબાના મંદિરને બૉમ્બથી ઉડાવી દઈશું. આ પછી, સુરક્ષા વ્યવસ્થા ઍલર્ટ મોડ પર છે અને મંદિર વહીવટીતંત્ર અને પોલીસે ભક્તોને ન ગભરાવાની અપીલ કરી છે. સાંઈ બાબા સંસ્થાનના સુરક્ષા અધિકારી રોહિદાસ માળીની ફરિયાદ પર શિર્ડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને ધમકીના પગલે, બીડીએસ અને ડોગ સ્ક્વોડ સહિતની ટીમે સાંઈ મંદિરનું સંપૂર્ણ નિરીક્ષણ કર્યું છે. સાંઈ મંદિરના તમામ પ્રવેશદ્વારો પર ભક્તોની પણ સંપૂર્ણ તપાસ કરવામાં આવી રહી છે, અને ધમકીભર્યો મેઇલ મોકલનાર અજિત જાકોમોલા નામના વ્યક્તિ સામે કેસ નોંધવામાં આવ્યો છે. દરમિયાન, શિર્ડીના સાંઈ સંસ્થાનને અગાઉ પણ ધમકીભર્યા મેઇલ મોકલવામાં આવ્યા હોવાના બનાવો બન્યા છે. ■



**સાંત્વનઃ** બોલિવૂડ સ્ટાર અનિલ કપૂરની માતાનું શુક્રવારે નિધન થયું હતું અને તેથી શોક પ્રગટ કરવા જેકી શ્રોફ તેને ગઈ કાલે તેના ઘરે મળવા ગયો હતો. (પીટીઆઈ)

## કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડ ગેરકાયદે હોવાનો ચુકાદો

# મુંબઈનો ૯૦ ટકા કચરો કાંજુરમાર્ગમાં ઠલવાય છેઃ હવે સુધરાઈ શું કરશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાંજુરમાર્ગ ડમ્પિંગની જગ્યા 'સંરક્ષિત વનપ્રદેશ' હોવાનો હાઈ કોર્ટે આદેશ આપ્યો છે. આ ચુકાદા સામે રાજ્ય સરકાર તેમ જ સુધરાઈ સુપ્રીમ કોર્ટમાં જવાની છે. જોકે સુપ્રીમ કોર્ટનો અંતિમ ચુકાદો આવે ત્યાં સુધી હાઈ કોર્ટના આદેશનો અમલ સ્થગિત રહે એવી શક્યતા છે. અલબત્ત, જો સુપ્રીમ કોર્ટ નવેસરથી કચરો કાંજુરમાર્ગમાં ઠાલવવાની ના પાડશે તો સુધરાઈ માટે મોટી સમસ્યા ઊભી થઈ જશે કારણકે અત્યારે મુંબઈનો ૯૦ ટકા કચરો (જુઓ પાનું ૪) ▸▸

# શિવડી દેરાસરમાંથી લાખોની ચોરી મામલે બનાસકાંઠાથી ત્રણ પકડાયા

મુંબઈઃ શિવડી વિસ્તારમાં જૈન દેરાસરમાંથી ઘરેણાં તેમ જ દાનપેટીમાંની રોકડ સહિત ૭.૧૫ લાખ રૂપિયાની મતાની ચોરીનો કેસ આરએકે માર્ગ પોલીસે ઉકેલી કાઢીને ગુજરાતના બનાસકાંઠાથી ત્રણ જણની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ સુનીલસિંહ સૂરજસિંહ ડાભી (૨૩), રાહુલસિંહ પ્રવીણસિંહ વાઘેલા (૨૦) અને જીગરસિંહ દિનેશસિંહ વાઘેલા (૧૯) તરીકે થઇ હતી. આરોપીઓ પાસેથી ચોરીની મતા જપ્ત કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

શિવડીમાં એ.ડી. માર્ગ પર મૂળરાજ ભવનના ત્રીજા માળે બાવીસ એપ્રિલે રાતે આઠ વાગ્યાથી ૨૩ એપ્રિલે વહેલી સવારે ૫.૩૦ દરમિયાન ચોરીની ઘટના બની હતી, જેને પગલે શિવડી જૈન સંઘના ટ્રસ્ટના સભ્યના સભ્ય બિપિન લાલને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ત્રીજા માળે આવેલા જૈન દેરાસરની દેખભાળનું કામ પૂજારી હિતેન્દ્રસિંહ પરમાર સંભાળતા હોઇ રોજ મુજબ તેઓ ૨૩ એપ્રિલે વહેલી સવારે દેરાસર ખોલવા આવ્યા ત્યારે તાળું બદલેલું અને હૅક્સો બ્લેડ ત્યાં પડેલી જોતાં તેમને શંકા ગઇ હતી. આથી તેમણે ટ્રસ્ટના સભ્યને બોલાવી લીધા હતા. તેઓ મંદિરના સીસીટીવી ફૂટેજ જોવા ગયા ત્યારે ડીવીઆરનો વાયર કાપેલો હોવાનું નજરે પડ્યું હતું. બાદમાં મંદિરની બારીમાંથી અંદર જોતા દાનપેટી ખુલ્લી દેખાઇ હતી, જેને પગલે પોલીસને જાણ કરાઇ હતી. અંદર જઇને (જુઓ પાનું ૪) ▸▸

PLOT FOR SALE
NA Land for sale 57 bigha located at Prominent location at Highway touch road at Kheda Khambhat highway
email: papteq74@gmail.com
7600875224

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## ભિવંડીમાં ખળભળાટ

# માતા-ત્રણ દીકરીનું ગળાફાંસો ખાઈને મોત

### માએ લખી છે સૂસાઇડ નોટઃ ત્રણેય પુત્રીને ફાંસીએ ચડાવ્યા પછી માતાએ આપઘાત કર્યાનું કહેવાય છે

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં ૩૨ વર્ષની મહિલા અને તેની ત્રણ પુત્રી ઘરમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવતાં અન્ય રહેવાસીઓમાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસને ઘટનાસ્થળેથી 'સુસાઇડ નોટ' મળી આવી હતી, જેમાં મહિલાએ તેમના મૃત્યુ માટે કોઇને જવાબદાર ન ઠેરવવાનો ઉલ્લેખ કર્યો હતો. ત્રણેય પુત્રીને ગળાફાંસો આપ્યા બાદ માતાએ આપઘાત કર્યાનું કહેવાય છે, પણ તપાસ હજી ચાલુ છે. સૂત્રોના જણાવ્યાનુસાર પરિવારને માથે દેવું ઘણું વધી જવાને કારણે કદાચ આ અંતિમ પગલું ભર્યું હોઈ શકે.

પોલીસના જણાવ્યા અનુસાર ભિવંડીમાં કામતઘર ખાતે ફેનીપાડા વિસ્તારમાં શનિવારે સવારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. મૃતકોની ઓળખ પુનિતા લાલજી ભારતી (૩૨) અને તેની ત્રણ પુત્રી અનુ (૪), નેહા (૭) તથા નંદિની (૧૨) તરીકે થઇ હતી. ચારેય જણના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ ભિવંડી શહેર પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી.

પુનિતાનો પતિ પાવરલૂમ યુનિટમાં કામ કરતો હોઇ તે શુક્રવારે રાતે કામે ગયો હતો. શનિવારે સવારે તે ઘરે પહોંચ્યો ત્યારે દરવાજો (જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**